BAOU Education for All

Proceeding of International Conference

The Journey of Indian Languages:

Perspectives on Culture and Society Vol-2 (Gujarati)

Jointly organised by

BAOU Education for All

ignou THE PEOPLE'S UNIVERSITY

Dr. Babasaheb Ambedkar Open University
Ahmedabad
Gujarat

IGNOU
Indira Gandhi National Open University
Regional Centre, Ahmedabad
Gujarat

MESSAGE

It is indeed a matter of great pride to jointly organize International Conference at Indira Gandhi National Open University & Dr. Babasaheb Ambedkar Open University Ahmedabad from 14 & 15 October, 2017

Every University is established to provide a platform for the upliftment of human being, be it students, teacher or any person of society who wants to spread the message of harmony and oneness. When one tries to have a glance at the Indian Civilization, one of the richest civilizations of the world in the sense of variety of languages and cultures, one observes that language has played vital role in shaping and guiding the culture and society. Hence, holding this motif, Dr. Babasaheb Ambedkar Open University and Indira Gandhi National Open University, regional centre, Ahmedabad, Gujarat, jointly organized this two day International Conference on the title, “The Journey of Indian Languages: Perspectives on Culture and Society”.

I also congratulate team BAOU and Team IGNOU for working tirelessly to make this International Conference Successful by all means.

Dr. Pankaj Jani
Ex. Vice Chancellor
Dr. Babasaheb Ambedkar Open University,
Ahmedabad.

MESSAGE

Since its existence, the language plays vital role in the development of civilization. When one tries to have a glance at the Indian Civilization, one of the richest civilizations of the world in the sense of variety of languages and cultures, one observes that language has played vital role in shaping and guiding the culture and society. In the present era where it is very difficult to keep yourself from the effect of English language, which is undoubtedly inevitable to preserve, but along with this, it is also equally important to give importance to other Indigenous languages or Indian languages as to English. Hence, holding this motif, Dr. Babasaheb Ambedkar Open University and Indira Gandhi National Open University, regional centre, Ahmedabad, Gujarat, jointly organized this two day International Conference on the title, “The Journey of Indian Languages: Perspectives on Culture and Society”. All the papers submitted and presented on various themes and sub themes broadly focused on the role of communication in the development and growth of society. It has been observed that the present time is the most dynamic time in the history of humankind where there are constant changes observed in Language and therefore in order to bridge the gap, English has been declared as a Global language. Amid this condition, the scope of multi-cultural, also symbolically called “Salad Bowl”, in the world has increased and Hybridity is observed in all the walks of life. Therefore, it would be no exaggeration to say that this conference has provided the voice and platform for the multi-disciplinary discussion to take place to promote this new emerging academic scenario. We are glad to appear with this publication which will definitely contribute to the society in General and Nation in particular.

Prof.(Dr.)Ami Upadhyay
Vice Chancellor,
Dr. Babasaheb Ambedkar Open University,
Ahmedabad.

About University

About University

Greetings to all from Dr. Babasaheb Ambedkar Open University on the occasion of Silver Jubilee celebratory year!

The establishment of this august institution, Dr. Babasaheb Ambedkar Open University, is the result of envisage of the State Government of Gujarat. The Gujarat State Legislature passed the 'Gujarat Act No.14' in the year 1994, and the foundation of this University was laid on 13th April 1994. BAOU is the seventh Open University in India, in terms of its establishment; and the first University in Gujarat, to begin an unconventional mode of education. Since its inception, University has aimed at commencing as well as advancing the open and distance learning in the State's educational structure.

Dr. Babasaheb Ambedkar Open University offers education to the interested learners, free from the categories of age, place, and time. It offers a variety of Degree, Diploma and Advance Post Graduate Diploma, Certificate Courses, and Vocational and Professional Courses; amounting to a total of 83 courses. More than 1,00,000 students are enrolled with the University. For the guidance and counselling of these students, BAOU has opened 249 Study Centers in various Grant-in-Aid and Government Colleges across the State. The University accurately performs the mammoth task of dispatching and delivering the Self-Learning Material (SLM) to each and every enrolled student to their home.

In accordance to the pace of technology and digitization, the University has generated wide opportunities for the students. It provides online system starting from the admission process to the examinations. Also, the University is the first in the State to initiate Massive Open Online Course (MOOC). BAOU has established its own state-of-the-art "Chaitanya Studio", which facilitates web-based learning. The Studio has initiated OMKAR-e (Open Matrix Knowledge Advancement Resources for Empowerment); which is an enriching archival system for MOOCs of the University.An Interactive Virtual Classroom is enabled for a distance learner, who can get a feel of the conventional classroom.

The other two innovative and commendable initiatives by BAOU are; "Swadhyay Radio" and "Swadhyay TV", which provide audio lectures and audio-video lectures to the students. Further, Educational Programmes are also made available to the students through "Vande Gujarat" TV Channel; which is a collaborative venture of State Government of Gujarat and Dr. Babasaheb Ambedkar Open University. BAOU is also the first University to introduce Mobipedia, a Mobile Encyclopaedia Application, which is a beneficiary of students.

Dr. Babasaheb Ambedkar Open University strives for the collaboration with each student and the society at large.

યુનિવર્સિટી ગીત

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ

ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...

 ISBN : 978-81-938282-1-2

Chief Patrons :	ડૉ. પંકજ એલ. જાની	કુલપતિશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
	પ્રો. રવિન્દ્ર કુમાર	કુલપતિશ્રી, ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, નવી દિલ્હી.
Chair Persons :	પ્રો. અમી ઉપાધ્યાય	નિયામક (SHSS) અને કુલસચિવશ્રી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
	ડૉ. વેણુગોપાલ રેડ્ડી,	નિયામક, રિજયન સેવાઓ વિભાગ, ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, નવી દિલ્હી
Convener :	ડૉ. અવની ત્રિવેદી,	રિજનલ નિયામક ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, નવી દિલ્હી.
Organizing Secretaries :	ડૉ. પ્રિયાંકી વ્યાસ	એસોસિયેટ પ્રોફેસર (Lib. & Inf.Sci.) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
	ડૉ. જયેશ પટેલ	આસિસ્ટન્ટ પ્રોફેસર રિજનલ નિયામક ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, નવી દિલ્હી.

Organizing Committee :	શ્રી સુનીલ શાહ	ડૉ. પુરેંદુ ત્રિપાઠી
	શ્રી જનક ખાંડવાલા	શ્રી અંબારિષ વેદ
	શ્રી મેહુલ લખાણી	શ્રી પ્રજ્ઞેશ વાઘેલા
	પ્રો. નિલેશભાઇ મોદી	પ્રો. અજીતસિંહ રાણા
	ડૉ. મનોજ શાહ	ડૉ. આવા શુકલા
	ડૉ. જીતેન્દ્ર શ્રીવાત્સવા	ડૉ. ભાવિન ત્રિવેદી
Academic Committee :	પ્રો. કમલ મેહતા	ડૉ. અવની ત્રિવેદી
	પ્રો. અમી ઉપાધ્યાય	ડૉ. જયેશ પટેલ
	પ્રો. સંજય ભાયાણી	ડૉ. રમેશ આર. દવે
	ડૉ. એ.એસ. રાઠોર	ડૉ. મહેન્દ્ર ચોટલીયા
	ડૉ. આલોક ગુપ્તા	ડૉ. દુષ્યંત નિમાવત
	ડૉ. યોગેન્દ્ર પારેખ	ડૉ. પ્રફુલ્લ જોષી

International Confrerence
"The Journey of Indian Languages: Perspectives on Culture and society "Proceeding

: સંપાદક :

પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય (પ્રોફેસર, English & નિયામક SHSS)

ડૉ. પ્રિયાંકી આર. વ્યાસ (એસોસિયેટ પ્રોફેસર , Lib.Sci.)

: સહ સંપાદક(નિર્માણ સહાય) :

ડૉ.યોગેન્દ્ર પારેખ

ડૉ. આવા શુકલા

ડૉ. કૃતિ છાયા

ડૉ. અર્ચના મિશ્રા

ડૉ. દિપ્તીબા ગોહિલ

ડૉ. પ્રફુલ્લ જોશી

ડૉ. હેતલ ગાંધી

ડૉ. સંજય પટેલ

ડૉ. સોનલ ચૌધરી

શ્રી દિગીશ વ્યાસ

: પ્રકાશક :

નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમીનીટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

"જ્યોતિર્મય પરિસર",

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ, છારોડી, અમદાવાદ -382481

: પ્રકાશન-સંપાદન :

ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી , અમદાવાદ

ISBN : **978-81-938282-1-2**

નોંધ : દરેક લેખમાં વ્યક્ત થયેલ વિચારો જે તે લેખકના વ્યક્તિગત અભિપ્રાયો છે. સમીક્ષા , વિચાર , વિવેચન,બાબત દરેક લેખક તરફથી મૌલિકતા વિષયક ખાતરી મળ્યા બાદ અત્રે પ્રસિદ્ધ કરેલ છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

"જ્યોતિર્મય પરિસર"

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,

સરખેજ- ગાંધીનગર હાઈવે , છારોડી, અમદાવાદ -382481

અનુક્રમણિકા

ક્રમ	શીર્ષક	લેખકનું નામ	પાના નં.
1	સાહિત્ય અને સમાજ 'દલિત સમાજ સંદર્ભ'	પ્રો. જયા એસ. પટેલ	10
2	સંસ્કૃતિ અને ધર્મ (દાહોદ જિલ્લાના આદિવાસી સમાજના સંદર્ભમાં)	પ્રા.ભાવિનકુમાર પરમાર	14
3	સાહિત્ય અને ફિલ્મ વચ્ચેનો આંતર સંબંધ	ડૉ. રમેશ ચૌધરી	22
4	ગુજરાતી ટૂંકીવાર્તાઓનું નાટ્યરૂપ અને ભજવણીની પરિવર્તન પ્રક્રિયા	દિગીશ હરીશ વ્યાસ	26
5	ભગવદ્ ગોમંડલનાં કર્તા મહારાજા ભગવતસિંહજી – એક બૌદ્ધિક અને સાંસ્કૃતિક પ્રદાન	દીપિકા એ. ઠક્કર	31
6	આપણાં જીવન મૂલ્યો	શુક્લ ઉત્તમકુમાર યાજ્ઞિકભાઈ	39
7	આત્મશુદ્ધિના ઉપાય (તત્ત્વાર્થ સૂત્રના સંદર્ભમાં)	હિના યશોધર શાહ	45
8	માધ્યમિક કક્ષાએ સ્માર્ટકલાસ દ્વારા ગુજરાતી ભાષા શિક્ષણની અસરકારકતા	સંઘાણી અરૂણાબેન બાબુભાઇ	51
9	સિંધુખીણ સભ્યતાની ભાષા એ તેની ચિત્ર લિપિ અને તેના ચિત્રો	ડૉ.સોનલ એલ. ચૌધરી	56
10	ગુજરાતી સામયિક શબ્દસૃષ્ટિ : વાઙ્મયયિતિક અભ્યાસ : વર્ષ ૨૦૧૪-૨૦૧૬	અંજના પી બારોટ ડૉ.કિરીટ એચ શુક્લ	63
11	પ્રાથમિક સ્તરે ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ કાર્યક્રમની રચના અને અમલીકરણ	ડૉ .રાજેશ આઇ .ભટ્ટ	70
12	સંસ્કૃતિ અને ધર્મ	શ્રી અશ્વિનકુમાર યુ. પટેલ	81
13	ડાઉનસિન્ડ્રોમ ધરાવતા બાળકોનો ભાષાવિકાસ	રેશ્મા એ. શાહ	86
14	સાહિત્ય અને સિનેમા	પ્રો.ભૂમિકા એમ. મિસ્ત્રી	90
15	સાહિત્ય અને ગાંધીવિચાર	પ્રા.ડા.સતીષ એસ. પટેલ	94
16	ઉત્તરરામચરિતમાં સમાજ અને સંસ્કૃતિ	ખુશ્બુ મોદી	101
17	ભારતીય ભાષાઓની યાત્રાનાં સંદર્ભમાં ભારતીય આર્યભાષાનાં વિકાસનો અભ્યાસ	રાવલ હિનાબહેન ડી.	105
18	વહીવટી અધિકારીની સ્મરણયાત્રા 'સનદી સેવાનાં સંભારણાં' - એક અભ્યાસ	ડૉ. હેતલ કે. ગાંધી	109
19	સંસ્કૃતિની ધર્મ પર અસર	મોનિકા એમ. ગુપ્તા	113
20	અક્ષરધામ : સંસ્કાર અને સંસ્કૃતિની ભાષા	શ્રીમતી ગીતા પરીખ	120
21	ગુજરાતી સાહિત્યમાં ગાંધીજીવન-દર્શનનો પ્રભાવ	ડૉ. યોગેન્દ્ર પારેખ	125

ક્રમ	શીર્ષક	લેખકનું નામ	પાના નં.
22	'જળને પડદે' : કાન્ત જીવનની આંતર પ્રતીતિ	ડૉ. વર્ષા એલ. પ્રજાપતિ	130
23	ગુજરાતી સ્ત્રી સામયિક: સુંદરી સુબોધ અને સ્ત્રી જાગૃતિ	ડૉ. તરલિકા એન. ગુર્જર	138
24	ભારતમાં ભાષા, ભાષાવાદ અને રાજકારણ	ડૉ. દિપ્તીબા કિશોરસિંહ ગોહિલ	145
25	નગર સંસ્કૃતિ પર આદિ સંસ્કૃતિનો પ્રભાવ	ડૉ.ચીમનલાલ બી. પટેલ	150
26	ભાષા અને રાજકારણ : સંઘર્ષ, સંવાદિતા અને સહસંબંધ	ડૉ.અશોક બી.પુરોહિત	160
27	વૈશ્વિકરણના પ્રવાહમાં આદિવાસીઓ	ડૉ.આનંદ વસાવા	164
28	"વાંસનો અંકુર" - માનવ મનના આઘાત - પ્રત્યાઘાત નિરૂપતિ કૃતિ	ડૉ.ચેતના દેસાઈ	169
29	જૈનપેડિયા અને ઇ પુસ્તકાલયના વિશેષ સંદર્ભે જૈન હસ્તપ્રત	ડૉ. ચેતના શાહ	173
30	ગુજરાતી ફિલ્મ "કંકુ" માં ભાષા, સંસ્કૃતિ અને સાહિત્યિકતા	ડૉ. હિરેન્દ્ર પંડયા	182
31	ઇતિહાસના સંશોધનમાં સાહિત્યનું યોગદાન : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં	પ્રા.ડૉ. વિરસંગભાઈ આર. ચૌધરી	187
32	ગાંધીયુગીન સાહિત્ય પર ગાંધીવિચારનો પ્રભાવ	ડૉ. સંજય મકવાણા	194
33	"A STUDY OF ROLE OF LANGUAGE IN VALUE INCULCATION IN STANDARD- 8, 9, 10th CONTENT OF GUJARATI SUBJECT"	ડૉ. વૈશાલીબેન બી. પટેલ ડૉ. ચંદ્રકાંત એસ. સંગાડા	201

 ISBN : 978-81-938282-1-2

સાહિત્ય અને સમાજ 'દલિત સમાજ સંદર્ભ'

પ્રો. જયા એસ. પટેલ (ગુજરાતી વિભાગ)
એફ.ડી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફોર વિમેન
જમાલપુર, અમદાવાદ
9879461479

સાહિત્ય હંમેશાં સ્થળ અને કાળનાં સ્પંદનો ઝીલે છે. એ સમયના રીતરિવાજ તથા આર્થિક અને સાંસ્કૃતિક બાબતોમાં વણાઈ જાય છે. સાહિત્યકારોની કાલ્પનિક રચનાઓમાં પણ એ સમયમાં બનતી ઘટનાઓની ઝલક મળી રહે છે, આવું થાય છે, કારણ કે સાહિત્યકાર પોતે પણ સમાજનો હિસ્સો છે અને સમાજમાં બંને પરસ્પરનાં પૂરક છે. જ્યાં જ્યાં માનવસમાજ વિકસ્યો છે ત્યાં ત્યાં સમકાલીન જીવનરહસ્યોનું સાહિત્ય પણ રચાતું જોવા મળે છે.

વર્તમાન સમયમાં 'દલિત' શબ્દ પોતાનો સંકુચિત અર્થ છોડીને નિશ્ચિત વિચારધારા સાથે ઉપયોગમાં લેવાઈ રહ્યો છે. દલિત સાહિત્યની રચના ધર્મ, વ્યક્તિ, સમાજ અને જીવન સાથે સીધી જ જોડાયેલી છે. સાહિત્યનો મુખ્ય ઉદ્દેશ માનવીના વિચારોને વાચા આપી અને જીવનને મહત્તમ ઊંચાઈ સુધી પહોંચાડવાનો છે. જે વર્તમાન દલિત સાહિત્ય કરી રહ્યું છે.

દલિત સાહિત્યમાં જોસેફ મેકવાનની 'આંગળિયાત', દલપત ચૌહાણની 'મલક' હરીશ મંગલમની 'તિરાડ' નવલકથાની પસંદગી કરી છે.

ગ્રામજીવનની દલિત નવલકથાક્ષેત્રે જોસેફ મેકવાનની ૧૯૮૬માં પ્રગટ થયેલી પ્રથમ નવલકથા 'આંગળિયાત' છે. જેને ભારતીય સાહિત્ય અકાદમીનો એવોર્ડ મળે છે. ચોથું મોજું કહીને આવકારતાં ધવલ મહેતા કહે છે 'આ નવલકથા અસાધારણ છે. એના લેખક પાસે ઊંચી સજ્જતા છે. ખેડા જિલ્લાના નાના ગામડામાં રહેતા વણકરોની આ કથા છે. પ્રથમ વખત જ એક અસ્પૃશ્ય જાતિને કેન્દ્રમાં રાખીને તેમના જીવન સંઘર્ષનું આબેહૂબ નિરૂપણ લેખકે કર્યું છે. લેખક જે પ્રજા સાથે જીવ્યા છે, તે પ્રજાના પ્રાણપ્રશ્નોનું વાસ્તવિક રૂપ અહીં પ્રગટ્યું છે.

'આંગળિયાત' નવલકથામાં લેખક સમાજજીવનને ખૂબી પૂર્વક આલેખે છે. ટીહા અને મેઠીના સંબંધને નિમિત્ત બનાવીને સામાજિક ચેતનાને ઉજાગર કરવાનો લેખકનો આશય છે. ટીહો અને મેઠી મુખ્યપાત્રો છે. ટીહો અને મેઠીના પ્રણયસંબંધ માંથી ઉપસતી પરિસ્થિતી જ કૃતિના કેન્દ્રમાં છે. પાડોશી ગામના પટેલ મેઠીની મશ્કરી કરે છે એ જોઈ ટીહો પટેલો સાથે સંઘર્ષ કરી બેસે છે. ક્ષત્રિયો, પટેલો અને હરિજનોની આખી સામાજિકતા આ પડકારથી હચમચી ઊઠે છે. ટીહાના આ પરાક્રમથી એની જ કોમ નારાજ છે. વર્ષોથી દબાયેલો આ દલિતસમાજ ભયગ્રંથિથી પીડાય છે. તેથી એ ખુલ્લો પડવા માંગતા નથી. ટીહાનું આ પરાક્રમ મેઠીના મનમાં વસી જાય છે. એ ટીહાને પોતાને ત્યાં આવકારે છે અને એને માથામાં વાગેલું હતું તેની સારવાર પણ કરે છે, પરંતુ આ વાત જાણ્યા પછી મેઘજી પટેલ અને એના સાગરિતો મેઠીને એના બાળ પરણેતરને મોકલી દે આવા પેંતરા રચે છે, એમાં મેઠીની નાતનો ખુશલો ખોંટ પણ ભળે છે. વણકરોના વ્યવહારમાં પટેલોની પંચાત, એના આઘાત-પ્રત્યાઘાત એ બધાનું ઝીણવટ પૂર્વકનું નિરૂપણ કરવામાં આવેલું છે.

'આંગળિયાત' નવલકથામાં દલિતસમાજનું નિરૂપણ કરવામાં આવેલું છે. ચરોતર પંથકના ગામડાનું આઝાદી પૂર્વેનું એક જુદું જ ચિત્ર આપણને મળે છે. દલિતસમાજનાં રીતરિવાજ, કુરિવાજ, પરંપરાનું આલેખન લેખકે બરાબર કર્યું છે.

હરીશ મંગલમની નવલકથા 'તિરાડ' ફક્ત ૪૮પાનાંની છે. 'તિરાડ' એક સમાજકથા છે. એના કેન્દ્રમાં ગ્રામ્યજીવન છે. નાયિકા જોઈતી નવલકથાના કેન્દ્રમાં હોવા છતાં એનો જીવનસંઘર્ષ સમાજપ્રેરિત છે. પટેલના બે દીકરાઓની લડાઈમાં મજૂરીયા સોમાએ પડવા જેવું નહોતું, પણ દિલનો ભોળો, નિષ્પાપ, એમને રોકવા ગયો, તો ભગાએ 'મારું હાળું ઢેડું!' કહી, એને ફટકાર્યો. એમાં એ અપંગ થઈ બેઠો અને એની ઘરવાળી જોઈતીના માથે દુ:ખનાં ઝાડ ઊગ્યા. નાયિકા જોઈતી કૃતિના કેન્દ્રમાં છે. બળદેવ પટેલના ઝઘડામાં જોઈતીનો પતિ ઘવાઈને મૃત્યુ પામ્યો. વિધવા જોઈતી ગર્ભવતી છે અને એનાં પુન:લગ્ન થાય છે. જોઈતી-બળદેવ વિષયક અફવાથી જોઈતીના નવા દામ્પત્યમાં તિરાડ પડત, પરંતુ બળદેવના લગ્ન બાદ બળદેવ નપુંસક નિવડતાં જોઈતીનું ગૌરવ યથાવત રહ્યું.

સોમાને મરી ગયે માંડ વીસ દિવસ થયા હશે ત્યાં જોઈતીએ 'ઘરાકવટા'માં જોડાવું પડ્યું. એ જ બળદેવના ખેતરે મજૂરીએ જવું પડ્યું. થોરની વાડમાંથી ભુભરાં વીણવાં પડ્યાં. ચારનો ભારો ઉપાડવા બળદેવનો ટેકો લેવો પડ્યો, અને તંતુબી રહેલી છાતી પર બળદેવની નજરના કાંટા વેઠવા પડ્યાં. બળદેવના ભય નીચે જીવતી વિધવા જોઈતીની કથા-વ્યથા લેખકે ઝીણવટથી આલેખી છે. બળદેવનાં લગ્ન થાય છે. લેખક આડકથામાં કેશલા રાવળની એકબીજા પછાત વર્ગની વાત પણ કહી નાખે છે. પતાસાં વહેંચતાં પટેલ દલિતલોકોને આકરાં મહેણાં મારે છે તે જોવા જેવું છે. સ્વમાની તો ફરી વાર એમનાં લગ્નમાં જાય પણ નહિ. પણ આ તો ગરીબાઈની નામોશીથી મજબૂરી ! બળદેવનાં લગ્ન થઈ ગયા છતાં જોઈતીની આફત જતી નથી. બળદેવથી ડરી ડરી ચાલવા છતાં એનાં અડપલાંનો ભોગ બનવું પડે છે. અને છતાંય જનપદમાં બદનામી તો ઓરતને જ મળે છે. પશા પંડ્યાએ અંધારામાં જે અડધું-પડધું જોયેલું તે વાત વધારીને મહોલ્લામાં કહેતો ફરે છે. એ વિધવા જોઈતીના ચરિત્ર સામે આંગળી ચીંધે છે. જોઈતીના પિયરપક્ષથી એનાં સગા-વહાલાં આવે છે. જોઈતી નિ:સંતાન હોવાથી 'જીવતરનાં બારણાં' ખુલ્લાં રાખવા એને બીજે વળાવવા લઈ જવામાં આવે છે. જાણે સ્ત્રી તો પશુ સમાન એક પતિને કે બે પતિને, દિયરને કે જેઠને, પરણવું કે ન પરણવું- બધા નિયમો બનાવે છે પુરુષ જાત. એમાં સ્ત્રીની ચેતના સંમતિ લેવામાં આવતી નથી. સ્ત્રીને ચંદ્રની જેમ કલંક અવિનાભાવે જોડાયેલું રહે છે. જોઈતીના ગયા પછી એના ઘર સામે લોકો આંગળી ચીંધે છે. કોઈને બળદેવનો વાંક દેખાતો નથી.

જોઈતીનો પુનર્વિવાહ ધનજી સાથે થાય છે. પણ ત્યાં જ તાજ પ્રશ્ન આવે છે. 'તારઅ કાંય પેટ સઅ?' જોઈતીના સ્વપ્નોના માળાને વેરવિખેર કરી નાખે છે આ પ્રશ્ન. સગર્ભા તો મૃત પતિ સોમાથી થયેલી છે. પણ વાત શંકાશીલ ગ્રામીણોના ગળે શેં ઊતરે ? 'જો એ વાત (બળદેવની) ઓય બંધબેહતી થઈ જાય તો લોકના મૂંઢા ઉપર થોડું ગૈણું બંધાય?'

જોકે જોઈતી હિંમત કરીને પોતાના પતિ ધનજીને બધી વાત કરી દે છે. ધનજી પણ ઉદાર પ્રકૃતિનો હોવાથી જોઈતીનો ભય ટળી જાય છે. પુત્રજન્મ પછી પણ લોકો ગુસપુસ કરવાનું છોડતા નથી, આખરે મુંઝાયેલી, અપમાનિત જોઈતી વાઘણની જેમ તાડૂકતી 'મેં કોય શેનાળવું થોડું કર્યું સઅ તે મારી પાસળ બડી પડી સો?' પરંતુ વાતનું વતેસર થઈને રહ્યું. નવરાધૂપ કાંધિયા કોઠાંકબાળાં ફૂટવા મંડી

પડ્યા. પંચ બોલાવી. લેખક જ્ઞાતિપંચનું દસ્તાવેજી ચિત્ર રચી આપે છે. 'ચૂલામાં કોંકણી બળતી હોય તો કેમ ગંધ ના આવી?' (કોંકણી-મરુત ઢોરના માસના સૂકવેલા ટુકડા) જેવી કહેવતો દલિત સમાજનું આંતર જગત ઊભું કરે છે.

પંચ ન્યાયને બદલે અન્યાય કરી બેસે છે, અને જોઈતીના ચરિત્ર વિષે ઊડતી આવી 'વા વાયા ન નળિયા ખસયા' જેવી વાતને અરૂચિકર આધાર આપી રૂપિયા હજારનો દંડ કરે છે. પરંતુ આખરે લોકશાહી જીતે છે અને પંચોના લેભાગુ ફાળિયાવાળા ઊભી પૂંછડીએ ભાગે છે.

આ બાજુ બળદેવના લગ્ન પછી ત્રણ વર્ષ થવા છતાં નિઃસંતાન રહેવાથી ડૉક્ટરી તપાસ કરાવે છે. તો એનામાં શુક્રાણુઓની ખામી જણાય છે. લેખક આમ જોઈતી બાળદેવ વચ્ચે વિરોધાભાસ રચી આપે છે. પશા પંડ્યાને જ્યારે આ વાતની ખબર પડે છે ત્યારે તેને પસ્તાવો થાય છે. કેમકે જોઈતીની બદનામી કરનાર એ જ હતો. પશો પંડ્યો જનપદ વિશિષ્ટ ચરિત્ર બની રહે છે. જોઈતીના સસરાને અને પંચોને પશો બધી વાત માંડીને કરે છે, તેથી જોઈતીના ચારિત્ર્ય સામે આવેલું આળ દૂર થાય છે અને બળદેવના જીવનમાં પડેલી તિરાડ વિસ્તરતી જાય છે. 'તિરાડ'માં દલિત સમાજનું એક ચિત્ર ઉપસી આવે છે.

દલપત ચૌહાણની નવલકથા 'મલક' (1991)નું કથાવસ્તુ પણ દલિત સમાજનું છે. નવલકથામાં હિજરત કેન્દ્રબિંદુમાં છે. વણકર યુવક ભગા સાથે ખેડૂત યુવતી સંતોકના સંબંધોને કારણે બનેલી ઘટના છે. સંતોકનો પતિ હઠા ચૌધરી નપુંસક છે. વણકર ભગાના પ્રેમના કારણે સંતોકને પુત્ર જન્મે તે હકીકત ગામલોકોથી વેઠાતી નથી, જેને કારણે સવર્ણોની નારાજગીથી બચવા દલિતોને ગામ છોડવું પડે છે. સમાજના અન્ય વર્ગો સાથેના એમના સામાજિક, આર્થિક સબંધોનું નિરૂપણ કેન્દ્રમાં છે. વણકર યુવક ભગાનો હઠા ચૌધરીની પરણેતર સંતોક સાથેનો લગ્નેતર સબંધ ગામચોતરે ચગાઈને હરિજનોની હિજરત સુધી પહોંચે એ ઘટના કેન્દ્રમાં છે.

નવલકથાના પ્રકરણો એક પછી એક કરીને સવર્ણોના અત્યાચારોને નિરૂપે છે. છગન નારસંગભાનો સાથી, છગનની પત્ની રામી પર નારસંગભાની બૂરી નજર, ગોકળની હેમી પર માનસંગભાની, ભગતની શીવી પર તો મુખી બળાત્કાર કરીને જંપે, મનાની બહેન સૂરજને માસંગજી બળાત્કાર કરીને મારી નાખે, મનાના બાપની હત્યા ત્રણ રૂપિયા માટે વજેસિંગ કરી નાખે. આવા અત્યાચારો સાંપ્રત સમયમાં પણ એટલા જ બને છે, કૃતિમાં સમયગાળો આઝાદી પૂર્વેનો છે. દબાઈ ગયેલ ચીસને લેખક વાચા આપે. એ ઘટના દલિત સમાજની ખુમારીનો પરિચય આપે છે.

સતત ભીંસાતા સમાજની ચરમસીમા આવે છે, સંતોક સાથેના ભગાના સંબંધના કારણે. વાસ પર પથ્થરમારો તો અનારજીની મદદથી રોકાય છે પણ સંતોકને પુત્ર જન્મે ત્યારે દાયણ એમાં ભગાનું મોં ભાળે ત્યારે તો ગામમાં હોનારત સર્જાય છે. ગોકળ અનુભવી છે, એમની સલાહથી હરિજનવાસ હિજરત કરે છે. સતત સમાધાનો સ્વીકારતા, ભત્રીજાની જાન ટાણે ઠાકોરની હારોહાર ઉભેલા, દાઝ ચડતા અને લાગ મળતાં જ ઓઘલીમાં આગ પેટાવતાં, છેલ્લેય મનાની હાળથી બદલો વાળતાં બહાદુરબંકા ગોકળભાનું ચરિત્ર-ચિત્રણ હૃદયસ્પર્શી છે. કથાન્તે હિજરતીઓને લઈને નીકળેલા આ નાયકની હિંમત તૂટતી જાય છે. એ કહે છે: 'સાલ્લું આ ધરતીનઅ છોડીનેએ હેંડી નેકળ્યાં' પણ આરો ચ્યાં ?' ઢીલા થઈએ તો નહિ પાલવે એમ સ્વીકારીને ગોકળ સહુને ઉઠાવતો નીકળ્યો છે.

અભાવો કોઠે પડી ગયા છે તેવો સમાજ વ્યથાની વચ્ચે પણ હળવોફૂલ રહી શકે છે. મહાદેવના દર્શન કરવા જતાં ચંદ્ર ઠાકોરના હાથે પિટાઈ ગયેલા ભગતની ખબર કાઢવા આવેલા વાસ જનોને ભગત માટે ભારોભાર સહાનુભૂતિ છે, રમણ જેવા તો એમના માટે ધીંગાણું ખેલવા પણ તૈયાર છે. એ સમાજ ‘ભગત જાતરા કરી આયા તે વેહચો પરસાદ!’ ‘અલ્યા,પરસાદ તો ભગત ખઇનઅ આયા’ કહી ટીખળ કરે છે. આ ઘટના દલપત ચૌહાણે સમાજને નજીકથી જોયો છે એની પ્રતીતિ કરાવે છે.

ભગાનો સંતોક સાથે તો પ્રણયસંબંધના પુરાવાના અભાવને કારણે કોઈની ઈર્ષાનું કારણ બન્યો નહોતો, પણ સંતોકને ભગાના ચહેરા-મહોરાને મળતો પુત્ર જન્મ્યો એ સવર્ણોથી વેઠયું ગયુ નહિ, જેને કારણે ગામમાં તંગ વાતાવરણ રચાય છે. આથી દલિતોને ગામ છોડવાની ફરજ છે.

જે દલિતજીવન વિષયક સાહિત્ય રચાયું. દલિત સમાજની અસ્મિતા, સામાજિક દૂષણો સામે પ્રગટેલી સંચેતના, અસ્તિત્વપરક ઓળખ સ્થાપી આપનાર પરિબળોની સંરક્ષણાત્મકતા વગેરે દલિત સાહિત્યનાં આવશ્યક તત્તવો છે. દલિત સાહિત્યકારો આ તત્તવોમાં યુગબળની સંચેતના પ્રગટાવવા પ્રતિબદ્ધ થયા. ‘આંગળિયાત’ નવલકથાનું મુખ્ય વસ્તુ ટીહા અને મેઠી વચ્ચેનો પ્રણય છે. પરંતુ ટીહા અને વાલજીના સવર્ણો સાથેના સંઘર્ષમાં જુદા-જુદા જે સંકેતો પડેલા છે, તે અર્થસંદર્ભો રચીને દલિત ચેતના ઉપસાવવામાં મદદરૂપ થાય છે. ‘તિરાડ’માં એક દલિતનારીની આંતર વેદના સામાજિક સંદર્ભે રચાયેલી છે. પરંતુ આ વેદનાના મૂળમાં સવર્ણોનો આંતરકલહ કારણભૂત બને છે. બળદેવ દ્વારા ‘તિરાડ’ની નાયિકાનું જાતીય શોષણ થવાની સંભાવના ધૂંધળી રહી, પણ તેના માનસિક શોષણ માટે બળદેવ જવાબદાર છે. ‘મલક’માં પરિવેશ, પાત્રોનું ઘડતર, રહેણીકરણી પાત્રોના વાણીવર્તન કૃતિમાં રચાયેલા અર્થસંદર્ભો, રચાતી આવતી પરિસ્થિતિઓમાં અદ્રષ્ટ રહેલા દલિતસંકેતો આ કૃતિમાં ભરપૂર માત્રામાં પડેલા છે.

આમ સાહિત્ય અને સમાજ બંને પરસ્પરનાં પૂરક છે. જ્યાં જ્યાં માનવસમાજ વિકસ્યો છે ત્યાં ત્યાં સમકાલીન જીવન રહસ્યોનું સાહિત્ય પણ રચાતું જોવા મળે છે. સમાજ એ સાહિત્યનાં તત્તવોથી પોષાતું વ્યવસ્થાતંત્ર રહે છે, અને સાહિત્ય એ સમાજની ચેતનાથી ઘડાતું કલાક્ષેત્ર બને છે.

સંદર્ભ ગ્રંથ-

દલિતસાહિત્ય –સંપા. હર્ષદ ત્રિવેદી

‘આંગળિયાત’-જોસેફ મેકવાન

‘તિરાડ’- હરીશ મંગલમ

‘મલક’- દલપત ચૌહાણ

સંસ્કૃતિ અને ધર્મ
(દાહોદ જિલ્લાના આદિવાસી સમાજના સંદર્ભમાં)

પ્રા.ભાવિનકુમાર પરમાર
મદદનીશ પ્રાધ્યાપક
સરકારી વિનયન કૉલેજ-ધાનપુર

પ્રસ્તાવનાઃ-

કુદરતે આપણી ધરતીને ઘણું પ્રાકૃતિક સૌંદર્ય બક્ષ્યું છે. ડુંગરો, નદીઓ, જંગલો, સમુદ્ર,પ્રાણીસૃષ્ટિ, પક્ષીસૃષ્ટિ વગેરેથી ધરતી સમૃદ્ધ છે. આવાં પ્રાકૃતિક સૌંદર્યોના પ્રાંગણમાં લાખો વર્ષ પૂર્વે આદિ માનવોનો ધબકાર સંભળાયો. તે આદિમાનવ પથ્થરયુગની માનવીય સંસ્કૃતિનો સર્જક બન્યો. કાળક્રમે આ સંસ્કૃતિની વણઝાર આગળ વધતા ખેતી કરતી પ્રજાએ કૃષિ સંસ્કૃતિ, પશુપાલન કરનારી પ્રજાએ ગોપ સંસ્કૃતિ, દરિયા દેવને ખોળે વસનારે સાગર સંસ્કૃતિ વિકસાવી. તેમ વનડુંગરાની ખીણો, જંગલો તથા મેદાનોમાં જીવન ગુજારનાર આદિ-જાતિના સમૂહોએ વનવાસી સંસ્કૃતિનો વિકાસ કર્યો. આદિવાસી સમાજ કુદરતના ખોળે આડંબર રહિત સાદું અને નિષ્કપટ જીવન વિતાવે છે. આદિવાસી સમાજની એક વિશેષતા એ છે કે તેમનું રોજિંદુ જીવન, સામાજિક પ્રસંગો, નૃત્ય, સંગીત, ઉત્સવો, તહેવારો, એ બધું ક્યાંક ને ક્યાંક તેમના ધર્મ સાથે સંકળાયેલું હોય છે. આદિવાસી સમાજ જીવનમાં સુખ દુઃખ, આનંદ, ગૂઢ વિદ્યાઓમાં ધર્મ મહત્તવના અંગ તરીકે સહજ રીતે વ્યક્ત થાય છે.

ગુજરાત રાજ્યના 13 જિલ્લાઓમાં આદિવાસી સમાજની વસ્તી વધારે જોવા મળે છે. જેમાં દાહોદ જિલ્લામાં સૌથી વધારે વસ્તી ભીલ સમાજની છે. આ ભીલ સમાજ સામાજિક, ધાર્મિક, આર્થિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે આગવી વિશેષતાઓ ધરાવે છે. સૌ પ્રથમ આ ભીલ સમાજ વિશે માહિતી મેળવીએ.

➢ **ભીલ સમાજનો પરિચય**

'ભીલ' શબ્દ મૂળ દ્રવિડ ભાષાના 'બીલ્લુ' શબ્દ પરથી ઊતરી આવેલો છે. જેનો અર્થ બાણ કે તીર થાય છે. ભીલો પ્રાચીનકાળથી પોતાની સાથે બાણ રાખતા હોવાથી તેઓ ભીલ નામે ઓળખાયા હોય તેવું માનવામાં આવે છે. પ્રાચીન સાહિત્યમાંથી પણ ભીલ સમાજનો પરિચય મળે છે. દા.ત., મહાભારતમાં એકલવ્ય અને રામાયણમાં શબરી. ભારતમાં આર્યોના આગમન બાદ આ સમાજ જંગલોમાં વસ્યો હોવાનું માનવામાં આવે છે. સમયાંતરે મુસ્લિમ, મરાઠા અને બ્રિટિશ શાસકોના શોષણનો ભોગ પણ આ સમાજ બન્યો હોવાના આધાર મળે છે. દા.ત.,મહાભારતમાં એકલવ્ય,માનગઢ હત્યાકાંડ, બિરસામુંડા વિદ્રોહ વગેરે.

ભારતની વસ્તી ગણતરીના રિપોર્ટના આધારે જાણવા મળે છે કે ગુજરાતમાં આદિવાસી સમૂહોમાં સૌથી વધારે વસ્તી ભીલ સમાજની છે. તેમની બોલી ભીલી બોલી તરીકે ઓળખાય છે. આ સમાજમાં રાવળભીલ, ઢોલીભીલ, મોહનીયા, વહુનીયા, તડવી, રાઠવા, સંગાડા જેવી પેટાજાતિઓ છે. ભીલ સમાજ પોતાના ચોકક્સ પ્રકારના દેવોની જ પૂજા કરે છે. તેમના દેવો માટે કરવામાં આવતી પૂજાવિધિઓ રસપ્રદ હોય છે. આ સમાજનો મુખ્ય વ્યવસાય ખેતી તથા પશુપાલનનો છે. સમાજના ઘણા લોકો રોજગારી અર્થે ગુજરાત રાજયના અન્ય જિલ્લાઓમાં પણ જાય છે. બાણવિદ્યા કે માછલાં પકડવામાં આ સમાજ પાવરધો છે. આ સમાજનો મુખ્ય ખોરાક મકાઇ અને અડદ છે. શાકભાજી ઘરઆંગણે ઉગાડેલાં

વાપરે છે. ડુંગળી તથા મરચાંનો ઉપયોગ ખોરાકમાં સવિશેષ કરે છે. વારતહેવારે માસાંહાર કરવાની સાથે દેશી દારૂ,મહુડાનો દારૂ,તાડી જેવાં માદક દ્રવ્યો પણ લે છે.

તેમની વસવાટ પદ્ધતિ પોતપોતાના ખેતર પર અલગ અલગ ઝૂંપડાઓ બાંધી રહેવાની છે. હાલના સમયમાં 10-15ના જૂથમાં વસવા લાગ્યા છે, જે ફળિયા તરીકે ઓળખાય છે. આ રીતે અલગ અલગ વસવાને કારણે ગામમાં ગીચ વસ્તી જેવું બહુ જોવા મળતું નથી.દરેક ગામમાં મુખી કે સરપંચ હોય છે જેને સ્થાનિક ભાષામાં પટેલ કહેવાય છે. ગામલોકોને પ્રસંગોપાત ભેગા કરવા, તહેવાર ઉજવવા વગેરેમાં પટેલ મહત્તવની ભૂમિકા ભજવે છે. આ સમાજનાં ઝૂંપડા વાંસ, વળી અને કામઠાંના બનાવેલાં હોય છે. હાલમાં દેશી તથા વિલાયતી નળિયાનો ઉપયોગ વધ્યો છે. લગ્નની પસંદગી બે રીતે થાય છે. એકમાં મા-બાપ પોતે પસંદ કરી પરણાવે છે. બીજામાં છોકરા છોકરી જાતે પસંદ કરી લેતા હોય છે. વિધવાવિવાહ, પુનર્લગ્ન, નાતરૂં અને ઘરજમાઇ, મરણ પછી અગ્નિ સંસ્કાર વગેરે રિવાજ સમાજમાં પ્રચલિત છે. મરણ બાદ પાળિયા મૂકવાનો કે ખેતરમાં અગ્નિસંસ્કાર કરી તે જગ્યાએ મંદિર બાંધવાનો રિવાજ છે.

મેલી વિદ્યામાં અને ભૂત પ્રેતમાં તેઓ દ્રઢ રીતે માને છે. માંદગી વખતે પહેલો આશરો ભગતનો લે છે. તેનાથી ન મટે તો જ દવાદારૂનો ઉપયોગ કરે છે. આ સમાજમાં ઉજવાતા તહેવારો, ઉત્સવો આગવી વિશેષતા ધરાવે છે. પ્રસ્તુત સંશોધનપત્રમાં આદિવાસી સમાજના 1) લોકસાહિત્ય 2) લોકકલાઓ અને 3) સમાજજીવનમાં મહત્તવ ધરાવતા દેવો, દેવોની પૂજા વિધિઓ, તહેવારો, ઉત્સવો, લોકગીતો, લોક વાર્તાઓમાં દેવતાઓના મહત્તવ વિશે માહિતી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

- **લોકસાહિત્ય**

લોકસાહિત્યમાં લોકગીતો તથા લોક વાર્તાઓમાં આદિવાસી સમાજના દેવી દેવતાઓની માહિતી નીચે મુજબ છે.

- **લોકગીતોમાં આદિવાસી દેવી-દેવતાઓ**

દાહોદ જિલ્લાના આદિવાસી ગામડાઓમાં ગવાતાં લોકગીતોમાં દેવી દેવતાઓની માહિતી ઓછી પ્રાપ્ત થયેલી છે. ખાસ કરીને હોળીના તહેવારો પર ભરાતા મેળાઓમાં આદિવાસી સમાજની સ્ત્રીઓ હોળીમાતાના માનમાં લોકગીતો ગાતી જોવા મળે છે.

બાર બાર મહિને આવ્યા માતા હોળી, માતા શું શું શણગાર લાવ્યા મારી માત પ્રચલિત લોકગીત છે. આદિવાસી સમાજમાં હોળીનો તહેવાર ખૂબ લોકપ્રિય છે. આ ગીતમાં હોળી માતાને ધ્યાને રાખી તેમણે કરેલા કંકુ, ચૂંદડી,કુંડળ,નથણી,હાંસડી,કડલાં,ઝાંઝરી જેવા શણગારની વાત કરવામાં આવેલી છે. આ લોકગીતમાં આદિવાસી સમાજમાં પ્રચલિત આભૂષણો નથણી, કડલાં, હાં
સડીનો પરિચય મળે છે. આ સિવાય કેટલાંક ગીતોમાં શ્રી કૃષ્ણ,રાધાનો ઉલ્લેખ પણ જોવા મળે છે.આમ,આ વિસ્તારના લોકગીતોમાં ધાર્મિક તત્તવની ઝલક ઓછી જોવા મળે છે.

- **લોકવાર્તાઓમાં આદિવાસી દેવી દેવતાઓ**

આદિવાસી સમાજમાં લોકવાર્તાઓ મનોરંજનનું એક સાધન ગણાય છે. દાહોદ જિલ્લાના આદિવાસી સમાજની લોકવાર્તાઓમાં 'ભોળો ખેડૂત અને **જળહણમાતા**'ની વાર્તા પ્રચલિત છે. આ વાર્તામાં આદિવાસી ખેડૂતના કુટુંબની પરિસ્થિતિ સારી ન હોવાથી જંગલમાં કામ કરવા જાય છે. ખેડૂત પત્ની તેને અડદની

દાળની પૂરીઓ કરી આપે છે. રસ્તામાં ભૂખ લાગતા ખેડૂત જમવા બેસે છે. જ્યાં તે નવા જન્મેલા કૂતરીના બચ્ચાં જુએ છે. પોતાના ભાગની પૂરીઓ તે કૂતરીના બચ્ચાંને ખવડાવી દે છે. પાણી પી તે જ જગ્યાએ સૂઇ જાય છે. ઊંઘમાં તેને સપનું આવે છે. જેમાં તે ભગવાનને ઘરે પહોંચી પોતાની પરિસ્થિતિ અંગે ફરિયાદ કરે છે. ભગવાન તેને પોતાના બગીચામાં લઈ જાય છે. જ્યાંથી તે ખેડૂત પોતાના દીકરા માટે બે આમળાં તોડી લે છે. એકદમ સપનું તૂટી જાય છે. ખેડૂત જાગીને જુએ છે તો તેના ખિસ્સામાં બે આમળાં હોય છે. જે લઈ તે ઘરે પહોંચે છે. ખિસ્સામાંથી આમળા કાઢે તો તે સોનામહોર થઈ ગયેલી હોય છે. બે સોનામહોર ખેડૂત પત્ની બજાર વેચી ખાવાનો સામાન લઈ આવે છે. બીજી તરફ ખેડૂત ભગવાને કરેલા ઉપકારનો આભાર માને છે.

'જળહણમાતાની વાર્તા'માં ગર્ભવતી આદિવાસી સ્ત્રીને કંકોડા ખાવાની ઇચ્છા થાય છે. તે પોતાના પતિને ઇચ્છા જણાવે છે. પતિ રાત્રે તળાવની પાળે કંકોડા લેવા જાય છે. જ્યાં જળમાંથી જળહણમાતા પ્રગટે છે. આદિવાસી પુરુષને જળહણમાતા અડધી રાત્રે આવવાનું કારણ પૂછે છે. પુરૂષ પોતાની ગર્ભવતી પત્નીને કંકોડા ખાવાની ઇચ્છા પૂર્તિ માટે આવ્યાનું જણાવે છે. જળહણમાતા પુરુષને કહે છે. તુ કંકોડા લે પણ તારી પત્નીને દીકરી થશે. એને મારાં દર્શન કરાવવા લાવજે. ખેડૂત જળહણમાતાની વાત સ્વીકારી કંકોડા લઈ ઘરે આવે છે. આદિવાસી સ્ત્રીને દીકરી જન્મે છે. દીકરી 5 વર્ષની થતાં આદિવાસી તેને જળહણમાતાનાં દર્શને લાવે છે. શંકર ભગવાનના આશીર્વાદથી રૂપપરિવર્તન થાય એવી ઘટનાઓ વાર્તામાં મળે છે. લક્ષ્મીમાતા, કાળકામાતાનાં ઉલ્લેખ છે પણ તેમની વાર્તાઓમાં ભૂત,ડાકણ,ચમત્કારિક પશુઓનાં પાત્રો વધુ જોવા મળે છે.

2. લોકકલાઓ

- **ચિત્રકલા**

દાહોદ જિલ્લાના આદિવાસી સમાજમાં પિઠોરા ચિત્રકલા ખૂબ જ પ્રચલિત છે. જેની માહિતી નીચે મુજબ છે.

- **પીઠોરા દેવની વિધિઃ**

ધાનપુર તાલુકાના સજોઇ, ઘોડાઝર,રાછવા, ડુમકા, નળુ, ડોઝગર જેવા ગામોમાં પિઠોરા દેવની વિધિ કરવામાં આવે છે. સ્થાનિક લોકભાષામાં તેને 'પિઠોરો ચિતરાવવો' કહેવામાં આવે છે. પિઠોરો આદિવાસીઓની સમગ્ર જીવન વ્યવસ્થાને આલેખતી એક ધાર્મિક વિધિ છે. પિઠોરાદેવ આદિવાસી સમાજના મોટા દેવ છે જેને બાબા પિઠોરો પણ કહેવાય છે. કુંવારી છોકરીની તબિયત સારી ન રહેતી હોય, ખેતીવાડીમાં સારી બરકત ન આવતી હોય, પશુઓમાં સુખાકારી અને સમૃદ્ધિ ન હોય ત્યારે પિઠોરા દેવની માનતા રાખવામાં આવે છે. માનતા પૂરી થતાં ઘરની ભીંત પર અનુકૂળતાએ પિઠોરાની નકશી કરવામાં આવે છે. નકશી પાડવાનું કામ તેના ખાસ નિષ્ણાત આદિવાસી ચિતારા જ કરે છે. ગામના ચોક્કસ વ્યક્તિના ઘરે જ પિઠોરા દેવનું સ્થાનક હોય છે. આ વ્યક્તિને ત્યાં જ ચોમાસાના સમયમાં આ વિધિ કરવામાં આવે છે. આ વિધિની એક વિશેષતા એ છે કે જે વ્યક્તિના ઘરે પિઠોરા દેવની વિધિ હોય તે વ્યક્તિ જ્યાં સુધી વિધિ પૂર્ણ ન થાય ત્યાં સુધી લીલી શાકભાજી, લીલું અનાજ કે નવું પાકેલું ધાન ખાઈ શકતા નથી. ઉજવણી દિવસ નક્કી થતાં પ્રથમ નકશી પાડવાનું કામ થાય. વાંસની નવી દીવાલ તૈયાર કરવામાં આવે જેની પર કુંવારી છોકરીઓ સાત વખત છાણ માટીથી લીંપે છે. દીવાલ લીંપાઇ

જતાં સફેદ ચૂનાથી સાત વખત ધોળવામાં આવે છે. નકશી માટેના રંગો ચિતારો વનસ્પતિમાંથી પોતે જ બનાવે છે. (હાલમાં તો બજારમાંથી રંગો ખરીદી લાવે છે.)રંગોમાં ગુંદરનું મિશ્રણ કરી દાંતણની પીંછી બનાવી પીઠોરો ચીતરે છે. મુખ્ય નકશીમાં નાના મોટા અંદાજે ચાલીસ પ્રકારના પ્રાણી, જીવજંતુ અને માનવની વિવિધ આકૃતિઓ દોરવામાં આવે છે.

સૌ પ્રથમ શુભ શુકન સ્વરૂપે ગણેશનો સવારીવાળો વાદળી રંગનો ટપકાં કરેલો ઘોડો ચીતરવામાં આવે છે. ત્યારબાદ બાળા હોઢળનો સવારીવાળો વાદળી રંગનો ઘોડો, ગામદેવનો સવારીવાળો લાલઘોડો, ચોરાખી ખંડના દેવનો લાલ ઘોડો ત્યારબાદ પિઠોરો અને પિઠોરીનો લાલ રંગનો સફેદ ટપકાંવાળો ઘોડો ચીતરવામાં આવે છે. આ ઉપરાંત ઇન્દ્રનો સવારીવાળો લીલો ઘોડો, ખેતરમાં વાવતી હારણનું ચિત્ર, હાદરજા દેવ, ઊંટની સવારી, તીરકામઠાં વડે સાબરનો શિકાર કરતા ડામોરદેવ, નકશીને ડાબી બાજુએ ઉપરના છેડે સૂર્ય અને જમણે ખૂણે ઉપર ચંદ્રનાં ચિત્રો દોરવામાં આવે છે. બીજી હરોળમાં મરઘા,ભેંસ,ભમરો, ઘોડા, ગધેડા, વાંદરા, મધપૂડો, વાઘ વગેરે પશુ પક્ષીઓનાં ચિત્રો દોરવામાં આવે છે.

બીજા દિવસે બડવો બાબા પિઠોરાની પૂજા કરે છે. પોતાના શરીરમાં દેવનું આહવાન કરે છે અને દરેક ચિત્ર બંધ આંખોએ તલવારની અણી વડે જે ક્રમ પાડવામાં આવે છે તે ક્રમમાં બનાવે છે. ચિત્રો પાડવામાં કોઇ જીવ જંતુનું ચિત્ર પાડવાનું રહી ગયું હોય તો ચિતારા પાસે તે ચિતરાવી લેવા માટે હાથમાં દીવો મૂકી ત્રણ પ્રતિજ્ઞા લેવડાવે છે. વિધિ પૂર્ણ થયા બાદ મરઘા કે બકરાનું નૈવેદ્ય દેવને ચઢાવવામાં આવે છે. આમ, પિઠોરા દેવની ધાર્મિક વિધિ આદિવાસી જીવનની સામાજિક, આર્થિક અને ધાર્મિક પાસાંનાં દર્શન કરાવે છે.

3. સમાજજીવન

દાહોદ જિલ્લાના આદિવાસી સમાજજીવનમાં મુખ્ય દેવી દેવતાઓ, દેવોની પૂજાવિધિઓ, ઉત્સવો તથા મેળાઓની માહિતી નીચે મુજબ છે.

- **આદિવાસી ભીલસમાજના દેવી દેવતાઓ**

દાહોદ જિલ્લાના આદિવાસી સમાજમાં અનેક દેવી દેવતાઓ જોવા મળે છે જેમ કે દરેક ગામનો એક રક્ષક દેવ હોય છે. દા.ત., ધાનપુર તાલુકામાં આવેલા ભોરવા ગામનો ભોરવોકુંવારો દેવ, નારિયાદેવ, ચિલાકોટા ગામનો ઝૉંપલાદેવ, ડુમકા ગામનો ડુમરાની દેવ, ગુમલી ગામનો ગામદેવ, સજોઇના ખેરીયા દેવ આ સિવાય આદિવાસી સમાજમાં બાબાદેવ, નારસિંગ દેવ, પિઠોરા દેવ, કોઠાદેવ, સાદરદો દેવ, સોડિયા દેવ, બામુણસોટા દેવ, નારિયાદેવ, ભોપલા દેવ, વૈદો દેવ, અણબોલા દેવ, ખતરીજ દેવ, સાહણમાતા, સામુડમાતા, વગેરે દેવી-દેવતાઓ મહત્તવનું સ્થાન ધરાવે છે. ગામલોકોએ નક્કી કર્યું હોય તે મુજબ હોળી, દિવાળી કે ચોમાસાના સમયમાં દેવી-દેવતાઓની પૂજા કરવામાં આવે છે. પૂજા માટે ભાદરવા મહિનામાં મેલું નૈવેદ્ય અને હોળી પર કોરૂં નૈવેદ્ય દેવી દેવતાઓને ધરાવવામાં આવે છે.

- **આદિવાસી ભીલસમાજની પૂજા વિધિઓ**

દાહોદ જિલ્લમાં નિવાસ કરતા આદિવાસી સમાજની પૂજા વિધિઓ નીચે મુજબ છે.

ક્રમ	પૂજાવિધિનું નામ	વિગત
1	**જાતરની વિધિ**	દાહોદ જિલ્લાના ગામડાંઓમાં સાદરજો દેવ, સોડિયા દેવ અને બામુણસોટા દેવના માનમાં જાતરની વિધિ કરવામાં આવે છે. આ વિધિને 'દેવની જાતર' કે 'પોળ બેઠા' પણ કહેવામાં આવે છે. આ વિધિ દર પાંચ વર્ષે કે દશ વર્ષે કરવામાં આવે છે.સામાન્ય રીતે આ વિધિ 9 થી 10 દિવસ ચાલે છે. દિવાળીના તહેવાર બાદ જાતરની વિધિ ગામડાંઓમાં થતી જોવા મળે છે.
2	**ગામદેવની પૂજા**	દરેક ગામનો એક રક્ષક દેવ હોય છે. ગામનાં પાદર કે ગામમાં ગામદેવનું સ્થાનક આવેલું હોય છે. દર વર્ષે ગામલોકોએ નક્કી કર્યાં પ્રમાણે દિવાસાના આગલા દિવસે ગામદેવની પૂજા કરવામાં આવે છે. આ વિધિ માટે 'દેવકાર્ય' શબ્દ લોકબોલીમાં વપરાય છે.
3	**ગુંદરૂંની વિધિ**	હોળીના આગળના સપ્તાહમાં આ વિધિ કરવામાં આવે છે. મોટાભાગનાં ગામડાંઓમાં ફાગણ સુદ પાંચમના દિવસે ગુંદરૂંની વિધિ કરવામાં આવે છે.
4	**ડુંગરદેવની પૂજા**	વર્ષમાં એકવાર મોટાભાગે હોળી પછીના સમયમાં ડુંગરદેવની પૂજા કરવામાં આવે છે.
5	**'ભેંહોપૂજ્યો'ની વિધિ**	આ વિધિ પોતાની ગાય કે ભેંસ વિયાયા પછી પાંચ દિવસે કે સવા મહિને કરવામાં આવે છે. જ્યાં સુધી આ વિધિ પૂર્ણ ન થાય ત્યાં સુધી આદિવાસી સમાજ ગાય કે ભેંસના દૂધનો ઉપયોગ કરતો નથી. આ વિધિ પૂર્ણ થયા પછી જ દૂધનો ઉપયોગ ખોરાકમાં કે વેચાણમાં કરવાનું આદિવાસી સમાજ દૃઢપણે માને છે.
6	**નવાઇની વિધિ**	આદિવાસી સમાજ ગામડાંઓમાં પોતાના ખેતરમાં જે પાક થયો હોય તે પ્રથમ ખતરીજ દેવને ધરાવવામાં આવે છે. આ વિધિને નવાઇની વિધિ કહેવામાં આવે છે.
7	**'ઘોરી પડવું'.**	દાહોદ જિલ્લાના ગરબાડા, ધાનપુર અને દેવગઢ બારીયામાં 'ઘોરી પડવાની' વિધિ કરવામાં આવે છે. આ વિધિની વિશેષતા એ છે કે આ વિધિ કરવાની હોય તેના આગળના દિવસે ગામના સ્ત્રી પુરૂષો ઢોલ વગાડી સલ્લો(એક પ્રકારનો ગરબો) ગાય છે. હોળી દિવાળીના તહેવારો પર આ વિધિ કરવામાં આવે છે.
8	**દિવાળીની પૂજા**	આ વિધિ મુજબ કાળી ચૌદશના દિવસે સાંજે ચોખ્ખા ઘીનો દીવો ગામની દરેક વ્યક્તિના ઘરે કરી હવન કરવામાં આવે છે. જેમાં નાળીયેરની અડધી કાચલીનું હવન કરવામાં આવે છે. બીજે દિવસે સવારના ચાર વાગ્યાના સુમારે અડધી બચેલી નાળીયેરની કાચલી ફરી હવનમાં હોમાય છે. દરેક વ્યક્તિ સામસામે એકબીજાના ઘરે હવનની પૂજા કરવા જાય છે. હવન બાદ ચૂરમાનો પ્રસાદ નૈવેદ્ય તરીકે ધરાવવામાં આવે છે. દિવાળીની સાંજે પશુઓને

રંગવામાં આવે છે બીજા દિવસે સવારે નદીએ ન્હાવા લઈ જવાય છે. આ વિધિને સ્થાનિક ભાષામાં 'ડગરાં ઊંગળાયા' કહેવાય છે.

આદિવાસી સમાજ દ્વારા ગામનું, ખેતીનું તથા પશુઓનું રક્ષણ, પાણીની તંગી અને અશુદ્ધ શક્તિઓ દૂર કરવી, ગામની સુખ શાંતિ, સલામતી, રક્ષણ, વરસાદ, બાળકની ઝંખના, ખેતીમાં સારો પાક, વિવિધ બાધાઓ વગેરે હેતુઓને ધ્યાને રાખી ઉપરોક્ત પૂજાવિધિઓ કરવામાં આવે છે.

➢ **લોકમેળાઓ**

દાહોદ જિલ્લામાં ઉજવાતા પરંપરાગત મેળાઓની માહિતી નીચે મુજબ છે.

ક્રમ	મેળાઓ	વિગત
1	**ડાંડા રોપણીનો મેળો**	હોળીના 15 દિવસ અગાઉ હોળી પ્રાગટ્ય માટે ગામના ચોકમાં સ્તંભ રોપાય છે. આ સમયે લોકો ત્યાં એકઠા થાય છે અને તે ડાંડા રોપણીનો મેળો કહેવાય છે.
2	**આમલી અગિયારસનો મેળોઃ**	હોળી પહેલા ફાગણ સુદ અગિયારસને દિવસે આ મેળો ભરાય છે
3	**ગલાલિયા હાટનો મેળોઃ**	ગરબાડા તાલુકામાં હોળી દહન પહેલાં કે હોળીના દિવસે ગલાલિયા હાટનો મેળો ભરાય છે.
4	**ગોળ ગધેડાનો મેળોઃ**	આ મેળો જુદી જુદી તિથિ અનુસાર જુદા જુદા ગામોમાં ભરાય છે.
5	**ચૂલનો મેળોઃ**	ધૂળેટીના દિવસે દાહોદ જિલ્લાના ગામોમાં ચૂલનો મેળો યોજાય છે.
6	**ચાડિયાનો મેળોઃ**	ફાગણ વદ બીજના દિવસે ચાડિયાનો મેળો યોજાય છે.
7	**રંગપંચમીનો મેળોઃ**	આ મેળો હોળી પછી પાંચમના દિવસે યોજાય છે.
8	**ઢોલનો મેળોઃ**	દાહોદના ભીલ સુધારણા મંડળ દ્વારા વર્ષ 2012થી દાહોદમાં ઢોલ મેળાનું આયોજન થાય છે.

આદિવાસી સમાજના લોકો અને વિદ્યાર્થીઓ કરેલ રૂબરૂ મુલાકાતમાં માહિતી પ્રાપ્તિ માટે જે પ્રશ્નો ઉપસ્થિત થયા એના પરથી એટલો ખ્યાલ આવ્યો કે પ્રકૃતિ સાથે રહીને એની પાસેથી સૂઝ સમજ મેળવનારી પ્રજા આધુનિક શિક્ષણ મેળવતી થઈ ત્યારબાદ સૂઝનું ક્ષેત્ર છોડી માહિતીના ક્ષેત્રમાં પ્રવેશતી જાય છે. નવી પેઢીને પોતાના ગામદેવ કે તેમની વિધિઓ વિશે ઘણીવાર સામાન્ય માહિતી પણ ન હોય એવું જાણવા મળ્યું. આ સમાજે ગામડાં ને જંગલ છોડીને આદિવાસી વર્ગના બદલે શ્રમજીવી વર્ગની ઓળખ ઊભી કરી છે. કેટલાક જે શિક્ષિત થઇ સારી જગ્યા પર કામ કરતા થયા તે પણ હવે આદિવાસી સંસ્કૃતિ સાથે અંતર રાખતા થયા છે. ભવિષ્યમાં આ સંસ્કૃતિ મૃતપ્રાય બને તેવી પ્રબળ સંભાવનાઓ છે. આજે ભણેલો ગણેલો આદિવાસી સમાજ પોતાની સંસ્કૃતિથી વિમુખ થઈ રહ્યો છે તે દુઃખની વાત ગણાવી શકાય. વળી, આદિવાસી સમાજમાં વ્યસનોનો પ્રભાવ વધતો જાય છે. ઘર, રહેણી કરણી, પોશાક, લોકગીતો, લોકકલાઓ, નૃત્યો બદલાયા છે. અત્યારે જળવાયેલી આ સંસ્કૃતિ આવનારાં વર્ષોમાં નામશેષ બની જાય તેવી પૂરી શક્યતાઓ જણાઇ રહી છે.

સમાપનઃ

પ્રસ્તુત સંશોધન પત્રમાં દાહોદ જિલ્લામાં વસતા આદિવાસી સમાજનો લોક સાહિત્ય, લોકકલાઓ તથા સમાજજીવન સંદર્ભે અભ્યાસ કરવામાં આવ્યો. દાહોદ જિલ્લાના ગામડાંઓમાં નિવાસ કરતો આદિવાસી સમાજ પોતાના ગામ અને ઘરના રક્ષણ માટે, ખેતીમાં સારા પાકની આશાએ, બાળકની ઝંખના માટે, નોકરી માટે , ભૂત પિશાચ જેવી અશુદ્ધ શક્તિઓથી રક્ષણ માટે વિવિધ ધાર્મિક વિધિઓ કરે છે. જો કે આજનો આધુનિક સમાજ તેને એક અંધશ્રદ્ધા જ ગણે છે પરંતુ આદિવાસી સમાજની આ અંધશ્રદ્ધા પાછળ તેમના જીવન યાપનમાં મહત્ત્વપૂર્ણ એવા પ્રાકૃતિક તત્તવો માટેનો પૂજ્ય ભાવ ડોકાય છે. પોતાના આરાધ્ય દેવોને ખુશ રાખવા આદિવાસી સમાજ ગુંદરૂં, જાતર, નવાઇ,ભેંહો પૂજ્યો વગેરે જેવી ધાર્મિકવિધિઓ કરે છે. ચિત્રકલામાં પિઠારો ચિત્રકલા એક આગવી ભાત પાડે છે. જે પણ એક ધાર્મિક વિધિ સાથે જોડાયેલ છે. લોકસાહિત્ય અને લોકવાર્તાઓમાં પણ આદિવાસી સમાજના દેવી દેવતાઓનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. આ સમાજ શંકર,પાર્વતી,ગણેશ,ઇન્દ્ર,ભાથીજી,મહાકાલીમાતા,લક્ષ્મીમાતા,હનુમાનજી,રામચંદ્ર વગેરે દેવોમાં માને છે પરંતુ પૂજા તેઓ બાબાદેવ, નારસિંગ દેવ, પિઠોરા દેવ, કોઠાદેવ, સાદરદો દેવ, સોડિયા દેવ, બામુણસોટા દેવ, નારિયાદેવ, ભોપલા દેવ, વૈદો દેવ, અણબોલા દેવ, ખતરીજ દેવ, સાહણમાતા, સામુડમાતા, બાળા હોઢળ, ગામદેવ, ચોરાખી ખંડના દેવ, પિઠોરો અને પિઠોરી, હાદરજા દેવ, ડામોરદેવ વગેરેની કરે છે.તેમના દેવો મોટા ભાગે પ્રાકૃતિક છે. એક વિશેષ નોંધવા જેવી બાબત એ છે કે દાહોદ જિલ્લામાં થતી મોટાભાગની ધાર્મિક વિધિઓ પુરૂષો દ્વારા જ કરવામાં આવે છે. આજના આધુનિક વિશ્વના બદલાતા જતા પ્રવાહો વચ્ચે દાહોદ જિલ્લાના ગામડાંઓ પોતાની સંસ્કૃતિ, સભ્યતાને જાળવી બેઠા છે તે નોંધપાત્ર કહી શકાય.

સંદર્ભગ્રંથ સૂચિ

1. ગુજરાતની લોકસંસ્કૃતિ, ડો.હસુતાબેન સેદાણી,યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજય, ચોથી આવૃત્તિ, અમદાવાદ, 2016.
2. આદિવાસી અને સંપ્રેષણ માધ્યમો, ડૉ.મીનાક્ષી ઠાકર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજય, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, 2007.
3. ગુજરાતના આદિવાસી લોક સાહિત્યનો ઇતિહાસ,હસુ યાજ્ઞિક, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ,બીજી આવૃત્તિ, 2017.

રૂબરૂ મુલાકાતો

ક્રમ	નામ	ગામ	તાલુકો
1	બારીઆ ફૂલસિંહ રમેશભાઇ	નળું	ધાનપુર
2	બારીઆ હિનાબેન શંકરભાઇ	સીમામોઇ	ધાનપુર
3	બારીઆ સંજયકુમાર જુવાનસિંહ	ગુમલી	ધાનપુર
4	બારીઆ ઇન્દુબેન જુવાનસિંહ	અગાસવાણી	ધાનપુર
5	ચૌહાણ ઇન્દ્રજીત સ્વરૂપસિંહ	તરમકાચ	ધાનપુર
6	મૈડા સુનિતાબેન ચંદ્રસિંહ	પિપેરો	ધાનપુર

7	ડિંડોર નિલેશકુમાર નરવતભાઇ	ભોરવા	ધાનપુર
8	ચૌહાણ દિનેશભાઇ વિરસીંગભાઇ	ડુમકા	ધાનપુર
9	ચૌહાણ મધુબેન ગુલાબસિંગ	ઘોડાઝર	ધાનપુર
10	લવાર વિજયભાઇ અવલસિંહ	રાછવા	ધાનપુર
11	ભૂરીયા સંજયભાઇ ભીમાભાઇ	ઝાપટીયા	ધાનપુર
12	પટેલ અનિપાબેન એસ.	બોઘડવા	ધાનપુર
13	પટેલ તરૂણાબેન સરદારસિંગ	કંજેટા	ધાનપુર
14	તડવી મહેશભાઇ ફરતાનભાઇ	દુધામલી	ધાનપુર
15	સંગોડ મહેશભાઇ નારસિંગભાઇ	ઝાંબુ	ધાનપુર

 ISBN : 978-81-938282-1-2

સાહિત્ય અને ફિલ્મ વચ્ચેનો આંતર સંબંધ

ડૉ. રમેશ ચૌધરી, આસિ. પ્રોફેસર
સરદાર પટેલ યુનિવર્સિટી,ગુજરાતી વિભાગ,
સ.પ.યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.
મો. ૯૯૦૯૮ ૨૩૯૨૨

કોઈ પણ ભાષાનું સાહિત્ય તેના સ્થળ-કાળ અને સંસ્કૃતિથી બદ્ધ હોય છે. સાહિત્ય અને ફિલ્મ બંને એક-બીજાથી ભિન્ન છતાં એક-બીજાની પૂરક કળાઓ છે. સાહિત્યનો ઇતિહાસ ઘણો લાંબો છે જ્યારે ફિલ્મ એ વિજ્ઞાન-ટેક્નોલૉજીએ આપેલ એકાદ સદી પૂર્વેની દેણ છે. ફિલ્મકળાના આરંભથી આજ સુધી સાહિત્ય કૃતિનો વિનિયોગ થતો આવ્યો છે. ખૂબ ઓછા સમયમાં ફિલ્મકલાએ પોતાની આગવી ઓળખ પૂરવાર કરીને લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. સાહિત્ય કૃતિ અનુભવનું કળા રૂપાંતર છે. એ અનુભવ પાછો ફિલ્મમાં રૂપાંતરિત થતાં તેમાં પણ કેટલાક ફેરફારો થાય છે અને એક નવા જ રૂપમાં આપણી સમક્ષ વ્યક્ત થાય છે. સાહિત્ય કૃતિ સીધે સીધી ફિલ્માંકન પામતી નથી, દિગ્દર્શક તેને પોતાની સર્જનશક્તિ વડે નવો ઘાટ આપે છે. આથી સાહિત્ય એ સર્જન છે તો ફિલ્મ એ અનુસર્જન છે. સાહિત્યની જેમ તેમાં પણ આદર્શો, લાગણીઓ, કુંઠાઓ વ્યક્ત થતી હોય છે. એટલે સાહિત્ય કૃતિ જેમ આનંદ આપે છે તેમ ફિલ્મ પણ આનંદ આપે છે. કલાનું કાર્ય માત્ર મનોરંજન કે આનંદ પૂરું પાડવાનું નથી પરંતુ સંસ્કૃતિનું જતન, સંવર્ધન અને સંરક્ષણનું પણ છે. આથી જ છેક પ્રાચીન કાળથી ભારતીય સંસ્કૃતિની સુદીર્ઘ પરંપરા વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત આદિ દ્વારા સચવાયેલ છે. આ સાહિત્ય પરથી બનતી ફિલ્મોનો ઉદ્દેશ પણ આજ રહ્યો છે. ફિલ્મના માધ્યમથી જ પૌરાણિક પાત્રોને આપણે કલ્પી શક્યા છીએ. સાહિત્ય અને ફિલ્મ આ બંને જુદાં માધ્યમો છે. બંનેનાં ધ્યેયો જુદાં છે. બંનેની રજૂઆત અને અભિવ્યક્તિ પણ જુદી છે. ફિલ્મ ભલે ગમે તે કલામાંથી ગ્રહણ કરે પણ સાહિત્યનું ફિલ્મમાં રૂપાંતર થાય છે ત્યારે તેમાં ઘણા ફેરફારો કરવામાં આવે છે. આ બંને કલા વચ્ચે પરસ્પર આંતરસંબંધ રહેલો છે. સર્જકનું કામ દિગ્દર્શક કરે છે ત્યારે તેને પહેલાં સારા વિવેચક બનવું પડે છે. સર્જક કૃતિનાં પાત્રોનું સર્જન કરે છે તો દિગ્દર્શક તેને પડદા પર સજીવન કરી બતાવે છે. કૃતિનાં પાત્રોમાં જીવ ભરવાનું કાર્ય દિગ્દર્શક કરે છે. સર્જક પાસે માત્ર શબ્દ જ હોય છે જ્યારે દિગ્દર્શક પાસે અભિનેતા, કેમેરા, સંગીત, કોશ્ચ્યુમ, ફિલ્મસેટ, મેકઅપ આદિ સવલત હોય છે, જેના દ્વારા તે એક કલાને બીજી કલામાં ઢાળીને દર્શકો સમક્ષ રજૂ કરે છે.

સાહિત્યનું ફિલ્મ રૂપાંતર થાય છે તે અંગે બે માન્યતા પ્રવર્તે છે. કેટલાક એવું માને છે કે ફિલ્મકૃતિ મૂળ સાહિત્ય કૃતિને વફાદાર રહેવી જોઈએ અને જો એમ ન થાય તો અસંતોષની લાગણી સર્જાય છે. લગભગ બધી આર્ટ કે કોમર્શિયલ ફિલ્મો આવી વફાદારીને સ્વીકારતી હોય છે. તો કેટલીક ફિલ્મો મૂળ કૃતિ કરતાં તદ્દન ભિન્ન વલણ અપનાવી કૃતિનાં પાત્રો, પરિસ્થિતિ, પરિવેશ અને કૃતિના ધ્વનિને પણ જુદાં જ સ્વરૂપે રજૂ કરે છે. જેમકે શેક્સપિયરના ‘હેમલેટ’ નાટક પરથી બનેલ ‘હૈદર’માં આમ થયું છે. મૂળ કૃતિને દિગ્દર્શકે કાશ્મીર સમસ્યા સાથે સાંકળીને સાંપ્રત પરીસ્થિતિ સંદર્ભે રજૂ કરી છે. કેટલીક ફિલ્મો તદ્દન મૂળ કૃતિને અનુસરવાનો આગ્રહ રાખે છે. જ્યારે આમ થાય છે ત્યારે ઘણા સર્જકોએ પોતાની કૃતિ પરથી બનેલી ફિલ્મ જોયા પછી અસંતોષ વ્યક્ત કર્યો છે. જો દિગ્દર્શક પોતે સાહિત્ય કૃતિના મર્મ કે હાર્દને પકડવામાં નિષ્ફળ જાય તો ગમે તેવી મહાન કૃતિ હોય પણ ફિલ્મ ઊતરતી કક્ષાની

બનશે. સિનેમાના ઇતિહાસ તરફ નજર કરતાં જણાય છે કે પ્રમાણમાં સાવ મધ્યમ કહી શકાય તેવી ચુનીલાલ મડિયાએ લખેલી ટૂંકી વાર્તા ‘અભુ મકરાણી’ પરથી કેતન મહેતાએ ‘મિર્ચ મસાલા’ જેવી ઉત્તમ ફિલ્મ બનાવી છે જ્યારે ઉત્તમ કક્ષાની ‘માનવીની ભવાઈ’ જેવી નવલકથા પરથી ઉપેન્દ્ર ત્રિવેદીએ સાવ નબળી કહી શકાય તેવી ફિલ્મનું સર્જન કર્યું છે. પોતે સરકારમાં હોવાના કારણે ‘માનવીની ભવાઈ’ ફિલ્મમાં સરદાર સરોવર ડેમની યોજનાનું દૃશ્ય મૂક્યું છે; જે મૂળ કૃતિના હાર્દને નુકસાન કરે છે. સર્જક કે કૃતિ ભલે ગમે તેટલાં મહાન હોય પણ જો દિગ્દર્શકમાં કલાસૂઝનો અભાવ હોય તો શું પરિણામ આવે તે ‘માનવીની ભવાઈ’ ફિલ્મ દ્વારા આપણે કલ્પી શકીએ છીએ અને કૃતિ સામાન્ય કક્ષાની હોવા છતાં દિગ્દર્શક કુશળ હશે તો શું પરિણામ આવશે તે ‘મિર્ચ મસાલા’ ફિલ્મ દ્વારા સમજી શકાય છે. સરસ્વતીચંદ્ર ફિલ્મમાં પણ પ્રણયકથાને વધારે જ આલેખી છે. સરસ્વતીચંદ્ર જેવી મહાનવલકથા જ્યારે ફિલ્માંકન પામે છે ત્યારે પણ દિગ્દર્શક તેમાંથી શું અપનાવે છે અને શું છોડી મૂકે છે તે તપાસનો મુદ્દો બની રહે છે. જોકે દિગ્દર્શક ગોવિંદ સરૈયા કૃતિના સ્થળ-કાળ અને પરિવેશને ઝીલવામાં સફળ થયા છે ખરા પરંતુ કૃતિને પૂરો ન્યાય આપી શક્યા નથી. તો ‘મિર્ચ મસાલા’માં મૂળમાં કરેલા ફેરફાર ઉચિત નીવડે છે. મૂળ વાર્તામાં મડિયાએ બીડીના કારખાનાને આલેખ્યું છે તો કેતન મહેતાએ તમાકુના ફીકા તપખીરિયા રંગને બદલે મરચાને બતાવ્યા છે. કેતન મહેતાએ ફિલ્મના શિર્ષક અનુસાર મિર્ચ એટલે લાલ રંગ એટલે કે બળવાને બતાવ્યો છે. ફિલ્મમાં સ્ત્રીઓના ભૂખ્યા સરકારી અમલદાર સામે અને સમાજના પુરુષો સામે સ્ત્રીઓના બળવાને બતાવ્યો છે. નારીશોષણ અને નારી સ્વતંત્રતાનો મુદ્દો ફિલ્મમાં કલાત્મક રીતે રજૂ થયો છે. ફિલ્મમાં ગામ, તેનું પાદર અને તળાવ કિનારે પાણી ભરવા જતી ગામની સ્ત્રીઓને દર્શાવતા દૃશ્યો ખૂબ જ સરસ રીતે ફિલ્માવામાં આવ્યા છે. સાથે સાથે તેને અનુરૂપ સાઉન્ડથી આ દ્રશ્યો એકદમ જીવંત થઈ ઉઠે છે. તળાવ કિનારે અમલદાર નસરુદ્દીન શાહના પડાવને અને ત્યાં થતી વિવિધ પ્રવૃત્તિઓને દર્શાવવામાં આવી છે. જેમાં ગ્રામોફોનમાંથી આવતા ગીતને સાંભળીને ગામના અભણ લોકોના કુતૂહલ પૂર્વકના પ્રતિભાવો રમુજી છે. અમલદાર ક્રૂર છે. તે તેના વ્યવહારમાં દર્શાવાયું છે. તેણે ગામની મનગમતી સ્ત્રીઓણે પોતાની હવસનો શિકાર બનાવતો જોઈ શકાય છે. મલદાર ક્રુર છે તે તેના વ્યવહારમાં દર્શાવાયું છે.તેને ગામની મનગમતી સ્ત્રીઓ ને પોતાની હવસનો શિકાર બનાવતો જોઈ શકાય છે. ફિલ્મનો અંત ટ્રેજિક છતાં ગૌરવશાળી છે. અબુમિયાંએ અબુમિયાં સાથે લાગણીના સંબંધે સૈનિકો સામે લડતાં લડતાં પ્રાણ ત્યાગી દીધા. અંતે તેમણે મરચા સાથે જોડાયેલી કારખાનાની સ્ત્રી કામદારોમાં ઝનૂન ભરાયું. ચાની ભૂકીના કોથળા અમલદાર પર ઠાલવી દીધા. આ બળવા સાથે જ અને

મરચાની તીખાશથી પૂરી થાય છે. કણસતા અમલદાર સાથે જ ફિલ્મ દિગ્દર્શક પણ એક સર્જક છે. આથી મૂળ કૃતિમાં ન હોય તેવાં દૃશ્યો દિગ્દર્શક પોતે ઉમેરતો હોય છે. ઘણીવાર કૃતિમાં ન હોય તેવાં દૃશ્યો દિગ્દર્શક પોતે ઉમેરતો હોય છે. ‘પથેર પાંચાલી’ ફિલ્મમાં એક દૃશ્ય લેખકે આલેખ્યું નહોતું પણ દિગ્દર્શકે સર્જેલું. બાળ અપું અને દુર્ગા સીમમાં રમવા જાય છે. વર્ષાઋતુના દિવસોમાં થોડાં ઊંચાં કાશકુલોના રેશમી ગુચ્છો ધુમાડાનો લિસોટો આંકતી લહેરાઈ રહ્યા છે. એક ટ્રેન પસાર થઈ જાય છે એ આખું દૃશ્ય

અને તેમાં પવનમાં ડોલતા ધવલ કાશઉચ્છોનું શ્વેત શ્યામ આયોજન કથાપ્રવાહની સાથે અંકિત થઈ ગયું છે.

અહીં એક મુદ્દો એ પણ નોંધપાત્ર બને છે કે કૃતિમાં સર્જકે જે પાત્ર સર્જયું હોય છે તે દરેક ભાવકના ચિત્તમાં નોખી-અનોખી છાપ ઊભી કરે છે. દરેક ભાવક પોતે પોતાની રીતે એ પાત્રમાં પોતાની કલ્પના ભેળવશે એટલે એ માત્ર સર્જકનું જ અંગત ન બની રહેતાં ભાવકની ચેતનામાં વિકસે છે. પણ કૃતિ પરથી બનેલ ફિલ્મનું પાત્ર દર્શકના ચિત્તમાં આવી નોખી છાપ પાડી શકતું નથી. પ્રીતિ શાહ આ અંગે નોંધે છે કે "સાહિત્ય એ એકાંતભોગી કળા છે. મનોમય લીલાની ભૂમિ છે. આથી 'ગુજરાતનો નાથ' વાંચતી વખતે મંજરીનું પાત્ર કે 'પૃથ્વીવલ્લભ' વાંચતી વખતે મુંજનું પાત્ર દરેક ભાવકની મનોસૃષ્ટિમાં આગવા રૂપે વિલસતું હોય છે. 'ગુજરાતનો નાથ'ની મંજરી, 'મળેલા જીવ'ની જીવી, 'ઝેર તો પીધા છે જાણી જાણી'ની રોહિણી તથા 'અમૃતા'ની અમૃતાની માનસ છબી પ્રત્યેક ભાવકે જુદી જુદી હોય છે. મુનશીની મંજરી તે ભાવકની મંજરી ન હોય જ્યારે ફિલ્મમાં આવો ભેદ લોપાઈ જાય છે. પ્રેક્ષકને સાહિત્યમાં જેવી મનની મોકળાશ મળે છે તે મોકળાશ દૃશ્યતાને કારણે ચલચિત્રમાં સાંપડતી નથી." તો સામા છેડે સર્જકે કોઈ દૃશ્ય આલેખવું હોય તો તેનું બૃહદ વિગતવાર વર્ણન કરવું પડે છે ફિલ્મમાં આ કામ દિગ્દર્શક માત્ર એક દૃશ્ય કે 'શૉટ' દ્વારા જ રજૂ કરે છે. એટલે સાહિત્યકૃતિ અને ફિલ્મ બંને માધ્યમોને પોતાની આગવી આલેખન પદ્ધતિઓ છે. ફિલ્મમાં દિગ્દર્શક સંગીત, નૃત્ય, ગાયન, વાદન આદિનો સહારો લઈ શકે છે જ્યારે સાહિત્યકાર પાસે માત્ર શબ્દ જ એક માત્ર માધ્ય હોવાથી પાત્ર, પ્રસંગ, પરીસ્થિતિ કે ઘટનાના સ્થૂળ-સૂક્ષ્મ આલેખન માટે તે પ્રતીક, કલ્પન, પુરાકલ્પન, સ્વપ્ન આદિનો સહારો લેશે પણ દિગ્દર્શક પાસે જે સવલત છે તેના દ્વારા અસરકારક દૃશ્ય સર્જવામાં સફળ થાય છે. 'પાથેર પાંચલી' નવલકથામાં ત્રણ જેટલાં મૃત્યુનું આલેખન થયું છે. ફિલ્મમાં દિગ્દર્શક સત્યજીત રાયે વૃદ્ધ ઈન્દિર ઠાકુર અને દુર્ગાનું એમ બે મૃત્યુનું આલેખન કર્યું છે, તે બંનેમાં ભિન્નતા છે. દુર્ગાના મૃત્યુ સમયે અસહાય અને નિરાધાર સર્વજયાની સ્થિતિનું આબેહૂબ દૃશ્ય રજૂ થયું છે. વરસાદી રાત, આંધી-તોફાન, સુસવાટા મારતો પવન, ચમકતી વીજળી અને વાદળનો ગડગડાટ મળીને જે સંકેતાત્મક દૃશ્ય ઊભું થયું છે તે હૃદયંગમ બન્યું છે. બારણા અને બારી વાટે અંદર પ્રવેશવા મથતો પવન જાણે ખુદ યમરાજ છે અને ઘરમાં મૂકેલી વિધ્નહર્તા ગણેશની મૂર્તિ પણ ડગમગે છે. ઘરનું બારણું ખુલી જાય છે અને ઘરમાં અંધકાર છવાઈ જાય છે. સમગ્ર ફિલ્મમાં પશ્ચાદભૂમાં વાગતું સંગીત પણ માર્મિક બની રહે છે.

ટૂંકમાં સાહિત્ય અને સિનેમાનો નાતો ઘણો પુરાણો છે. હિંદી સિનેમામાં દેવદાસ , આનંદમઠ, પરિણીતા, સૂરજ કા સાતવા ઘોડા, હજાર ચૌરાસી કી મા જેવી અનેક સાહિત્યિક કૃતિઓ પરથી ફિલ્મો બની ચૂકી છે ગુજરાતી સિનેમામાં પણ 'માનવીની ભવાઈ', 'કંકુ', 'ઝેર તો પીધાં જાણી જાણી', 'મળેલા જીવ' જેવી અનેક સાહિત્યિક કૃતિઓ ફિલ્મી પડદે અવતરી ચૂકી છે. હોલિવુડમાં સાહિત્યિક કૃતિઓ પરથી ફિલ્મોની આખી સંસ્કૃતિ છે (એડેપ્ટેશન) સાહિત્ય અને ફિલ્મ વચ્ચે ઘણું સામ્ય – વૈષમ્ય છે. બંને

માધ્યમોના પોતાના આગવા વિશેષો છે. સાહિત્ય પરથી બનેલી ફિલ્મ દ્વારા કૃતિ વિશાલ દર્શક સમુદાય પહોંચે છે.

// સંદર્ભ સૂચિ //

1. ફિલ્માંતર- પ્રતિભા ત્રિવેદી, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૬
2. ફિલ્મ દર્શન- યાસીન દલાલ, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્ર. આ. ૧૯૮૪
3. ફિલ્મ સર્જન પ્રક્રિયા- અભિજિત વ્યાસ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૧
4. રૂપાંતર- અમૃત ગંગર, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૪
5. વિશ્વની શ્રેષ્ઠ ફિલ્મોનો આસ્વાદ- સુભાષ શાહ, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૮
6. સમૂહ માધ્યમો અને સાહિત્ય- પ્રીતિ શાહ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૯
7. સિનેમાવિમર્શ- અમૃત ગંગર, ગુ. સા. અકાદમી, ગાંધીનગર, પ્ર. આ. ૨૦૧૨

ગુજરાતી ટૂંકીવાર્તાઓનું નાટ્યરૂપ અને ભજવણીની પરિવર્તન પ્રક્રિયા

દિગીશ હરીશ વ્યાસ
આસિ. પ્રોફેસર - પરફોર્મિંગ આર્ટ્સ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
9824243070, digish.vyas@baou.edu.in

આપણી સંસ્કૃત પરંપરા નાટકને દ્રશ્ય-શ્રાવ્ય અને અન્ય સાહિત્ય પ્રકારોને શ્રાવ્ય કહે છે. ઉપરાંત "नाटकान्तं कवित्वं" કહી નાટકને કવિતાનો (સાહિત્યનો) છેડો – અંતિમ પરિણતી ગણે છે.

ટૂંકીવાર્તા વાંચતા રસિક વાચક પોતાના માનસપટ ઉપર કલ્પનાશક્તિના આધારે કથાવસ્તુને (યથા ભાવક શક્તિ) નિહાળતો હોય છે. વાચકને આ અનુભવ વ્યક્તિગત જ રહે તે સ્વાભાવિક છે. ટૂંકીવાર્તાનું પ્રથમ વાંચન રૂપાંતર કરનારને સ્પર્શી જાય, મનને આકર્ષિત કરે એટલે એ ફરી – ફરી વાંચે અને દ્રશ્યો – પાત્રો – પ્રસંગો વધુ સ્પષ્ટ અને વાસ્તવિક થતા જાય. નાટ્યરૂપાંતર કર્તાનો એ આશય હોય છે કે નાટક રૂપે તે ભજવાય અને રસિક પ્રેક્ષકસમૂહ એકસાથે બેસી કથાવસ્તુ – નાટ્યતત્તવને માણે. તેના આ હેતુને સિદ્ધ કરવા તેમાં દિગ્દર્શક – નટચમૂ જોડાય.

દિગ્દર્શક ઘટનાસ્થળ, વિવિધ પાત્રો, તેમનાં સંવાદો, ક્રિયાકલાપ ઉપરાંત દ્રશ્યરચના વિષે વિચારે, નિર્માણ કરે. દરેક દ્રશ્યના ઉઘાડ-મધ્ય સાથે પરાકાષ્ઠા નિશ્ચિત કરે. તેવી જ રીતે સમગ્ર નાટકના આદિ – મધ્ય સાથે પરાકાષ્ઠા તાદૃશ્ય કરે. આ પ્રક્રિયામાં કથાવસ્તુનો – ઘટનાઓનો ક્રમ બદલાઈ પણ શકે. નાટક ગતિશીલ ઉપરાંત લાઘવની કલા હોવાથી ટૂંકીવાર્તામાંનું કંઈક છોડી પણ દેવું પડે. તો કથાનકમાંની કોઈક માર્મિક ક્ષણ કે જીવનની ઊંડી અનુભૂતિના કણને બળકટ બનાવવા ઉમેરણ પણ કરવું પડે.

રૂપાંતરકાર અને દિગ્દર્શકના મનમાં આ સંદર્ભે મથામણ ચાલે અને આ ભાંજ –ઘડ માંથી નૂતન વર્ષરૂપ પામે ટૂંકીવાર્તા.

રૂપાંતરકાર અને દિગ્દર્શક તરીકે જે પ્રયોગ મેં કર્યા તેની પ્રક્રિયા અને પરિણામ વિષે આલેખમાં હું ઉદાહરણ સહિત વિશ્લેષણ કરીશ. – સંક્ષિપ્ત સૂચિ

મૂળ વાર્તા અને લેખક નાટ્યરૂપ અને દિગ્દર્શન પ્રા. દિગીશ વ્યાસ

વિષ્ણુ શર્મા (પંચ તંત્ર) મિત્ર ભેદ ધર્મબુદ્ધિ – પાપબુદ્ધિ

ઝવેરચંદ મેઘાણી દીકરો

મૂછાળી માંના નામે પ્રસિદ્ધ નૂતન બાળશિક્ષણના પુરસ્કર્તા શ્રી ગિજુભાઈ બધેકાના શિક્ષણના પ્રયોગ અને અનુભવના પુસ્તક 'દિવાસ્વપ્ન' ની નાટ્યપ્રસ્તુતિની ચર્ચા નાવીન્યપૂર્ણ હશે.

દિગ્દર્શક અભિનેય કલા નાટ્યના નિર્માણના વિવિધ ભાવોને અનુરૂપ વિનિયોગ કરી અભિનયના ચારેય અંગ આંગિક – વાચિક –આહાર્ય – સાત્વિકને આધારે લેખકને અભિપ્રેત અર્થ પ્રેક્ષકો સુધી નાટ્યભાષા (theatre language) દ્વારા સુપેરે પહોંચાડે છે. ટૂંકીવાર્તાનું નાટ્યરૂપ અને તેની ભજવણીની સમગ્ર પ્રક્રિયા રૂપાન્તરકાર અને દિગ્દર્શકની 'ગમતાનો ગુલાલ' કરવાની તેમની તમન્ના અને વિષય કૌશલ્યની નીપજ હોય છે.

પ્રસ્તાવના:

વિષ્ણુ શર્મા (પંચ તંત્ર) મિત્ર ભેદ ધર્મબુદ્ધિ – પાપબુદ્ધિ

“પંચતંત્ર” એ દુનિયાદારીના ડહાપણનો ઉપદેશ આપતો સુપ્રસિદ્ધ સંસ્કૃત ગ્રંથ છે. તેથી તેમાં નીતિકથાઓ (Fables) નું પણ આલંબન સ્વીકારવામાં આવ્યું. ભારતીય સાહિત્યનો કોઈપણ ગ્રંથ વ્યાપક અર્થમાં વિશ્વ સાહિત્યનો બન્યો હોય તો તે “પંચતંત્ર” છે. જગતભરની લગભગ ૬૦ ભાષાઓમાં તેના બધા થઈને ૨૦૦ કરતાંયે વધારે ભાષાંતરો અને રૂપાંતરો થયાં છે.

“પંચતંત્ર” ની ભાષા શૈલી પ્રસન્ન, સરલ અને નિરાડંબરી છે. પાશ્ચાત્ય વિદ્વાનો તેને Textus simpiliar – ‘સાદી વાચના’ તરીકે ઓળખે છે. પશ્ચિમ ભારતમાં રચાયેલી હોવાને કારણે આપણે તેને પશ્ચિમ ભારતીય ‘પંચતંત્ર’ તરીકે ઓળખીશું.

તેમાં “મિત્રભેદ” નામના વિભાગમાં ‘ધર્મબુદ્ધિ – પાપબુદ્ધિ’ નામની સરસ, સુંદર અને નીતિયુક્ત ટૂંકીવાર્તા છે.

જેનું મેં નાટ્યરૂપાંતર કરી વિદ્યાર્થીઓ સાથે મંચન કર્યું અને તે પ્રયોગ અસરકારક રહ્યો.

કોઈ એક દેશમાં ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ એ બે મિત્રો રહેતા હતા. એકવાર પાપબુદ્ધિએ વિચાર્યું કે “હું મૂર્ખ અને દરિદ્ર છું માટે આ ધર્મબુદ્ધિને સાથે લઇ દેશાંતરમાં જઈ તેના આશ્રયથી ધન પેદા કર્યા પછી એને છેતરીને હું સુખી થાઉં.

દિગ્દર્શક નાટકની કથાવસ્તુ સહિત તમામ સામગ્રી પ્રેક્ષક સુધી પહોંચાડે છે. એ સામગ્રી પ્રેક્ષક સુધી પહોંચતા તેનું રસમાં રૂપાંતર થાય છે. આમ, નટ કે નટી દ્વારા થતી પ્રેક્ષક સુધી પહોંચાડવાની ક્રિયાને અભિનય કહે છે.

<u>आयुर्नुरुपः प्रथमवस्तु वेषः</u>

<u>वेषानुरूपः गतिप्रचारः !</u>

<u>गतिप्रचारानुगतं च पाठ्यं</u>

<u>पठ्यनुरूपः अभिनयस्च कार्यः !!</u>

આયુ પ્રમાણે વેષ, વેષ પ્રમાણે ગતિક્રિયા, એ પ્રમાણે પાઠ્ય અને તે પ્રમાણે અભિનય.

પાઠ્ય (Recitation) એ વાચિક અભિનયનો પ્રાણ છે. પાઠ્યરૂપ વાચિક અભિનય એ નાટ્યપ્રયોગનું શરીર છે. આમ પાત્રના નિર્માણ માટે, તેના ચરિત્ર-ચિત્રણ (Characterization) માટે અત્યંત ઉપયોગી છે.

પાપબુદ્ધિના ઘરનું વાતાવરણ તંગ છે, તેના છોકરા, તેની પત્ની ચિંતાતુર છે. પિતા બીમાર અને દુ:ખી છે. વાતાવરણને વધુ ગમગીન અને ઉદાસીન બનાવવા માટે કરુણ સંગીતનો સહારો લીધો. નાટકનો ઉઘાડ થયાં પછી Introduction ના તો Character તરફ પ્રયાણ કર્યું.

પત્નીનો સંવાદ:-

પત્ની: “દીકરા તમે મોટા થઈ તમારા બાપ જેવા ના થતા. આળસુ અને શેખચલ્લી. (પાપબુદ્ધિ આંખ કાઢે છે.) અરે, આંખો શું કાઢો છો? છોકરાઓના મોં સામું તો જુઓ. આખી દુનિયાના તુક્કા લડાવવાના અને આવડત ટકાની નહિ,

આ તમારા મિત્ર ધર્મબુદ્ધિને જ જુઓને, બુદ્ધી અને મહેનતથી ધીમે- ધીમે પ્રગતિ કરી છે કે નહિ?

આમ, પાપબુદ્ધિની પત્નીના સંવાદથી પાત્ર-પરિચય થાય છે. પાપબુદ્ધિનો આળસુ સ્વભાવ નજરે ચડે છે, તેમજ ધર્મબુદ્ધિના સારા સ્વભાવ વિષે પણ દર્શકોને જાણ થાય છે. આથી જ કહેવાયું છે કે, 'वाचिकं सर्व वांग्मयम'

સંવાદ અને સંગીતના સથવારે નાટક દર્શકો સમક્ષ ખુલ્લું થાય છે, અને પાત્રની ઓળખાણ પડે છે.

વાર્તામાં આગળ વધીએ તો દેશાંતર ભ્રમણ કરતા પાપબુદ્ધિએ ધર્મબુદ્ધિના પ્રભાવથી ઘણું ધન ઉપાર્જન કર્યું. પછી દેશમાં પાછા ફરતા વચ્ચે જંગલમાં કોઈક વૃક્ષની નીચે ખાડો કરીને ધન દાટી દીધું.

ભરતનાટ્યશાસ્ત્ર પ્રમાણે સંસ્કૃત નાટકોમાં રંગમંચ પર પરિક્રમણ કરવાથી કક્ષ્યાપરિવર્તન તેમજ અન્ય કક્ષ્યામાં ગતિ સુચવી શકાય છે. નટ રંગમંચને ફરતે ગોળ ફરે તેનાથી નાટકનું ક્રિયા સ્થળ, Locale સૂચવાય છે. સ્થાન પરિવર્તન – એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં પાત્રનું નિષ્ક્રમણ પણ પરિક્રમણ દ્વારા જ સૂચિત થાય છે.

સંસ્કૃત રંગમંચની શૈલીનો ઉપયોગ આ નાટકમાં કર્યો. ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિના દેશાંતર જવાનું અને આવવાનું દ્રશ્ય આ તકનીકનો ઉપયોગ કરી ભજવ્યું. દેશાંતરથી પાછા આવતા જંગલમાં વૃક્ષ નીચે ધન છુપાવે છે તે પણ ભરતનાટ્યશાસ્ત્રની શૈલી પરમને બતાવ્યું.

સંસ્કૃત રંગમંચ ઉપર કક્ષ્યવિભાગ અનુસાર રંગમંચ ઉપર કાલ્પનિકપણે સ્થાન, દેશ તેમજ કક્ષ વગેરેનું વિભાજન કરવામાં આવે છે. રંગમંચ ઉપર જ ઘર, નગર, વન, ઉપવન, તપોવન, પ્રસાદ, યાન, વિમાન, પૃથ્વી, પાતાળ, આકાશ અને સ્વર્ગ વગેરેની કલ્પના કરવામાં આવે છે.

ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ રંગમંચને ફરતે ગોળ ફરીને,, પરીક્રમણ કરીને પ્રવેશે છે. ધર્મબુદ્ધિ ;- 'અહો, આ તો ગાઢ જંગલ છે.'

આમ સંવાદ દ્વારા જંગલનું સ્થળ સૂચવાય છે.

કક્ષ્યા વિભાગ અને તદનું રૂપ ગતિપ્રચાર દ્વારા નાટ્યધર્મી શૈલીમાં અનેક દ્રશ્યો. દ્રશ્ય પરિવર્તનો નટ સહેલાઈથી બતાવી શકતો.

તેમજ સંજીવ નેપથ્યની તકનીક થી human tree નો સુંદર ઉપયોગ કર્યો. નટ જ વૃક્ષ બને. body-language અને ચહેરાના હાવભાવ દ્વારા વૃક્ષની પ્રતિકૃતિ પ્રેક્ષકના મનમાં ઉપસાવે.

સદનસીબે આપણા લોકજીવનને, સંસ્કૃતિને અને મૂલ્યોને દર્શાવતી અનેક કૃતિઓ મહાન રચનાકારોએ આપી છે. "સૌરાષ્ટ્રની રસધાર" કે એની કથાઓ વિષે અજાણ્યો હોય એવો ગુજરાતી ભાગ્યે જ હોય. સંસ્કાર સિંચન કે લોક સંસ્કૃતિના ઘૂંટડા પીવા હોય તો ઝવેરચંદ મેઘાણીની કૃતિઓનું રસપાન કરવું જ રહ્યું.

ઝવેરચંદચંદ મેઘાણીના પુસ્તક 'રસધારની વાર્તાઓ' માંની 'દીકરો' નામની ટૂંકી વાર્તા પર આધારિત નાટ્યરૂપાંતર વિદ્યામંદિર સ્કૂલ, પાલનપુરમાં વિદ્યાર્થીઓને લઈને મંચ પ્રસ્તુતિ કરી હતી.

ચલાણા ગામનાં ચોર ઉપર દરબાર ઓઘડ વાળાના આઈને કારજે ક્થીઓનો દાયરો મળેલ છે. આપા દેવાત ઊંચા આસને બેઠો-બેઠો હુક્કો પીએ છે. પડદો ઉઘડે છે, અને દ્રશ્યનો પ્રારંભ દુહાથી થાય છે.

" હે.... કાઠિયાવાડમાં કોકદિ' ભૂલો પડ ભગવાન

ને તું થાને અમારો મહેમાન

એવા તે કરૂં વધામણા

કે તને સરગ ભૂલાવું શામળા”

સ્થળ અને વાતાવરણનું નિર્માણ કરવા આવા કૈક દોહાઓનો ઉપયોગ ગીત- સંગીતના સથવારે નાટ્યમંચન વખતે કર્યો.

સૌ કાઠી આપાદેવાતની બીકે તેની ખુશામત કરી તેને ભેટ-સોગાદો આપી રીઝવે છે. પણ નાયક લાખા વાળાથી આ સહન નથી થાતું. ત્યાં જ બંને વચ્ચે વાકયુદ્ધ થાય છે. અંજલિમાંનો કસૂંબો ધરતી પર ઢોળી આપા દેવાત પ્રાણ લે છે,

‘ લાખા પાદરને માથે જો હું મીઠાના હાલ હાંકું, તો ગુંદાળાનો દેવાત વાંક જાણજે નીકર...

દ્રશ્ય નિર્માણ. – તંગ વાતાવરણ- મૃદંગની થાપ- દેવત વાંક ની લાલચોળ આંખો – તમતમતો ગુસ્સો, લાખા વાળાની મર્દાનગી, ફટક- ફટક થાતી મૂછો, નીડરતા – એ સાથે BLACK OUT .

શીર્ષકને સાર્થક કરવા લાખા વાળાના ઘરના દ્રશ્યમાં પિતા-પુત્રીનો પ્રેમ, માતાની દીકરી પ્રત્યે ચિંતા, હીરબાઈની નીડરતા – શૂરવીરતાનો પણ સમાવેશ કર્યો.

પ્રેક્ષકોને તે સમયના સ્થળ અને માહોલથી પરિચિત કરવા રાસની પ્રસ્તુતિ કરી. રાસની રમઝટથી નાટ્યરૂપાંતર અને પ્રસ્તુતિને અનેરું રૂપ મળ્યું. પ્રયોગ સફળ રહ્યો. પ્રેક્ષકોએ તેને ખૂબ જ આવકાર્યો.

તેમજ fiction (કાલ્પનિક) તકનીકનો પણ ઉપયોગ કર્યો. હીરબાઈ – નાટકનું મુખ્ય પાત્ર- જેની આસપાસ સમગ્ર કથા વણાયેલી છે, તેનો પ્રથમ પ્રવેશ (first entry) અસરકારક જ હોવી જોઈએ. તેથી તેના હાથમાં તલવાર અને સાક્ષાત જોગમાયા હોય તેમ નિરૂપી.

અંતમાં આપા દેવાતના બરડામાં ભાલો ખોપી દે છે. – તેમજ તલવારના ઝટકા સાથે તેને પૂરો કરે છે. ત્યાં આ જોગમાયાની વિકરાળ લાલ આંખો – વિકરાળ ચહેરો – વિખરાયેલા કેશ – લોહીથી ખરડાયેલી તલવાર અને તેની સાથે જ ડીંગલ બદ્ધ છંદ

“ અડડી પ્રલે બળ ધ્રહક મંડળ

ધર રસાતલ ધ્રમ ધ્રમે

પ્રથી આભ ખળ ભળ વમળ દધિ જળ

ધધડ ધૂંધળ નભ ધ્રપે

શગતી સવાયા રંગ રચાયા

જોગમાયા જગજપે..... હે જીય જોગમાયા જગજપે (૩)

ગીત – સંગીત અને પ્રકાશ સહયોગથી તેમજ હીરબાઈના સાત્ત્વિક અભિનયથી પ્રયોગ સફળ રહ્યો. અને ‘દીકરો’ શિર્ષક પ્રેક્ષકો સુધી પહોંચ્યું અને તેને માણી શક્યા.

આમ, નાટકના દ્રશ્યને અનુરૂપ ગીત –સંગીત – પ્રકાશ આયોજન – સંવાદ અને યોગ્ય દ્રશ્ય આયોજનની તકનીકથી ટૂંકીવાર્તાઓનું સુંદર નાટ્ય રૂપાંતર અને ભજવણી થઈ શકે.

સંદર્ભ ગ્રંથ:-

૧) પંચતંત્રઃ - સંપાદક અને અનુવાદ – ભોગીલાલ જે. સાંડેસરા

૨) ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ – નાટ્ય રૂપાંતર - હરીશ વ્યાસ

૩) ગુજરાતી ટૂંકીવાર્તાકોશ – સંપાદક – ચંદ્રકાન્ત ટોપીવાળા, રમેશ ર. દવે

૪) સૌરાષ્ટ્રની રસધાર – ઝવેરચંદ મેઘાણી

૫) દીકરો – મૂળ વાર્તા - નાટ્ય રૂપાંતર – દિગીશ વ્યાસ

ભગવદ્ ગોમંડલનાં કર્તા મહારાજા ભગવતસિંહજી – એક બૌદ્ધિક અને સાંસ્કૃતિક પ્રદાન

દીપિકા એ. ઠક્કર

પી. સ્કોલર ડી.એચ. Reg.no. : 813011920596PH.D.)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ઈ :મેલ-deepika.thakkar74@gmail.com

મો :9879012781

પ્રસ્તાવના:

ભગવતસિંહજી મહારાજ

રાજ્યનું એક મુખ્ય અંગ રાજવી ગણાય. એક સમય એવો હતો કે રાજવીઓ, વેદના સમયના રાજ્યો અને મધ્યકાલીન સમયના રાજ્યો મુખ્યત્વે કરીને પોતાના ક્ષત્રિયધર્મમાં જ મશગુલ રહેતા. સાહિત્ય, સંસ્કૃતિ, કલાને ઉત્તેજન આપવા ઉપરાંત રચનાત્મક કાર્ય કરવાને સમય કે સગવડ મળતા નહીં. પરંતુ શાંતિના સમયમાં રાજાઓ નાટકો લખતા અને ગ્રંથો અને કાવ્યો પણ રચતા. અર્વાચીન સમયમાં ગોંડલ નરેશ શ્રી ભગવતસિંહજી એક વિરલ પુરૂષ હતા. સાધારણ અભ્યાસ ઉપરાંત તેમણે ઈંગ્લેન્ડ જઈને ઉત્તમ પ્રકારનું ડૉકટરી શિક્ષણ લીધુ હતુ. મૂળથી જ સાહિત્યમાં રસ લેતા અને શુભ મુહૂર્તમાં તેમને એક મહાકોશ તૈયાર કરવાનું સૂઝ્યુ અને તે સંબંધી એક વિરાટ યોજના ઉપાડી. રાજયના સાધનો, વિદ્યાધિકારીની કચેરી, અનેક કાર્યકર્તાઓ તેમની પાસે મોજૂદ હતા. તેમાંથી યોજનાપૂર્વક કાર્ય સાધવાની શક્તિથી તેમણે આ મહાકોશ તૈયાર કરવાનો રાજસંકલ્પ- રાજપ્રતિજ્ઞા લીધી અને તે અશ્વમેઘ કે દિગ્વિજયની દ્રષ્ટિથી નહીં પણ અનેક વિદ્વાનો અને સાક્ષરોનો સહકાર મેળવીને સેવાભાવની વૃત્તિથી તૈયાર કરેલુ કામ ઈ.સ. ૧૯૫૪-૫૫ માં પૂર્ણાહૂતિનું રૂપ પકડે છે અને લગભગ દસ હજાર પાનાંનો કોશ પ્રસિદ્ધ થાય એ અત્યંત સંતોષ અને ગુજરાતને માટે ગૌરવ અને ગર્વની વાત છે.

ઉત્પત્તિ:

આ ભગવદ્ ગોમંડલ શબ્દકોશની ઉત્પત્તિ કેવી રીતે થઈ તે વાત પણ રસપ્રદ અને જાણવા જેવી છે. ઈ.સ.૧૮૮૬ ની સાલમાં ભગવતસિંહજી ઈંગ્લેન્ડ ફરવા ગયેલા ત્યાં ફરતા-ફરતા તેમણે “મારકેટ” શબ્દને બદલે “બજાર” શબ્દને વપરાયેલો જોયો. તો તેમને થયું આ “બજાર” શબ્દ આપણો શબ્દ તે ઈંગ્લેન્ડમાં પણ વપરાય? આ શબ્દએ તેમને શબ્દકોશ રચવાની પ્રેરણા આપી.

આ વાત ઘણા વર્ષો સુધી મનમાં ચાલી ને અંતે શબ્દકોશ રચવાની મનમાં ગાંઠ વળી. પોતે રાજા હોવાથી રાજયની અરજીમાં કે બોલચાલમાં કોઈ નવો શબ્દ મળે તો તરત જ કાગળ પર અને જો કાગળ હાજર ના હોય તો શબ્દ છટકી ન જાય તે માટે તે પોતાના પહેરેલાં કપડાં-અંગરખા પર લખી લેતા.

રાજવી હોવા છતાં તેમણે 'ભગવદ્ ગોમંડલ' જેવો વિશાળ શબ્દકોશ ગુજરાતી સાહિત્યજગતને આપ્યો. તેઓ લોકો સાથે ખાસ કરીને ગામડાની પ્રજા સાથે વાતચીત કરતા કરતા કોઈ શબ્દ તેમને સાંભળવા મળતા તેની નોંધ કરી લેતા. આ રીતે તેમણે હજારો નવા નવા શબ્દો પ્રચલિત કર્યા.

સોળ વર્ષે પ્રથમ ગ્રંથ:

આ રીતે ઈ.સ. ૧૯૨૮ થી ૧૯૪૪ સુધી એટલે કે સોળ વર્ષ સુધી શહેર, ગામડે, ઝૂંપડે ફરી ફરીને શિક્ષિતો, અભણો, ચારણો-ગઢવીઓ, કવિઓ પાસેથી કાવ્યો, લેખકો અને લેખો એમ જ્યાંથી મળે ત્યાંથી શબ્દો અને માહિતી એકત્રિત કરવામાં આવી. સોળ વર્ષના અંતે ઈ.સ. ૧૯૪૪માં ઓગષ્ટ મહિનાની ૨૫મી તારીખે ૯૦૨ પાનાનો દળદાર પ્રથમ ભાગ પ્રસિદ્ધ કરવામાં આવ્યો. પ્રથમ ભાગ જોઈ વાંચીને અનેક સાક્ષરો ખુશ થયેલા. એ પછી દર એક–દોઢ વર્ષના સમય ગાળે એક-એક ભાગ પ્રસિદ્ધ થયો હતો.

દુનિયાની કોઈપણ ભાષાના ઉત્તમ કોશની સરખામણીમાં સહેજ પણ ઊણો ન ઊતરતો આ ગ્રંથ માત્ર શબ્દકોશ નહીં પણ જ્ઞાનકોશ ગણાયો. "ભગવદ્ ગોમંડલ" રોયલ ચાર પેજી કદના ત્રણ કોલમ ધરાવતા નવ દળદાર ગ્રંથોના ૯,૨૭૦ જેટલા વિશાળ પૃષ્ઠપટમાં પથરાયેલ છે. તેમાં કુલ શબ્દભંડોળ ૨,૮૧,૩૭૭ શબ્દોનું છે. શબ્દભંડોળની જેમ શબ્દોના અર્થભંડારની દ્રષ્ટિએ પણ 'ભગવદ્ ગોમંડલ' અતુલનીય છે. તેમાં સમાવિષ્ટ શબ્દોના કુલ ૫,૪૦,૪૫૫ અર્થ એટલે કે શબ્દ દીઠ સરેરાશ બે અર્થ આપવામાં આવેલ છે.

પ્રત્યેક શબ્દના વિવિધ અર્થ, વેદાંત અને પુરાણ, ધર્મ અને દર્શન, જ્યોતિષ અને ખગોળ, વૈદક અને યોગ, કાવ્ય અને છંદશાસ્ત્ર, સંગીત અને શિલ્પશાસ્ત્ર એમ તમામ શાસ્ત્રોના આધાર અને સંદર્ભમાં રજૂ કરવામાં આવ્યા છે. શબ્દના અર્થને પ્રમાણભૂત બનાવવા માટે, અર્થની યોગ્ય સમજૂતી માટે અસંખ્ય કવિ-લેખકોના કાવ્યો-લેખોમાંથી તેમજ અસંખ્ય સંદર્ભગ્રંથોમાંથી અવતરણો લેવામાં આવે છે.

ભગવદ્ ગોમંડલ કોશની પહેલી પત્રિકા :

આવી પત્રિકા શહેરે-શહેરે અને ગામડે-ગામડે હજારોની સંખ્યામાં ઘેર-ઘેર છપાવીને વહેંચવામા આવી હતી. તેનો અદ્દભુત પડઘો પડ્યો હતો.

ભગવદ્ગોમંડલની વિધિસરની કચેરીની સ્થાપના પછી આ ભગીરથ કાર્યની સરળતા માટે દેશ-વિદેશમાં પ્રયત્નો શરૂ કરી દેવામાં આવ્યા. તે સમયના કવિઓ, લેખકો, કોશકારો, પ્રાધ્યાપકો, ભાષાશાસ્ત્રીઓ જે-તે ક્ષેત્રના નિષ્ણાતો, સંશોધકોનો સંપર્ક સાધવામાં આવ્યો. તેમની પાસેથી શબ્દો, તેના અર્થો, વ્યાકરણીય વિશ્લેષણો તેમજ રૂઢિ પ્રયોગોના સંગ્રહો મેળવવામાં આવ્યા હતા. જેમાં કોશનું કદ, બીબાની પસંદગી જેવી બાબતો પણ સમાવિષ્ટ થતી હતી.

સેંકડો અંગ્રેજી-ગુજરાતી પુસ્તકો, સંદર્ભગ્રંથો, સામયિકો, વર્તમાનપત્રો, ધર્મગ્રંથો વગેરેમાંથી શબ્દો, વર્ણનો, દંતકથાઓ, અવતરણો, આંકડાકીય માહિતીઓ વગેરે વીણી-વીણીને એકત્ર કરવામાં

આવ્યા. પત્રિકાઓ પણ વહેંચવામાં આવી હતી. જેમાં સૌ કોઈને નવા અજાણ્યા વિશિષ્ટ શબ્દો, અર્થો, માહિતી મોકલવાની અને આ કોશને સમૃદ્ધ બનાવવા સહકાર આપવા વિનંતી કરવામાં આવી હતી.

મહારાજા ભગવતસિંહજી સાહેબ રોજ તેમનું કામ પતાવીને આ કોશ તૈયાર કરવા રાત્રે ભગવદ્ ગોમંડલ કોશ કચેરીએ આવી જતા. આ કોશ માટે તેમણે ૨૦,૦૦૦ શબ્દો ભેગા કર્યા હતા.

શબ્દોના એકથી માંડીને ક્યાંક તો સો, સવાસો, દોઢસો. અઢીસો કે ત્રણસો અર્થો અને એટલા જ સંદર્ભે રૂઢી પ્રયોગો આપવામાં આવ્યા છે અને તે સાથે જ એમાં ઉચ્ચાર, લઢણ, વ્યાકરણ, વ્યુત્પત્તિ, વૈવિધ્ય, લિંગ, ગૌત્ર, પર્યાય અને અર્થમાં વ્યક્ત થયેલી વ્યક્તિ, પદાર્થ કે ઘટનાની વિષદ અને જરૂર પડે ત્યા સચિત્ર માહિતી આપવામાં આવી છે. આને પરિણામે એ માત્ર સાથે જોડણીકોશ ન બની રહેતા જ્ઞાનકોશ બની રહ્યો છે. તેની જોડણી મુખ્યત્વે ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ અનુસાર રાખવામાં આવી છે. તેમ છતાં ભાષામાં જડતા નહીં પણ લવચીક્તા હોવા જોઈએ તેવું મંતવ્ય આ કોશમાંથી વ્યક્ત થાય છે. એ રીતે આ જ્ઞાનકોશ ગુજરાતી ભાષા સંસ્કૃતિની સુરેખ સ્પષ્ટ અને સચોટ આરસી બની રહ્યો છે.

આ કામગીરીના પ્રથમ દસ વર્ષ બાદ એટલે, ઇ.સ. ૧૯૩૮માં માત્ર “અ” થી “આ” સુધીના શબ્દોને આવરી લેતો પ્રથમ ભાગ પ્રગટ થયો. કોશના પ્રથમ ભાગની બાંધેલી કાચી પ્રત દેવ-દિવાળીના દિવસે ડાકોરમાં શ્રી રણછોડરાયજીને ચરણે ધરવામાં આવી અને બાંધેલી પાકી પહેલી પ્રત ઈ.સ. ૧૯૩૮માં રાજકોટ મુકામે આદરેલા આમરણ ઉપવાસના આખરી દિવસે મહાત્મા ગાંધીને અર્પણ કરવામાં આવી. ત્યારબાદ કામગીરી ઉત્તરોત્તર ઝડપી બનતી ગઈ. તે પછી છ વર્ષના ગાળે ભાગ બીજો “આ” થી “ઔ”, ઈ.સ.૧૯૪૪ માં પ્રગટ થયો.

એ પછી ભાગ-ત્રીજો (“ક” થી “ડ”) માત્ર બે વર્ષના ગાળામાં ઈ.સ.૧૯૪૬માં પ્રગટ થયો. તે દરમ્યાન ભગવતસિંહજીનુ અવસાન થઈ ચૂક્યું હતું. આમ છતાં કાર્યવાહી ઝડપી બની અને ભાગ-૪થો (“ચ” થી “તા”) ઈ.સ.૧૮૪૮માં, ભાગ પાંચમો (“તિ” થી “થ”) ઈ.સ.૧૯૪૯માં, ભાગ ૬ઠો (“ની” થી “ફ”) માત્ર દોઢ વર્ષના ગાળે ઈ.સ.૧૯૫૧મા, ભાગ-સાતમો (“બ” થી “મા”) પણ તેટલી જ ઝડપથી જાન્યુઆરી-૧૯૫૩માં, ભાગ-આઠમો (“મા” થી “વ”) તેનાથી પણ ઓછા સમય એક વર્ષમાં ડિસેમ્બર ઈ.સ.૧૯૫૪માં પ્રગટ થયો. અલબત્ત, તેનું વિધિવત લોકાર્પણ સ્વ. ભગવતસિંહજીની નિર્વાણતિથિ, ૯ માર્ચ ઈ.સ.૧૯૫૫ના દિવસે થયું.

ગોંડલ રાજ્યના રાજ્યકર્તાઓ ભોજરાજજી અને પછી વિક્રમસિંહજી એ સતત આ કાર્યને રાજ્યાશ્રય આપ્યા કર્યો હતો. આ કોશનો છેલ્લો ભાગ પ્રસિદ્ધ કરીને સ્વ. ભગવતસિંહજીની ઈચ્છાને મૂર્તિમંત કરીને, એક અમૂલ્ય ગુજરાતી શબ્દકોશની જરૂરિયાત પૂરી પાડીને ગુજરાતી ભાષાએ સાહિત્યજગતમાં એક અનેરું સ્થાન મેળવ્યું છે.

ભગવદ્ ગોમંડલમાં જુદીજુદી ૨૩ જેટલી ભાષાના શબ્દોને આવરી લેવામાં આવ્યા છે. આ શબ્દકોશ માટે નવો શબ્દ અથવા નવો શબ્દાર્થ પૂરો પાડનારને એક શબ્દ દીઠ એક આનાનો પુરસ્કાર આપવામાં આવતો. આમ, આ વિરાટ મહાગ્રંથ સર્વજ્ઞાન સંગ્રહ જગતમાં સંદર્ભ સાહિત્યમાં ભગવદ્ ગોમંડલે વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

ગોંડલના સ્વર્ગીય મહારાજા ભગવતસિંહજીની દીર્ઘદ્રષ્ટિ અને ભાષાપ્રેમને લીધે છવ્વીસ વર્ષની મહેનતે રચાયેલા ગુજરાતી ભાષાના એકમાત્ર જ્ઞાનકોશના પ્રકાશન પછી ગુજરાતી ભાષાને નવું બળ

મળ્યું છે, નવું કૌવત મળ્યું છે. આ મહાન વિશ્વકોશે પ્રથમ વાર બતાવી આપ્યું કે ગુજરાતી ભાષામાં કેટલી અમાપ શક્તિ છે! એક જ શબ્દ કેવા નવા-નવા અર્થમાં પ્રયોજી શકાય છે! "ભગવદ્ ગોમંડલ" એ ડિક્ષનરી કે જોડણીકોશ નથી. આ તો ગુજરાતી ભાષાના ગૌરવ સમાન "વિશ્વકોશ" છે.

ગુજરાતની અસ્મિતાનું પ્રતીક :

આ કોશની પાછળ વર્ષોની મહેનત છે, પરિશ્રમ છે. અનેક વિદ્વાનોનું એમાં યોગદાન છે અને આ પરિશ્રમનું ફળ આજે વર્ષો પછી પણ આપણે જોઈ શકીએ છીએ. ગુજરાતનો એ સંસ્કૃતિગ્રંથ છે. ગ્રંથો અને કોશો એ પ્રજાની સાંસ્કૃતિક અસ્મિતાના પ્રતિનિધિ હોય છે. "ભગવદ્ ગોમંડલ" માં ગુજરાતની સંસ્કૃતિ-ચેતના સમાયેલી છે. તેમાં ગુજરાતી ભાષાનાં શબ્દો ઉપરાંત ગુજરાતની વિવિધ કોમો, જ્ઞાતિઓ, એમનો પહેરવેશ, એમના રીતરિવાજો, મહત્તવના સ્થળો આ બધું જ સમાવી લેવાયું છે. આ ઉપરાંત આ મહાનગ્રંથમાં આરોગ્ય, વૈદક, યોગ, ભૂગોળ, ઈતિહાસ, એમ અનેકાનેક વિષયો વિષેની દુર્લભ માહિતી અનેક સંદર્ભગ્રંથોમાંથી મેળવીને આપવામાં આવી છે.

ભવ્ય ભાષા-ભંડોળ :

આ કોશનો ભાષા-ભંડોળ વિશાળ અને ભવ્ય છે. એમાં ૨,૮૫,૦૦૦ શબ્દોને સમાવી લેવાયા છે. વાસ્તવમાં આપણી ગુજરાતી ભાષામાં આટલા બધા શબ્દો છે એની સૌ પ્રથમ વાર જાણ જ આ કોશ દ્વારા આપણને થઈ છે!

સાચા અર્થમાં વિશ્વકોશ :

"ભગવદ્ ગોમંડલ" એ માત્ર ડિક્શનરી કે જોડણીકોશ નથી, એ ગુજરાતી ભાષાનો એકમાત્ર જ્ઞાનકોશ છે. એ વાસ્તવિક અર્થમાં સર્વસંગ્રહ છે. એના એક-એક શબ્દની જોડણી અને એના જુદા જુદા અર્થો જ નહીં, પણ એ શબ્દની પૂરેપૂરી સમજૂતી, પૂર્વોપર સંબંધ, દાખલા, એનો ઉપયોગ, જરૂર જણાય ત્યાં આકૃતિ-બધું જ આપવામાં આવ્યું છે. એનો સંદર્ભ સાંકડો નથી, પણ વૈશ્વિક છે અને એ અર્થમાં એ વિશ્વકોશ છે.

શબ્દની વ્યુત્પત્તિની સાથે ઉચ્ચારની સમજ :

આ કોશમાં અર્થની નીચે એનો ઉપયોગ સ્પષ્ટ કરવા માટે પ્રમાણભૂત લેખકોના અવતરણો આપવામાં આવ્યા છે. શબ્દની વ્યુત્પત્તિની સાથે એનો ઉપયોગ સમજાવ્યો છે સાથે સામાન્યજ્ઞાન વધે એવી સમજ પણ આપવામાં આવી છે. એમાં માત્ર ગુજરાતી જ નહીં પણ ગુજરાતી ભાષામાં પ્રચલિત થઈને રૂઢ થયેલ અપભ્રંશ, અરબી, ગ્રીક, તેલુગુ, પંજાબી, પ્રાકૃત, ફારસી, બંગાળી, મરાઠી, સંસ્કૃત તથા હિન્દી ભાષાના શબ્દો પણ સંગ્રહવામાં આવ્યા છે. પ્રાચીનથી માંડીને અર્વાચીન સાહિત્યમાંથી ખૂણે ખાંચરેથી શબ્દો શોધીને આપવામાં આવ્યા છે. જૂના દસ્તાવેજો અને ખતપત્રોનો પણ આશરો લેવામાં આવ્યો છે. એમાં પારિભાષિક શબ્દાવલિ પણ આપવામાં આવી છે. જુદાજુદા ધર્મોના ક્રિયાકાંડના વપરાતા શબ્દો સમાવી લીધા છે. તેમ એના ઉચ્ચાર વિષેની માહિતી પણ સૌ પ્રથમ વાર આપવામાં આવી છે.

શબ્દકોશના રચયિતા :

ભગવતસિંહજીએ પ્રજાને માટે અનેકવિધી સુખાકારી આપવા ઉપરાંત ગુજરાતી ભાષાની મોટી સેવા કરી છે. જેવી રીતે સિદ્ધરાજ જયસિંહના રાજ્ય અમલ દરમિયાન જૈન આચાર્ય હેમચંદ્રાચાર્યએ

સિદ્ધરાજના રાજયશ્રમ પરિશ્રમપૂર્વક ગુજરાતી ભાષાનો સિદ્ધહેમ શબ્દાનુશાસન નામનો વ્યાકરણ ગ્રંથ લખેલો તેવી રીતે ગોંડલના રાજવી ભગવતસિંહજીએ ચંદુલાલ બહેચરલાલ પટેલ અને અન્ય સાક્ષર જેવા કે વિશ્વનાથ કાનજી ભટ્ટ, વિપાણી ગાંડાલાલ અનશી, કૃષ્ણાલાલ, ઝવેરી ગોવિંદભાઈ હાથીભાઈ, ભરતરાજા, મંજીલાલ, મજુમદાર, કેશવધ્રુવ, બળવંત કે. ઠાકોર, કનૈયાલાલ મુનશી, ડાહ્યાભાઈ દેરાસરી વગેરેની મદદથી ૨,૮૧,૩૭૭ શબ્દોનો ૯,૨૭૦ પાનાનો "ભગવદ્ ગોમંડલ" નામનો વિરાટ શબ્દકોશ રચી, ગુજરાતી ભાષાને ગુજરાતી પ્રજાના ચરણે ધર્યો છે.

ગાંધીજીનો અભિપ્રાય :

આ શબ્દકોશની ગાંધીજીએ ખૂબ જ પ્રશંસા કરી જણાવેલું કે, "આ ગ્રંથની પ્રસ્તાવના લખવાની મારી શક્તિ નથી. ભગવતસિંહજીએ ગુજરાતી ભાષાની ઉત્તમ સેવા કરી છે. આને કારણે માત્ર ગોંડલ જ નહિ, પરંતુ સમગ્ર ગુજરાત અને ગુજરાતી ભાષા રૂણી રહેશે."

કોશનું નામકરણ :

આ કોશને અનેકવિધ નામોમાં વિહારી-સૂચિત "ભગવદ્ગોમંડલ" નામ તેના અનેકાર્થને લીધે પસંદ કરવામાં આવ્યું છે. "ભગવદ્ ગોમંડલ" નામ "ભગવત" અને "ગોમંડ્લ" એમ બે શબ્દનું બનેલું છે. એ બે શબ્દના અનેકાર્થ એમ છે કે :

"ભગવદ્ " એટલે :

(૧) ભગવતસિંહજી (૨) બૃહત (૩) સમૃદ્ધિવાન (૪) જ્ઞાનભરપૂર (૫) પ્રભુપ્રેરિત (૬) ગૌરવવંતુ

"ગૌમંડલ" એટલે :

(૧) શબ્દસંગ્રહ (૨) શબ્દકોશ (૩) જ્ઞાનકોશ (૪) સરસ્વતી-ભંડાર (૫) વ્યાપક વાણી અને (૬) ગોંડલ

આ ઉપરથી ફલિત થાય છે કે

"ભગવદ્ ગોમંડલ " એટલે :

(૧) ભગવતસિંહજી શબ્દસંગ્રહ, (૨) બૃહદ શબ્દકોશ, (૩) સમૃદ્ધિવાન જ્ઞાનકોશ, (૪) જ્ઞાનભર્યા સરસ્વતી-ભંડાર, (૫) પ્રભુપ્રેરિત વ્યાપક વાણી અને (૬) ગૌરવવંતુ ગોંડલ.

આ બૃહત ગ્રંથમણિ નવખંડમા રોયલ ચાર પેજી કદના ત્રણ કોલમ ધરાવતા કુલ ૯,૨૭૦ પૃષ્ઠપટમાં, સરવાળે ૨,૮૧,૩૭૭ શબ્દોના જુમલે ૫,૪૦,૪૫૫ જેટલા અર્થો સાથે તૈયાર થયો હતો.

શબ્દકોશ કે એન્સાઇક્લોપીડિયા :

"ભગવદ્ ગોમંડલ" ની ખરી વિશેષતા, જે એને ભારતના શ્રેષ્ઠ કોશોની હરોળમાં સ્થાન આપી શકવાની શક્તિ ધરાવે છે, તે એક સામાન્ય શબ્દકોશ નથી, પરંતુ એક ઉત્કૃષ્ઠ કક્ષાનો માહિતીકોશ, જ્ઞાનકોશ કે એન્સાઇક્લોપીડિયા છે. "ભગવદ્ ગોમંડલ" શબ્દના જ એક અર્થ પ્રમાણે તે સાચોસાચ એક દ્વિતીય "બૃહત જ્ઞાનકોશ" છે. ધર્મ, તત્તવમીમાંસા, સાહિત્ય, કલા, વાણિજ્ય, વિજ્ઞાન અને આપણા રોજિંદા કૌટુંબિક, સમાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક જીવન-વ્યવહારના તમામ પાસાઓને તેમાં સમાવી લેવામાં આવ્યાં છે, ન કેવળ સમાવી લીધા છે, પરંતુ શક્ય તેટલા સંપૂર્ણ વર્ણન સાથે, જરા પણ સ્થળ સંકોચ રાખ્યા વગર તદ્દન હળવી સુવાચ્ય શૈલીમાં આપેલ છે.

શબ્દના અર્થોની વિસ્તૃત સમજૂતી :

શબ્દભંડોળની જેમ શબ્દના અર્થભંડોળની દ્રષ્ટિએ પણ “ભગવદ્ ગોમંડલ” અતુલનીય છે. તેના ૨,૮૧,૩૭૭ શબ્દના કુલ ૫,૪૦,૪૫૫ અર્થ, એટલે કે શબ્દ દીઠ સરેરાશ બે અર્થ (આપણે ભલે રમૂજમા બોલતા હોઈએ પણ ગુજરાતી ભાષા વાસ્તવમાં દ્વિઅર્થી છે) આપવામાં આવ્યા છે. “આ”ના ૨૩,૭૭૬ શબ્દના ૪૬,૦૯૬ અર્થ, “ક”ના ૨૬,૭૧૩ શબ્દના ૫૨,૧૯૯ અર્થ, “મ”ના ૧૪,૭૭૭ શબ્દના ૩૦,૧૦૬ અર્થ આપવામાં આવ્યા છે. પ્રત્યેક શબ્દના વિવિધ અર્થ, વેદાંત અને પુરાણ, ધર્મ અને દર્શન જ્યોતિષ અને ખગોળ, વૈદક અને યોગ, કાવ્ય અને છંદશાસ્ત્ર, સંગીત અને શિલ્પશાસ્ત્ર, એમ તમામ શાસ્ત્રોના આધાર અને સંદર્ભમાં રજૂ કરવામાં આવ્યા છે. દ્રષ્ટાંતરૂપે જોઈએ તે “એક” શબ્દના ૩૦અર્થ, “અરૂણ”ના ૪૧અર્થ, “અંધ”ના ૨૩અર્થ, “કલા”ના ૬૨ અર્થ, “ઘોડાઘોડી”ના ૨૭ અર્થ, “તત્તવ”ના ૩૪, “તાર”ના ૭૫, “દમ”ના ૪૦, “ધ્રુવ”ના ૫૭, “નીલ”ના ૪૫, “પાણી”ના ૧૫ અને “પુરૂષ”ના ૪૨અર્થ આપવામાં આવ્યા છે. શબ્દના અર્થને પ્રમાણભૂત બનાવવા માટે, અર્થની યોગ્ય સમજૂતી માટે નરસિંહ મહેતા, શામળ, અખો, ગોવર્ધનરામ, દલપતરામ, ન્હાનાલાલ, ગાંધીજી, બ.ક.ઠાકોર, કાકા કાલેલકર સહિત અસંખ્ય કવિ-લેખકોના કાવ્યો-લેખોમાંથી તેમજ અસંખ્ય સંદર્ભમાંથી અવતરણો લેવામાં આવ્યા છે. જેમકે ખસુરિયું : લપસવુ તે. “અંગ્રેજો સ્કેટિંગની કસરત કરે છે ત્યારે બરફ ઉપર પૈડાવાળી પાવડીઓ પહેરી ફરે છે. બાળકની ભાષામાં બોલીએ તો ખસુરિયાં ખાય છે.”

પોણા ત્રણ લાખથી વધુ શબ્દો અને નવ હજારથી વધુ પાના:

“ભગવદ્ ગોમંડલ” રોયલ ચાર પેજી કદના, ત્રણ કોલમમાં ધરાવતા, ૯ દળદાર ગ્રંથોના ૯,૨૭૦ જેટલા વિશાળ પૃષ્ઠપટમાં પથરાયેલ છે. તેનુ કુલ શબ્દભંડોળ ૨,૮૧,૩૭૭ શબ્દોનું છે. ગુજરાતી ભાષા તો ઠીક, ભારતની તમામ (સંસ્કૃતિને બાદ કરતા) ભાષાઓના શબ્દોકોશના ઈતિહાસમાં એ કદાચ મહત્તવનો પ્રયાસ હતો, જેમાં શબ્દો છે ભીલ, કોળી, રબારી જેવી ઊતરતી કોમના, તેમના રીતરિવાજોના તળપદા-ગામઠી શબ્દો પણ છે અને આપણે ગોળ તરીકે બોલીએ છીએ તે શબ્દો પણ છે જ.

તેના ઈ.સ.૧૮૩૪ પ્રથમ બે ભાગ, કેવળ સ્વર વિભાગ એટલે કે “અ” થી “ઔ” થી શરૂ થતા ૫૪,૦૧૧ શબ્દોથી ભરેલ છે, જેમા “અ” ના ૨૩,૭૭૬ શબ્દો છે. “ક”થી “ળ” અક્ષરોનો વ્યંજન-વિભાગ કુલ ૨,૨૭,૩૬૬ શબ્દનો બનેલા છે, જેમા કેટલાક મુખ્ય અક્ષરો, જેમકે ”ક”ના ૨૫,૭૧૩, “ગ”ના ૧૦,૪૫૭, “ચ” ૯,૨૩૨, “જ”ના ૯,૪૩૪, “દ”ના ૧૧,૮૦૬, “ન”ના ૧૩,૫૫૫, “પ”ના ૨૬,૭૩૩, “બ”ના ૧૨,૧૩૮, “મ”ના ૧૪,૭૭૭, “વ”ના ૧૧,૩૬૨, “સ”ના ૧૫,૩૮૫ શબ્દો છે. આ ઉપરાંત કલા, વેપાર-વાણિજ્યની વિશિષ્ટ માહિતી, ધર્મની વિધિઓની સાથે ક્રિયાકાંડની સમજૂતી. જેમાં જુદા-જુદા સમાજ અને જ્ઞાતિઓના વ્રતો, વિધિઓ, જન્મ, મૃત્યુ અને લગ્ન જેવા સામાજિક પ્રસંગો-ઉત્સવોને પણ વિસ્તૃત રીતે વર્ણવવામાં આવ્યા છે.

અમૂલ્ય ગુજરાતી શબ્દકોશ :

મહારાજાશ્રી ભગવતસિંહજીની “મહાકૃતિ” નામક “ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા” ના તા.૨૪ ઓક્ટોમ્બર ૧૯૩૫ના અગ્રગણ્ય લેખમાં શ્રી પી.સી.તારાપોર “ભગવદ્ ગોમંડલ” નો ઉલ્લેખ વિદ્વતાપૂર્વક કર્યો હતો. તેઓના લખવા મુજબ ભગવદ્ ગોમંડલ માત્ર ગુજરાતી બોલનારા વર્ગોને જ

નહિ પરંતુ સકલ હિંદી પ્રજાને અમૂલ્ય થઈ પડશે. મારી ગોંડલની યાત્રાના મધુ સ્મરણો તો સ્વપ્નવત રહી જવાના. જે કંઈક જોયું તેથી મારા જ્ઞાનના અને મારા વર્ગમાં મહત્તવનો વધારો થયો. ગોંડલ ખાતે હું જે પાઠ શીખ્યો છું તેમાના થોડાક મેં આપણા દેશબંધુની સેવામાં ધર્યા છે. પણ હ્દય ઉપર થયેલી અસર કાગળ ઉપર કેમ વહી શકે?

પ્રસ્તુત લેખનો મુદ્દો એ છે કે ગોંડલના મહારાજાશ્રી ભગવતસિંહજી પ્રગતિમાન રાજકર્તા ઉપરાંત વિદ્યાના અનન્ય ઉપાસક અને આશ્રયદાતા છે. ગુજરાતી ભાષાના સર્વાંગ સમૃદ્ધ ભગવદ્ ગોમંડલ નામના ગુજરાતી શબ્દકોશનુ મહાન કાર્ય ઉપાડી પોતાની જ્ઞાનપિપાસા હજીએ કેટલી છે તે બતાવેલું છે. બે લાખ જેટલા શબ્દોવાળા "ભગવદ્ ગોમંડલ" નામના આ બૃહદ શબ્દકોશના કોશકાર, કેળવણીકાર, મહારાજાશ્રીએ વર્તમાનપત્રો, માસિકો, અન્ય પ્રકાશનો, કાઠિયાવાડના ભાટ ચારણો, ગુરૂઅલ રશીફ, જેવી લોકચર્ચા દરમિયાન પ્રજા તેમજ ગ્રામજનોના સહવાસ વગેરે દ્વારા વીસ હજાર શબ્દો પોતે જાતે જ એકઠા કરેલા છે. ભગવદ્ ગોમંડલ જેવા વિસ્તૃત કોશના મહાન કાર્યની સફળતા મહારાજશ્રીની અપૂર્વ વ્યવસ્થા શક્તિને જ આભારી છે. ગુજરાતના જે જે સાક્ષરોએ ભાવપૂર્વક આ મહાન કાર્યમાં સહકાર આપેલો છે. તે તેઓશ્રીએ આનંદ સ્વીકાર્યો છે. તેઓશ્રીએ આ મહાન કાર્ય માટે નિયત કરેલી પાંચ લાખ રૂપિયા જેટલી ઉદાર રકમ સિવાય અને ૨૫ વર્ષ જેટલી લાંબી મુદત દરમિયાન આ કાર્યને અંગ જે અંગત અથાગ પરિશ્રમ ઉઠાવેલો છે તે વિના આવા સર્વદ્રશીય શબ્દકોશ પ્રકાશન જરૂર સ્વપ્રવત રહી જાત.

ઉપસંહાર :

સાક્ષર શ્રી રમણ એન. વકીલ જણાવે છે કે, "ગ્રંથનું કાર્ય જોઈને હું ખરેખર નવાઈ પામ્યો. ગુજરાતી ભાષા, સાહિત્ય ભાષા અને સાહિત્યનું મૂલ્ય વધારવામાં એ ખરેખર અત્યંત ઉપયોગી નીવડશે. કાર્ય અને તેના કર્તા બને અજોડ લેખાશે અને ગુજરાત સદાને માટે બંનેનું રૂણી રહેશે".

મુનિ શ્રી નાનચંદ્રજી મહારાજ લખે છે કે "ખરેખર! માતૃભાષાના વિકાસ અને સંશોધન માટે આ કાળમાં અને આવી જૈફ ઉંમરે આવો સક્રિય ઉત્સાહ ધરાવનાર કોઈ મહારાજા મેં જોયા નથી. આ વખતે સાહિત્ય ધૂરંધર રાજા ભોજનું સ્મરણ થઈ આવે છે."

જામનગર ભગવત નિષ્ઠ કવિ શ્રી માવધાનજી, યથાર્થ કહે છે કે " શબ્દકોશ રચ્યો સરસ, ભાષાનો ભંડાર, ગુર્જર ગિરા ગહેકાતી, ભગવત ગુણ ભંડાર, ભગવતનુ એ ભાગવત, શબ્દકોશ શણગાર, અવની પર અવિચળ કીર્તિ, ભગવત ગુણભંડાર."

"છવ્વીસ વરસ સુધી અવિરત શબ્દસાધના કરનાર મહારાજા ભગવતસિંહજીએ આખરે જ્ઞાનયજ્ઞ પૂરો કરી ગુજરાતી ભાષાને "ભગવદ્ ગોમંડલ કોશ" આપ્યો છે. ગુજરાતી ભાષા જગતમાં રહેશે ત્યાં સુધી ભગવતસિંહજી, ભોજરાજજી અને ચંદ્રભાઈ પટેલ અમર રહેશે. આ કોશ માત્ર ગુજરાતની નહિ પણ સમગ્ર ભારતની ગૌરવગાથા બની રહેશે."-શ્રી કે.કા.શાસ્ત્રી.

સંદર્ભ ગ્રંથો :

૧. પંડ્યા રજનીકુમાર "ગુજરાત સમાચાર" "શબ્દવેધ" (સૌરાષ્ટ્ર આવૃત્તિ) તા.૫ જુલાઈ ૨૦૦૦.

૨. "સંદેશ" તા. ૨૩ ઓગષ્ટ ૨૦૦૧.

૩. દવે રાજેન્દ્ર "ભગવતગુણભંડાર" પ્રવિણ પ્રકાશન. ઈ.સ. ૨૦૦૧.

૪. St. Nihal Singh, Golden Jubilee Committee, "Shri Bhagavatsinhjee the Maker Of Mordern gondal", A.D. 1934.
૫. માણેક હિંમતલાલ ડી "ગોંડલની ઝલક" પ્રથમ આવૃત્તિ, ઓકટોબર ૨૦૦૦.
૬. પારાશર્ય મુકુંદરાય, "કુમારઅંક" (૫૭૧) ભગવતસિંહજી.
૭. પટેલ ચંદુલાલ બેચરલાલ, 'ભગવદ્ ગોમંડલ" ભાગ-૧, ઈ.સ. ૧૯૪૪.
૮. પટેલ ગોપાલ એમ, (તંત્રી) "સંદર્ભ" ફેબ્રુઆરી ૨૦૦૮.
૯. 'ફૂલછાબ દૈનિક" (સૌરાષ્ટ્ર પૂર્તિ) તા. ૨ જુલાઈ, ૨૦૦૨.
૧૦. ભટ્ટ પ્રભુતાબહેન "ઈ.સ. ૧૮૨૦ થી ૧૯૪૭ દરમિયાન ગોંડલ રાજ્યની સામાજિક અને સાંસ્કૃતિક પ્રગતિ", ઈ.સ. ૨૦૦૨.
૧૧. Maharaja Bhagavatsinhji "cherished Treasures of Gondal", A.D. 1934.
૧૨.ડૉ.સાવલિયા આર.ટી. "ગોંડલ નરેશ ભગવતસિંહજીનું ઈંગ્લેન્ડ દર્શન" પ્રસ્તાવનામાંથી મહેતા મકરન્દ, ઈ.સ. ૨૦૧૨.
૧૩. ભગવતસિંહજી, સુવર્ણ મહોત્સવ સમિતિ, ગોંડલ, "ભગવત સુવર્ણ ગ્રંથ", ઈ.સ. ૧૯૩૫.

 ISBN : 978-81-938282-1-2

<u>આપણાં જીવન મૂલ્યો</u>

શુક્લા ઉત્તમકુમાર યાજ્ઞિકભાઈ
પીએચ.ડી. સ્ટુ Student of Ph.D
શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

મૂલ્ય એ છે જે આપણે પ્રાપ્ત કરીએ છીએ. મૂલ્યો એટલે આપણી રીતિનીતિ. મૂલ્યોના પાયા ઉપર સમાજની ઈમારત ચણાય છે. મૂલ્યોથી શ્રેષ્ઠ સમાજની પરખ થાય છે. વ્યક્તિ ખૂબ ભણેલો હશે પરંતુ જો તેનામાં પ્રામાણિકતાનાં મૂલ્યો નહીં હોય તો તેનું એ મેળવેલું શિક્ષણ માટીનાં ઢેફા સમાન વ્યર્થ છે. મૂલ્યોથી માનવ મહામાનવ સુધીની યાત્રા પૂર્ણ કરી શકે છે. બાળપણથી બાળ ઉછેરમાં રોપવામાં આવેલા મૂલ્યોનાં બીજ સમયાંતરે ઉત્તમ ફળ આપે છે. સમગ્ર સંસારને સુખી કરવા આપણાં શાસ્ત્રોએ, આપણાં ઋષિમુનિઓએ આપણાં આચાર્યોએ મૂલ્યોની શિક્ષા આપી છે. સકલ સંસારને અર્પેલાં સનાતન મૂલ્યોનું સવિશેષ મહત્તવ રહેલું છે. સનાતન શાસ્ત્રોમાં આપણાં ઋષિમુનિઓએ તથા આચાર્યોએ શ્રેષ્ઠ સમાજનું નિર્માણ કરવા મૂલ્યોનું મહત્તવ પ્રતિપાદિત કર્યું છે.

જીવનને સર્વોત્તમ બનાવવા શાસ્ત્રોમાં વિદ્વાનોએ તથા આચાર્યોએ, સદાચાર, કર્મ, સત્ય, પ્રેમ, કરુણા, ચરિત્ર, સંયમ, પ્રામાણિક્તા, ન્યાય, ત્યાગ, નિષ્ઠા, ઉદારતા, સમભાવ, માનવતા, વિશ્વબંધુત્વ અને સ્વચ્છતા જેવા જીવન મૂલ્યો વિશે વર્ણન કર્યું છે.

❖ **સત્ય :-**

पश्यदक्षणवान्न वि चेतदन्धः । (१)

આંખ વાળો વ્યક્તિ સત્યને જોઈ શકે છે, આંધળો જોઈ શકતો નથી.

सत्यं वै श्रीर्ज्योतिः । (२)

સત્ય જ નેત્ર છે.

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् । (३)

હિરણ્યમય પાત્રથી સત્યનું મુખ ઢંકાયેલું છે.

हृदयेन हि सत्यं जानाति हृदये ह्येव सत्यं प्रतिष्ठितं भवति । (४)

પુરુષ હ્રદયથી સત્યને જાણે છે તેથી તેના હ્રદયમાં જ સત્ય પ્રતિષ્ઠિત છે.

सत्यमेव जयति नानृतम् । (५)

સત્યનો જ વિજય થાય છે અસત્યનો નહીં.

व्रतानां सत्यमुत्तमम् । (६)

વ્રતોમાં સત્ય સર્વોત્તમ છે.

अहिंसा सत्यवचनं सर्वभूतहितं परम् ।
अहिंसा परमो धर्मः स च सत्ये प्रतिष्ठितः ।
सत्ये कृत्वा प्रतिष्ठां तु प्रवर्तन्ते प्रवृत्तयः ॥ (७)

અહિંસા અને સત્ય ભાષણ સમસ્ત પ્રાણીઓ માટે અત્યંત હિતકર છે. અહિંસા સૌથી મહાન ધર્મ છે, અને તે સત્યમાં સમાયેલું છે. સત્યનાં આધારે શ્રેષ્ઠ પુરુષોનાં બધા કાર્યોનો આરંભ થાય છે.

મારા માટે સત્યથી ભિન્ન અન્ય કોઈ ઈશ્વર નથી. સત્ય જ ઈશ્વર છે.

સત્ય માટે બધુ ત્યાગી શકાય છે પરંતુ સત્યને કોઇપણ ભોગે છોડી ન શકાય.

❖ **સદાચાર :-**

आत्मनिन्दाऽऽत्मपूजा च परनिन्दा परस्तवः।
अनाचारितमार्याणां वृत्तमेतच्चतुर्विधम् ॥ (१०)

પોતાની નિંદા અને પ્રશંસા, અન્યની નિંદા અને સ્તુતિ, આ ચાર પ્રકારનું આચરણ શ્રેષ્ઠ પુરુષોએ ક્યારેય નથી કર્યું.

समुल्लंघ्य सदाचारं कश्चिन्नाप्नोति शोभनम् । (११)

સદાચારનું ઉલ્લંઘન કરી કોઈ કલ્યાણ પ્રાપ્ત કરી શકતું નથી.

आचारः प्रथमो धर्मः श्रुत्युक्त : स्मार्त एव च ।
तस्मादस्मिन् सदायुक्तो नित्यं स्यादात्मवान् द्विजः ॥ (१२)

વેદો અને સ્મૃતિઓમાં કહેવામાં આવેલ આચાર જ શ્રેષ્ઠ ધર્મ છે. આત્મવાન દ્વિજે આ સદાચારનાં આચરણમાં સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

अन्तः शान्तो बहि शान्तः, शान्त एव प्रसीदति ।
शान्तं शिवमथाद्वैतं सदाचारः समुच्चितः । (१३)

અંદર અને બહાર બંને બાજુ શાંત રહેનારો જ પ્રસન્ન રહી શકે છે. શાંતભાવ, શિવભાવ અને અદ્વૈત ભાવનો યોગ જ સદાચાર સમજવો જોઈએ.

❖ **કર્તવ્યકર્મ :-**

अकृत्यं नैव कृत्यं स्यात् प्राणत्यागेऽप्युपस्थिते ।
न च कृत्यं परित्याज्यमेष धर्मः सनातनः ॥ (१४)

પ્રાણ સંકટ ઉપસ્થિત થાય તો પણ ન કરવા યોગ્ય કામ ન કરવું જોઈએ અને કરવા યોગ્ય કામને છોડવું ન જોઈએ. આ સનાતન ધર્મ છે.

રાજ્ય પોતાનો ધર્મ પાલન કરે કે ન કરે પરંતુ આપણે તો આપણું કર્તવ્ય કર્મ કરવા તૈયાર રહેવું જોઈએ.(15)

કર્તવ્ય હીનતા કરતા કર્તવ્ય શ્રેષ્ઠ છે.(16)

કર્તવ્ય પાલનથી હક ઉત્પન્ન થાય છે.(17)

કર્તવ્ય પાલન કરતાં મૃત્યુ પામવું એજ જીવનનું બીજું નામ છે.(18)

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतोऽदब्धासो अपरीतास उद्भिदः । (१९)

અવિચલ, વિધ્નરહિત અને આત્મોકર્ષની પ્રાપ્તિ કરાવનારાં કલ્યાણકારી કર્મો અમને ચારે દિશાઓથી પ્રાપ્ત થાઓ.

कर्मज्यायो ह्यकर्मणः । (२०)

કર્મ ન કરવા કરતા કર્મ કરવું વધારે શ્રેષ્ઠ છે.

ज्ञानाय कृत्यं परमं क्रियाभ्यः । (२१)

જ્ઞાન માટે કરવામાં આવતું કર્મ બધાજ કર્મોમાં શ્રેષ્ઠતમ છે.

જીવનનાં અંતિમ શ્વાસ સુધી સત્કર્મ કરતા રહો.(22)

❖ **દયા-કરૂણા :-**

अनुक्रोशो हि साधूनां महद्धर्मस्य लक्षणम् । (२३)

સજ્જન પુરુષો માટે દયા કરવી એ મહાન ધર્મનું લક્ષણ છે.

आत्मीयः पर इत्ययं खलु कुतः सत्यं कृपायाः क्रमः । (२४)

દયા કરવામાં આ પોતાનું છે અને આ પારકું છે એ ભેદભાવ ન ચાલે.

दया धर्मस्य जन्मभूमिः । (२५)

દયા ધર્મની જન્મભૂમિ છે.

को धर्मो ? भूतदया । (२६)

ધર્મ શું છે ? પ્રાણીઓ પર દયા કરવી.

दया धर्म का मूल है पाप मूल अभिमान ।
तुलसी दया न छोडिए जब लगि घट में प्राण ॥ (२७)

करुणार्द्रा हि सर्वस्व सन्तोऽकारणबान्धवाः । (२८)

કરૂણાથી આદ્ર હદયવાળા વ્યક્તિ બધાનાં અકારણ બંધુ હોય છે.

- **અહિંસા :-**

मा हिंसीः पुरुषं जगत् । (२९)

મનુષ્યો અને જંગલી પશુઓની હિંસા ન કરો.

અહિંસાપૂર્વક સત્યનું આચરણ કરવાથી તમે સંસારને પોતનાં ચરણોમાં ઝુકાવી શકો છો.[30]

अहिंसा परमो धर्मस्तथाऽहिंसा परो दमः ।
अहिंसा परमं दानमहिंसा परमं तपः ।
अहिंसा परमो यज्ञस्तथाहिंसा परं फलम् ।
अहिंसा परमं मित्रमहिंसा परमं सुखम् ॥ (३१)

અહિંસા પરમ ધર્મ છે. અહિંસા પરમ સંયમ છે. અહિંસા પરમ દાન છે. અહિંસા પરમ તપ છે. અહિંસા પરમ યજ્ઞ છે. અહિંસા પરમ ફળ છે. અહિંસા પરમ મિત્ર છે. તથા અહિંસા પરમ સુખ છે.

અહિંસા સત્યનો પ્રાણ છે. તેના વિના મનુષ્ય પશુ છે.[32]

જીવન નાના જીવોની રક્ષાથી સફળ થાય છે, તેના નાશથી નહીં. [33]

અહિંસા અને પ્રેમ એક જ વસ્તુ છે.[34]

- **ઉદારતા :-**

व्यवहारे पक्षपातो न कार्यः । धर्मादपि व्यवहारो गरीयान् । (३६)

વ્યવહારમાં પક્ષપાત ન કરવો જોઈએ. વ્યવહાર ધર્મથી પણ મહત્તવપૂર્ણ છે.

જેનામાં ઉદારતા છે તેને વીરતાની આવશ્યકતા નથી.[37]

ઉદાર હદયવાળો પુરુષ જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી આનંદથી જીવે છે. અને સંકીર્ણ હદયવાળો પુરુષ આયુ પર્યંત દુ:ખી રહે છે.[38]

- **સમત્વ :-**

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥ (३९)

સુખ-દુ:ખ, લાભ-હાનિ, જય-પરાજયને સમાન સમજી યુદ્ધ માટે તૈયાર થઈ જા. આ પ્રકારે યુદ્ધ કરવાથી તું પાપ ને પ્રાપ્ત નહીં કરે.

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।

ईक्षते योगयेक्तात्मा सर्वत्र समदर्शनः ॥ [४०]

જેની આત્મા યોગયુક્ત થઈ છે, તે સર્વત્ર સમદૃષ્ટિથી જુએ છે. તે બધા પ્રાણિઓને આત્મામાં અને અને બધા પ્રાણીઓમાં આત્માને જુએ છે.

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥ [४१]

જે મનુષ્ય મને (પરમાત્માને) સર્વત્ર અને બધાને મારામાં (પરમાત્મામાં) જુએ છે તેની દૃષ્ટિમાં હું (પરમાત્મા) ક્યારેય નષ્ટ નથી થતો અને તે મારી (પરમાત્માની) દૃષ્ટિમાં ક્યારેય નષ્ટ નથી થતો.

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति पश्यति ॥ [४२]

જે મનુષ્ય નાશવંત બધા પ્રાણીઓમાં સમભાવથી રહેનારા અવિનાશી પરમેશ્વરને જુએ છે તે જ સત્ય જુએ છે.

❖ **માનવતા** :-

મનુષ્ય તેને કહી શકાય જે મનનશીલ હોય. આત્મવત અન્યનાં સુખ-દુ:ખ,લાભ-હાનિને સમજે.[43]

મનુષ્યતા જ ઊંચી દેશભક્તિ છે.[44]

સ્વભાવમાં શક્તિ, મનમાં બુદ્ધિ, હૃદયમાં પ્રેમ એ ભવ્ય માનવતાનું નિર્માણ કરે છે.[45]

મનુષ્યતા બધા પ્રકારની દેશભક્તિ અને દેશાભિમાનનાં ભાવોથી ઊંચુ તત્તવ છે.[46]

❖ **ચારિત્ર્ય** :-

कुलीनमकुलीनं वा वीरं पुरुषमानिनम् ।
चारित्रमेव व्याख्याति शुचिं वा यदि वा शुचिम् ॥ [४७]

મનુષ્યનાં ચારિત્ર્યથી જ્ઞાત થાય છે કે, તે કુલિન છે કે અકુલીન. વીર છે કે દંભી છે. પવિત્ર છે કે અપવિત્ર છે.

चारित्र्येण विहीन आढ्योऽपि दुर्गतो भवति । [४८]

ચારિત્ર્યહિન ધની પણ વિપત્તિમાં પડે છે.

ચારિત્ર્યથી શુદ્ધ થયેલું જ્ઞાન થોડું પણ હોય તો પણ મહાન ફળ આપનારું છે.[49]

યાદ રાખો ન ધનનું મૂલ્ય છે ન નામનું મૂલ્ય છે. ન યશનું મૂલ્ય છે ન વિદ્યાનું મૂલ્ય છે. કેવલ ચારિત્ર્ય જ કઠીન પથ્થરોની દીવાલને છેદી શકે છે.[50]

❖ **વિશ્વબંધુત્વ** :-

मैत्रीकरुणामुदीतोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम् । [५१]

સુખી પ્રત્યે મિત્રતા, દુ:ખી પ્રત્યે કરૂણા, પૂણ્યાત્મા પ્રત્યે હર્ષ, અને પાપી પ્રત્યે ઉપેક્ષાની ભાવના કરવાથી ચિત્ત પ્રસન્ન તથા નિર્મલ બને છે.

यस्तु सर्वाणि भूतानि आत्मन्येवानुपश्यति ।
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥ [५२]

જે બધા પ્રાણીઓને બ્રહ્મમાં નિરંતર જુએ છે અને બધા પ્રાણિઓમાં બ્રહ્મને જુએ છે તે કોઈની ઘૃણા નથી કરતા.

अयं बन्धुरयं नेति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥

આ મારો મિત્ર છે અને આ મારો મિત્ર નથી એ ક્ષુદ્ર બુદ્ધિવાળા વ્યક્તિનાં વાક્યો હોય છે. ઉદાર ચરિત્રવાળાઓ માટે તો સમગ્ર સંસાર પોતાનો પરિવાર છે.

વિશાલ સંસાર મારું ઘર છે અને ઉપકાર કરવો મારો ધર્મ છે.[53]

એક પંથ બનાવતા જ તમે વિશ્વબંધુત્વની વિરુદ્ધ થઈ જાઓ છો. જે સાચી વિશ્વબંધુત્વની ભાવના રાખે છે તે અધિક બોલતા નથી. તેઓનાં કર્મ સ્વયં બોલે છે.[54]

❖ **સ્વચ્છતા :-**

शौचे यत्नः सदा कार्यः शौचमूलो द्विजः स्मृतः ।
शौचाचारविहीनस्य समस्तं कर्म निष्फलम् ॥[५५]

શુદ્ધતા સ્વચ્છતા માટે હંમેશાં યત્ન કરવો જોઈએ. સ્વચ્છતા જ દ્વિજત્વનું મૂળ છે. જે સ્વચ્છતાથી રહિત છે તેનાં બધા જ કાર્યો નિષ્ફળ થાય છે.

ઉપસંહાર -

આપણાં સનાતન શાસ્ત્રોએ, ઋષિમુનિઓએ, આચાર્યોએ, વિદ્વાનોએ સુપથગામી સદ્ઉપદેશ આપ્યો છે. ઉપદેશની સાથે-સાથે શ્રેષ્ઠ ઉદાહરણો આપ્યાં છે. જીવનમૂલ્યોને વ્યવહારમાં અને વર્તનમાં વણી લેવાથી જીવન આનંદમય બને છે. જીવન સર્વોત્તમ બને છે. શાસ્ત્રોએ દર્શાવેલા સુપથ પર પ્રયાણ કરવાથી ઈષ્ટની પ્રાપ્તિ થાય છે. માનવ જીવનમાં સત્ય, પ્રેમ, કરૂણા, સદાચાર, ચારિત્ર્ય, પ્રામાણિક્તા, ઉદારતા, ત્યાગ, નિષ્ઠા, દયા, સમભાવ, સંયમ, સ્વચ્છતા અને વિશ્વબંધુત્વ જેવા મૂલ્યો સવિશેષ ભાગ ભજવે છે. અંતે સમગ્ર સંસાર સુખ,સમૃદ્ધિ અને શાંતિ ઈચ્છે છે. જે મૂલ્યો દ્વારા પ્રાપ્ત થાય છે.

<u>પાદનોંધ</u>

1. ઋગ્વેદ- 1/164/16
2. શતપથબ્રાહ્મણ – 5/1/5/28
3. ઈશાવાસ્યોપનિષદ્ – મંત્ર 15
4. બૃહદારણ્યકોપનિષદ્ – 3/9/23
5. મુંડકોપનિષદ્ – 3/1/6
6. ગરૂડપુરાણ – 1/115/53
7. મહાભારત-વનપર્વ-207/74
8. મહાત્માગાંધી વાંગમયખંડ – 46
9. વિવેકાનંદ સાહિત્ય ભાગ-10,પૃષ્ઠ-214
10. મહાભારત-કર્ણપર્વ- 35/45
11. વિષ્ણુપુરાણ- 3/17/2
12. મનુસ્મૃતિ- 1/108
13. માનવતા કા માન- પૃષ્ઠ- 128 (વિશ્વબંધુ શાસ્ત્રી)
14. પંચતંત્ર- 4/42
15. સરદાર વલ્લભભાઈ પટેલ
29. ચાણક્યસૂત્રાણિ – 546-547
30. શેખ સાદી-ફારસી
31. અરબી કાવ્યદર્શન
32. મહાભારત-ભીષ્મપર્વ- 26/38
33. મહાભારત-ભીષ્મપર્વ- 30/26
34. મહાભારત-ભીષ્મપર્વ- 30/30
35. શ્રીમદ્ ભગવદ્ ગીતા
36. સ્વામી દયાનંદ સરસ્વતી- સત્યાર્થપ્રકાશ
37. વિનાયક દામોદર સાવરકર
38. મહર્ષિ અરવિંદ
39. વિનાયક દામોદર સાવરકર
40. સુભાષિત
41. શૂદ્રક-મૃચ્છકટિકમ્ – 1/43
42. કુંદ કુંદ આચાર્ય
43. સ્વામિ વિવેકાનંદ

ISBN : 978-81-938282-1-2

16. વિનોબા ભાવે
17. મહાત્મા ગાંધી
18. વૃંદાવનલાલ વર્મા
19. ઋગ્વેદ – 1/86/1
20. મહાભારત-ભીષ્મપર્વ
21. અશ્વઘોષ-સૌંદરનન્દ- 5/25
22. પૂજ્ય ડોંગરેજી મહારાજ
23. મહાભારત-અનુશાસનપર્વ- 5/24
24. હર્ષ- નાગાનન્દ – 5/20
25. ચાણક્યનીતિ
26. હિતોપદેશ – 1/147
27. તુલસીદાસ
28. યજુર્વેદ – 16/3

પતંજલિ- યોગસૂત્ર- 1/33

44. ઈશાવાસ્યોપનિષદ્ – 6
45. સ્વામી રામતીર્થ
46. સ્વામી વિવેકાનંદ
47. નારદપુરાણ પૂર્વભાગ પ્રથમપાદ – 27/8
48. યજુર્વેદ – 16/3
49. મહાત્મા ગાંધી
50. મહાભારત-અનુશાસનપર્વ- 116/28-29
51. મહાત્મા ગાંધી
52. મહાત્મા ગાંધી- આત્મકથા- પૃષ્ઠ- 432
53. મહાત્મા ગાંધી – સત્ય જ ઈશ્વર છે – 16
54. જેમ્સ એલન – આનંદની પગદંડીએ – 67
55. કથાસરિત્સાગર – 12/34/20
56.

<u>સંદર્ભ ગ્રંથો</u>

1. ઋગ્વેદ
2. ઈશાવસ્યોપનિષદ્
3. મુંડકોનિષદ્
4. બૃહદારણ્યકોપનિષદ્
5. ગરુડપુરાણ
6. મહાભારત
7. મહાત્માગાંધી વાંગમય ખંડ
8. વિષ્ણુપુરાણ
9. મનુસ્મૃતિ
10. બૃહદ્ વિશ્વસૂક્તિકોશ
11. નાગાનન્દ કાવ્ય
12. ચાણક્યનીતિ
13. હિતોપદેશ
14. કથાસરિત્સાગર
15. યજુર્વેદ
16. ચાણક્ય સૂત્રાણિ
17. સત્યાર્થપ્રકાશ
18. મૃચ્છકટિકમ્
19. નારદપુરાણ

આત્મશુદ્ધિના ઉપાય (તત્ત્વાર્થ સૂત્રના સંદર્ભમાં)

હીના યશોધર શાહ
(Mo. : 9925038148, 8849132697)
(Email ID : hinaycshah@gmail.com)

જૈનદર્શનનાં પાયામાં અધ્યાત્મ છે, તેના પર ધર્મની ઈમારત ચણાયેલી છે. અધ્યાત્મ વિકાસની શરૂઆત આત્માનાં અસ્તિત્વની શ્રદ્ધાથી થાય છે અને અધ્યાત્મની પૂર્ણતા આત્મામાં અભેદતાથી થાય છે.

'તત્ત્વાર્થ સૂત્ર' એ ભારતીય દાર્શનિક વિદ્યાની જૈનશાખાનું એક શાસ્ત્ર છે. તેથી તેનાં ઇતિહાસમાં વિદ્યાવંશનો ઇતિહાસ આવે છે. તત્ત્વાર્થ સૂત્રમાં જે વિદ્યા તેના કર્તાએ સમાવી છે, તે તેમણે પૂર્વ ગુરૂપરંપરાથી મેળવી છે. તત્ત્વાર્થ સૂત્ર એ મહાઅધ્યાત્મ શાસ્ત્ર છે. 'તત્ત્વાર્થ સૂત્ર'ના રચયિતા ઉમાસ્વાતિજીના જીવન અંગેની વિગત અલ્પ જોવા મળે છે.

(1) ગ્રંથકર્તાના ધર્મગુરુ 11 અંગના ધારક **ઘોષનન્દી** હતા.

(2) ગ્રંથકર્તાના ભણાવનારા વિદ્યાગુરૂ '**મૂલ**' નામના વાચનાચાર્ય હતા.

(3) ગ્રંથકર્તાનું જન્મસ્થળ **ન્યગ્રોધિકા** નામનું ગામ હતું.

(4) ગ્રંથકર્તાએ આ ગ્રંથ **કુસુમપુર**માં (પટણામાં) બનાવ્યો.

(5) ગ્રંથકર્તા **કૌભિષણી** ગોત્રવાળા હતા.

(6) ગ્રંથકર્તાના પિતાનું નામ **સ્વાતિ** હતું.

(7) ગ્રંથકર્તાની માતાનું નામ **વાત્સી** હતું.

(9) ગ્રંથકર્તાની **ઉચ્ચનાગર** શાખા હતી.

તેમનો સમય વીરનિર્વાણથી પાંસચો વર્ષ પછી એટલે કે વિક્રમનાં પહેલા સૈકામાં અથવા બીજા સૈકામાં થયો હોવાનું જાણવામાં આવે છે.

તત્ત્વાર્થસૂત્ર ઉપર અનેક વિદ્વાનોએ વિસ્તૃત વિવેચન લખ્યું છે. તેની ઉપર શ્રુતસાગર, વિબુધસેન, યોગીન્દ્રદેવ, યોગદેવ, લક્ષ્મીદેવ, અભયનન્દી આદિ વિદ્વાનોએ ટીકા લખી છે. ત્યારબાદ પંડિત ફૂલચંદજી સિધ્ધાંતાચાર્ય, પંડિત કૈલાશચન્દજી સિધ્ધાંતાચાર્ય, પંડિત પન્નાલાલજી સાહિત્યાચાર્ય, પંડિત રામજીભાઈ દોશી ઇત્યાદિ વિદ્વાનોએ 'તત્ત્વાર્થસૂત્ર' પર ટીકા લખી છે. આ ઉપરાંત બીજા ઘણા શ્વેતાંબર – દિગંબર વિદ્વાનોએ આ ગ્રંથ પર કર્ણાટક, તામિલ, હિન્દી અને અંગ્રેજી ભાષામાં વિવેચન લખ્યા છે. તે ઉપરાંત 'તત્ત્વાર્થસૂત્ર'નો જર્મન અને જાપાનીઝ ભાષામાં પણ અનુવાદ થયો છે.

જૈન સાહિત્યમાં ઉમાસ્વાતિજી પ્રથમ સંસ્કૃત લેખક થઈ ગયા. તેઓ અગિયાર અંગોનું દ્રઢ જ્ઞાન ધરાવતા હતા તેવી સર્વ સામાન્ય માન્યતા છે. ઉમાસ્વાતિજીએ આગમિક શૈલી મુખ્ય રાખી તેનું સમર્થન કરવા તર્કનો આશ્રય લીધો હોવાથી તેઓને તર્કાશ્રયી આગમશૈલી વાળા કહી શકાય છે.

તેમની ભાષા સરળ અને લાઘવવાળી છે. શૈલીમાં પ્રવાહ છે. તેમનાં ગ્રંથોની પ્રસન્ન, સંક્ષિપ્ત અને શુદ્ધ શૈલી તેમના સંસ્કૃત ભાષા પરના પ્રભુત્વની સાક્ષી પૂરે છે. તેમની કૃતિમાં સપ્રમાણત્વ અને દાર્શનિકત્વ વિશેષ દેખાય છે. જૈન આગમમાં આવતી જ્ઞાન, જ્ઞેય, આચાર, ભૂગોળ, ખગોળ આદિને લગતી બાબતોનો સંગ્રહ જે સંક્ષેપથી તેમણે તત્ત્વાર્થસૂત્રમાં કર્યો છે, તે તેમના વાચકવંશમાં થવાની અને વાચકપદની યથાર્થતાની સાક્ષી પૂરે છે.

આથી જ સિધ્ધહેમ વ્યાકરણમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યએ કહ્યું છે કે ‘ઉમાસ્વાતિ જેવા કોઈ સંગ્રહકાર નથી’ તેમની તત્તવાર્થસૂત્રનાં પ્રારંભની કારિકાઓ અને બીજી પદ્યકૃતિઓ સૂચવે છે કે તેઓ ગદ્યની જેમ પદ્યનાં પણ પ્રાંજલ લેખક હતા. તેમના સભાષ્ય સૂત્રોનું બારીક અવલોકન તેમનાં જૈન આગમ સંબંધી સર્વગ્રાહી અભ્યાસ ઉપરાંત વૈશેષિક, ન્યાય, યોગ અને બૌધ્ધ આદિ દાર્શનિક સાહિત્યનાં તેમનાં અભ્યાસની પ્રતીતિ કરાવે છે. તત્તવાર્થભાષ્યમાં ટાંકેલા વ્યાકરણનાં સૂત્રો એમનાં પાણિનિય વ્યાકરણનાં અભ્યાસની પણ સાક્ષી પૂરે છે.

◈ **તત્તવાર્થસૂત્રની પ્રેરક સામગ્રી**

વાચક ઉમાસ્વાતિજીની તત્તવાર્થસૂત્ર પરની પ્રેરક સામગ્રી મુખ્યત્વે ચાર ભાગમાં નીચે મુજબ જણાય છે.

(1) **આગમ જ્ઞાનનો વારસો**

જેવી રીતે વૈદિક દર્શનમાં વેદ આધારભૂત ગણાય છે તેવી જ રીતે જૈનદર્શનમાં આગમ ગ્રંથો જ આધારભૂત અને પ્રમાણ મનાય છે. બીજા ગ્રંથો પ્રમાણ્ય આગમને અનુસરે છે. આ આગમ જ્ઞાનનો વારસો પરાપૂર્વથી ચાલ્યો આવે છે. અને તે આગમ ગ્રંથોનો વારસો ઉમાસ્વાતિજીને મળેલ છે. અને તેથી જ આગમિક બધા વિષયનું તેમનું જ્ઞાન સ્પષ્ટ, વ્યવસ્થિત અને પરસ્પર અવિરોધી જણાય છે.

(2) **સંસ્કૃત ભાષા**

તે કાળમાં પણ જૈનદર્શનની સાથે સાથે હિન્દુ ધર્મ કે વૈદિક ધર્મ સમાંતરે અને પરાપૂર્વથી ચાલતો હતો. વૈદિક ધર્મનાં વેદ તથા અન્ય ગ્રંથોમાં સંસ્કૃતની પ્રધાનતા હતી. કાશી, મગધ, બિહાર આદિ પ્રદેશોમાં રહેવા તથા વિચરવાને લીધે અને તે સમયની પ્રધાન ભાષા સંસ્કૃતનો ઉંડો અભ્યાસ વાચક ઉમાસ્વાતિજીએ કર્યો હોય તેવું જણાય છે. તેમનાં ગ્રંથોમાં સંક્ષિપ્ત અને શુદ્ધ શૈલી ભાષા ઉપરનાં પ્રભુત્વની સાક્ષી પુરે છે. સમગ્ર જૈન વાङ્મયનો ઇતિહાસ એમ કહે છે કે, ઉમાસ્વાતિજી જૈનાચાર્યોમાં પ્રથમ સંસ્કૃત લેખક હતા. તેમનું જ્ઞાનભંડોળ ઘણું સમૃદ્ધ હતું.

(3) **દર્શનાન્તરનો પ્રભાવ**

સંસ્કૃત ભાષા દ્વારા તેમણે વૈદિક અને બૌદ્ધ સાહિત્યમાં પ્રવેશ કર્યો, તત્કાલીન નવી રચનાઓ જોઈ તેમાંથી વસ્તુઓ અને વિચારસરણી જાણી. આ બધાનો ઊંડો પ્રભાવ તેમના પર પડેલો જણાય છે. તેના કારણે તેમણે જૈન સાહિત્યમાં પહેલા સ્થાન નહિ પામેલી એવી ટૂંકી દાર્શનિક સૂત્રશૈલીમાં અને સંસ્કૃત ભાષામાં ગ્રંથ લખવા પ્રેર્યા.

(4) **પ્રતિભાવંત રચયિતા**

ઉપરોક્ત ત્રણ હેતુઓ હોવા છતાં જો તેમનામાં પ્રતિભા ન હોત તો તત્તવાર્થસૂત્ર આ સ્વરૂપમાં કદી પ્રાપ્ત ન થાત અને જૈન સમુદાયનાં બધા જ મુખ્ય સંપ્રદાયોએ તેને માન્ય રાખ્યું તે જ તેમની પ્રતિભા વ્યક્ત કરે છે.

◈ **તત્તવાર્થસૂત્રની રચનાનો ઉદ્દેશ**

કોઈપણ ભારતીય શાસ્ત્રકાર જ્યારે પોતાના વિષયનું શાસ્ત્ર રચે છે ત્યારે તે પોતાના વિષયના નિરૂપણનાં અંતિમ ઉદ્દેશ તરીકે મોક્ષને જ મૂકે છે. તે વિષય અર્થ, કામ, જ્યોતિષ કે વૈદક જેવો આધિ-ભૌતિક દેખાતો હોય કે તત્તવજ્ઞાન અને યોગ – ધ્યાન જેવા આધ્યાત્મિક હોય. બધા જ મુખ્ય વિષયનાં

શાસ્ત્રોનાં પ્રારંભમાં કે અંતમાં મોક્ષનો નિર્દેશ હોવાનો અને તે શાસ્ત્રનાં ઉપસંહારમાં પણ અંતે તે વિદ્યાથી મોક્ષ સિદ્ધ થયાનું કથન આવતું હોય છે.

'તત્તવાર્થસૂત્ર' એ દાર્શનિક કોટિનો સૂત્ર ગ્રંથ છે. આ ગ્રંથમાં પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણના વિભાગ કરવામાં આવ્યા છે. 'તત્તવાર્થસૂત્ર' એટલે જૈનદર્શનના સિદ્ધાંતોને સમજાવનારો મૌલિક ગ્રંથ. જૈનદર્શનના મોટાભાગનાં સિદ્ધાંતોને આવરી લેતા આ ગ્રંથ શબ્દથી લઘુ છે. સૂત્રથી 344 સૂત્ર પ્રમાણ છે. પરંતુ અર્થથી અત્યંત વિશાળ છે. દરેક સૂત્રો વિષયને સૂચવતાં હોય તેમ નાના નાના સૂત્રો ઘણું કહી જાય છે.

આ ગ્રંથ નવતત્તવ, છ દ્રવ્યો, રત્નત્રયી, કર્મસાહિત્ય, પાંચભાવ, જીવનું પરભવગમન, જંબૂદ્વીપ આદિ દ્વીપ – સમુદ્રો, ચારે નિકાયનાં દેવો, ત્રિપદી, દ્રવ્ય – ગુણ અને પર્યાય, બાર વ્રત, તેનાં અતિચાર, દરેક કર્મનાં જુદા જુદા આશ્રવો, પ્રકૃતિ આદિ ચાર બંદ ઇત્યાદિ સમાવી લે છે.

આ ગ્રંથને શ્વેતાંબર અને દિગંબર આ બંને પરંપરાઓ માન્ય રાખે છે. માત્ર કોઈ કોઈ સૂત્રોમાં રચનાભેદ છે. આ ગ્રંથમાં દસ અધ્યાય છે. જેમાં સમગ્ર જૈનદર્શનનો સાર આવી જાય છે.

તેઓ પ્રથમ અધ્યાયનાં પ્રથમ શ્લોક લખતા જણાવે છે કે....

सम्यग्दर्शन – ज्ञान – चारित्राणि मोक्षमार्ग ।

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર આ ત્રણની એકતા એ જ મોક્ષમાર્ગ છે. આ ત્રણમાંથી એકનો પણ અભાવ હોય તો મોક્ષ મળી શકતો નથી. આ ત્રણે ગુણો રત્નતુલ્ય હોવાથી આ ત્રણ ગુણને 'રત્નત્રયી' (Three Jewels) કહેવાય છે. સમ્યગ્દર્શન – સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર આ ત્રણથી સંવર અને નિર્જરા શરૂ થાય છે

◈ **તત્તવાર્થસૂત્રના આધારે આત્મશુદ્ધિના ઉપાય**

જૈનદર્શનમાં ધર્મની આરાધનામાં કેન્દ્રસ્થાને આત્મા છે. આત્માનો અનુભવ થવો તે જ સાચો ધર્મ છે અને આત્માની પરિપૂર્ણ ઉપલબ્ધિ થવી તે ધ્યેય છે, ધર્મની પરાકાષ્ટા છે અને આત્મશુદ્ધિ થાય તો જીવ અંતિમ ધ્યેય સુધી પહોંચી શકે છે.

તિર્થંકર મહાવીરે જીવમાત્રનાં દુઃખનો વિચાર કર્યો. દુઃખ નિવારણનો માર્ગ તો બતાવ્યો સાથે તેમણે દરેક જીવાત્માની ઉત્કૃષ્ટ અવસ્થા સુધી પહોંચવાનો માર્ગ પણ બતાવ્યો. આત્માનાં અવ્યાબાધ સુખની શાશ્વત સ્થિતિનું લક્ષ્ય બતાવ્યું. આત્માને ઉત્કૃષ્ટ અવસ્થા પર પહોંચવા માટે સમયે સમયે આત્માની વિશુદ્ધિની આવશ્યક્તા દર્શાવી. ધર્મનું મુખ્ય ફળ આત્માની વિશુદ્ધિ છે અને તેના ફળ સ્વરૂપ શુદ્ધ, પરિપૂર્ણ, આનંદઘન આત્માની પ્રાપ્તિ થાય છે.

આ ગ્રંથમાં નવતત્તવ, છ દ્રવ્ય, રત્નત્રયી, પાંચભાવ, જીવનું પરભવગમન, જંબૂદ્વીપ આદિ દ્વીપ સમુદ્રો, ચાર નિકાયનાં દેવ, ત્રિપદી, બારવ્રત, અતિચાર, કર્માશ્રવ, સંવર – નિર્ઝરાના ભેદ આદિ અનેક વસ્તુનો સમાવેશ કરવામાં આવેલ છે.

જીવ પાંચ કારણથી કર્મ બાંધે છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. આ પાંચ કારણથી કર્મનો આશ્રવ થાય છે. આ આશ્રવને આવતા અટકાવવા તે 'સંવર' કહેવાય છે. આત્મશુદ્ધિ અર્થે તિર્થંકર મહાવીરે કર્મનો સંવર અને કર્મની નિર્જરાની સાધના પાયામાં દર્શાવેલ છે. જૈનધર્મમાં અનુષ્ઠાન,

વ્રત, તપશ્ચર્યા, ધર્મક્રિયા આદિ સંવર અને નિર્જરાને અનુલક્ષીને હોય છે. સંવર અને નિર્જરા સમ્યક્ચારિત્ર અંતર્ગત આવે છે.

સંવરના પાંચ ભેદ જઘન્ય છે અને સત્તાવન ઉત્કૃષ્ટ ભેદ છે. જે નીચે મુજબ છે.

3 ગુપ્તિ	મન, વચન, કાયા.
5 સમિતિ	ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ, ઉત્સર્ગ.
10 યતિધર્મ	ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય.
12 અનુપ્રેક્ષા	અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આશ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મ સ્વાખ્યાત.
22 પરીષહ	ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલ, સત્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને અદર્શન.
5 ચારિત્ર	સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત.

કાર્તિકેયાનુપ્રેક્ષામાં દર્શાવ્યું છે કે ગુપ્તિ, સમિતિ, ધર્મ, ભાવના, પરીષહજય, ચારિત્ર ધારણ કરનાર મુનિ પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થાય છે અને તેને નિશ્ચયથી સંવર થાય છે. સમ્યગ્દર્શન સહિતનું સંવર નિર્જરાનું કારણ બને છે.

'તત્ત્વાર્થસૂત્ર' માં ઉમાસ્વાતિજીએ પોતાનાં સૂત્રનાં વિષય તરીકે જ્ઞાન, જ્ઞેય અને ચારિત્ર આ ત્રણ મીમાંસાઓને જૈન તત્ત્વ દ્રષ્ટિ અનુસાર વર્ણવ્યા છે. જેને દસ અધ્યાયમાં વિભાજીત કર્યા છે. પ્રથમ અધ્યાયમાં જ્ઞાનની, બીજાથી પાંચમાં અધ્યાયમાં જ્ઞેયની અને છ થી દસ અધ્યાયમાં ચારિત્રની મીમાંસા કરી છે.

◈ **નિષ્કર્ષ (Findings)**

ધર્મનું આચરણ અને અધ્યાત્મની સમજ માત્ર મોક્ષ માટે જ નથી, પરંતુ આજીવન તેના સુંદર ફળ પ્રાપ્ત થાય તેવી જીવન જીવવાની કળા છે. આત્મશુદ્ધિના માર્ગે ચાલતા સાધકનાં જીવનમાં અનેક પ્રકારનાં સદ્દગુણોનો આવિર્ભાવ સહજ થાય છે અને જીવન સફળ બને છે.

(1) સાધકની સાધનાનું મુખ્ય લક્ષ્ય વિકલ્પોમાંથી મુક્ત થઈ નિર્વિકલ્પ અવસ્થા પ્રાપ્ત કરવાની છે. અંતરમાંથી આત્મશુદ્ધિનો આવિર્ભાવ થતા વિકલ્પ, રાગ-દ્વેષમાંથી સહજ મુક્તિ મળે છે. રાગ-દ્વેષ દૂર થતાં નૈતિક મૂલ્યોની પ્રગતિ થાય છે.

(2) જીવનમાંથી આરંભ-સમારંભ દૂર થાય છે. જીવન સાદગીભર્યુ બને છે. વ્રતો પાલન કરવાની દ્રઢતા વધે છે અને સંયમની આરાધના શરૂ થાય છે.

(3) નૈતિક વિકાસ તથા વ્રત પાલન કરવા માટે વિશેષ નિયમ જેને જૈનદર્શનમાં 'પ્રતિમા' કહે છે. શ્રાવકની 'પ્રતિમા' આધ્યાત્મિક વિકાસની શ્રેણી દર્શાવે છે આ 'પ્રતિમા'નું પાલન કરવાનો ઉત્સાહ વધે છે.

(4) વ્યક્તિગત શાંતિની અસર સમાજ તથા વિશ્વ પર પણ પડે છે. તેથી વૈશ્વિક સ્તરે પ્રેમ, શાંતિ અને સદ્દભાવનાનો વ્યાપ વધે છે.

(5) 'તત્તવાર્થસૂત્ર' નો અભ્યાસ કરતા તે મહાઅધ્યાત્મ શાસ્ત્ર અને દ્વાદશાંગીના પ્રતિબિંબરૂપ જણાય છે. કારણ કે તેમાં ત્રણ અનુયોગ અને મુખ્યત્વે દ્રવ્યાનુયોગનો બોધ મળે છે. તત્તવનાં હેય, જ્ઞેય અને ઉપાદેયની વાસ્તવિક સમજ પ્રાપ્ત થાય છે.

(6) આત્મશુદ્ધિ અને આત્માની બંધનથી મુક્તિનું પ્રધાન બીજભૂત સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું કારણ આ શાસ્ત્રમાં દર્શાવેલ છે.

(7) આ શાસ્ત્રમાં જીવનાં ભેદ, તેનાં લક્ષણ, તેના ભાવ આદિનું વર્ણન કરીને મનુષ્ય જીવનની દુર્લભતા દર્શાવી છે અને મનુષ્ય જીવન સફળ થાય તે માટેના ઉપાયો દર્શાવ્યા છે.

(8) વિક્રમની પહેલી અથવા બીજી સદીમાં લખાયેલ આ ગ્રંથ આટલા વર્ષો પછી જેટલો મૂલ્યવાન છે તેનાથી પણ અધિક મૂલ્યવાન ભવિષ્યમાં પણ રહેશે કારણ કે તેમાં દર્શાવેલ સિદ્ધાંતો સનાતન અને વિશ્વવ્યાપી છે. વિશ્વના દરેક જીવને આ સિદ્ધાંત લાગુ પડે છે.

(9) જૈનદર્શન સંપૂર્ણપણે વૈજ્ઞાનિક તથ્યો પર આધારિત છે. જેની અંદર દર્શાવેલ તપ, સાધના, અનુષ્ઠાન, ધ્યાન અને આત્મશુદ્ધિ અર્થે કરેલ ભેદજ્ઞાનનું ફળ અવશ્ય મળે છે, તેમાં વિશ્વવ્યવસ્થા દર્શાવેલ છે. માટે જ જૈનદર્શનને વિતરાગ વિજ્ઞાન પણ કહેવામાં આવે છે.

આત્મશુદ્ધિ થતા જગતની દરેક વ્યક્તિ સુખી, સુસંવાદિત અને અર્થપૂર્ણ જીવન જીવી શકે છે. દરેક વ્યક્તિનું શુદ્ધ, પવિત્ર આંતરિક પરિણમન સમાજના પરિવર્તનનું કારણ બને છે. નૈતિકતા અને આધ્યાત્મિકતાના પાયા પર રચાયેલ સમાજથી સમસ્ત સૃષ્ટિનું પરિવર્તન શક્ય બને છે.

◈ **કાર્યક્ષેત્રમાં ભવિષ્યનો અવકાશ (Future Research Scope)**

દરેક યુગમાં, દરેક સમયે, દરેક વ્યક્તિને સમસ્યા હોય છે. આ સમસ્યા સર્વવ્યાપી (Universal) હોય છે. તેના કારણભૂત પરિબળો શારીરિક, માનસિક, આર્થિક કોઈપણ હોઈ શકે છે. સાંપ્રત સમયમાં આ ત્રણે કારણો જગતમાં જોઈ શકાય છે. જગતની દરેક વ્યક્તિ અસ્વિત્વ ટકાવી રાખવા (Survival) માટે દરેક ક્ષેત્રે સંઘર્ષ કરતી જોવા મળે છે. સંઘર્ષ વખતે જાણે અજાણે અન્ય વ્યક્તિ સાથે સ્પર્ધા, તુલના કે ઘર્ષણ થાય છે. અન્ય વ્યક્તિથી દરેક ક્ષેત્રમાં આગળ વધવા માટે, કોઈપણ રસ્તે પ્રયત્ન કરે છે. આ પ્રયત્નથી મોટાભાગે સામેની વ્યક્તિને નુકસાન પહોંચે છે. આ નુકસાન શારીરિક, માનસિક કે આર્થિક હોઈ શકે છે. અન્યને લાગણીને દુભાવીને આગળ વધતા રાગ-દ્વેષ, વિકલ્પ આખો દિવસ અને જીવન પર્યંત ચાલે છે. જેનાથી વ્યક્તિગત શાંતિ, ઘરની શાંતિ, કુટુંબની શાંતિ, સમાજની શાંતિ અને આગળ વધીને વૈશ્વિક શાંતિ જોખમમાં મુકાય છે. જે આજે દરેક વ્યક્તિ જોઈ શકે છે, અનુભવી શકે છે.

આ સમયમાં ધર્મ તથા તત્તવચિંતનનું એપ્લિકેશન અત્યંત જરૂરી છે. કારણ કે દરેક સમયમાં સમસ્યા હંમેશાં હોય જ છે અને શાંતિ અને સંવાદિતાની આવશ્યકતા પણ હંમેશા હોય છે. આ સમયમાં જેટલી આવશ્યક છે તેટલી જ અથવા તેનાથી વધારે ભવિષ્યમાં જરૂરી બની શકે છે.

કહેવાયું છે કે, "सा विद्या या विमुक्तये" આ એ જ્ઞાન છે જે હંમેશાં માટે આત્માને સર્વ બંધનથી મુક્ત કરે છે. જે અધ્યાત્મના પથ પર ચાલતા દરેક સાધકનો અંતિમ ધ્યેય હોય છે. તેથી આત્મશુદ્ધિ માટે તત્તવનો અભ્યાસ, ચિંતન, આચરણ ભાવિ પેઢી માટે હંમેશા ઉજ્જવળ અવકાશ લઈને આવે છે.

◈ **સંદર્ભો (References)**

(1) તત્ત્વાર્થસૂત્ર, પંડિત સુખલાલજી.
(2) તત્વાર્થાધિગમ સૂત્ર, આચાર્ય રાજશેખરસૂરિજી.
(3) સન્મતિ તર્ક પ્રકરણ, આચાર્ય સિદ્ધસેન દિવાકર.
(4) જૈન આગમ સ્વાધ્યાય, દલસુખ માલવણિયા.
(5) મોક્ષશાસ્ત્ર, રામજી માણેકજી દોશી.
(6) કાર્તિકેયાનુપ્રેક્ષા, સ્વામી કાર્તિકેય.

 ISBN : 978-81-938282-1-2

માધ્યમિક કક્ષાએ સ્માર્ટકલાસ દ્વારા ગુજરાતી ભાષા શિક્ષણની અસરકારકતા

સંઘાણી અરૂણાબેન બાબુભાઇ
૪૪-આશાપુરી સોસાયટી,
ઉદ્યોગનગર પાસે, વિજલપુર રોડ,
નવસારી. ૩૯૬૪૪૫

માધ્યમિક કક્ષાએ સ્માર્ટકલાસ દ્વારા ગુજરાતી ભાષા શિક્ષણની અસરકારકતા તપાસવા માટેનો એક સંશોધાત્મક અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો. આ સંશોધન માટે નવસારી શહેરની એ.બી માધ્યમિક શાળાના ૪૦ વિદ્યાર્થીઓ રેન્ડમ પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા. તેમાં ૨૦ છોકરાઓ અને ૨૦ છોકરીઓની પસંદગી કરવામાં આવી હતી. સંશોધનના ભાગ રૂપે લક્ષ્યક્સોટીઓ દ્વારા આંકડાકીય માહિતી એકત્રિત કરવામાં આવી હતી. તેમાં છોકરાઓ અને છોકરીઓનાં અલગ અલગ જૂથ ઉપર સ્માર્ટકલાસ શિક્ષણની અસર તેઓની ગ્રહણ શકિત તથા સમગ્ર રીતે સ્માર્ટકલાસની શું અસર થાય છે. તેનું આંકડાકીય માહિતીના પૃથક્કરણના આધારે તારણો કાઢવામાં આવ્યા હતા. સમગ્ર રીતે અભ્યાસની દરેક બાબતો ઉપર સ્માર્ટકલાસ દ્વારા અધ્યાપનથી હકારાત્મક અને સારી અસર જોવા મળી હતી. સ્માર્ટકલાસ દ્વારા ગુજરાતી વિષયમાં અધ્યાપન કરાવવાથી વિદ્યાર્થીઓ દ્વારા ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

<u>પ્રસ્તાવના :</u>

શિક્ષણ એ પરિવર્તન શીલ અને પ્રયોગાત્મક છે. વેદ, ઉપનિષદ, ઋષિઓના યુગની આજના ઇન્ટરનેટ અને કમ્પ્યૂટર ટેકનોલોજીના જમાનામાં શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તનો થયાં છે. એક વીસમી સદીમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીએ વિશ્વમાં હરણ ફાળ ભરી છે. વિશ્વમાં જ્ઞાન અને માહિતીનો સતત વધારો થતો રહ્યો છે. પ્રત્યેક ક્ષણે કંઇક નવું જ્ઞાન ઉમેરતું જાય છે. વિજ્ઞાન ટેક્નોલોજીના કારણે જ્ઞાનમાં ઝડપી વધારો થાય છે. ઘણા પ્રયોગો શોધ સંશોધનોના ફળ સ્વરૂપે શિક્ષણનાં નૂતન ક્લેવરો સ્વરૂપો, પધ્ધતિઓ, પ્રયુકિતઓ અસ્તિત્વમાં આવી અમલી બન્યાં છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી દ્વારા શિક્ષણનું ક્ષેત્રે વિસ્તરણ પામી રહ્યું છે. માહિતી ક્રાંતિ અને ત્વરિત પ્રત્યાયનના માધ્યમોને લીધે વૈશ્વિકરણ હવે શક્ય બન્યું છે. આજના વૈશ્વિક હરીફાઇના સમયમાં બાળકમાં એવી કાર્યકુશળતા હોવી જરૂરી છે કે જે વિષય સિવાયની બાબતોમાં ધ્યાન કેન્દ્રિત કરી શકે. આત્મસાત કરવાની શક્તિ મળે અને તેને લાંબો સમય જાળવી શકે આ બાબતમાં સ્માર્ટક્લાસનો ફાળો ઘણો જ અગત્યનો છે.

<u>શબ્દોની વ્યાખ્યા :</u>

<u>માધ્યમિક કક્ષા :</u>

"માધ્યમિક શાળા એટલે પ્રાથમિક શાળા પછીના અને ઉચ્ચતર માધ્યમિક શાળા પહેલાના વર્ગો ચલાવતી સંસ્થા, ગુજરાત રાજયમાં હાલમાં માધ્યમિક શાળામાં નવ અને દસમી શ્રેણી માટેનું અધ્યાપન કાર્ય થાય છે.

<u>સ્માર્ટક્લાસ :</u>

સ્માર્ટક્લાસ એટલે તેમાં ઇન્ટરેકિટ વ્હાઇટ બોર્ડ અથવા સ્માર્ટબોર્ડનો સમાવેશ થાય છે. તે કમ્પ્યૂટરની જેમ એક સોફ્ટવેર દ્વારા ચાલે છે. તેમાં અનેક વિષયની પાઠ સામગ્રી તેની અભ્યાસ સામગ્રી, શિક્ષણ અંગેની વિવિધ પ્રવૃતિઓ કે પધ્ધતિઓ, આકૃતિઓ તથા સ્ક્રિપ્ટ સામેલ હોય છે. સ્માર્ટબોર્ડને ઇ - બોર્ડ પણ કહે છે. તેને ઇન્ટરનેટ દ્વારા સમુચિત વિષયવસ્તુથી વિદ્યાર્થીઓને લાભાન્વિત કરી શકાય છે.

<u>ગુજરાતી ભાષા શિક્ષણ :</u>

" ગુજરાતી ભાષા શિક્ષણ એટલે શાળાઓમાં શીખવવામાં આવતા વિવિધ વિષયો પૈકીનો એક વિષય છે." ગુજરાતી વિષય માધ્યમિક કક્ષાએ ધોરણ ૯ માં ફરજિયાત વિષય તરીકે શીખવવામાં આવે છે. ગુજરાતી ભાષા શિક્ષણ માટે ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ તરફથી ગુજરાતી વિષયના પાઠયપુસ્તકો પણ તૈયાર કરવામાં આવે છે.

<u>અસરકારકતા :</u>

અસરકારકતા એટલે અધ્યાપન કાર્ય કર્યા બાદ વિદ્યાર્થીઓએ કેટલી સિદ્ધિ પ્રાપ્ત કરી તેની તપાસ મૂલ્યાંકન કસોટીના સંદર્ભમાં મેળવેલ શૈક્ષણિક સિધ્ધિ પ્રાપ્તાંક પરથી નક્કી કરવું.

<u>સંશોધનનાં હેતુઓ :</u>

(૧) ધોરણ ૯ના વિદ્યાર્થીઓ પર સ્માર્ટક્લાસ દ્વારા ગુજરાતી ભાષા શિક્ષણની અસરકારકતા તપાસવી.

(૨) ધોરણ ૯ ના વિદ્યાર્થીઓ પર સ્માર્ટક્લાસની જાતિયતા પર અસર તપાસવી.

<u>સંશોધનની ઉત્કલ્પના :</u>

(૧) પ્રાયોગિક જૂથ ૧ (ધોરણ ૯) ' સંજ્ઞા 'ના પૂર્વકસોટી અને ઉત્તરકસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.

(૨) પ્રાયોગિક જૂથ ૧ ના છોકરાઓ છોકરીઓની વચ્ચેના સરાસરી લંબદ્ધિઆંક વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.

<u>સંશોધનમાં સમાવિષ્ટ ચલો :</u>

ક્રમ	ચલો	ચલનું સ્વરૂપ
૧.	**સ્વતંત્ર ચલ**	શિક્ષણ પદ્ધતિ :- ૧. સ્માર્ટક્લાસ દ્વારા અધ્યાપન
૨.	**પરતંત્ર ચલ**	ઉત્તરકસોટીના મેળવેલ પ્રાપ્તાંકો
૩.	**અંકુશિત ચલ**	૧.કક્ષા – ધોરણ – ૯ ૨. વિષય – ગુજરાતી ૩.વિષયાંગ - સંજ્ઞા

<u>વ્યાપવિશ્વ :</u>

માધ્યમિક કક્ષાએ ધોરણ ૯ માં ગુજરાતી માધ્યમમાં ગુજરાતી વિષયમાં અભ્યાસ કરતા નવસારી શહેરના શૈક્ષણિક વર્ષ ૨૦૧૭ ના તમામ વિદ્યાર્થીઓ પ્રસ્તુત સંશોધન માટે વ્યાપવિશ્વ હતું.

<u>નમૂના પસંદગી :</u>

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પસંદગીની રીતે નવસારી શહેરની એ.બી માધ્યમિક શાળાની પસંદગી કરેલ છે. જેમા શૈક્ષણિક વર્ષ ૨૦૧૭ ના ધોરણ ૯ માં અભ્યાસ કરતા કુલ ૮૦ વિદ્યાર્થીઓમાંથી રેન્ડમ પદ્ધતિ દ્વારા ૪૦ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા. તેમાં ૨૦ છોકરાઓ અને ૨૦ છોકરીઓની પસંદગી કરવામાં આવી હતી.

સંશોધન યોજના :-

પ્રસ્તુત સંશોધનની અસરકારકતા ચકાસવા માટે ' એક જૂથ પૂર્વકસોટી – ઉત્તરકસોટી યોજના' પસંદ કરેલ છે.

ઉપકરણ :-

૧. પ્રાયોગિક ઉપકરણ :- સ્માર્ટક્લાસ કાર્યક્રમ

૨. માહિતી એકત્રીકરણ માટે ઉપકરણો :- સ્વ.રચિત લક્ષ્યકસોટી

માહિતી એકત્રીકરણની પ્રવિધિ :-

સ્માર્ટક્લાસની પ્રયોગ વિધિ

શાળા	દિવસ	જૂથ	કાર્ય	સમય
એ.બી	મંગળવાર	પ્રાયોગિક જૂથ	પૂર્વકસોટી	૩૦ મિનિટ
માધ્યમિક	તા.૨૯/૮/૨૦૧૭	ધોરણ - ૯	સ્માર્ટક્લાસ દ્વારા અધ્યાપન	૭૦ મિનિટ
શાળા	તાસ: ૩,૪	' સંજ્ઞા '	ઉત્તરકસોટી	૩૦ મિનિટ

માહિતીનું પૃથક્કરણ :-

સારણી – ૧

પ્રાયોગિક જૂથ ૧ ના પૂર્વકસોટી – ઉત્તરકસોટીના સરાસરી પ્રાપ્તાંકોની તુલના

જૂથ	**પ્રાયોગિક જૂથ ૧**	
કસોટી	**પૂર્વકસોટી**	**ઉત્તરકસોટી**
સંખ્યા	૪૦	૪૦
સરાસરી	૪.૮	૨૧.૧
પ્રમાણ વિચલન	૨.૬૨	૩.૩૫
મધ્યકના તફાવતની પ્રમાણ ભૂલ	૦.૪૬	
સહસંબંધ	૦.૫૦	
' ટી' મુલ્ય	૩૫.૫૨	
સાર્થકતાની કક્ષા	સાર્થક	
ઉત્કલ્પનાનો સ્વીકાર કે અસ્વીકાર	અસ્વીકાર	

૦.૦૧ કક્ષાએ અર્થસૂચક છે.

સારણી – ૧ પ્રમાણે ગણતરી દ્વારા પ્રાયોગિક જૂથ ૧ માં પ્રાપ્ત થયેલ ' ટી' મૂલ્ય ૩૫.૫૨ છે અને જે સારણી ' C' દ્વારા પ્રાપ્ત થયેલા ૦.૦૧ કક્ષા માટેની કિંમત ૨.૫૮ કરતા વધારે છે. આથી

પ્રાયોગિક જૂથ ૧ ના પૂર્વકસોટી – ઉત્તરકસોટી પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ નો અસ્વીકાર થાય છે. આથી અર્થઘટનમાં કહી શકાય કે વિદ્યાર્થીઓને સ્માર્ટક્લાસ દ્વારા અધ્યાપનની અસરકારક્તા જોવા મળી હતી.

સારણી – ૨

પ્રાયોગિક જૂથ ૧ નાં છોકરાઓ અને છોકરીઓના સરાસરી લંબદ્ધિઆંકની તુલના

જૂથ	**પ્રાયોગિક જૂથ ૧**	
જાતિયતા	**છોકરા**	**છોકરી**
સંખ્યા	૨૦	૨૦
સરાસરી	૧૫.૫૫	૧૭.૫
પ્રમાણ વિચલન	૩.૪૪	૨.૦૬
મધ્યકના તફાવતની પ્રમાણ ભૂલ	૦.૬૨	
‘ ટી’ મૂલ્ય	૧.૬૭	
સાર્થકતાની કક્ષા	અસાર્થક	
ઉત્કલ્પનાનો સ્વીકાર કે અસ્વીકાર	સ્વીકાર	

૦.૦૫ કક્ષાએ અર્થસૂચક નથી.

પ્રાયોગિક જૂથ ૧ નાં છોકરાઓ અને છોકરીઓના સરાસરી લંબદ્ધિઆંક વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહિનો સ્વીકાર થાય છે. આથી કહી શકાય કે છોકરાઓ અને છોકરીઓ માટે સ્માર્ટક્લાસ દ્વારા અધ્યાપન સરખો અસરકારક્તા રહ્યો હતો.

તારણો :-

૧. ધોરણ – ૯ માં ગુજરાતી વિષયમાં ‘ સંજ્ઞા’ (વ્યાકરણ) ના અધ્યાપન માટે સ્માર્ટક્લાસ અસરકારક રહ્યો હતો.

(૨) પ્રાયોગિક જૂથ ૧ નાં છોકરાઓ અને છોકરીઓ માટે સ્માર્ટક્લાસ કાર્યક્રમ એક સમાન અસરકારક જોવા મળ્યો હતો.

ઉપસંહાર: -

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય ઉદેશ માધ્યમિક કક્ષાએ સ્માર્ટક્લાસ દ્વારા ગુજરાતી ભાષા શિક્ષણની અસરકારક્તા તપાસવા માટે માહિતીનું એકત્રીકરણ અને પૃથક્કરણ કરતાં માધ્યમિક કક્ષાએ ધોરણ – ૯માં ગુજરાતી વિષયમાં સ્માર્ટક્લાસ કાર્યક્રમ અસરકારક જોવા મળ્યો છે. તેથી શિક્ષણ કાર્યમાં ગુણવત્તા સુધારણામાં સ્માર્ટક્લાસનો ઉપયોગ આવકાર્ય બનશે.

સંદર્ભસૂચિ

ઉચાટ,ડી.એ.(૨૦૦૦). ***સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ,*** રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી. ગુજરાત રાજ્ય.

શાહ,ડી.બી.(૨૦૦૯). ***શૈક્ષણિક સંશોધન (દિશાદર્શન)*** . અમદાવાદ : પ્રમુખ પ્રકાશન.

સિંહ, યુ.ડી. (૨૦૦૮). ***સંશોધન અહેવાલ લેખન માર્ગદર્શિકા.*** બરેલી : દીપિકા પ્રકાશન .

તલાસીયા, એસ . (2016) ***Effectiveness of Smart Class for Teaching on the Achievement of***

 ISBN : 978-81-938282-1-2

Accounts of Higher Secondary School Students. International Journal of Science and Research on December 12,2016, www.ijsr.net

માલી, બી.(૨૦૧૩). ***Effectiveness of Smart Class for Teaching Sanskrit Grammar.*** International Journal of Research in Education on Ap
ril 4, 2013, www.raijmr.com.

 ISBN : 978-81-938282-1-2

સિંધુખીણ સભ્યતાની ભાષા એ તેની ચિત્ર લિપિ અને તેના ચિત્રો

ડૉ.સોનલ એલ. ચૌધરી
આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

આ સંસારમાં ભાષા અને લિપિમાં હંમેશાં પરિવર્તન થતું રહ્યું છે. ભાષા અને લિપિ માનવ વિકાસના અભિન્ન અંગ છે. ભાષા લિપિ વગર અને લિપિ ભાષા વગર જીવંત નથી રહી શકતા. લિપિ ભાષાનું વાહન છે. મનુષ્યની વચ્ચે પરંપરાગત દૃષ્ટિગત ચિહનોના માધ્યમથી વિચારોની અભિવ્યક્તિ જ લખાણ કહેવાય છે. કોઈપણ લખાણ માટે વર્ણમાલાનું હોવું અત્યંત આવશ્યક છે. લિપિ-ભાષા કેટલાક નિર્ધારિત ચિહનના રૂપમાં પ્રતિનિધિનું કામ કરે છે.

અનેક વિદ્વાનો સિંધુખીણ લિપિને ઉકેલવાને પ્રયત્ન કરી રહ્યા છે પણ હજુ સફળતા મળી નથી. કેટલાક વિદ્વાનો આ લિપિને ચિત્રલિપિ તરીકે ઓળખાવે છે. સિંધુલિપિના કુલ 400 મુદ્દાના આધારે ચિત્ર સંકેત પ્રાપ્ત થયેલ છે. જે પુરાવા મુદ્રા, મુદ્રાંકનો, માપપટ્ટીઓ, માટીના વાસણો વગેરે ઉપરથી મળે છે. લાંબામાં લાંબુ લખાણ માત્ર 17 ચિહનોનું જ છે.

1. **લિપિ** :

કોઈપણ ભાષાની લિપિઓ વાઙ્મયમાં પ્રવેશ કરવા માટે નદીઓની સમાન હોય છે. આ તથ્યનું ઉન્મીલ કવિકુલ ગુરૂ મહાકવિ કાલિદાસે પોતાના રઘુવંશ નામના મહાકાવ્યમાં ઘણા માર્મિક શબ્દોથી કરેલ છે. જે આ મુજબ છે ,

" **स वृतचूलश्चलकाकपक्ष्कैश्मात्यपुत्रैः सवैयोभिरन्वितः ।**

लिपेयँथावदग्रहणेन वाङ्मयं नदीमुखेनेव समुद्रमाविशत् ।।" (રઘુ. ૩. ૨૮)

અથાર્ત સમુદ્રમાં પ્રવેશ કરવા માટે જેવી રીતે અનંત નદીઓ સાહસ કરે છે. એવી જ રીતે વાઙ્મયમાં પ્રવેશ કરવા માટે લિપિરૂપી નદીઓનું સાહાચ્ય લેવામાં આવે છે.

કોઇપણ ગુઢ લિપિનું રહસ્યોદ્દઘાટન કરવા માટે એની ભાષાની જાણકારી અતિ આવશ્યક છે. અગર લિપિનું જ્ઞાન હોય, તો ભાષા સમજી શકાય છે પરંતુ અગર ભાષા અને લિપિ બંને અજ્ઞાન હોય તો અભિલેખને ઉકેલી શકવું અસંભવ છે.

લિપિઓના પાંચ પ્રકાર છે.....જેમ કે (૧) ચિત્રાત્મક લિપિ, (૨) ભૂણ લિપિ, (૩) ભાવાત્મક લિપિ (૪) ધ્વન્યાત્મક લિપિ તથા (૫) સૂત્રાત્મક લિપિ

2. **ચિત્ર લિપિ** :

પ્રાચીનકાળમાં મનુષ્યોએ પોતાના વિચારો વ્યક્ત કરવા માટે તથા દૂરના સ્થાનો પર સંદેશ મોકલવા માટે, રોજના જીવનમાં ઉપયોગી વસ્તુઓના ચિત્રોને માધ્યમના રૂપમાં પ્રયોગ કર્યો એને ચિત્રાત્મક કહેવામાં આવ્યું, અર્થાત્ ચિત્રોના માધ્યમથી વિચારોની અભિવ્યક્તિ કરવાની પ્રક્રિયાને ચિત્રાત્મક લિપિ કહેવામાં આવે છે. આજે પણ આ લિપિનો પ્રયોગ ચાલક માટે માર્ગ ચિહનો સૂચવવા તથા અન્યકાર્ય માટે થાય છે.

મહાદેવનએ કાસ્યકાલ (૩૦૦૦-૧૫૦૦ઈ.સ.પૂર્વ)ની વચ્ચેમાં વિકસિત ચિત્રાત્મક લિપિઓમાં સિંધુલિપિને પણ મહત્ત્વપૂર્ણ સ્થાન આપ્યું છે. ચિત્રાત્મક લિપિના કેટલાક ચિહ્નો આ પ્રકાર છે.



મિશ્ર અને સુમેરિયાની ચિત્રલિપિને ઉકેલવાનું કામ સફળ થયું છે.

3. સિંધુ લિપિ માટે અલગ-અલગ મંતવ્યો.

રજની યાદવે પોતાની પુસ્તક "**प्राचीन भारत का इतिहास**" **માં લખ્યું છે કે** "સિંધુલિપિ વર્ણાત્મક નથી પરંતુ ચિત્ર લેખાત્મક છે. નવીન શોધોના અનુસાર લિપિ **ડાબી** તથા **જમણી** બંને તરફથી લખવામાં આવે છે. ગજાનન માધવ "મુક્તિબોધ" **भारत इतिहास और संस्कृति** માં લખે છે કે 'એમની લિપિ હજી સુધી ઉકેલાઈ નથી એ એક પ્રકારની ચિત્ર લિપિ છે.' મખ્ખનલાલ "પ્રાચીન ભારત" માં લખે છે કે "કેટલાક વિદ્વાન આનો સંબંધ દ્રવિડ ભાષાઓથી જોડે છે અને કેટલાક અન્ય ભારતીય આર્ય ભાષા અને સંસ્કૃતથી હડપ્પા લિપિમાં ૪૦૦ થી ૫૦૦ સુધીના સંકેત ચિહ્ન છે અને સામાન્ય રીતે એ માનવામાં આવે છે આ વર્ણમાળા વાળી લિપિ નથી. કેટલાક વિદ્વાનોને શંકા છે કે હડપ્પા અભિલેખ શબ્દાક્ષરિત લેખન-પ્રણાલી પ્રસ્તુત કરે છે. જ્યાં બે યા વધારે સંકેત ચિહ્નોનો અનુક્રમ અથવા તો એક પૂર્ણ શબ્દ અક્ષર અથવા ધ્વનિ અને ક્યારેક ક્યારેક તો કેટલાક શબ્દો અને વ્યાકરણ-સૂચક ચિહ્નનો ઉપયોગ થાય છે. સુમનબહેન પંડ્યા "ભારતનો ઈતિહાસ (પુરાવશેષીય' પુરાવા ઉપર આધારિત) માં લખે છે કે પરપોલા અને કોનોરોટેવ જેવા સ્કેન્ડિનેવિયન અને રશિયન વિદ્વાનો તેને આદ્ય-દ્રવિડ લિપિ માને છે. જયારે એસ. આર. રાવ. અને અન્ય ભારતીય વિદ્વાનો તેને ભારતીય આર્ય લિપિ ગણે છે. પરપોલના મતે ૨૦૦ જેટલા સયુંકત ચિહ્નો જણાય છે. એસ. આર. રાવને મતે ઈ.સ.પૂર્વે ૧૫૦૦માં અક્ષરાનુસારી શ્રુત્યાત્મકમાંથી આ લિપિ વર્ણાત્મક થઇ. લાલના સંશોધનથી સાબિત થયેલું છે કે આ લિપિ જમણીથી ડાબી બાજુ લખાતી હતી. જયારે બીજી લીટી ડાબી બાજુથી શરુ થતી હતી. ખેતર ખેડતા બળદોની ગતિ પ્રમાણે તે એક છેડેથી બીજે છેડે જતી હોઈને તેને બલીવર્દાવર્તનાત્મક પ્રમાણે લખાતી લિપિ કહી શકાય. ડૉ. અજયકુમાર પાંડેની પુસ્તક **प्राचीन भारतीय इतिहास लेखन, प्रमुख प्रवृतिया एव प्रविधियों** માં હડપ્પા સભ્યતાના ઉત્ખનનથી પૂરા તત્ત્વવિદ્વાનોને જે લિપિનું જ્ઞાન થયું, એને કેટલાક વિદ્વાનો એ ચિત્રલિપિ, કીલાક્ષર લિપિ વગેરે નામ આપ્યા છે. હડપ્પા અથવા સિંધુ લિપિને એલ. એ. વૈડેલ, પ્રાણનાથ, સ્વામી શંકરાનંદ, બે. મા. વરૂઆ, પાદરી એચ. હૈરાસ, ડૉ. એસ. આર. રાવ વગેરેએ ઉકેલવાના પ્રયાસ કર્યા છે. સૈન્ધવ લિપિના ઉદ્દવાચનમાં કમ્પ્યૂટરથી વાંચવાનું કાર્ય ગૈડ, સિડની, સ્મિથ, ભૈગ્ડન, હન્ટર તથા અહમદ હસન દાનીએ પ્રયત્ન કર્યા અને લૈગ્ટન તથા હન્ટરે અશોકીય લિપિ તથા સિંધુલિપિમાં કેટલાક સંબંધ શોધવાનો પ્રયાસ કર્યો છે. નવીનતમ્ પ્રયાસ ડૉ. એસ. આર. રાવનો છે જેમણે સિંધુલિપિના અક્ષરોને

પ્રતીકાત્મક લિપિ માન્યું છે જે ડાબીથી જમણી લખવામાં આવતી હતી અને હડપ્પાલિપિ તથા અશોકીય લીપીમાં કતિપય સમાનતાઓને પ્રસ્તુત કર્યું. ડૉ. પ્રહ્યાકર મિશ્રએ "**सिन्धुलिपि एवम भारत की अन्य लिपिया**" માં લખ્યું છે કે સિંધુલિપિનું રહસ્યોદ્ઘાટનનો પ્રયાસ કરવાવાળા વિદ્વાવાનોમાં આઈ. મહાદેવનો પ્રયાસ પ્રશંસનીય છે તથા સર્વાધિક ઉપયોગી તથા મહાન છે. અન્ય વિદ્વાનોનાં નામ આ પ્રકારે છે, જી. આર. હન્ટર, પ્રો. ડબ્લ્યુ. એમ. ફિલન્ડર્સ પેટ્રી, એલ. એ. બફલ રેવરેન્ડ, એચ. હેરાસ, એસ્કો, પરપોલા ઉપરાંત સિમો પરપોલા, ક્રોસ કેન્નીસી, પી. આલ્ટી, એરસ્ટ ડબ્લોકર, હેબસી, બી. હેરોજની, જોન ન્યુવેરી, એસ. આર. રાવ, નટવર જા, ડૉ. પ્રાણનાથ, સુધાંશુ કુમાર રે, રાજમોહન નાથ, હાર. પી. મરગ્ગી, સ્વામી સહજાનંદ, ડૉ. ફતેહ સિંહ, એમ. વી. એન. કૃષ્ણારાવ, એસ. એલ. વાકણ્કર, ડી. એમ. બરુઆ, એસ. પર્ણવિતાન, બાકે બિહારી ચક્રવર્તી, શહર હાજરા, અરુણ પાઠક તથા એન. કે વર્મા.

સિંધુલિપિ ચિત્રાત્મક લિપિ છે કે ધ્વન્યાત્મક લિપિ છે? આના વિશે વિદ્વાનોમાં મતભેદ છે તથા ભિન્ન-ભિન્ન વિદ્વાનોની ભિન્ન-ભિન્ન ધારણાઓ છે. આઈ મહાદેવને પોતાની પુસ્તક **'INDUS SCRIPT CONCORDANCE AND TEXT"** માં એને ચિત્રાત્મક લિપિ કીધી છે. જી. આર. હન્ટરે પોતાની પુસ્તક **'THE SCRIPT OF HARRAPA AND MOHENJODARO'** માં એને ધ્વન્યાત્મક કીધી છે. તથા એની ઉત્પતી ભાવાત્મક અને સંકેતાત્મકથી માનવામાં આવી છે. આર. એચ. હેરાસના અનુસાર સિંધુ લિપિ ચિત્રાત્મક લિપિ છે. ગફ તથા સ્મિથએ પણ ચિત્રાત્મક લિપિ માની છે.

"**प्राचीन भारत का इतिहास**" માં ડૉ. કૈલાસ ખન્નાએ કહ્યું છે કે ડૉ. વાડેલ, પ્રો. હન્ટર ડૉ. ડીરીજજર, ડૉ. લોન્ગડમ અને શ્રી એસ. આર. રાવ તથા નવીનતમ વિદ્વાનોમાં જર્મન વિદ્વાન ઈર્ગબર્ટ રીચર્ટર ઉશાન જેમને ઋગ્વેદના આધાર પર આને વાંચવાની કોશિશ કરી છે અને શ્રી રામસિંહ સવેરાની શોધખોળ પણ એમાં સામેલ છે. એવા કોઈ પ્રમાણ નથી જેનાથી આ લિપિને કોઈ એક વિશેષ લિપિ સાથે સંબંધીત કરવામાં આવે. ડૉ. રાય કે મતાનુસાર આની ભાષા અને લિપિનો સંબંધ આર્યોની ભાષા અને લિપિ સાથે છે. **प्राचीन सभ्यताऐ** માં નેમિશરણ મિતલ લખે છે કે હડપ્પા સભ્યતા માટે આ વિવરણ એ કાળની લિપિ અને ભાષાનો ઉલ્લેખ કર્યા વગર અધૂરો રહી જશે. આ લિપિને બ્રાહ્મી લિપિ નામ આપવામાં આવ્યું છે તથા હજી સુધી એને વાંચવાના પ્રયાસોમાં એટલી સફળતા નથી મળી કે જેને આમ તોર પર સ્વીકાર કરવામાં આવે છે.

4. સિંધુલિપિ એક ચિત્ર લિપિ તરીકે

અનેક વિદ્વાનો સિંધુખીણ લિપિને ઉકેલવાનો પ્રયત્ન કરી રહ્યા છે, જેમાં અંશત સફળતા મળી છે કેટલાક વિદ્વાનો એને ચિત્રલિપિ કે ચિત્ર લેખાત્મક લિપિ તરીકે ઓળખાવે છે સિંધુલિપિમાં લગભગ ૪૦૦ થી પણ વધારે ચિત્ર સંકેત પ્રાપ્ત થયેલ છે. આ લિપિ જમણીથી ડાબી તરફ લખાતી હતી જ્યારે બીજી પંક્તિ ડાબીથી શરૂ કરી જમણી તરફ લખવામાં આવતી.

ભારતીય સંસ્કૃતિની વિશ્વસ્ત ગરિમા આ જ પ્રાચીન મુદ્રાઓની દેન છે કારણ કે જ્યાં ઇતિહાસકાર પ્રાચીન ભારતીય સાહિત્યથી ઈતિહાસના કોઈ પક્ષથી અજાણ રહે છે ત્યાં જ પ્રાપ્ત મુદ્રાઓની સહાયથી સાહિત્યમાં અજાણ એ પક્ષો પર પ્રકાશ પડે છે જેનાથી ઈતિહાસ લેખનને પૂર્ણતા મળે છે. એમની મુદ્રાઓમાં જ્યાં મનુષ્ય અને વિભિન્ન પશુઓના ચિત્ર છે ત્યાં એમની સાથે કેટલાક

લેખ પણ અંકિત છે. આ મુદ્રાઓ નાની, ચપટી, વર્ગાકાર, ચૌકોર વસ્તુઓ જેના પર પશુ-આકૃતિઓ અંકિત છે અને કેટલુંક લખાણ પણ જોવા મળે છે. એવું પ્રતીત થાય છે કે મુદ્રાઓ જેની સંખ્યા લગભગ બે હજાર છે, એ વ્યાપારીઓના પ્રતિક ચિહ્ન છે અથવા એ પણ સંભવ છે કે આનો સંબંધ ગ્રામીણ ઉપજથી રહ્યો હોય જે નગરમાં લાવવામાં આવતી હોય. મોહેંજો દડો, લોથલ અને કાલીબંગાથી રાજમુદ્રા પણ પ્રાપ્ત થઇ છે, જેનાથી એ જાણકારી મળે છે કે આ મહોરો અને મુદ્રાઓના ઉપયોગ વ્યાપારિક ક્રિયાકલાઓથી બહાર મોકલવામાં આવતી ગાંઠો પર છાપ લગાવવા માટે થતો હશે. સેલખડીનો મહોરો માટે સૌથી વધારે ઉપયોગ કરવામાં આવેલ છે. મુદ્રાઓમાં મળેલ લેખ મોટાભાગે ઘણા નાના અને થોડાક અક્ષરોના છે, કેટલાકમાં તો એક જ સંકેત ચિહ્ન છે. મુદ્રા ઉપર ઉભેલો એક શૃંગી પ્રાણી (આખલો) તથા લિપિની પંક્તિમાં સૌથી સામાન્ય જણાય છે તે નાની લંબચોરસ મુદ્રા ઉપર માત્ર લિપિ જ જોવા મળે છે. માત્ર ગઢવાડી (કચ્છ) માંથી આવતી એક મુદ્રામાં લિપિ સાથે જ કૂતરો (ઘોડો?) ઉત્કીર્ણ કરેલો જોવા મળે છે. તેના મુદ્રાંકનો ઉપર લિપિ પંક્તિ અને પશુની કે માનવની આકૃતિઓ જોવા મળે છે. મુદ્રાઓ-મુદ્રાકનો ઉપરાંત અન્ય સામગ્રીમાં તામ્રપટ્ટીઓ, કુલ્હાડીઓ અને મૃદ્રભાંડો વગેરે પર ચિત્ર સંકેત જોવા મળ્યા છે.

ચિત્રોના બે પ્રકાર રહેતા : (૧) ભૌમિતિક, (૨) કુદરતી. વાસણો ઉપર જોઈએ તો કાળા રંગથી ભારે પીંછી વડે આંકડા, તોરણ, ઊભી, નિસરણી, દાંતિયા અને શતરંજના પાના જેવા ભૌમિતિક ચિત્રથી સુશોભન કરવામાં આવતું. ઘણીવાર વાસણ પર લિપિ જેવી કોતરેલી લીટીઓ પણ જોવા મળે છે. કુદરતી ચિત્રોમાં પીપળાનું પાન તથા ઝીણા પાનવાળી ડાળખીઓ જોવા મળે છે બધા ચિત્રો ખૂબ જ વાસ્તવિક રીતે દોરાંતા, કાંચકી તથા સૂર્ય જેવા ચિત્રો અન્ય ચિત્રોની સાથે દોરેલા જોવા મળે છે. ચિત્ર સુશોભનમાં વિવિધ ભૌમિતિક આકૃતિઓ, વનસ્પતિઓ, પ્રાણીઓ, પક્ષીઓ અને કવચીત્ માણસો દોરવામાં આવતા. ભૌમિતિક ચિત્રોમાં વાંકીચૂકી લીટીઓ, સીધા પટ્ટા, સીધી લીટીઓ, જાળી વાળા ત્રિકોણો, વર્તુળો, ચોકઠાં, લાદીભાત, તોરણભાત, ઊભાપટ્ટા, સુર્ય વગેરે દોરતા.

5. સિંધુખીણની લિપિમાં ચિત્રો-મુદ્રામાં જોવા મળતી તેની શિક્ષણ પદ્ધતિ અને વ્યાપાર-ધંધા (આર્થિક સ્થિતિ) :

સિંધુ ઘાટી સભ્યતાના લોકો મિશ્ર અને સુમેરિયાની જેમ લેખન કલાથી પરિચિત હતા. લિપિની ઉપસ્થિતિ, દશમલવ-પ્રણાલીની જાણકારી હોવી, વિભિન્ન બાટ ઉપસ્થિતિ હોવા અને માપનનું જ્ઞાન હોવું વગેરે એ જ્ઞાનનું પ્રમાણ રજૂ કરે છે કે હડપ્પા-નિવાસી શિક્ષિત હતા. શિક્ષણ શું વ્યવસ્થા હતી તેના કોઈ પુરાવા નથી મળતાં. એમના વડે શિક્ષિત હોવાની અભિવ્યક્તિ સ્વરૂપે અભિલેખિત મુદ્રાએ, તામપત્ર તથા છાપો પ્રાપ્ત થયા છે. એ હજી સુધી ઉકેલી શકયા નથી.

માટીના વાસણો ઉપર દેશી વહાણોના ચિત્રો રૂપી ઘણા પુરાવા મળે છે. મોહેં-જો-દડોમાંથી મળેલી મુદ્રા ઉપર પણ તેના તરાપા જેવી હોડીનું ચિત્ર જોવા મળે છે. મોહેં-જો-દડોમાંથી મળેલા એક વાસણ ઉપરના ચિત્ર પ્રમાણે દરિયાઈ વાહનના બે ઊંચા છેડા અંદરના ભાગે વળેલા રહેતા. લોથલમાંથી પણ માટીનાં વાસણ ઉપર દોરેલું ઘણાં હલેસાવાળુ એક વહાણનું ચિત્ર મળી આવેલ છે

જે એની દરિયાઈ વ્યાપારિક પદ્ધતિને દર્શાવે છે. લોથલમાંથી મળેલા એકી સાથે ત્રણ જુદા-જુદા મુદ્રાંક દર્શાવે છે કે કદાચ વ્યાપાર ભાગીદારીમાં પણ થતો હશે.

લોથલમાંથી માટીના વાસણ ઉપર કેળ, ઘઉં જેવા છોડનું ચિત્ર પણ જોવા મળે છે જે ત્યાંના લોકો ખેતી સાથે જોડાયેલ હતા તેનો નમૂનો રજૂ કરે છે. આ ઉપરાંત માછલી પકડવાની જાળ લઈને જતો માણસ તથા ગધેડો જેવા પ્રાણી સાથે ઉભેલો કુંભાર જેવા માણસ સહિતના ચિત્ર મોહેં-જો-દડો તથા દદ (રાજકોટ જિલ્લો) માંથી મળી આવે છે.

6. સિંધુ-ઘાટી ચિત્ર લિપિમાં સંગીત અને ધર્મ :

ઐતિહાસિક કાળમાં સંગીતનું ઐતિહાસિક દર્શન આપણને સિંધુ નદી-ઘાટી સભ્યતામાંથી થાય છે. આ અતિ પ્રાચીન સભ્યતાની સૂત્રબદ્ધ ઐતિહાસિક સામગ્રી ઉપલબ્ધ નથી છતાં પુરાતત્વીય શોધખોળોના માધ્યમથી જે સામગ્રી ઉપલબ્ધ થાય છે તેનું સંગીત કળામાં વ્યાપક મહત્ત્વ છે તત્કાલિન જીવનમાં સંગીતનું પર્યાપ્ત પ્રચલન હતું. ધાર્મિક અને સામાજિક સમારોહોના અવસરો પર ગીત, વાદ્ય, નૃત્યના દ્વારા લોકોનું મનોરંજન કરવામાં આવતું. ગીત અને નૃત્યની સાથે-સાથે કેટલાંક પ્રમુખ વાદ્ય યંત્રોની જાણકારી આ સભ્યતાથી મળે છે. ઢોલ, દુન્દુભી, ઝાંઝ, કરતાલ વગેરે પ્રમુખ વાદ્ય યંત્રોનો પ્રયોગ સિંધુ સભ્યતા કાલીન મનુષ્ય કરતાં હતા. ફિયાસના એક તાવીજ ઉપર એક મનુષ્ય ઢોલ વગાડે છે અનેક કેટલાંક નૃત્ય કરે છે. ફિયાસની જ એક મુદ્રા પર ઢોલ જેવી એક વસ્તુ છે, જેની ચારો તરફ લોકો છે, એક મનુષ્ય એને વગાડી રહ્યો દેખાય છે. બે મુદ્રાઓ પર મૃદંગ (ડમરું) જેવી કોઈ વસ્તુ છે, બીજી એક મુદ્રા પર એક એવી સ્ત્રીનું ચિત્રણ છે જેણે પોતાની બગલમાં ઢોલને દાબી રાખ્યો છે. મુદ્રાઓ અથવા તાવીજો પર પણ કેટલીક એવી વસ્તુઓનું ચિત્રણ છે જેને વીણા માની શકાય.

મોહેં-જો-દડોમાંથી મળી આવેલ મુદ્દા ઉપર રજૂ થતાં યોગ મુદ્રાવાળા યોગાસનમાં બેઠેલા અને પશુથી ઘેરાયેલા પશુપતિ જોવા મળે છે. એમની મુદ્રાસન વગેરે જોતાં તે અગત્યનું સ્થાન ધરાવતા હશે. મુદ્રાઓ ઉપર અનેકવાર દેખાતો એક શૃંગી (હકીકતમાં બે શૃંગી) આખલો, અર્ધ માનવ-પ્રાણીઓ, વૃક્ષમાં બેઠેલી માનવાકૃતિઓ વગેરે દૈવી સ્વરૂપ ધરાવતા હશે. કેટલીક મુદ્રાઓ ઉપર સ્વસ્તિકનું અંકન જોવા મળે છે. તો કેટલીક મુદ્રાઓ ઉપર માતૃકાની ચિત્રાકૃતિ જોવા મળે છે. સમગ્ર ગુજરાતમાંથી હડપ્પીય કાળના ધર્મના પુરાવા માત્ર લોથલમાંથી જ પ્રાપ્ત થાય છે, કારણ ગુજરાતમાં કોઈપણ સ્થળેથી હડપ્પીય મૂળભૂમિ જેવી માતૃકાઓ કે યોગાસનમાં બેઠેલા પશુપતિ જેવી મુદ્રાઓ હજુ સુધી મળી નથી. પકૃતિ પૂજામાં હાથીને યોગીની મુદ્રા પર દેખાડવામાં આવ્યો છે. પશુપતિની મુદ્રા પર વાઘ આ ઉપરાંત મયૂર, મકર, નાગ, પીપળો, સૂર્યકિરણનું ચિત્ર વિવિધ સ્વરૂપમાં જેવું કે કિરણ યુક્ત વૃત્ત ચક્ર, એક વૃત પર સાત ત્રિકોણીય પરંતુ નુકીલી કિરણો છે અને તે વનસ્પતિની વચ્ચે પ્રકાશિત થાય છે. સંભવત એ વાતનો સંકેત કરે છે સૂર્યના સાત કિરણો જ વનસ્પતિ અને અન્ન વગેરેની સર્જકતા માટે ઉત્તરદાયી છે.

7. ચિત્રોમાં પશુ-પંખી અને કુદરતી સંપત્તિ :-

લોથલની મુદ્રાઓ ઉપર મોટાભાગે એક પંક્તિવાળું લખાણમાં, મોટી ખૂંધવાળો, ભારે ગોદડીવાળો વૃષભ અથવા એક શૃંગી, (હકીકતમાં બે શૃંગી) આખલા જેવું પ્રાણી જોવા મળે છે.

દાઢીવાળો રાની બકરાઓ એ ગુજરાતની વિશિષ્ટતા છે. આ બધાં પ્રાણીઓને લોકોના દૈનિક જીવન તથા કોઈ દંતકથાઓ સાથે સંબંધ હોવાની શક્યતા છે ગઢવાલી વાડીની મુદ્રાનું મહત્તવ એ છે કે તેમાં કૂતરા કે ઘોડા જેવું પ્રાણી લિપિ પંક્તિની સાથે જ જોવા મળે છે. તે જમણી બાજુએ મોં રાખી ઊભું છે. તે સ્પષ્ટ દર્શાવે છે કે લિપિ જમણીથી ડાબી બાજુએ લખાતી. બીજી પ્રાણી આકૃતિઓમાં હરણ, સાબર, વાંકડિયા શીંગવાળો આખલો, ખૂંધ અને શીંગવાળું પ્રાણી, સાપ, માછલી, બતક, કબૂતર, કાળિયાર, હરણ, કુંભાર સાથે ઉભેલો ગધેડો, સાદો મોર, સારસની જોડી, કાગડો, માછલીઓ, વાંદરો વગેરે ચિત્રો દોરતા. મોરનું ચિત્ર ઘણું સામાન્ય જણાય છે. તાડનું ઝાડ, પાન તથા ઝીણી પાદંડીવાળી ડાળખીઓ, મોટા પાનની ડાળખી, પીપળાનું પાન વેગેરેના ચિત્રો જોવા મળે છે.

સમાપન :

લોથલમાં માટીનાં વાસણ ઉપર કેળા તથા ઘઉંના છોડનું ચિત્ર જોવા મળે છે. આથી તેની ખેતી થતી હશે એમ કહી શકાય. એજ રીતે ત્યાંથી મળી આવેલા કૂતરા, આખલો વગેરે પ્રાણીઓના ચિહ્નો એ પુરાવો પાડે છે કે ત્યાં આ બધા પશુનું અસ્તિત્વ હતું. મોહેં-જો-દડોમાંથી મળી આવેલ મુદ્રા ઉપર રજૂ થતાં યોગ મુદ્રાવાળા યોગાસન બેઠેલા અને પશુથી ઘેરાયેલા પશુપતિ જોવા મળે છે તથા લિંગ અને માતૃકાના ચિહ્નો જોવા મળે છે જે તેના ધર્મ તરફ દૃષ્ટિ કરે છે. માછલી પકડવાની જાળ લઈને જતો માણસ તથા માછલીના ચિત્રો ઉપરથી તેઓ ખોરાકમાં માછલીનો ઉપયોગ કરતા તે જાણવા મળે છે. વાસણો ઉપર કાળારંગની ભારે પીંછી વડે આંકડા, તોરણ, ઊભી, નિસરણી, દાંતિયા અને શતરંજના પાના જેવા ચિત્રો ત્યાંની પ્રજાના શોખને પ્રદર્શિત કરે છે. અનેક મુદ્રાઓ અને માટીનાં વાસણો પર તરાપા જેવી હોડી અને દેશી વહાણોના ચિત્રો તેના દરિયાઈ વેપારની નિશાની સૂચવે છે.

મુદ્રા, મુદ્રાંકનો, માપપટ્ટીઓ, માટીના વાસણો વગેરે ઉપરથી મળેલ ચિત્રોમાંથી ત્યાંની સામાજિક સ્થિતિ, આર્થિક સ્થિતિ અને ધાર્મિક સ્થિતિ જાણી શકાય છે.આમ, તેના ચિત્રો અને ચિત્રલિપિ જ તેની ભાષા છે જે ઉપરથી સિંધુખીણ સભ્યતા રૂપી આપણા આદ્ય-ઈતિહાસને આપણે ઉજાગર કરી શક્યા છીએ.

સંદર્ભસૂચિ :

1. ડૉ. પંડ્યા સુમનબહેન, ભારતનો આદ્ય ઈતિહાસ (પૂરાવશેષીય પુરાવા પર આધારિત), યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
2. थापर रोमिला, भारत का इतिहास, राजकमल प्रकाशन, नई दिल्ली, २०१२.
3. मितल नेमिशरण, प्राचीन सभ्यताए, रिसर्च पब्लिकेशन, नई दिल्ली, २०१२.
4. डॉ. खन्ना कैलाश, प्राचीन भारत का इतिहास, अर्जुन पब्लिकेशन हॉउस, नई दिल्ही, २०१२.
5. यादव रजनी, प्राचीन भारत का इतिहास, डिस्कवरी पब्लिशिंग हाउस प्राइवेट लिमिटेड, नई दिल्ली, २०१०.
6. माधव गजानन, 'मुक्तिधाम', भारत इतिहास और संस्कृति, राजकमल प्रकाशन, नई दिल्ली, २००९.
7. डॉ. परुथी आर. के डॉ. दिया भण्डारी, प्राचीन भारत का इतिहास, अर्जुन पब्लिशिंग हाउस, नई दिल्ली, २००९.
8. लाल मकखन, प्राचीन भारत, रास्ट्रीय शैक्षिक अनुसंधान और प्रशिक्षण परिषद्, नई दिल्ली, २००३.

 ISBN : 978-81-938282-1-2

9. पाठक रश्मि, प्राचीन का सामाजिक इतिहास, अर्जुन पब्लिशिंग हाउस पहला संस्करण, २०१०.
10. डॉ. मिश्र पूनम, प्राचीन भारत में संगीत, अर्जुन पब्लिशिंग हाउस, नई दिल्ली, २००८.

ગુજરાતી સામયિક શબ્દસૃષ્ટિ : વાઙ્મયયિતિક અભ્યાસ : વર્ષ ૨૦૧૪-૨૦૧૬

(Gujarati Journal shabdasrushti : A Bibliometric Analysis)

(Year-2014-2016)

- અંજના પી બારોટ, સંશોધક-રાય યુનિવર્સિટી,ધોળકા-
  મદદનીશ ગ્રંથપાલ,સી.એમ.પટેલ કૉલેજ ઓફ નર્સિંગ,ગાંધીનગર
  Email- anjuias1978@gmail.com
- ડૉ.કિરીટ એચ શુક્લ, માર્ગદર્શક- ગ્રંથપાલ , ગુજરાત સાહિત્ય અકાદમી , ગાંધીનગર

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનું મુખપત્ર " શબ્દસૃષ્ટિ" (ઓક્ટોબર-1983)છેલ્લા ૩૫ વર્ષથી ગુજરાતી સાહિત્યમાં નિયમિત રીતે પ્રસિદ્ધ થાય છે. આ સામયિક ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ અને મૂલ્યનિષ્ઠ સાહિત્યિક સામયિકોમાં પણ સ્થાન ધરાવે છે. ડૉ.સુમનશાહના સંપાદન હેઠળ આરંભાયેલું શબ્દસૃષ્ટિ પ્રવર્તમાન સમય સુધી સંપાદનની સાહિત્યિક ગરિમાને વરીને એક ભૂમિકા પ્રસ્તૃત કરી છે. પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતી ભાષા અને સાહિત્યને સતત જીવંત રાખતા સામયિક "શબ્દસૃષ્ટિ"માં પ્રકાશિત થતાં સાહિત્યનો પદ્ધતિસર વાઙ્મયિતિક અભ્યાસ રજૂ કરવાનો છે. અહીં રજૂ થયેલ સંશોધન લેખમાં ૩૬ અંકનો અભ્યાસ વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૬ દરમિયાન આવરી લેવામાં આવ્યો છે, જેનું વર્ષ મુજબ વિવરણ, સાહિત્યની વર્ગીકૃત વિષય મુજબ વિભાજન, લેખકો સંબંધિત નોંધ, શબ્દસૃષ્ટિનું આવરણ ચિત્ર, પ્રકાશિત વિશેષાંકો વગેરે બાબતો ધ્યાનમાં રાખીને વાડમયમિતીક અભ્યાસ કરેલ છે. પ્રસ્તૃત સંશોધન અભ્યાસ દ્વારા શબ્દસૃષ્ટિમાં પ્રકાશિત સાહિત્યના વિવિધ પાસાઓનો આંકડાકીય આધાર, વિશ્લેષણ અને અર્થઘટન પ્રાપ્ત થયુ.

ચાવીરૂપ શબ્દો : ગુજરાતી સામયિક, શબ્દસૃષ્ટિ, વાઙ્મયિતિક

પ્રસ્તાવના :

સાહિત્યિક પ્રવૃત્તિ એ સમગ્ર લોકચેતનાની અભિવ્યકિતની પ્રવૃત્તિ છે. સમગ્ર પ્રજાનું, તેની સંસ્કૃતિનું, તેના લોકજીવન અને સમાજ જીવનનું પ્રતિબિંબ એમાં ઝીલાયાં છે. આવી પ્રવૃત્તિને વધારે વેગવાન અને હેતુલક્ષી બનાવી શકાય અને આ સાહિત્ય સમગ્ર જનસમાજ સુધી પહોંચાડી શકાય. પ્રજા જીવનમાં ધબકતી રહેલી સાહિત્યની સામગ્રી એકઠી કરી શકાય તેમજ રાજ્ય અને રાજ્ય બહાર, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેનું ગૌરવ પ્રસ્થાપિત કરી શકાય એવા વિશાળ અભિગમ સાથે ગુજરાત સાહિત્ય અકાદમી કામગીરી કરી રહી છે. ૧૮૫૪ થી શરૂ થયેલ અર્વાચીન યુગના સાહિત્યથી અત્યારના સર્જાતા સાહિત્ય ઉપર દૃષ્ટિ કરીશું તો એમાં સર્જકો ઉપરાંત સાહિત્યિક સંસ્થાઓ અને પ્રવૃત્તિઓનો પણ વિશેષ ફાળો રહેલો છે. ગુજરાતમાં આજે આમ જોઇએ તો ઘણી બધી સાહિત્યિક સંસ્થાઓ પોતપોતાની રીતે કાર્યરત છે પરંતુ મુખ્યત્વે બે સંસ્થાઓ 'ગુજરાત સાહિત્ય અકાદમી' અને 'ગુજરાતી સાહિત્ય પરિષદ' શિરમોર છે, બંનેને પોતાનાં મુખપત્રો પણ છે.

ગુજરાત સાહિત્ય અકાદમીનું પોતાનું મુખપત્ર 'શબ્દસૃષ્ટિ' દર માસે પ્રગટ થાય છે. ઓકટોબર-૧૯૮૩માં શબ્દસૃષ્ટિનો પ્રથમ અંક પ્રકાશિત થયો હતો. જેનું વાર્ષિક લવાજમ હાલ રૂ. ૧૫૦/- છે. પહેલાં વાર્ષિક અને હવે ત્રૈમાસિક 'લોકગુર્જરી' છેલ્લાં ત્રેવીસ વર્ષથી નિયમિત રીતે પ્રસિદ્ધ થાય છે.

ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર પણ અકાદમીના નેજા હેઠળ સ્વતંત્રતાથી વિવિધ પ્રવૃત્તિઓ/ પ્રકાશનો કરે છે, આ ઉપરાંત ઉર્દૂ, સિંધી, કચ્છી ભાષાની અકાદમીનાં સામયિકો પણ જે તે ભાષાના વિદ્વાન સર્જકો - સંપાદકો ચલાવી રહ્યા છે. અને જરૂરી પ્રકાશનો-સેમિનારો-પરિસંવાદો યોજીને જે તે ભાષાનો પ્રસાર-પ્રચાર કરી રહ્યા છે.

સંશોધનના હેતુઓ :

(૧) શબ્દસૃષ્ટિ સામયિકમાં પ્રકાશિત સાહિત્યના લેખક તથા લેખિકાઓનું પ્રદાન

(૨) પ્રકાશિત થયેલા સાહિત્ય સ્વરૂપોનું વિભાજન

(૩) પ્રકાશિત સાહિત્યનું આંકડાકીય વિશ્લેષણ

(૪) પ્રકાશિત થયેલ માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન

(૫) વરિષ્ટ તથા નવોદિત લેખકોનું પ્રદાન

(૬) શબ્દસૃષ્ટિના આવરણ પૃષ્ઠનો અભ્યાસ

વાડમયિતિક અભ્યાસ :

બિબ્લિઓમેટ્રિક્સ વિશ્લેષણ એટલે પુસ્તકો, લેખો તથા અન્ય વૈજ્ઞાનિક પ્રકાશનોનું આંકડાકીય વિશ્લેષણ છે. બિબ્લિઓમેટ્રિક્સ વિશ્લેષણનો ઉપયોગ લેખકો અને લેખો, સંશોધન ટીમો, સંસ્થાઓ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નેટવર્કોને ઓળખવા તથા વિજ્ઞાન અને તકનીકના નવા ક્ષેત્રોના વિકાસને માપવા માટે થાય છે.

માહિતીવિસ્ફોટના આ યુગમાં વિવિધ વાડ્મયસૂચિય એકમો જેવાં કે, ગ્રંથો, સામયિકો, લેખો, પ્રલેખો વગેરેનો સતત વધારો થયા જ કરે છે. તેને સમાન્તર ગ્રંથાલયમાં વધતું જતું ગ્રંથસંગ્રહનું કદ ઉપભોગતાઓની સંખ્યામાં થતો વધારો, ગ્રંથાલય સામગ્રીની આપ-લે, તેમજ નિર્દેશીકરણમાં વધતી જતી વિશિષ્ટતા, શોધયુક્તિઓમાં આવતા પરિવર્તનો વગેરે ઘટનાઓનું અવલોકન ગ્રંથપાલ સતત કરે છે. જ્યારે અસંખ્ય માત્રામાં આવા અવલોકનો ઉપલબ્ધ થાય ત્યારે તેના પરથી સામાન્યીકરણ કરવાના પ્રયત્નો થાય છે. એના આધારે કેટલાંક અનુભવજન્ય કાયદાઓની રચના કરવામાં આવે છે બધાં જ વિજ્ઞાનોમાં આમ બનતું હોય છે. ગ્રંથાલય વિજ્ઞાન એનાથી બાકાત રહી શકે નહીં.

વાડ્મયિતિક એ આધુનિક સમયમાં અસ્તિત્વમાં આવેલો વિષય છે. તે માહિતીવિજ્ઞાનનીએક શાખા છે. જે સામાજિક અને ભૌતિક વિજ્ઞાનોની વચ્ચે આવે છે. તેમાં સાહિત્યના એક મુદ્દાના વિવિધ પાસાનો પરિમાણાત્મક અભ્યાસ કરવામાં આવે છે. જેનો ઉપયોગ પ્રકાશનનો ઢાંચો, કતૃત્વ, ઉલ્લેખો, દ્વિતીય કક્ષાના સામયિકોની વ્યાપ્તિ વગેરેની ઓળખ માટે કરી શકાય છે.

વાડ્મયિતિક વ્યાખ્યા:

બિબ્લિઓમેટ્રિક્સ (Bibliometries) શબ્દની ઉત્પત્તિ બે શબ્દો 'બિબ્લિઓ' અને 'મેટ્રિક્સ' (metrics) પરથી થઈ છે. 'બિબ્લિઓ' (biblio) શબ્દ એ લેટિન અને જર્મન શબ્દ 'બિબ્લિઓન' પરથી ઊતરી આવેલો છે. જેનો અર્થ 'ગ્રંથ' અથવા 'લેખ' થાય છે જ્યારે 'મેટ્રિક્સ' (metrics) એટલે પરિમાણનું વિજ્ઞાન. આ શબ્દ પણ લેટિન અથવા ગ્રીક શબ્દ 'મેટ્રિકસ' (metrics) અથવા 'મેટ્રિકોસ' (metrikos) પરથી ઊતરી આવેલો છે. જેનો અર્થ 'પરિમાણ' છે. આમ અહીં "બિબ્લિઓમેટ્રિક્સ" માટે ગ્રંથ, લેખ, સામયિક વગેરે સંયુક્ત રીતે

દર્શાવવા માટે "પ્રલેખ" શબ્દનો ઉપયોગ કર્યો છે. આ પ્રલેખના પરિમાણનું વિજ્ઞાન એટલે "બિબ્લિઓમેટ્રિક્સ"

સૌ પ્રથમ ૧૯૬૯માં એલેન પ્રીચાર્ડે (Alan Pritehard) 'બિબ્લિઑમેટ્રિક્સ' શબ્દનો પ્રયોગ કર્યો. તે સમયે તેમણે તેની વ્યાખ્યા આ પ્રમાણે આપી.

"The application of mathematics and statistical methods of the books and other media of communication."

"ગ્રંથો અને પ્રત્યાયનના અન્ય માધ્યમોને માટે ગણિત અને આંકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ."

ત્યારબાદ પ્રીચાર્ડે (Pritchard) તેનું વિસ્તૃત અર્થઘટન કરીને તેની પુન: વ્યાખ્યા આ પ્રમાણે આપી.

"To shed light on the process of written communication and of the nature and course of development of analyzing the various facets of written communication."

(વાઙ્મયિતિક) "લેખિત પ્રત્યાયનની પ્રક્રિયાને અને લેખિત પ્રત્યાયનના જુદા જુદા પાસાઓની ગણતરી અને પૃથ્થકરણ કરતાં સાધનો કોઈ એક વિદ્યાશાખાના વિકાસનો અભ્યાસ અને પ્રકારને સ્પષ્ટ કરે છે. "

અત્યંત આધુનિક રીતે પોટરે (poter) પ્રલેખમાપનની વ્યાખ્યા આ રીતે આપી છે.

"The study and measurement of the publication patterns of all forms of written communication and their authorship."

"લેખિત પ્રત્યાયનના બધાં જ સ્વરૂપો અને તેના લેખકોના પ્રકાશનના ઢાંચાનો અભ્યાસ અને માપન."

- Bibliometrics is statistical analysis of written publications, such as books or articles. Bibliometric methods are frequently used in the field of library and information science, including scientometrics – Wikipedia
- Bibliometrics is a statistical analysis of books, articles, or other publications.

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનું મુખપત્ર " શબ્દસૃષ્ટિ"

ગુજરાત સાહિત્ય અકાદમીની સ્થાપના શિક્ષણ વિભાગના તા: ૨૪-૯-૮૧ ના ઠરાવ ક્રમાંક : ગસઅ/૧૦૭૯/૨૨૮૩૨/બ. દ્વારા અધ્યક્ષ ઉપાધ્યક્ષ અને અન્ય સદસ્યોની નિમણૂક કરવામાં આવી અને અને તા: ૧૭-૬-૧૯૮૨ ના રોજ તેનું ઉદ્દઘાટન થયું અને પ્રથમ સભા ત્યારથી તે કાર્યરત થઈ. ડિસેમ્બર - ૧૯૮૨ થી સિંધી,ઉર્દૂ અને અન્ય અર્વાચીન ભારતીય ભાષાઓની કામગીરી અકાદમીને તબદીલ થઈ.

ગુજરાત સાહિત્ય અકાદમીનો ઉદ્દેશ તેના બંધારણ અનુસાર ગુજરાતી, લોકસાહિત્ય, સંસ્કૃત અને અર્વાચીન ભારતીય ભાષાઓના ઉત્કર્ષ વિકાસની કામગીરી કરવાનો, તે ક્ષેત્રની વિવિધ સંસ્થાઓ અને લેખકોને ઉત્તેજન આપવાનો, રાજ્યની અન્ય સંસ્થાઓને અને મંડળોને સહકાર આપવાનો, દેશની અન્ય અકાદમીઓ સાથે સાહિત્ય સંબંધી વિચારો અને કૌશલ્યના આદાન પ્રદાનને ઉત્તેજન આપવાનો, સાહિત્ય ક્ષેત્રે અભ્યાસ-સંશોધનને ઉત્તેજન આપવાનો, દાન-ફાળા દ્વારા ભંડોળ એકત્ર કરવાનો, સાહિત્યનાં પુસ્તકો પ્રાપ્ત, સંગ્રહિત અને પ્રકાશિત કરવાનો, ગ્રંથાલય સ્થાપી તેને નિભાવવાનો, ગુજરાત રાજ્યની ભાષા-સાહિત્યની ગુણવત્તા ધરાવતી સંસ્થાઓને માન્યતા આપી સહાય કરવાનો, વિવિધ પ્રકાર અને સ્વરૂપના સાહિત્યની સમીક્ષા કરવાનો, સાહિત્યક્ષેત્રે ઉત્સવો પુરસ્કૃત કરવાનો, સાહિત્યક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિવાળા લેખકોને અને એની કૃતિઓને યથા પ્રસંગે માન્યતા અને પારિતોષિક આપી સન્માન એનાયત કરવાનો, ભાષા-સાહિત્ય ક્ષેત્રે યોગ્ય વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા ભલામણ કરવાનો, સાહિત્યક્ષેત્રે ગુણવત્તાલક્ષી સેવા બજાવી હોય એવા ગુજરાતમાં વસતા વયોવૃદ્ધ અને મદદપાત્ર લેખકોને યોગ્ય નાણાકીય સહાય આપવાનો અને તેના આ પ્રમાણેના ઉલ્લેખિત ધ્યેયો અને ઉદ્દેશોને આનુષંગિક હોય કે ન પણ હોય તેવી પ્રવૃત્તિ અને કામગીરી હાથ ધરાવવાનો છે.

ગુજરાત સાહિત્ય અકાદમીનું મુખપત્ર 'શબ્દસૃષ્ટિ' સામયિક એ સાહિત્યિક રીતે એક એવી ઊંચાઈ પર છે કે ત્યાં પહોંચતા કદાચ અન્ય સામયિકોને વર્ષો વીતી જાય. એનો શ્રેય તેના સૂત્રધાર એવા અધ્યક્ષ, સંપાદક અને સંપાદક મંડળને ફાળે જાય છે. હાલમાં અકાદમીના અધ્યક્ષ તરીકે પદ્મશ્રી વિષ્ણુ પંડયા કામગીરી બજાવી રહ્યા છે, આ અગાઉ શ્રી ભાગ્યેશ જહા એ કામગીરી બજાવેલ હતી.રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નેજા હેઠળ કાર્યરત આ અકાદમીએ આજે વિશ્વભરમાં જ્યા જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં ત્યાં પોતાની આગવી ઓળખ સ્થાપિત કરી છે. ગુજરાતમાં ભાષા સાહિત્યના વિકાસ માટે અકાદમી દ્વારા અનેકવિધ યોજનાઓ કાર્યરત છે. શિષ્ટમાન્ય તેમજ નવોદિત યોજના પુસ્તક પ્રકાશન માટે આર્થિક સહાય આપવામાં આવે છે. આમ રાજ્ય સરકાર દ્વારા ચાલતો આ સાહિત્યિક યજ્ઞ - ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરનું મુખપત્ર શબ્દસૃષ્ટિ દ્વારા ગુજરાતના સાહિત્યિક, શૈક્ષણિક સામાજિક અને બૌદ્ધિક વિકાસમાં ખૂબ મહત્તવનું અને મૂલ્યવાન પ્રદાન છે. શબ્દસૃષ્ટિ (ઓક્ટોબર-1983)છેલ્લા ૩૫ વર્ષથી ગુજરાતી સાહિત્યમાં નિયમીત રીતે પ્રસિધ્ધ થાય છે. ડૉ.સુમનશાહના સંપાદન હેઠળ આરંભાયેલું શબ્દસૃષ્ટિ ત્યારબાદ શ્રી જ્યોતીષ જાની ડૉ.પ્રવીણ દરજી, શ્રી

હર્ષદ ત્રિવેદી વગેરે દ્વારા પ્રવર્તમાન સમય સુધી સંપાદનની સાહિત્યિક ગરિમાને વરીને એક ભૂમિકા પ્રસ્તુત કરી છે.

શબ્દસૃષ્ટિ વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૬ સુધી પ્રકાશિત થયેલ લેખોનું સાહિત્ય સ્વરૂપ મુજબ વિભાજન

	વર્ષ- ૨૦૧૪			વર્ષ- ૨૦૧૫			વર્ષ- ૨૦૧૬			કુલ		
સાહિત્ય સ્વરૂપ	લેખક	લેખિકા	કુલ	લેખક	લેખિકા	કુલ	લેખક	લેખિકા	કુલ	લેખક	લેખિકા	કુલ
કાવ્ય	77	11	88	119	18	137	119	18	137	315	47	362
વાર્તા	19	4	23	26	4	30	41	11	52	86	19	105
અભ્યાસ	24		24	29	7	36	26	7	33	79	14	93
સમીક્ષા	1	3	4	19	5	24	23	1	24	43	9	52
હાસ્ય	3		3	4	1	5	18		18	25	1	26
નિબંધ	5	1	6	7	1	8	11	1	12	23	3	26
આસ્વાદ	૭		૭	૮	૧	૯	૧૦	1	૧૧	૨૫	૨	27
સર્જક વિશેષ	10		10	13	1	14	20	1	21	43	2	45
પત્ર ચર્ચા	2	1	3	4		4	2		2	8	1	9
અકાદમી વૃત્ત	7		7	9		9	12		12	28		28
સાહિત્ય વૃત્ત	12		12	12		12	10		10	34		34
વિદેશી સાહિત્ય	1		1	5		5				6		6
સ્મરણ મંજુશા	૪		૪				2		2	૬		6
અવર જવર	1		1							1		1
સ્મરણાંજલિ	3		3				૧		૧	૪		4
વક્તવ્ય	4		4							4		4
ગ્રંથાવલોકન	૧૮	૪	૨૨							૧૮	૪	22
પ્રશિષ્ટનું ભાવન	1		1							1		1
પ્રસ્તાવના	5	1	6							5	1	6
ચિંતન	1		1							1		1
વિવેચન	38	5	43							38	5	43
શતાબ્દી વંદના	1		1							1		1

 ISBN : 978-81-938282-1-2

ડાયરી	1		1							1		1
સામ્પ્રત	2		2							2		2
પાઠ સંપાદન	1		1							1		1
પ્રત્યાવલોક				3		3	10		10	13		13
સાભાર સ્વીકાર				10		10	6		6	16		16
ફિલસૂફી				1		1				1		1
મુલાકાત				8	1	9		1	1	8	2	10
અનુવાદ				19	8	27	23		23	42	8	50
વાચન પ્રતિભાવ				1		1				1		1
આત્મ કથન				2		2				2		2
સંશોધન					1	1	1		1	1	1	2
સ્વાધ્યાય							2		2	2		2
સ્વૈર વિહાર							1		1	1		1
ઇતર							3		3	3		3
કુલ	૨૪૮	૩૦	૨૭૮	૨૯૯	૪૮	૩૪૭	૩૪૧	૪૧	૩૮૨	૮૮૮	૧૧૯	૧૦૦૭

વર્ષ મુજબ લેખક લેખિકાવર્ગીકરણ

વર્ષ	૨૦૧૪	૨૦૧૫	૨૦૧૬	કુલ	ટકાવારી
લેખક	૨૪૮	૨૯૯	૩૪૧	૮૮૮	૮૯ %
લેખિકા	૩૦	૪૮	૪૧	૧૧૯	૧૧ %
કુલ	૨૭૮	૩૪૭	૩૮૨	૧૦૦૭	૧૦૦%



તારણો :

૧. શબ્દસૃષ્ટિમાં પ્રકાશિત થયેલ લેખોની સંખ્યામાં સતત વધારો થયો છે.

૨. પ્રકાશિત થયેલ લેખોમાં લેખકોની સંખ્યામાં સતત વધારો થયો છે.

૩. જયારે લેખિકાઓની સંખ્યામાંવર્ષ ૨૦૧૪ પછી વર્ષ ૨૦૧૫માં છે જ્યારે વર્ષ ૨૦૧૬માં આંશિક ઘટાડો થયો છે.

૪. વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૬ માં પ્રકાશિત થયેલ ૩૪ પ્રકારના સાહિત્ય સ્વરૂપો વાંચન સામગ્રી પ્રકાશિત થયેલ છે.

૫. પ્રત્યેક અંકમાં આવરણચિત્રો વિવિધતા સભર અને કલાત્મક રીતે મૂકવામાં આવ્યા છે.

૬. શબ્દસૃષ્ટિ પ્રકાશિત થયેલ લેખોના લેખકોમાં જાણીતા-મૂર્ધન્ય સાહિત્યકારો, શિષ્ટમાન્ય, નવોદિત તેમજ સ્ત્રી લેખિકાઓનો સમાવેશ થયેલો છે

૭. વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૬ દરમિયાન પ્રકાશિત થયેલ અંકોમાં ૩ આકર્ષિત, વૈવિધ્યપૂર્ણ વિષયોથી દળદાર વિશેષાંક

પ્રકાશિત થયેલ છે. જેનો ISSN:2319-3220 છે

૮. શબ્દસૃષ્ટિના અંકોમાં અધ્યક્ષીય લેખ, અંકમાં સમાવિષ્ટ લેખકોના નામ સરનામા, અકાદમીની યોજનાઓ તેમજ ઈનામોની જાહેરાત પ્રકાશિત કરવામાં આવે છે. ઉપરાંત અકાદમી દ્વારા પ્રકાશિત થતાં પુસ્તકોની માહિતી આપવામાં આવે છે.

સમાપન :

જ્ઞાનની વૃદ્ધિ સાચી દિશામાં થાય એ માટે વાઙ્મયિતિક અભ્યાસોનો ઉપયોગ કરવામાં આવે છે. એ માટે ઝીપ્સ, લોટકા અને બ્રેડફોર્ડના કાયદાઓની મદદ લેવામાં આવે છે. પ્રસ્તુત વાઙ્મયિતિક અભ્યાસમાં "શબ્દસૃષ્ટિ" સામયિકના વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૬ સુધીના પ્રકાશિત થયેલા ૩૬ અંકોનું વિશ્લેષણ, પૃથ્થકરકણ, લેખક-લેખિકા સંબંધિત નોંધ, પ્રકાશનની શરૂઆત તથા આ તમામ અંકોની વર્ષ પ્રમાણે સાહિત્યિક વર્ગીકૃત વહેંચણી શબ્દસૃષ્ટિના વિશેષાંકો આંકડાકીય પદ્ધતિથી તેનું વિશ્લેષણ, કોઠા તથા ચાર્ટ દ્વારા માહિતીને કંડારવાનો પ્રયત્ન કરેલો છે. એના ઉપયોગથી પુન:પ્રાપ્તિની સારી પદ્ધતિની રચના કરી શકાય છે તેમજ સેવાઓનું પણ સારું વ્યવસ્થાપન કરી શકાય છે. જ્યારે ઇતિહાસકારો આ પ્રવિધિઓનો ઉપયોગ નવીન પ્રણાલિકાના વિકાસ માટે કરી શકે છે, તો સંશોધન યોજનાની અસરકારકતા ચકાસવા માટે તેમજ તેના મૂલ્યાંકન માટે પણ આ પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

RES.

1. https://en.wikipedia.org/wiki/Bibliometrics
2. https://stats.oecd.org/*glossary*/detail.asp?ID=198
3. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત ઉદેશ પત્ર અને નિયમો
4. "શબ્દ સૃષ્ટિ" મે ૨૦૧૫ અંક,અકાદમીવૃત- ડો કનૈયાલાલ ભટ્ટ
5. ડૉ.કનુભાઈ શાહ ઉજવણી સમિતિ, અમદાવાદ-પ્રકાશિત પ્રલેખમાપન-ડૉ.ચંદ્રકાંત રાવલ

 ISBN : 978-81-938282-1-2

Development and Tryout of Gujarati Language Reading Comprehension Programme at Primary Level

પ્રાથમિક સ્તરે ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ કાર્યક્રમની રચના અને અમલીકરણ

ડૉ. રાજેશ આઇ. ભટ્ટ

એડ્હોક લેક્ચરર,

અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી,

વલ્લભ વિદ્યાનગર, આણંદ, ગુજરાત

પ્રસ્તુત પેપરનો હેતુ પ્રાથમિક સ્તરે ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ કાર્યક્રમની રચના અને અમલીકરણના સંદર્ભમાં 2X3 આવયવિક યોજના પસંદ કરવામાં આવી હતી. આણંદ તાલુકાના વ્યાપવિશ્વમાંથી યાદચ્છિક રીતે નમૂનો પસંદ કરી તેની ઉપર ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ કાર્યક્રમનું અમલીકરણ કરતાં જેઓને માવજત આપવામાં આવી હતી, તેઓની વાંચન અર્થગ્રહણ શક્તિ વધુ જોવા મળી હતી. બુદ્ધિના તફાવતના સંદર્ભમાં વાંચન શક્તિમાં ભેદ જોવા મળ્યો હતો વાંચન અર્થગ્રહણ પર માવજત અને બુદ્ધિની આંતરક્રિયાત્મક અસર જોવા મળી હતી.

પ્રસ્તાવના :

શિક્ષણની પ્રક્રિયાની જેમ ભાષા શીખવવાની પ્રક્રિયા પણ આજીવન ચાલતી પ્રક્રિયા છે. શારીરિક અવયવોમાં જન્મજાત ખામી કે ઊણપ ન હોય તો ભાષા શીખવવામાં બાળકને સરળતા રહે છે. શરીરના અવયવો વડે બાળક કેટલીક પ્રવૃત્તિઓ અને વર્તનો કરે છે. તેમાં તેની ભાષા શીખવાની શરૂઆત બાળકની જોવા, સાંભળવા અને બોલવાની ક્ષમતા આધારિત પ્રવૃત્તિઓથી થાય છે. ભાષા શીખવામાં કુદરતે આપેલી જ્ઞાનેન્દ્રિયો મહત્તવની ભૂમિકા ભજવે છે. આપણે ઘણી વ્યક્તિઓને ભાષા બોલતા અને ભાષા સાંભળતા જોઇએ છીએ, પણ તેઓ ભાષા લખી કે વાંચી શકતા નથી. ત્યારે તેઓને ભાષા સંપૂર્ણપણે આવડે છે તેમ કહી શકાય નહિં કારણ કે ભાષા બોલવા, સાંભળવાની સાથે ભાષા લખી કે વાંચી શકતા નથી. ભાષા સંપૂર્ણપણે આવડે તેના માટે ભાષા બોલવા-સાંભળવાની સાથે ભાષા લખી કે વાંચી શકતા પણ હોવા જોઇએ, સાથો સાથ ભાષાનું અર્થગ્રહણ, સમજ કેળવાય અને તેનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકે તો જ ભાષા આવડે છે તેમ કહી શકાય. આમ, ભાષા ક્ષમતા સાથે સાંભળવું, બોલવું, વાંચવુ અને અર્થગ્રહણ કરવું એ પ્રવૃત્તિઓ સંકળાયેલી છે.

વાંચન કૌશલ્યોનો અર્થ ગ્રહણાત્મક છે. વાંચનાર વાંચન દ્વારા ભાષામાં વ્યક્ત થયેલા અર્થને ગ્રહણ કરે છે, સમજે છે અને પોતાની ભાષાને વધુ સારી રીતે શીખે છે, સુધારે છે, વિકસાવે છે, તેથી તે અર્થગ્રહણાત્મક કૌશલ્ય છે. આમ, વાંચન પ્રક્રિયાનું સમગ્ર હાર્દ અર્થગ્રહણ છે. વાચક શબ્દનો, શબ્દ સમૂહનો કે ફકરાનો અર્થ સમજી શકતો હોય તો તેનામાં અર્થગ્રહણની ક્ષમતા છે, એમ કહેવાય.

ડૉ. બ્લૂમની બોધાત્મક ટેક્ષોનોમીમાં જ્ઞાન, અર્થગ્રહણ, જ્ઞાનનું ઉપયોજન, વિશ્લેષણ, સંશ્લેષણ અને મૂલ્યાંકન એ કોઇપણ વિષય શિક્ષણના ઉદ્દેશો હોય છે. જેથી અર્થગ્રહણ એક ઉદ્દેશ તરીકે સ્વીકારી તેના અપેક્ષિત વર્તનમાં પરિવર્તન આવી શકે છે. આમ, પ્રસ્તુત સંશોધનમાં વાંચન અર્થગ્રહણ પર વિવિધ ચલ સંબંધિત અભ્યાસ કરવામાં આવેલ છે.

માલ, એલ. જી.,(૧૯૮૬). એ ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો તેમના રસ સંદર્ભે વાંચન અર્થગ્રહણનો અભ્યાસ કરેલ છે. વાંચન રસની સાથે વાંચન અર્થગ્રહણનો શો સંબંધ છે? તે વિશે

જાણવાનો પ્રયાસ તેમણે આ સંશોધન કાર્યમાં કર્યો છે. જેના તારણો ઊંચો વાંચન રસ ધરાવનાર વિદ્યાર્થીઓનું વાંચન અર્થગ્રહણ સારું છે. જ્યારે નિમ્ન વાંચન રસ ધરાવનાર વિદ્યાર્થીઓનું વાંચન અર્થગ્રહણ નબળું છે અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ અને વાંચન રસ વચ્ચે સહસંબંધ નોંધપાત્ર છે.

પ્રજાપતિ, બી.આઇ., (૧૯૯૪). એ ધોરણ-૮માં અભ્યાસ કરતા ભરૂચ જિલ્લાના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષયમાં વાંચન અર્થગ્રહણનો અભ્યાસ કરેલ જેનો હેતુ કસોટી પ્રમાણિત કરી વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણનો અભ્યાસ કરવાનો હતો. તેમણે ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારને ચલ તરીકે સ્વીકારેલ હતા. તેમણે ગ્રામ્ય વિસ્તાર અને પંચાયત હસ્તક પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ, ઊંચી આવક ધરાવતા વાલીઓના વિદ્યાર્થી ઓ અને નીચી આવક ધરાવતા વાલીઓના વિદ્યાર્થીઓ વાંચન અર્થગ્રહણના તફાવતોનો અભ્યાસ કર્યો હતો.

અંબાસણા, પી. એ.,(૨૦૦૬). એ વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષાની વાંચન અર્થગ્રહણ ક્ષમતાનો અભ્યાસ કરેલ, જેના હેતુ ગુજરાતી ભાષાની વાંચન અર્થગ્રહણ ક્ષમતાનું માપન કરવા માટેની કલોઝ કસોટીની સંરચના કરી કસોટીને પ્રમાણિત કરવી અને વિદ્યાર્થીઓની ગુજરાતી વાંચન અર્થગ્રહણ પર જાતિયતાની, શૈક્ષણિક સિદ્ધિની, માતા-પિતાના અભ્યાસની અને શાળાના પ્રકારની અસર તપાસવી જેવા હતા. વ્યાપવિશ્વ તરીકે રાજકોટ શહેરની ગુજરાતી માધ્યમની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓનો સમાવેશ કરેલ નમૂના તરીકે શૈક્ષણિક વર્ષ ૨૦૦૫-૦૬માં રાજકોટ શહેરની સરકારી, મ્યુનિસિપલ, મંડળ સંચાલિત અને સ્વનિર્ભર ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતા ૧૫૪ કુમારો અને ૨૦૯ કન્યાઓનો સ્તરીકૃત યાદચ્છિક ઝૂમખા વડે પસંદ કર્યા હતા. ઉપકરણ તરીકે કલોઝ કસોટીની સંરચના કરવામાં આવી હતી. આ સંશોધનમાં સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના તારણો સંશોધક રચિત કસોટી પરના પાત્રોના પ્રાપ્તાંકોનું વિતરણ ઋણ વિષમતા ધરાવતું હતું તેમજ કૂટ કૂદતા ધરાવતું હતું, જે કસોટી પ્રમાણમાં સરળ હોવાના આધાર રજૂ કરતું હતું, વાંચન અર્થગ્રહણ ક્ષમતા કસોટી પર મળતા પ્રાપ્તાંકો પ્રમાણમાં સારી વિશ્વસનીયતા અને પ્રમાણભૂતતા ધરાવતા હતા, વાંચન અર્થગ્રહણ ક્ષમતા પર જાતિયતાની અસર જોવા મળતી હતી. કુમારો કરતાં કન્યાઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા ઊંચી જોવા મળી છે અને માતા - પિતાનો અભ્યાસ વધુ તેમ તે સંતાનોની વાંચન અર્થગ્રહણ ક્ષમતા ઊંચી હોય છે એમ જોવા મળ્યું.

પટેલ, ટી. એલ., (૨૦03). એ રાજકોટ શહેરના ધોરણ નવમાં અભ્યાસ કરતા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષા વાંચન-અર્થગ્રહણ ક્ષમતા વિકસાવવા માટેના કાર્યક્રમની રચના અને અસરકારકતાનો અભ્યાસ કરેલ, જેના હેતુ રાજકોટ શહેરના ધોરણ નવમાં અભ્યાસ કરતા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષા વાંચન-અર્થગ્રહણ ક્ષમતા પર અસર તપાસવી તથા માત્ર અવલોકનથી વિદ્યાર્થીઓની અર્થગ્રહણ ક્ષમતા પર તેની અસર તપાસવી. વ્યાપવિશ્વ તરીકે રાજકોટ શહેરના રમેશભાઇ કુમાર શાળાના શૈક્ષણિક વર્ષ ૨૦૦૨-03 ના વર્ષ દરમિયાન ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રયોગ માટે નમૂનામાં ધોરણ નવના ૪૨ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા. ઉપકરણ તરીકે વાંચન અર્થગ્રહણ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સંશોધનમાં પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરાયો હતો. જેના તારણો વાંચન

અર્થગ્રહણ વિકાસ કાર્યક્રમોનો પ્રત્યક્ષ અનુભવ મેળવનાર વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા વાંચન અર્થગ્રહણ કાર્યક્રમના અમલનું માત્ર અવલોકન કરનાર વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા ઊંચી હતી, વાંચન અર્થગ્રહણ વિકાસ કાર્યક્રમોનો પ્રત્યક્ષ અનુભવ મેળવનાર વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા પર કોઇ અનુભવ ન મેળવનાર વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતાથી ઊંચી હતી અને વાંચન અર્થગ્રહણ વિકાસ કાર્યક્રમના અમલનું માત્ર અવલોકન કરનાર વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા પર કોઇ અનુભવ ન મેળવનાર વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા સમાન હતી.

પટેલ, આર. એસ., (૧૯૯૭). એ કલોઝ પદ્ધતિથી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણની તપાસનો અભ્યાસ કરેલ, જેના હેતુ ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓની વાંચન શકિત માપવા માટે ઉપકરણ તૈયાર કરવું અને વાંચન શકિતનો તુલનાત્મક અભ્યાસ કરવો, માતા-પિતાની આવકના સંદર્ભમાં, ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક દરજ્જાવાળા વિદ્યાર્થીઓની, જાતિના સંદર્ભમાં વાંચન શક્તિ પર અભ્યાસ કરવો જેવા હતા. જેના તારણો ઉચ્ચ અને નિમ્ન આવક ધરાવતા વાલીઓના વિદ્યાર્થીઓની વાંચન શક્તિના સરાસરી ગુણમાં સાર્થક તફાવત રહેલો નથી, વિદ્યાર્થીઓની જાતિ અને વાલીની આવક તેમજ વાલીનો શૈક્ષણિક દરજ્જો અને વિદ્યાર્થીઓની વાંચન શક્તિના સરાસરી ગુણમાં સાર્થક તફાવત રહેલો નથી.

રાઠોડ, સી. કે., (૧૯૯૪). એ જૂનાગઢ જિલ્લાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓના હિન્દી વિષયની વાંચન અર્થગ્રહણ પર અસર કરતા પરિબળોનો અભ્યાસ કરેલ, જેના હેતુ જૂનાગઢ જિલ્લાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓના હિન્દી વિષયની વાંચન અર્થગ્રહણ કક્ષા જાણવી અને જૂનાગઢ જિલ્લાના ધોરણ-૮ના કુમારો અને કન્યાઓના હિન્દી વિષયના વાંચન અર્થગ્રહણ વચ્ચે તફાવત છે કે નહીં તે તપાસવું જેવા હતા. જૂનાગઢ જિલ્લાની ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શાળાઓના ૩૦૭ કુમારો અને ૨૮૯ કન્યાઅ, જે પૈકી ગ્રામ્ય વિસ્તારના ૧૧૩ અને શહેરી વિસ્તારના ૪૯૨ વિદ્યાર્થી ઓ કુલ ૬૦૫ વિદ્યાર્થીઓના નમૂના પર હાથ ધર્યું હતું. ઉપકરણ તરીકે હિન્દી વિષય વાંચન અર્થગ્રહણ કસોટીનો ઉપયોગ કરેલ આ કસોટી એમ. ઝેડ. રૈયા દ્વારા રચાયેલી અને પ્રમાણિત કરેલી હતી. આ સંશોધનમાં સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના તારણો કુમાર અને કન્યાઓની હિન્દી વિષય વાંચન અર્થગ્રહણ કક્ષા અસમાન જોવા મળી, શહેરી વિસ્તારના પાત્રો ગ્રામ્ય વિસ્તારના પાત્રો કરતા હિન્દી વિષય વાંચન અર્થગ્રહણ કક્ષા ઊંચી ધરાવતા હતા, નગરપાલિકા સંચાલિત શાળા કરતા ખાનગી શાળાના વિદ્યાર્થીઓની હિન્દી વિષય વાંચન અર્થગ્રહણ કક્ષા નીચી જોવા મળી હતી, નગરપાલિકા સંચાલિત શાળા વિદ્યાર્થીઓની હિન્દી વિષય વાંચન અર્થગ્રહણ કક્ષા નીચી જોવા મળી હતી, અંગ્રેજી માધ્યમ શાળાના વિદ્યાર્થીઓ કરતા હિન્દી માધ્યમ શાળાના વિદ્યાર્થીઓની હિન્દી વિષય વાંચન અર્થગ્રહણ કક્ષા ઊંચી જોવા મળી હતી, હિન્દી માધ્યમ શાળાના વિદ્યાર્થી ઓ કરતા ગુજરાતી માધ્યમ શાળાના વિદ્યાર્થી ઓની હિન્દી વિષય વાંચન અર્થગ્રહણ કક્ષા ઊંચી જોવા મળી હતી અને ગુજરાતી માધ્યમ શાળાના વિદ્યાર્થીઓ કરતા અંગ્રેજી માધ્યમ શાળાના વિદ્યાર્થીઓની હિન્દી વિષય વાંચન અર્થગ્રહણ કક્ષા ઊંચી જોવા મળી હતી.

જાડેજા, પી. સી., (૧૯૯૧). એ જામનગર તાલુકાના ધોરણ-૮ના વિદ્યાર્થી ઓના સંસ્કૃત-વાંચન અર્થગ્રહણ પર અસર કરતા પરિબળોનો અભ્યાસ કરેલ, જેના હેતુ જામનગર તાલુકાના ધોરણ-૮ના વિદ્યાર્થી ઓની સંસ્કૃત-વાંચન અર્થગ્રહણ કક્ષા જાણવી, જામનગર તાલુકાના ધોરણ-૮ના સંસ્કૃત પરત્વે

ભિન્ન વલણ, વાંચન ઝડપ અને શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષયના વાંચન અર્થગ્રહણ વચ્ચે તફાવત છે કે નહિ તે તપાસવું અને જામનગર તાલુકાના ધોરણ-૮ના સંસ્કૃત વિષય શિક્ષણની લાયકાત ધરાવનાર અને સંસ્કૃત વિષય શિક્ષણની લાયકાત ન ધરાવનાર શિક્ષકોના વિદ્યાર્થીઓના સંસ્કૃત વાંચન અર્થગ્રહણ પ્રાપ્તાંકો વચ્ચે તફાવત છે કે નહિ તે તપાસવું. વ્યાપવિશ્વ તરીકે જામનગર તાલુકાના ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો. જામનગર તાલુકાની ગ્રામ્ય અને શહેરી વિસ્તારની નવ શાળાઓના ૨૪૨ કુમારો અને ૨૧૯ કન્યાઓનો, જે પૈકી ગ્રામ્ય વિસ્તારના ૧૮૮ અને શહેરી વિસ્તારના ૨૭૩ વિદ્યાર્થીઓ નમૂનામાં સમાવેશ કર્યો હતો. જેના તારણો કુમાર અને કન્યાઓની સંસ્કૃત વાંચન અર્થગ્રહણ કક્ષા સમાન જોવા મળી, ગ્રામ્ય વિસ્તારના કુમારો કરતા કન્યાઓ નીચી વાંચન અર્થગ્રહણ કક્ષા ધરાવતી હતી, ગ્રામ્ય વિસ્તારના કુમારો અને શહેરી વિસ્તારની કન્યાઓ કરતાં ગ્રામ્ય વિસ્તારની કન્યાઓનું સંસ્કૃત વાંચન અર્થગ્રહણ કક્ષા બિન પછાત વિદ્યાર્થીઓની સંસ્કૃત વાંચન અર્થગ્રહણ કક્ષા નીચી જોવા મળી હતી.

સમસ્યા વિધાન :

પ્રાથમિક સ્તરે ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ કાર્યક્રમની રચના અને અમલીકરણ.

Development and Tryout of Gujarati Language Reading Comprehension Programme at Primary Level.

મહત્ત્વ :

- વાંચન અર્થગ્રહણ દ્વારા વિદ્યાર્થીઓ ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે કે નહિ તે જાણી શકાશે.
- વાંચન અર્થગ્રહણ દ્વારા વિદ્યાર્થીઓ ફકરાનો કે એકમનો હાર્દ (સાર) સમજી શકે છે કે નહિ તે જાણી શકાશે.
- બુદ્ધિ કક્ષાના સંદર્ભમાં વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા કેવી છે તે જાણી શકાશે.

હેતુઓ :

- ધોરણ-૮ના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ ક્ષમતા વિકસાવવાના કાર્યક્રમની રચના કરવી અને અસર તપાસવી.
- ધોરણ-૮ના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ ક્ષમતાનો બુદ્ધિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
- ધોરણ-૮ના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ ક્ષમતાનો વાંચન અર્થગ્રહણ કાર્યક્રમ અને બુદ્ધિના સંદર્ભમાં આંતર ક્રિયાત્મક અસર તપાસવી.

ઉત્કલ્પના :

Ho_1: પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

Ho_2: પ્રાયોગિક જૂથના ઉચ્ચ બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અને નિયંત્રિત જૂથના ઉચ્ચ બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

Ho_3: પ્રાયોગિક જૂથના નિમ્ન બુદ્ધિ ધરાવતા અને નિયંત્રિત જૂથના નિમ્ન બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

 ISBN : 978-81-938282-1-2

Ho$_4$: વાંચન અર્થગ્રહણ કસોટીના સરાસરી પ્રાપ્તાંકો પર માવજત અને બુદ્ધિની આંતરક્રિયાત્મક અસર વચ્ચે કોઇ સાર્થક નહીં હોય.

મર્યાદાઓ :

- પ્રસ્તુત સંશોધન આણંદ તાલુકાની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓ પૂરતું જ મર્યાદિત હતું.
- પ્રસ્તુત સંશોધન શૈક્ષણિક વર્ષ-૨૦૧૬-૧૭માં મેળવેલ માહિતી પૂરતું જ સિમિત હતું.
- પ્રસ્તુત સંશોધન ધોરણ-૮ના વિદ્યાર્થીઓના વાંચન કાર્યક્રમની અસર પૂરતું જ મર્યાદિત હતું.

ચાવીરૂપ શબ્દોની પરિભાષા :

વાંચન અર્થગ્રહણ

The ability to infer meaning from printed words see. John D. Mc Neil, Reading comprehension new directions for classroom practice, 2nd ed. (Glenview, III: Scho, foresman, 1937) - Encyclopedia Dictionary,

પ્રસ્તુત સંશોધનમાં વાંચન અર્થગ્રહણ એટલે સંશોધક દ્વારા સ્વ-રચિત વાંચન અર્થગ્રહણ કસોટી પરના પ્રાપ્તાંકોને વાંચન અર્થગ્રહણ તરીકે સ્વીકારવામાં આવે છે.

બુદ્ધિઃ

ટર્મન - અમૂર્ત વિચારો દ્વારા ચિંતન કરવાની શક્તિ બુદ્ધિ કહેવાય.

વુડ્રો - બુદ્ધિ એ ક્ષમતાઓ અર્જીત કરવાની ક્ષમતા છે.

બ્લેક- બુદ્ધિએ જન્મજાત માનસિક પ્રવૃત્તિઓ પર આધારિત છે.

પ્રસ્તુત સંશોધનમાં બુદ્ધિ એટલે કે. જી. દેસાઇ રચિત અને પ્રમાણિત શાબ્દિક-અશાબ્દિક સમૂહ કસોટીના પ્રાપ્તાંકો બુદ્ધિ તરીકે સ્વીકારવામાં આવે છે.

ચલ :

પ્રસ્તુત સંશોધનમાં ચલ નીચે મુજબ દર્શાવેલ છે.

ચલ	કક્ષા	
સ્વતંત્ર ચલ	અધ્યાપન પદ્ધતિ	વાંચન અર્થગ્રહણ કાર્યક્રમ
		વાંચન અર્થગ્રહણ કાર્યક્રમ નહિ
પરતંત્ર ચલ	વાંચન અર્થગ્રહણ	
પરિવર્તક ચલ	બુદ્ધિ	ઉચ્ચ બુદ્ધિ
		મધ્યમ બુદ્ધિ
		નિમ્ન બુદ્ધિ
અંકુશિત ચલ	કક્ષા	પ્રાથમિક શાળા ધોરણ-૮
	માધ્યમ	ગુજરાતી માધ્યમ
	વિષય	ગુજરાતી

સંશોધનની પૂર્વધારણાઓ

- વિદ્યાર્થીને વાંચન કરતા આવડવું જોઇએ.
- વિદ્યાર્થીને ગુજરાતી વિષયમાં શબ્દોના અર્થ આવડવા જોઇએ.
- વિદ્યાર્થીઓ સૂચના સમજી તે પ્રમાણે કાર્ય કે પ્રવૃતિ કરી શકે.
- વિદ્યાર્થીઓ વાચેલી વિગતો ઉપર પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપી શકે.
- વિદ્યાર્થીઓ બનાવોનો કે વિચારોનો ક્રમ આપી શકે.

સંશોધન યોજના :

વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી :

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે આણંદ તાલુકાની ગુજરાતી પ્રાથમિક શાળાઓનાં વર્ષ ૨૦૧૬-૧૭માં ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનાં કુલ સમૂહને વ્યાપવિશ્વ તરીકે સ્વીકારેલ છે. આણંદ તાલુકાના સારસા ગામની સતકૈવલ વિદ્યામંદિરના ધોરણ-૮ના કુલ ચાર વર્ગોમાંથી યાદૃચ્છિક રીતે બે વર્ગો ધોરણ-૮(અ) અને ધોરણ-૮(બ) પસંદ કરવામાં આવ્યા હતા. પસંદ કરેલાં વર્ગોને બુદ્ધિઆંકના સરેરાશ પ્રાપ્તાંકોની રીતે સમકક્ષ બનાવ્યા પછી યાદચ્છિક રીતે એક વર્ગને પ્રાયોગિક જૂથ અને બીજા વર્ગને નિયંત્રિત જૂથ તરીકે પસંદ કર્યા. આમ, સંશોધકે ૮૦ વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે પસંદ કરેલ છે. જ્યાં પ્રાયોગિક જૂથના ૪૦ વિદ્યાર્થીઓ અને નિયંત્રિત જૂથના ૪૦ વિદ્યાર્થીઓ સમાવિષ્ટ હતા.

સંશોધનની પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધનમાં નિયંત્રિત પરિસ્થિતિ હેઠળ ચોકસાઇપૂર્વક વાંચન અર્થગ્રહણ કાર્યક્રમની અસર તપાસવાની હોવાથી સંશોધકે પ્રાયોગિક સંશોધક પદ્ધતિ પસંદ કરેલ છે.

વાંચન અર્થગ્રહણ કાર્યક્રમ :

વાંચન અર્થગ્રહણ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ પાસે વિવિધ ફકરાનું વાંચન કરાવવામાં આવ્યું હતું. તેમજ તેમના ઘટકોની સમજણ આપવામાં આવી હતી. તેમજ તેને અનુલક્ષીને ફકરાના પ્રશ્નો પણ પૂછવામાં આવ્યા હતા.

ઉપકરણ :

બુદ્ધિ કસોટીઃ પ્રસ્તુત સંશોધનમાં બુદ્ધિના માપન માટે કે. જી. દેસાઇ રચિત પ્રમાણિત શાબ્દિક- અશાબ્દિક સમૂહ બુદ્ધિ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્ય હતો. કસોટીમાં પ્રશ્નપત્ર અને ઉત્તરપત્ર અલગ છે. ઉત્તરપત્ર પર સાચા જવાબ પર યોગ્ય જગ્યાએ કુંડાળુ કરી દર્શાવવાનું, દરેક સાચા જવાબ માટે એક ગુણ આપવાનો છે. આ કસોટીમાં કુલ ૮૮ વિધાન છે. આ કસોટીની કસોટી-પુનઃ કસોટી વિશ્વસનીયતા ૦.૭૫ અને કસોટીની અર્ધવિભાજન વિશ્વસનીયતા ૦.૮૮ તેમજ કસોટીની યર્થાથતા શાબ્દિક તથા અશાબ્દિક પ્રાપ્તાંકો વચ્ચે સહસંબંધ શોધતા ૦.૭૮ છે.

સિદ્ધિ કસોટીઃ સ્વરચિત સિદ્ધિ કસોટીની રચના કરવામાં આવેલ છે. સિદ્ધિ કસોટીની રચના માટે ધોરણ-૮ના વર્ગને ધ્યાનમાં રાખીને વિવિધ ફકરા પસંદ કર્યા હતા. ટૂંકા ૫૦ પ્રશ્નો રાખવામાં આવ્યા. તેમાં દરેક પ્રશ્નનો ગુણ-1 રાખવામાં આવ્યો, તેમાં ૨૫ વસ્તુલક્ષી પ્રશ્નો અને ૨૫ પ્રશ્નો વિધાનોને ક્રમમાં ગોઠવવા વિદ્યાર્થીઓના સાચા વિધાનોનો ક્રમ મુજબ 1 ગુણ આપવામાં આવ્યો હતો.

માહિતી એકત્રીકરણ :

ડૉ. કે. જી. દેસાઇ રચિત સમૂહ બુદ્ધિ કસોટીના પ્રાપ્તાંકો પરથી બંને જૂથના સરેરાશ બુદ્ધિ આંકના સરેરાશ પ્રાપ્તાંકો મેળવ્યા હતા. આંકડાશાસ્ત્રીય રીતે ગણતરી કરી બંને જૂથ બુદ્ધિઆંકના સરેરાશ પ્રાપ્તાંકોની રીતે સમકક્ષ કરી યાદચ્છિક રીતે એક જૂથને પ્રાયોગિક જૂથ તરીકે અને એક જૂથને નિયંત્રિત જૂથ તરીકે પસંદ કર્યું હતું.

યોજના મુજબ પ્રાયોગિક જૂથને વાંચન અર્થગ્રહણ કાર્યક્રમની તાલીમ બાદ ઉત્તરકસોટી અપાઇ જયારે નિયંત્રિત જૂથને કોઇપણ પ્રકારની માવજત વિના ઉત્તર કસોટી આપવામાં આવી. આ કસોટીનાં ગુણાંકનનાં આધારે પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતા. તેને આધારે સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીના તફાવતની પ્રમાણભૂલ અને ક્રાંતિક ગુણોત્તર શોધવામાં આવ્યો હતો.

પરિણામ :

Ho_1: પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

સારણી - ૧

પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા

જૂથ	N	M	SD	SE_D	c.r.value (calculate)	Level of significance
પ્રાયોગિક જૂથ	૪૦	૩૩.૭૫	૬.૩૪	૧.૩૫	૬.૨૬	0.0૧
નિયંત્રિત જૂથ	૪૦	૨૫.૩૦	૫.૭૧			

સારણી–૧માં દર્શાવ્યા પ્રમાણે, પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકોની સરાસરી ૩૩.૭૫ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકોની સરાસરી ૨૫.૩૦ જોવા મળે છે તેમજ પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકોની સરાસરીની સાર્થકતાનું c.r. મૂલ્ય ૬.૨૬ મળે છે. જે 0.0૧ કક્ષાએ મળતા c.r. સારણીના મૂલ્ય ૨.૫૮ કરતા વધારે છે. માટે 0.0૧ કક્ષાએ શૂન્ય ઉત્કલ્પના (Ho_1) નો અસ્વીકાર કરવામાં આવે છે. એટલે કે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત છે.

Ho_2: પ્રાયોગિક જૂથના ઉચ્ચ બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અને નિયંત્રિત જૂથના ઉચ્ચ બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

સારણી-૨

પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના ઉચ્ચ બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ વચ્ચે પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા

ઉચ્ચ બુદ્ધિ	N	M	SD	SE_D	c.r.value (calculate)	Level of significance
પ્રાયોગિક જૂથ	૧૦	૪૧.૦૦	૨.૪૦	૧.૭૮	૮.૮૭	0.0૧
નિયંત્રિત જૂથ	૧૦	૨૫.૨૦	૫.૦૯			

સારણી-૨માં દર્શાવ્યા પ્રમાણે, પ્રાયોગિક જૂથના ઉચ્ચ બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકોની સરાસરી ૪૧.૦૦ અને નિયંત્રિત જૂથના ઉચ્ચ બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકોની સરાસરી ૨૫.૨૦ તેમજ પ્રાયોગિક જૂથના ઉચ્ચ બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અને નિયંત્રિત જૂથના ઉચ્ચ બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ વાંચન અર્થગ્રહણ વચ્ચે પ્રાપ્તાંકોની સરાસરીની સાર્થકતાનું c.r. મૂલ્ય ૮.૮૭ મળે છે. જે 0.0૧ કક્ષાએ મળતા c.r. સારણીના મૂલ્ય ૨.૫૮ કરતાં વધારે છે. માટે 0.0૧ કક્ષાએ શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. એટલે કે પ્રાયોગિક જૂથના ઉચ્ચ બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અને નિયંત્રિત જૂથના ઉચ્ચ બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ વાંચન અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

Ho_3: પ્રાયોગિક જૂથના નિમ્ન બુદ્ધિ ધરાવતા અને નિયંત્રિત જૂથના નિમ્ન બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થી ઓના વાંચન અર્થગ્રહણ કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

સારણી-૩

પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના નિમ્ન બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ વચ્ચે પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા

નિમ્ન બુદ્ધિ	N	M	SD	SE_D	c.r.value (calculate)	Level of significance
પ્રાયોગિક જૂથ	૧૦	૨૭.૫૦	૪.૦૩	૨.૦૩	૨.૦૬૪	0.0૫
નિયંત્રિત જૂથ	૧૦	૨૩.૩૦	૫.૦૧			

સારણી-૩માં દર્શાવ્યા પ્રમાણે, પ્રાયોગિક જૂથના નિમ્ન બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકોની સરાસરી ૨૭.૫૦ અને નિયંત્રિત જૂથના નિમ્ન બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકોની સરાસરી ૨૩.૩૦ તેમજ પ્રાયોગિક જૂથના નિમ્ન બુદ્ધિ ધરાવતા અને નિયંત્રિત જૂથના નિમ્ન બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ વાંચન અર્થગ્રહણ વચ્ચે પ્રાપ્તાંકોની સરાસરીની સાર્થકતાનું c.r. મૂલ્ય ૨.૦૬૪ મળે છે. જે 0.0૫ કક્ષાએ મળતા c.r. સારણીના મૂલ્ય ૧.૯૬ કરતાં વધારે છે. માટે 0.0૫ કક્ષાએ શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. એટલે કે પ્રાયોગિક જૂથના નિમ્ન બુદ્ધિ ધરાવતા અને નિયંત્રિત જૂથના નિમ્ન બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ વાંચન અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

Ho_4: વાંચન અર્થગ્રહણ કસોટીના સરાસરી પ્રાપ્તાંકો પર માવજત અને બુદ્ધિની આંતરક્રિયાત્મક અસર વચ્ચે કોઈ સાર્થક નહીં હોય.

સારણી-૪

વાંચન અર્થગ્રહણ કસોટીના સરાસરી પ્રાપ્તાંકો પર માવજત અને બુદ્ધિની આંતરક્રિયાત્મક અસરની સાર્થકતા

Source	Type III Sum of squares	df	Mean scores	F	Sig
Corrected model	2411.45	5	482.29	19.20	0.00
Intercept	62375.12	1	62375.12	2483.59	0.00
Treatment	1447.22	1	1447.22	57.62	0.00
IQ	598.95	2	299.47	11.92	0.00
Treatment * IQ	284.45	2	192.22	7.65	0.00
Error	1858.50	74	25.11		
Total	74008.00	80			
Corrected model	4269.95	79			

સારણી-૪માં દર્શાવ્યા પ્રમાણે, વાંચન અર્થગ્રહણમાં માવજતની અસર તપાસવા P મૂલ્ય 0.00 મળે છે. જે 0.0૧ સાર્થકતા કક્ષા કરતાં ઓછું છે એટલે કે વિદ્યાર્થીઓની માવજત પર અસર જોવા મળે છે. જે 0.0૫ સાર્થકતા કક્ષા કરતાં ઓછું છે.

વાંચન અર્થગ્રહણમાં બુદ્ધિની અસર તપાસવા P મૂલ્ય 0.00 મળે છે. જે 0.0૧ સાર્થકતા કક્ષા કરતા ઓછું છે એટલે કે વિદ્યાર્થીઓની બુદ્ધિની અસર જોવા મળે છે. જે 0.0૧ અને 0.0૫ સાર્થકતા કક્ષા કરતા ઓછું છે.

વાંચન અર્થગ્રહણના સરાસરી પ્રાપ્તાંકો પર માવજત અને બુદ્ધિની આંતરક્રિયાત્મક અસર તેનું મૂલ્ય 0.00૧ છે જે 0.0૫ સાર્થકતા કક્ષા કરતાં ઓછું છે માટે શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. વાંચન અર્થગ્રહણ પર માવજત અને બુદ્ધિની સાર્થક આંતરક્રિયાત્મક અસર જોવા મળે છે.

તારણો :

- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ શક્તિ નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ શક્તિ કરતાં વધુ જોવા મળી હતી. પ્રાયોગિક જૂથના ઉચ્ચ બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ શક્તિ નિયંત્રિત જૂથના ઉચ્ચ બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ કરતાં વધુ જોવા મળી હતી.
- પ્રાયોગિક જૂથના નિમ્ન બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ શક્તિ નિયંત્રિત જૂથના નિમ્ન બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ કરતાં વધુ જોવા મળી હતી.

- વાંચન અર્થગ્રહણ પર બુદ્ધિની તેમજ માવજતની સ્વતંત્ર અસર જોવા મળે છે. ઉપરાંત વાંચન અર્થગ્રહણ પર માવજત અને બુદ્ધિની આંતરક્રિયાત્મક અસર જોવા મળે છે.

શૈક્ષણિક ફલિતાર્થો :

- વિદ્યાર્થીઓને પ્રાથમિક કક્ષાએથી જ વાંચન અર્થગ્રહણનું શિક્ષણ આપવું જોઇએ કે જેથી તેઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતામાં વધારો કરી શકાય.
- શાળાના વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણમાં સુધાર લાવવા માટે શાળા કક્ષાએ વાંચન અર્થગ્રહણના કાર્યક્રમોનું આયોજન કરવું જોઇએ.
- વિદ્યાર્થીઓને વિવિધ ફકરાઓનું વાંચન કરાવવું જોઇએ.
- વાંચન ઝડપ અને અર્થગ્રહણના પ્રાપ્તાંકોની જાણ વિદ્યાર્થીઓને પણ કરવી જોઇએ. જેથી તેઓને પણ વાંચનની બાબતમાં કેટલી ક્ષમતા ધરાવે છે તેનો ખ્યાલ આવી શકે.
- વાંચનમાં વિદ્યાર્થીઓને મળેલી સિદ્ધિ બીજા વિષયો શીખવવામાં મદદરૂપ થઇ પડશે. આ પ્રકારના પૂર્વ પ્રકાશન દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી શકાય.

ઉપસંહાર :

પ્રાથમિક સ્તરે વિદ્યાર્થીઓ પોતાની માતૃભાષાને સમજી વિચારીને વ્યવહારમાં લાવવા માટેના ઉદ્દેશ્યથી આ સ્તરના શિક્ષકો વિદ્યાર્થીઓના આ વિષયનો અભ્યાસ કરાવતી વખતે માત્ર અભ્યાસક્રમ સમયસર પૂરો કરવાનો જ ઉદ્દેશ ન રાખતા વિદ્યાર્થીઓ પોતાના વાણી-વ્યવહારમાં પણ શુદ્ધ ઉચ્ચારણ દ્વારા વર્તનમાં દેખાય તે માટે તેમની અર્થગ્રહણ કરવાની ક્ષમતા વિકસાવવાનો પણ ઉદ્દેશ રાખવો જોઈએ. દરેક વિષય માટે આમ તો વિશિષ્ટ કાર્યક્રમની રચના અને અમલીકરણ કરી શકાય પણ અત્રે પોતાની માતૃભાષા ગુજરાતી જ બરાબર ન સમજી શકે, ન અર્થગ્રહણ કરી શકે તો બીજા વિષયની તો વાત જ ન થઈ શકે, માટે તેમની ગુજરાતી ભાષામાં અર્થગ્રહણ ક્ષમતા વિકસે એવો પ્રયત્ન કરવા માટે કાર્યક્રમની રચના અને અમલીકરણ કર્યું છે. સંશોધનના ફલશ્રુતિરૂપ પરિણામો વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યો, કેળવણીકારો અને નિષ્ણાતોને મદદરૂપ થશે.

સંદર્ભ :

અંબાસણા, પી. એ.,(૨૦૦૬). વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષાની વાંચન અર્થગ્રહણ ક્ષમતાનો અભ્યાસ, (અપ્રકાશિત લઘુશોધ નિબંધ), એમ.એડ્. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

ઉચાટ, ડી. એ. (૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

જાડેજા, પી. સી., (૧૯૯૧). જામનગર તાલુકાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓના સંસ્કૃત - વાંચન અર્થગ્રહણપર અસર કરતા પરિબળોનો અભ્યાસ, (અપ્રકાશિત લઘુશોધ નિબંધ), એમ.એડ્., સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

દવે જયેન્દ્ર અને અન્યો, વાંચન શિક્ષણશાસ્ત્રી, બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ.

માલ, એલ. જી.,(૧૯૮૬). ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો તેમના રસ સંદર્ભે વાંચન અર્થગ્રહણનો અભ્યાસ, (અપ્રકાશિત લઘુશોધ નિબંધ), એમ.એડ્., સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.

પટેલ, આર. એસ., (૧૯૯૭). કલોઝ પદ્ધતિથી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણની તપાસ, (અપ્રકાશિત લઘુશોધ નિબંધ), એમ.એડ઼., સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિધાનગર

પટેલ, ટી. એલ., (૨003). રાજકોટ શહેરના ધોરણ નવમાં અભ્યાસ કરતા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષા વાંચન-અર્થગ્રહણ ક્ષમતા વિકસાવવા માટેના કાર્યક્રમની રચના અને અસરકારકતા, (અપ્રકાશિત લઘુશોધ નિબંધ), એમ.એડ઼. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

પટેલ, બી. વી. અને અન્યો, વાંચન સુધાર કાર્યક્રમ, એમ. બી. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.

પારેખ, બી. યુ. અને ત્રિવેદી, એમ.ડી. (૨૦૧૦). શિક્ષણમાં આંકડાશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

પ્રજાપતિ, બી. આઇ., (૧૯૯૪). ધોરણ-૮માં અભ્યાસ કરતા ભરૂચ જિલ્લાના વિદ્યાર્થીઓમાં વિષય વિજ્ઞાનમાં વાંચન અર્થગ્રહણનો અભ્યાસ. પીએચ.ડી.સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર

રાઠોડ, સી.કે., (૧૯૯૪). જૂનાગઢ જિલ્લાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓના હિન્દી વિષયની વાંચન અર્થગ્રહણ પર અસર કરતા પરિબળોનો અભ્યાસ, (અપ્રકાશિત લઘુશોધ નિબંધ),એમ.એડ઼. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર

રાવલ, નટુભાઇ. ગુજરાતી અધ્યાપન પદ્ધતિ, , નીરવ પ્રકાશન, અમદાવાદ.

શાહ, ડી. બી., (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન, પ્રમુખ પ્રકાશન, અમદાવાદ.

 ISBN : 978-81-938282-1-2

સંસ્કૃતિ અને ધર્મ

શ્રી અશ્વિનકુમાર યુ. પટેલ
આસિ.પ્રોફેસર-ગુજરાતી વિભાગ
શ્રી આર.પી.આર્ટ્સ , કે. બી. કોમર્સ અને શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત
મુ.પો & તા.ખંભાત, જિ.આણંદ
મો.૯૪૨૬૩૩૩૯૨૫/૯૫૫૮૩૨૫૯૨૫, E-Mail :- aupatel1973@gmail.com

પ્રસ્તાવના:-

સંસ્કૃતિ એ માત્ર ગતિ નથી સમય સાથેની પ્રગતિ છે. તો ધર્મ એ માત્ર ક્રિયા નથી પરંતુ માનસિક પ્રક્રિયા છે. જે જીવનને અખંડ અને અખૂટ શક્તિ બક્ષે છે. અને એ અખૂટ યથાશક્તિ પ્રયત્ન દ્વારા સમાજના હિતચિંતકો સમાજને સંસ્કારવા પ્રામાણિક પ્રયત્નો કરે છે. આમ સંસ્કૃતિ અને ધર્મ એ એક સિકકાની બે બાજુઓ છે. ધર્મ એ માત્ર પ્રાથમિક અવસ્થાનું સાધન નથી પણ વ્યક્તિને, સમાજને ટોચ સુધી લઈ જનારો અણમોલ માર્ગ છે. તો સંસ્કૃતિ એ માત્ર બૌદ્ધિક વિકાસ નથી પરંતુ બૌદ્ધિક વિકાસ થયા પછી માનવજીવનના સર્વાંગી સ્વયાત સુખની અપેક્ષાનો વિકાસ છે.

સંસ્કૃતિ:-

જગતભરના વિચારકો, ઇતિહાસકારો, અર્થશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, માનવશાસ્ત્રીઓ, તર્કશાસ્ત્રીઓ, પુરાતત્તવવિદો તથા ભાષાશાસ્ત્રીઓ માને છે કે જગતની તમામ જીવસૃષ્ટિમાં મનુષ્ય એ સર્વોત્તમ પ્રાણી છે. તેનામાં વિચાર અને વિવેકનું તત્વ રહેલું છે. જગતની અન્ય જીવસૃષ્ટિની રહેણીકરણીમાં કોઈ પરિવર્તન નોંધાયા નથી. જ્યારે મનુષ્યની રહેણીકરણીમાં હંમેશાં પરિવર્તનો થતાં રહે છે. શ્રી મનુભાઇ પંચોળી નોંધે છે કે " હજારો વર્ષથી પતંગિયુ દીવામાં પડ્યા કરે છે અને પોતાનો જાન અર્પણ કરે છે. છતાં બીજા પતંગિયાઓએ એવો બોધ લીધો નથી કે દીવા પાસે ન જવું " જ્યારે મનુષ્ય અનુભવે શીખે છે. ટૂંકમાં સંસ્કૃતિનો છોડ માનવસમાજની ભૂમિમાં પાંગરી શકે. કારણ કે સંસ્કૃતિની પાત્રતા મનુષ્યમાં જ છે.

સંસ્કૃતિ એ મનુષ્યની કરોડો વર્ષની સાધનાનું ફળ છે. અને એ સાધના અદ્યાપી ચાલુ છે. આ અર્થમાં સંસ્કૃતિ એ કોઈ ભૂતકાળની બાબત નથી પણ તે સતત વહેતું ઝરણું છે. તેનો સંબંધ વર્તમાન જીવન સાથે છે. તે જીવનની પ્રક્રિયા છે. જો કે કોઈ પણ માનવસમાજમાં સંસ્કૃતિનું પુષ્પ એકાએક ખીલતું નથી પણ તેની પાંદડીઓની જેમ ધીરે ધીરે વિકસે છે.

આપણને જે મળ્યું છે તે જીવન છે અને આપણે જે પ્રગટ કરીએ છીએ તેનું નામ સંસ્કૃતિ છે. સમાજગત વારસો એ સંસ્કૃતિના વિકાસની ગુરુકિલ્લી છે. તેમાં વંશપરંપરાથી આવેલી કલા અને મૂલ્યોનો સમાવેશ થાય છે. સંસ્કૃતિમાં પાર્થિવતત્તવો, બૌદ્ધિકતત્તવો, જાતિયતત્તવો, ધાર્મિકતત્તવો, સૌંદર્યતત્તવો વગેરેનો સમાવેશ થાય છે. જેને સંક્ષેપમાં જોઈએ તો-

મનુષ્યે પોતાના જીવન માટે જે ભૌતિક જરૂરિયાતો ઊભી કરી છે. તેનો પાર્થિવતત્તવમાં સમાવેશ થાય છે. એટલે કે માનવજીવનને ટકાવવા માટે આહાર, વિહાર, વસ્ત્ર, રહેઠાણ, ઓજારો,માલમિલકત વગેરેની જરૂર પડે છે તે. મનુષ્ય આદિ અવસ્થાથી સભ્ય અવસ્થા સુધી આહાર મેળવવા સતત પ્રયત્નશીલ રહ્યો છે. શિકારી અવસ્થામાં પ્રવેશતાં ખેતીના ઓજારોની શોધ થતાં આહારનું ઉત્પાદન

વધ્યું. પરિણામે તેમાંથી સાટા પદ્ધતિ(એક વસ્તુના બદલામાં બીજી વસ્તુ આપી જીવન નિર્વાહ ચલાવવાની પદ્ધતિ) અસ્તિત્વમાં આવી. કૃષિપેદાશનું વધારે ઉત્પાદન થતાં તેમાંથી વેપાર વિકસ્યો અને અર્થવ્યવસ્થા અસ્તિત્વમાં આવી તેમાંથી નાણાં વ્યવસ્થાનું સર્જન થયું. આમ શિકારી અવસ્થાથી બેંકિંગ વ્યવસ્થા સુધીનો સમાવેશ પાર્થિવતત્તવોમાં કરી શકાય.

માણસને માણસની હૂંફ હોય છે. પાષાણયુગનો માનવી પોતાનો વિચાર વ્યક્ત કરવા અભિનયનો ઉપયોગ કરતો. આમાંથી ધીમે ધીમે ધ્વનિ સંકેતોના વિકાસ સાથે વાણીનો વિકાસ થયો. વાણીમાંથી ભાષાનો વિકાસ થયો. ભાષામાંથી લિપિનો વિકાસ થયો અને લિપિના સાધન દ્વારા સાહિત્યનો વિકાસ થયો. આ સર્વનો બૌદ્ધિક તત્તવોમાં સમાવેશ થાય છે.

જ્યારે મનુષ્યે કુટુંબ ન હોતું કેળવ્યું ત્યારે પુરૂષનું એક ટોળાં સ્ત્રીના એક ટોળું સાથે સંબંધ બાંધતું અને પુરૂષના જાતીય સંબંધથી જે બાળકો ઉત્પન્ન થતાં તે ટોળાંની મિલકત ગણાતી. આમાંથી ધીરે ધીરે માનવી કૃષિ અવસ્થામાં પોતાના સ્વતંત્ર કુટુંબમાં રહેતો થયો. તેમાંથી સમાજીકરણનો વિસ્તાર ગામ અને કસ્બા સુધી વધ્યો. સમય જતાં સ્ત્રી અને પુરૂષ વચ્ચે વિજાતીય આકર્ષણ થતા તેમાંથી બંને વચ્ચે પ્રેમની ભાવના વિકસી. તેમાંથી લગ્નપ્રથા અસ્તિત્વમાં આવી. અને સમાજમાં એકબીજા સાથેના ચોક્કસ સગપણો અસ્તિત્વમાં આવ્યાં. આમ ટોળાંપ્રથાથી કુટુંબપ્રથા –જાતિપ્રથા સુધીનો જે વિકાસ થયો તેનો જાતીય તત્તવોમાં સમાવેશ થાય છે.

માનવીનું જ્ઞાન જેમ જેમ વિકાસ પામતું ગયું તેમ તેમ તેને પોતાની આસપાસ રહેલાં પ્રકૃતિનાં તત્તવોની શક્તિ અને અસરનો ખ્યાલ આવતો ગયો. પરિણામે મનુષ્ય કુદરતના તત્તવોને આશ્ચર્યથી પૂજવા લાગ્યો. આમાંથી ધીરે ધીરે વૃક્ષપૂજા, પ્રાણીપૂજા, પિતૃપૂજા, નદીપૂજા, જાદુ મંત્ર તંત્ર વગેરે અસ્તિત્વમાં આવ્યાં. ધીરે ધીરે માનવી જુદા જુદા રોગો માટે વનસ્પતિને દવા તરીકે ઉપયોગ કરતો થયો. આ સર્વમાંથી વિજ્ઞાન, તત્તવજ્ઞાન અને ધર્મનો વિકાસ થયો તે ધાર્મિક તત્તવો.

પ્રકૃતિના જે તત્તવોમાં મનુષ્ય સુંદરતા જોતો તેનો ઉપયોગ તે પોતાના માટે કરતો . ધીરે ધીરે આમાંથી દેહશૃંગાર, ગૃહશૃંગાર, ઉપવન વગેરેનો વિકાસ થયો. ધીરે ધીરે એ સાથે માટીમાંથી સુંદર શિલ્પ અને સ્થાપત્યનું સર્જન કરતો થયો. વળી ચિત્ર, સંગીત નૃત્ય આદિ કલાઓના પણ મનુષ્યે પોતાના મનોરંજન માટે વિકાસ કર્યો તે સૌંદર્ય તત્તવો.

સંસ્કૃતિ વિશે એમ નિ:સંદેહપણે કહી શકાય કે તેની પાત્રતા મનુષ્યમાં જ છે, માનવસમાજની ભૂમિમાં જ સંસ્કૃતિ પાંગરી શકે. કુદરત મનુષ્યને જીવન આપે છે. મનુષ્યે તેમાંથી સંસ્કૃતિનું નિર્માણ કરવાનું છે. માનવશાસ્ત્રીઓ સંસ્કૃતિને માનવજીવનના સર્વક્ષેત્રો આવરી લેનાર એક વિશાળ અર્થમાં જુએ છે. આ અંગે મેથ્યુ આર્નોલ્ડ કહે છે કે “સંસ્કૃતિ એટલે પૂર્ણતાની ઉપાસના, માધુર્ય તેમજ પ્રકાશ કે જ્ઞાનની નિસ્વાર્થ ખોજ ” અને એટલે જ બહુધા વિદ્વાનોનો એક મત એ છે કે –સંસ્કૃતિ એટલે મનુષ્યે સમાજના એક એકમ તરીકે પ્રાપ્ત કરેલ જ્ઞાન, ધાર્મિક માન્યતા, કલા, નીતિ, કાયદો, રૂઢિઓ, અન્ય શક્તિઓ અને ટેવોનો બનેલો એવો સમગ્ર સમુચ્ચય.

ધર્મ:-

ધર્મ એ માનવતાના વિશિષ્ટ હિતસંબંધોનું રક્ષણ કરવાવાળી એક સામાજિક શક્તિ છે. એ શક્તિએ માનવજીવનને કેવળ ઉંચે લાવવાનું જ કાર્ય નથી કર્યું. પરંતુ જગતની અલગ અલગ

સંસ્કૃતિઓને એકબીજાની પાસે લાવી તેમને એકત્ર કરવાનું કાર્ય પણ કર્યું છે. માનવ ઇતિહાસ તપાસતાં જણાય છે કે અનેક માનવ સંસ્કૃતિઓ એકત્ર થયેલી જણાય છે. તેનું કારણ ધર્મ છે. દા.ત. ઇજિપ્ત, સુમેર, પેલેસ્ટાઇન, ચીન, ભારત વગેરે રાષ્ટ્રોનો સાંસ્કૃતિક સંપર્ક દેખાય છે. તેમાં ધર્મનો મોટો ફાળો છે. માનવજગત આજે જે સુસાધ્ય સ્થિતિમાં છે. તેનો યશ ધર્મને ફાળે જાય છે.

ધર્મએ ઐહિક તેમજ પરમાર્થિક બંને વાતોનો સુંદર વિચાર કર્યો છે. અને ધર્મપુરૂષોએ સમજાવ્યું કે ઐહિક અને પરમાર્થિક એવા બે જુદા વાડા જીવનમાં કરી જ શકાતા નથી. જીવનમાં ઐહિક પરમાર્થિક બંને વાતોની જરૂર છે. ઇહલોક અને પરલોક બંને લોકમાં ક્લ્યાણ કરે તે ધર્મ. આ બંને વાતોનો સુંદર સમન્વયાત્મક વિચારનું દર્શન ધર્મએ કરાવ્યું છે.

જો કે ધર્મની અનેક વ્યાખ્યાઓ થઈ છે જેમ કે ‘સત્ય એ જ ધર્મ ’ પરંતુ માનવ જગતનો ઇતિહાસ કહે છે કે સત્તા સુધી સત્ય પહોંચતું જ નથી. તો પછી ‘ સત્ય એ જ ધર્મ’ એમ કેમ માની શકાય ? વાસ્તવમાં ‘ સત્ય એ જ ધર્મ ’ એમ ન કહેતાં ‘ સત્ય ધર્મનું એક અંગ છે’ એમ કહી શકાય. તે જ રીતે જૈન અને બૌદ્ધ ધર્મે ‘ અહિંસા પરમો ધર્મ ’ કહીને ધર્મની વ્યાખ્યા કરી છે. તો શું ધર્મ એ અહિંસા પૂરતો જ સીમિત છે ? દા.ત. નાસિકા પથમા કે મુખપથમાં જીવાણું જાય તેના માટે મોઢા પર ક્પડું બાંધશું. પરંતુ- શ્વાસોચ્છવાસમાં યા તો પાણીમાં રહેલા બેકટેરિયાની હિંસા કેમ ટાળી શકાશે ? વળી ‘ દયા ધરમ કા મૂલ હૈ ’ જેવી પણ ધર્મની વ્યાખ્યા થઈ છે. પરંતુ એ પણ એટલી સાચી વાત છે કે દયા બગાડ કરે તેવી ન હોવી જોઈએ. એનો અર્થ એ છે કે પરિસ્થિતિ પ્રમાણે બદલવી પડે તેવી ધર્મની વ્યાખ્યા કેમ હોઈ શકે ? ધર્મ એટલે તો સમગ્ર જીવનનો જેમાં વિચાર કરવામાં આવ્યો હોય તથા ઈહલોક અને પરલોક બંનેનો વિચાર જેમાંથી પ્રગટતો હોય તેવો ઉભયવાદી ધર્મ હોવો જોઈએ.

પાશ્ચાત્ય જગતે પણ જે તે દેશોના ધર્મ-સંપ્રદાયોના વિકાસની જુદી જુદી અવસ્થાનો અભ્યાસ કર્યો અને આક્ષેપ કર્યો કે ‘ ધર્મમાં જેમ પ્રીતિ શ્રદ્ધાભાવ વગેરે છે તેમ બુદ્ધિ પણ હોવી જોઈએ ’ પરંતુ પ્રશ્ન એ છે કે જો ધર્મમા બુદ્ધિતત્તવ ન હોત તો માનવજીવનમાં સુસાધ્યતા સંભવી શકત ખરી ? વોલ્ટેયરે કહ્યું કે “ લોકોને મૂર્ખ બનાવવા ‘ કેટલાક લુચ્ચાઓએ કાઢેલી યુક્તિ એટલે ધર્મ ” તો હ્યુમે ‘ Natural History of Religion ’ પુસ્તકમાં ધર્મને ‘ ગાંડા માણસોના સ્વપ્ન ’ તરીકે ઓળખાવ્યો છે. પરંતુ ધર્મ એ માનવોના વિશિષ્ટ હિત સંબંધોનું રક્ષણ કરવાવાળી એક સામાજિક –આધ્યાત્મિક શક્તિ છે. તેની આ લોકોએ કલ્પના જ કરી નથી.

આપણે એ પણ ન ભૂલવું જોઈએ કે ધર્મનો ઉદ્દભવ મુખ્યત્વે આત્મદર્શન ઉપર અને આત્મઅનુભૂતિ ઉપર થયો છે. તેની આસપાસ નીતિ, ભક્તિ, દયા, પરોપકાર બધું આવે. વળી ચિત્તશુદ્ધિની સાથોસાથ સમાજની વ્યવસ્થા , સમાજની સેવા અને સમાજની ઉન્ન્તિ કરવાનો ખ્યાલ હોય. તથા ધર્મશાસ્ત્ર અંતર્ગત શું આવે ? શું ન આવે ? તેવા જીવનના દરેકે દરેક પાસાને સ્પર્શે છે. ધર્મ સીમિત નથી એ અંત્યત વ્યાપક છે. અને એટલે જ ભારતમાં એ વ્યાપક ધર્મ ભાવનાને સમજવા માટે ધર્મ , અર્થ , કામ અને મોક્ષ એમ ચાર પુરૂષાર્થ રૂપમાં વિભાજન કરી અર્થબોધ આપવાનો પ્રયત્ન થયો છે.

ધર્મ મુખ્યત્વે મનુષ્યના ગૂઢ અનુભવ ઉપર કે આત્મદર્શન ઉપર અને આત્મઅનુભૂતિ ઉપર ઊભો થયો છે. તેનાં પાયામાં એ રહ્યું છે કે - હું કોણ ? આત્મા શું છે ? જગત શું છે ? કર્મ શું છે ? દેહ શું છે ?

દેહ અને આત્મા વચ્ચે સેતુ બંધાવો જોઈએ ? અને સેતુ બંધાયો તો એ પછી શું ? આમ માનવમનની અનંત વૃત્તિઓ તેમજ અનંત ગર્ભિત શક્તિઓ કામ કરી રહી છે. અને એ શક્તિઓનો સાક્ષાત્કાર કરીને તેનો પૂરેપૂરો તાગ લઈને ધર્મપુરુષોએ ધર્મની રચના કરી છે. અને જેના બે અંગ છે. ભક્તિ અને ચિત્તશુદ્ધિ. ભક્તિ એ ધર્મનુ હાર્દ છે અને ચિત્તશુદ્ધિ જે ધર્મનો આત્મા છે. જેની ઉપાસના થકી મનુષ્ય ધીરે ધીરે પરમ લક્ષ્ય તરફ પ્રયાણ કરે છે.

સંસ્કૃતિ અને ધર્મ :

જેમ સંસ્કૃતિનો પાયો વિચાર છે તેવી રીતે ધર્મનો પાયો પણ વિચાર છે. સંસ્કૃતિ જેમ માનવસમાજમાં વિકસે છે, તેમ ધર્મ પણ માનવસમાજથી ઉત્પન્ન થયો છે. સંસ્કૃતિ અને ધર્મ એ બંને મૂળમાં તો વિચાર ચિંતનથી જ વિકસે છે. એ બંનેનો સંબંધ દેહ અને પ્રાણ જેવો છે. જગતની સંસ્કૃતિઓનો ઈતિહાસ કહે છે કે - ધર્મ અને સંસ્કૃતિ એકબીજા સાથે એવી રીતે ઓતપ્રોત થઈ ગયા છે કે આપણે તેમની સ્વતંત્ર કે અલગ કલ્પના કરી શકતા નથી. આ બંનેનો સંબંધ મનુષ્યના જીવાતા જીવન સાથે છે. સંસ્કૃતિની જેમ ધર્મ પણ જીવનની સતત ચાલુ રહેતી પ્રક્રિયા છે. આ વાત સમજાવતાં ડૉ. સર્વપલ્લી રાધાક્રૃષ્ણન કહે છે કે “ ધર્મ એ પરિપકવ ફળ નથી પણ વિકાસ પામતું વૃક્ષ છે. બંધિયાર સરોવર નથી પણ સતત વહેતો નદીનો પ્રવાહ છે. સંસ્કૃતિની જેમ ધર્મ પણ મનુષ્યના જીવનની મૂળગત બાબત છે. ધર્મ સંસ્કૃતિને તંદુરસ્ત બનાવે છે. ધર્મ એ વ્હેમ નથી સત્તાધીશોનો કાયદો નથી. સ્વાર્થી ધર્મગુરૂઓએ પ્રજાને ઘેનમાં નાંખવા યોજેલું અફીણ નથી . પરંતુ જીવનનો માર્ગ છે” સંસ્કૃતિ અને ધર્મ વચ્ચે સમાજશાસ્ત્રીઓએ જે ભેદ પાડેલા છે તે સાધન અને સાધ્ય વચ્ચેના છે. ટૂંકમાં સંસ્કૃતિનો સંબંધ સાધનો તેમજ ઉપકરણો સાથે છે. જ્યારે ધર્મનો સંબંધ જીવનના અંતર્ગત મૂલ્યો સાથે છે. આમ સંસ્કૃતિ અને ધર્મ એ એકબીજાના પૂરક છે.

શ્રી કાલેલકર કહે છે કે “ ધર્મ તેમજ સંસ્કૃતિ એ બે શબ્દો જીવન જેટલા વ્યાપક તેમજ ગહન છે . તેનો મર્મ સહેલાઈથી પામી શકાતો નથી.” ધર્મની આજ દિન સુધી લગભગ દસ હજાર ઉપરાંત વ્યાખ્યાઓ આપવામાં આવી છે. પરંતુ તેમાંથી એક પણ આખરી કે સંપૂર્ણ નથી. જો કે સંસ્કૃત શબ્દ ‘ ધર્મ ’ નો પર્યાય આપી શકે તેવો એક પણ શબ્દ વિશ્વની ભાષામાં નથી. જે ‘ ધર્મ ’ શબ્દ ‘ ધૃ – ધારયતિ ’ ઉપરથી બન્યો છે. ધર્મ ધારણ કરે છે . તેથી ધર્મ કહેવાય છે.

જગતની સંસ્કૃતિઓનો અભ્યાસ કરતાં જણાય છે કે આદિકાળમાં જાદુ , ધર્મ તેમજ વિજ્ઞાન એક જ અર્થ ધરાવતા હતા. પરંતુ કુદરતની આપત્તી સામે તેને કોઈ ઉપાય જડતો ન હતો. વળી રોજિંદા જીવનમાં કલ્પી ન શકય તેવા બનાવો બનતા જોયા અને પોતાની ઇચ્છા મુજબ કાંઇ જ થઈ શકતું નથી. એવું લાગ્યું ત્યારે તેને સમજાયું કે કોઈ એવી અલૌકિક શક્તિ છે. જેનાથી પોતાનું રક્ષણ થઈ શકે છે. અને ત્યારે તે તેને શરણ ગયો. આમાંથી ધર્મનું સર્જન થયું. આમ સંસ્કૃતિના વિકાસમાં ધર્મભાવના પણ ભળી અને માનવજીવનમાં ભવ્યતાના દર્શન થયાં.

ઉપસંહાર :-

સંસ્કૃતિ અને ધર્મભાવના એ માણસની વિશેષતા છે. માનવજીવનના ઉત્ક્રાંતિમાં એ મહત્તવના પરિબળ છે. એ ભેદભાવ મિટાવતી અને સમતાનો યુગધર્મ બજાવતી પ્રક્રિયાઓ છે. એ બંને સમાજશુદ્ધિ અને ચિતશુદ્ધિ માટેના મૂળ સ્તોત્ર છે. માનસિક કલ્પના કે ક્રિયા કલાપોથી ઉપર ઉઠેલી મનુષ્યની

શક્તિને માર્ગદર્શન પૂરું પાડનાર ધર્મ છે. તો પુખ્ત અને પરિષુષ્ટ ધર્મભાવનાથી કર્મને પ્રાધાન્ય આપી માનવજીવનને મૂઠી ઉંચેરું લઈ જવાની શક્તિ સંસ્કૃતિ છે.

સંદર્ભ ગ્રંથ :

૧) આજના યુગની ધર્મભાવના – વિનોબા ભાવે

૨) પ્રકૃતિ – સંસ્કૃતિ અને માનવ – મગનભાઈ પ્રભુભાઈ દેસાઈ

૩) સંસ્કૃતિ ચિંતન – શ્રી પાંડુરંગ શાસ્ત્રી આઠવલે

૪) જગતની અગ્રગણ્ય સભ્યતાઓ –ડૉ. નવીનચંદ્ર આચાર્ય અને ડૉ. થોમસ પરમાર

ડાઉનસિન્ડ્રોમ ધરાવતા બાળકોનો ભાષાવિકાસ

રેશ્મા એ. શાહ

રિહેબિલિટેશન સાયકોલોજિસ્ટ એન્ડ સ્પેશિયલ એજ્યુકેટર

<u>પ્રસ્તાવના :-</u>

ભાષા એ વિચારો જરૂરિયાતો અને લાગણીઓને વ્યક્ત કરવાનું માધ્યમ છે. બાળક જ્યારે નાનું હોય ત્યારે હજુ ભાષાની અભિવ્યક્તિ ન શિખ્યું હોય ત્યારે દરેક જરૂરિયાત કે લાગણી વ્યક્ત કરવા તે રડે છે પરંતુ એ રડવું તેની માતા સમજી જાય છે કે ભૂખ લાગી હશે કે ઉંઘ આવતી હશે.

બાળક ધીમે ધીમે મોટું થાય તેમ આસપાસના લોકો પાસેથી ભાષા ગ્રાહ્ય કરવાનું શીખતું જાય છે. આ કાર્ય માટે તેની નિરીક્ષણ શક્તિ યાદશક્તિ અનુકરણ શક્તિનો ઉપયોગ સમજપૂર્વક કરે છે. અને શબ્દો વાક્યો અને અર્થપૂર્ણ ભાષા શીખી જાય છે.

આગળ કહ્યું એમ ભાષા શીખવવા શક્તિઓનો સમજપૂર્વક ઉપયોગ જરૂરી છે. પરંતુ મંદબુદ્ધિ ધરાવતા અને તેમાં પણ ખાસ કરીને ડાઉનસિન્ડ્રોમ (મંદબુદ્ધિનો એક પ્રકાર) ધરાવતા બાળકોમાં ભાષાનો વિકાસ ઓછો અને મોડો જોવા મળે છે. કારણ કે આ પ્રકારના બાળકોનો બુદ્ધિ આંક (Intelligent Outes) એવરેજ વ્યક્તિઓ કે બાળકોથી ઓછો જોવા મળે છે (૭૦ થી ઓછી બુદ્ધિઆંક) જેને કારણે મંદબુદ્ધિ ધરાવતા બાળકોમાં જન્મથી જ વિકાસના માઇલસ્ટોન સમધારણ બાળક કરતા મોડા હોય છે.

<u>ભાષાના પ્રકાર અને સ્વરૂપ :-</u>

ભાષા કોઇપણ હોય ભાષા સમજવી અને શીખવી અઘરી છે કારણ કે ભાષામાં શબ્દો વાક્ય રચના, ક્રિયાપદ, કર્તા જેવી વ્યાકરણની આંટીઘૂટી હોય છે આ ઉપરાંત ભાષાની અભિવ્યક્તિમાં શબ્દોની લય, ટોન, રિધમ બે શબ્દ વચ્ચેની જગા, સ્પીડ, સ્પષ્ટ ઉચ્ચારણ વિગેરેનું મહત્તવ પણ ખૂબ જ છે.

❖ **<u>ભાષાના પ્રકાર</u>** :

ભાષા બે પ્રકારની હોય છે.

(૧) **ગ્રાહ્ય ભાષા**

(૨) **અભિવ્યક્તિની ભાષા**

(૧) **ગ્રાહ્ય ભાષા** : સામાન્ય રીતે નાના બાળકો (ઉ.વ.૩ સુધી) પ્રથમ ભાષા ગ્રાહ્ય કરે છે એટલે કે શબ્દો, શબ્દોનો અર્થ તેનો ઉપયોગ, શબ્દનું ઉચ્ચારણ, ગ્રહણ કરે છે. ત્યારબાદ ધીમે ધીમે વસ્તુઓ સાથે યોગ્ય શબ્દોને સમજવાના પ્રયત્નો કરે છે. દા.ત. 'સફરજન' શબ્દ સફરજનને જોઈને સમજવાનો પ્રયત્ન કરે છે.

(૨) **અભિવ્યક્તિની ભાષા** : ગ્રાહ્ય ભાષા બાદ ધીમે ધીમે બાળક પોતાની જરૂરિયાત અને લાગણીઓને વ્યક્ત કરવા યોગ્ય ભાષા, શબ્દો, ઉચ્ચારણ, સ્પષ્ટતાનો ઉપયોગ કરવા લાગે છે. બે શબ્દો વચ્ચેનું યોગ્ય જોડાણ, જગ્યા, લય, ટોન, અવાજ, વગેરે અભિવ્યક્તિ શીખતુ જાય છે. આ માટે બાળકની નિરીક્ષણ શક્તિ, અનુકરણ શક્તિ, યાદશક્તિ ઉપરાંત બાળકના બોલવા માટેના શારીરિક અંગો જેમ કે કાન, ગળું, સ્વરપેટી, જીભ, તાળવું, હોઠ વિગેરેની યોગ્ય રચના હોવી ખૂબ જરૂરી છે.

આમ, ભાષાના બે પ્રકાર છે હવે જોઈએ ભાષાનું સ્વરૂપ.

 ISBN : 978-81-938282-1-2

❖ <u>ભાષાનું સ્વરૂપ :</u>



(૧) વાક્ય વિન્યાસ : ભાષાના વ્યાકરણને સૂચવે છે. શબ્દ ક્રમ અને શબ્દો વચ્ચેના સંબંધ સાથે જોડાયેલ છે.

(૨) છંદ શાસ્ત્ર : વાક્ય વિન્યાસની બીજી બાજુ છે. જે વાક્ય પર લાગતા ટોન, સ્વર, લય, રીધમને સૂચવે છે.

(૩) રૂપગ્રામ : શબ્દો બનાવવાના નિયમને સૂચવે છે.

(૪) સ્વનિમ વિજ્ઞાન : જન્મજાત વકતા દ્વારા સ્પીચ સાઉન્ડસ વ્યક્ત થતું હોય તે સૂચવે છે. એટલે કે દરેક ભાષાના આલ્ફાબેટ્સ જેમાં સ્વર અને વ્યંજનનો સમાવેશ થાય છે.

<u>મંદબુદ્ધિ ધરાવતા બાળકોમાં ભાષા વિકાસની સમસ્યા :-</u>

(૧) ૪૦% બાળકો નોન વર્બલ કોમ્યુનિકેશન કરે છે. કોઇક ઇશારા તો કેટલાક થોડા શબ્દોનો ઉપયોગ કરે છે.

(૨) વ્યક્તિ વસ્તુઓ અને વાતાવરણમાં થતી ક્રિયાઓ વિશે જાણકારી ઓછી હોવાથી મંદબુદ્ધિ બાળકોની ભાષા ક્ષમતા ઓછી જોવા મળે છે.

(૩) આ બાળકો જ્યારે વાત કરે છે ત્યારે ઉચ્ચારણ દોષ હોવાથી ભાષાની સ્પષ્ટતા ઓછી જોવા મળે છે.

(૪) કેટલાક બાળકો વાક્યો બોલે છે. પરંતુ વ્યાકરણ શુદ્ધ નથી હોતું.

(૫) કેટલાક મંદબુદ્ધિ બાળકો શબ્દો અલગ-અલગ બોલી શકે છે પરંતુ શબ્દોને યોગ્ય ક્રમમાં મૂકી વાક્ય બોલવામાં અસમર્થ હોય છે.

ઉપરની સમસ્યાઓ ૮૦% મંદબુદ્ધિ ધરાવતા બાળકોમાં જોવા મળે છે.

<u>ડાઉનસિન્ડ્રોમ :-</u>

આ એક જિનેટિક પરિસ્થિતિ છે. દરેક માનવીમાં ૨૩ જોડ રંગસૂત્રો હોય છે. આ રંગસૂત્રો જોડમાં હોય છે જેમાં એક રંગસૂત્ર માતા અને એક રંગસૂત્ર પિતા તરફથી મળેલ હોય છે એમ ૨૩ જોડ બને છે.

બાળકના Conception સમયે કોષવિભાજન થાય ત્યારે કોઈપણ કારણસર ૨૧ નંબરની રંગસૂત્રની જોડમાં બે ના બદલે ત્રણ રંગસૂત્ર થઈ જતાં બાળક ડાઉનસિન્ડ્રોમ જન્મે છે. આ કાયમી પરિસ્થિતિ છે. આ પરિસ્થિતિને Trisomy-21 પણ કહેવાય છે.

<u>ડાઉનસિન્ડ્રોમ ધરાવતા બાળકોના લક્ષણો :-</u>

➢ **<u>બાહ્ય લક્ષણો :</u>**

(૧) જીભ જાડી, ખાંચાવાળી અને મોટી હોય છે.

(૨) નાક ચપટું હોય છે.

(૩) આંખો બદામ આકારની હોય છે.

(૪) હાથ જાડા આંગળા ટૂંકા જાવા મળે છે.

(૫) વાળ પાંખા અને લીસા હોય છે.

(૬) પગના તળિયામાં ખાડો ઓછો અથવા હોતો જ નથી.

(૭) શરીર જાડું અને ઊંચાઈ ઓછી હોય છે.

(૮) ગળું ટૂંકું જોવા મળે છે.

આંતરિક લક્ષણો :-

(૧) સામાન્ય રીતે ડાઉનસિન્ડ્રોમ ધરાવતા બાળકોમાં હાર્ટ પ્રોબ્લેમ જાવા મળે છે.

(૨) હાયપોથાઇરોઇડઝમ મોટાભાગે જોવા મળે છે.

(૩) શ્વાસની તકલીફ કબજિયાત, સાંભળવાની મુશ્કેલી તેમજ દાંતની તકલીફ જોવા મળે છે.

(૪) આ બાળકોને મોટાભાગે કાનમાં ઇન્ફેક્શન જોવા મળે છે. જેથી ભાષા સ્પષ્ટ સમજવામાં મુશ્કેલી પડે છે.

ડાઉનસિન્ડ્રોમ ધરાવતા બાળકોમાં ભાષા વિકાસ :-

(૧) ડાઉનસિન્ડ્રોમ બાળકો મોટાભાગે અન્ય સમધારણ બાળક કરતાં પ્રથમ અક્ષર મોડો બોલે છે.

(૨) સમધારણ બાળકો જેટલો ભાષા ભંડોળ ન હોવાથી તેઓ વ્યાકરણના નિયમોનુસાર વાત કરી શકતા નથી.

(૩) ભાષાના સ્પષ્ટ ઉચ્ચારણમાં તકલીફ અનુભવે છે.

(૪) આપણે પણ આપણા વિચારો કે માંગણીઓની રજૂઆત ન કરી શકીએ તો સમાજથી અળગા થઈ જઈએ છીએ અને સામાજિક અને સાંવેદનિક જીવન વિખાય જાય છે.

(૫) ડાઉનસિન્ડ્રોમ ધરાવતાં બાળકો Cognetive Delayed હોય છે જેથી જગતને સમજવામાં મુશ્કેલી અનુભવે છે.

(૬) ભાષા એ એક જ એવું માધ્યમ છે જે જ્ઞાન, સમજ, વિચાર, તર્ક વગેરે સમજવામાં અને વ્યક્ત કરવામાં ઉપયોગી છે.

(૭) સામાજીકરણનો મોટા ભાગનો આધાર ભાષા પર છે અગાઉનો અભ્યાસ કહે છે કે ૫% થી ૭% ડાઉનસિન્ડ્રોમ ઓટીઝમના લક્ષણો ધરાવે છે.
(1992 Evans, Paul & Shap 1999)

(૮) હાલના સંશોધન મુજબ ૧૫% ડાઉનસિન્ડ્રોમ ધરાવતા બાળકો ઓટીઝમના લક્ષમો ધરાવે છે.
(2008 _ Hepbwn, Pholofsly, Fidlen & Rogers)

(૯) બહુ જૂજ ડાઉનસિન્ડ્રોમ બાળકો લખતાં કે વાંચતા શીખે છે.

(૧૦) ભાષામાં આટલી મુશ્કેલીઓને કારણે ડાઉનસિન્ડ્રોમ ધરાવતા બાળકો અન્ય સમધારણ બાળકો અને વ્યક્તિઓ સાથે કોમ્યુનિકેશન કરવામાં મુશ્કેલી અનુભવે છે.

ઉપસંહાર :-

ભાષા શીખવી ખૂબ અઘરી છે પરંતુ બાળકના Early State પર ગ્રાહ્ય ભાષા જેટલી ઝડપી શિખાય તેટલી અભિવ્યક્ત ભાષા શીખવવામાં સરળ રહે છે.

મંદબુદ્ધિ ધરાવતાં અને ખાસ કરીને ડાઉનસિન્ડ્રોમ ધરાવતા બાળકો ગ્રાહ્ય ભાષા શીખવામાં મોડા હોય છે તેમજ અભિવ્યક્ત ભાષામાં શારીરિક રચના ઉપરાંત ભાષા ભંડોળ અને સમયે Recall કરવામાં, Decoding કરવામાં મુશ્કેલી અનુભવતા હોવાથી આ પ્રકારની પરિસ્થિતિ ધરાવતા બાળકોને સામાજીકરણમાં તકલીફ પડે છે.

References :-

(1) Language Characterstics of individuals with Down Syndrome NCBI – NIH
(2) ટી. સુબારાવNIMH
(3) મૂવિંગ ફોરવર્ડNIMH
(4) Nature & Needs – DSE (MR) - NIMH

 ISBN : 978-81-938282-1-2

સાહિત્ય અને સિનેમા

પ્રો.ભૂમિકા એમ. મિસ્ત્રી
શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટસ
એન્ડ એમ.એચ.ગુરૂ કોમર્સ કૉલેજ, ઊંઝા

માનવી એક સામાજિક પ્રાણી છે. જે સમાજમાં પોતે રહે છે ત્યાં પોતાને અભિવ્યકત કરવા માટે ભાષાનો ઉપયોગ કરે છે. ભાષાનો જન્મ થતાં જ સાહિત્ય ઉદ્‌ભવ્યું - ભાષાની શોધ થતાં પ્રથમ ઉચ્ચારો (અવાજ) અને પછી સંકેતો (ચિત્રો) લિપિ બન્યો. અને ક્રમબદ્ધ અને વિચારોએ કલ્પના ચિત્રો ઊભા કર્યા. શબ્દોના સથવારે કાગળ પર કલ્પનાઓ ઊતરી અને સાહિત્યમાં વાર્તા, નવલકથા, કાવ્યોમાં માનવજાત અભિવ્યકત થતી રહી.

શોધોનો યુગ શરૂ થયો અને ચિત્રમાંથી ચલચિત્ર પ્રગટયું અને ઝડપભેર દુનિયા આ દૃશ્ય-શ્રાવ્ય માધ્યમની શોખીન બની ગઈ. ફિલ્મ સર્જાય એ પહેલાં લખાય છે. પણ એ લખાય ત્યારે પાત્રો શું બોલશે કે શબ્દની ભાષા સાથે કેમેરો શું દેખાડશે તે કેમેરાની ભાષા પણ લખાય છે, વિચારાય છે.

ફિલ્મ નિર્માતાઓ ફિલ્મની કથા તરીકે સાહિત્યકૃતિઓનો આધાર લેતા થયા ત્યારથી સાહિત્યકૃતિ આધારિત ફિલ્મ બનાવવાનું શરૂ થયું. કથા-પટકથા-સંવાદનો અધાર વાર્તા કે નવલકથા બને ત્યારે તે સાહિત્યકૃતિ આધારિત ફિલ્મ બની ગણાય. આમ સાહિત્ય અને ફિલ્મ વચ્ચે ઘણો સામ્યભેદ છે.

સાહિત્ય અને સિનેમાનો સંબંધ ઘણો વિવાદાસ્પદ રહ્યો છે. ચિત્રપટ જ્યારથી બોલપટ બન્યું અને એમાં વાર્તાકથનની કલા પ્રવેશી ત્યારથી ફિલ્મ સાથે સાહિત્યનું સાયુજ્ય સાધવાના પ્રયાસો થતાં રહ્યા છે. ક્યારેય આવું સાયુજ્ય મિથ્યા કે ભ્રામક હોય છે. આમ છતાં કથનાત્મક ચલચિત્ર અને લેખિત કથનપ્રધાન સાહિત્ય વચ્ચે એક પ્રકારનો ભેદ જાવા મળે છે. ક્યારેક આ બંને વચ્ચે કશોય ભેદ નથી એમ કહેવાયું છે. બંને માધ્યમો જુદા છે, બંનેના ધ્યેયો જુદા છે. બંનેની રજૂઆત અને અભિવ્યકિત પણ જુદી છે.

ફિલ્મ કોઈપણ કલામાંથી ગમે તેટલું ગ્રહણ કરે પણ તેને પોતાના ઢાંચામાં ઢાળીને રજૂ કરે છે. આથી પ્રસિદ્ધ નવલિકા કે નવલકથા જ્યારે કચકડાની પટ્ટીમાં મઢાઈને પ્રગટ થાય ત્યારે તેના આલેખનનું ગણિત સાવ જુદું હોય છે. પોતાની કૃતિનું ફિલ્મમાં રૂપાંતર થાય છે ત્યારે તેના પરત્વે ક્યારેક સર્જક પોતે અસંતોષ અનુભવતો હોય છે. ગુજરાતીના પ્રતિષ્ઠિત સર્જક મનુભાઈ પંચોળીની 'ઝેર તો પીધા છે જાણી -જાણી'ના પ્રથમ બે ભાગ પરથી અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીએ તૈયાર કરેલા ચલચિત્ર 'ઝેર તો પીધા છે જાણી -જાણી' વિશે નવલકથા સર્જક દર્શક ને સહેજે સંતોષ થયો ન હતો. વિખ્યાત નવલકથાકાર શ્રી આર.કે. નારાયણની નવલકથા પરથી દેવઆનંદે ગાઈડ નામનું ચલચિત્ર તૈયાર કર્યું. આ ચલચિત્ર અંગે આર.કે. નારાયણને તીવ્ર અસંતોષ હતો. મૂળ કૃતિની કલાત્મકતા સાવ નંદવાઈ ગઈ હોય અને ઘણે સ્થળે તેમાં ફિલ્મી મસાલો ભરી દીધાનું આર.કે. નારાયણને લાગ્યું હતું.

નોર્મલ મિલરે ફિલ્મ અને સાહિત્ય બંનેને સાવ જુદાં જ ગણ્યાં છે. એમણે કહ્યું છે કે ફિલ્મ અને સાહિત્ય એટલાં જુદાં છે. જેટલાં ગુફાચિત્રો અને ગીત જુદાં છે.

બીજી વિચારધારા એવી મળે છે કે ચલચિત્રો અને સાહિત્ય વચ્ચે સામ્ય છે. ભલે એમાં થોડો તફાવત હોય પણ બંને એકબીજાથી સાવ ભિન્ન નથી. સાહિત્ય અને ચલચિત્ર બંને એકબીજાથી ક્ષેત્રે કામગીરી બજાવતા શ્રી વિઠ્ઠલ પંડ્યાએ એક મુલાકાતમાં આ અંગે અભિપ્રાય આપતાં કહ્યું,

“સાહિત્ય અને ફિલ્મના માધ્યમમાં ઘણો બધો ફરક છે. સાહિત્યમાં માનવમનની ગડમથલો, વ્યથા, સુખ-દુઃખ વગેરે વ્યકત કરવા માટે લેખકે લાંબુ વિવરણ કરવું પડે છે. તે જ ‘લોકલ’એટલે અમુક જગ્યાનું વાતાવરણ રજૂ કરવા માટે જે મહેનત કરવી પડે છે. એવું વિવરણ કે મહેનત ફિલ્મના માધ્યમમાં કરવા પડતાં નથી. એ બધું કામ કેમેરાના હલન-ચલન વડે બહુ આસાનીથી થઈ શકે છે. કેમેરાનો એક જ શોટ જે દૃશ્ય રજૂ કરે છે અને એ દૃશ્યનો મૂળ સમજાવે એ બતાવવા લેખકને ઘણા બધા ફકરાઓ લખવા પડે છે. આમ બંને માધ્યમમાં ખાસો એવો તફાવત રહેલો છે. ”

સાહિત્ય અને ફિલ્મ બંનેએ માનવ સભ્યતા પર ગાઢ અસર કરી છે. એમ પણ કહી શકાય કે તેમાં થતું વિકૃત આલેખન સમાજ પર એટલી જ વિકૃત અસર જન્માવે છે. સાહિત્યમાં લોકપ્રિય થવા જતાં સર્જકતાને હાનિ પહોંચાડ્યાના ગુજરાતી નવલકથામાંથી થોકબંધ ઉદાહરણો મળે. આવી જ રીતે ફિલ્મને લોકપ્રિય_બનાવવા જતાં એના સર્જક ઉન્મેષોને હાનિ થઈ હોય એવું જાવા મળે છે. આમ છતાં એટલું તો સ્વીકારવું પડે કે સાહિત્યને માત્ર ભાષાની કલામાં મર્યાદિત કરી એ તો ફિલ્મની બાદબાકી કરવી પડે.

ફિલ્મોનો બધાં સાહિત્ય સ્વરૂપોમાં વિશેષતઃ નાટક સાથે સંબંધ હશે
આભાર – નિહારિકા રવિયા એમ લાગે છે. પરંતુ હકીકતમાં ચલચિત્રને નાટક કરતાં નવલકથા સાથે વિશેષ સંબંધ છે. બંનેમાં સ્થળ-કાળ- સમયની એકતાની ઉપેક્ષા થઈ છે. નવલકથા થોડાં વાક્યોમાં **અને** ફિલ્મ થોડાં દૃશ્યોમાં ભૂતકાળમાં કેટલાં વર્ષોને દર્શાવી શકે છે. બંનેનું સંક્રમણ પણ સરળ છે. ફિલ્મ તેના બંધારણની બાબતમાં રંગમૂભિ સાથે જાડાયેલી છે. પરંતુ તેના સ્વરૂપની બાબતમાં એ નવલકથા સાથે વધુ સંબંધ ધરાવે છે.

ચલચિત્ર અને સાહિત્ય બંને ભાષાનો જુદી રીતે ઉપયોગ કરે છે. એવું પણ બને કે ફિલ્મની ભાષા વ્યાકરણની દૃષ્ટિએ અલગ પણ હોય, વળી ફિલ્મમાં પક્ષીનું જે ચિત્ર બતાવવામાં આવે છે તે પક્ષી શબ્દ કરતાં વધુ પ્રત્યક્ષ લાગે છે. પરંતુ ફિલ્મ માત્ર વાસ્તવ સુધી જ મર્યાદિત ન રહી, એણે અનેક અંધારા ખૂણા શોધવાનો પ્રયાસ કર્યો.

ફિલ્મ અને સાહિત્યનો ભેદ વિચારીએ તો એક વિચાર એ પણ કરવાનો રહેશે કે નવલકથા જે આલેખે છે એ બધું જ ફિલ્મ રજૂ કરી શકે ખરી ? ‘સરસ્વતીચંદ્ર’ના બીજા ભાગમાં ‘જવનિકાનું છેદન અને વિશુદ્ધિનું શોધન’એ પ્રકરણમાં કુમુદસુંદરીનું હૃદયવિહારક મનોમંથન સર્જક ગોવર્ધનરામે શબ્દોથી સાકાર કર્યું છે. એ મનોમંથનને ચિત્રપટ દ્વારા દર્શકના માનસપટ પર ઉપવાસી શકાય ખરૂં? ફિલ્મના માધ્યમને માણસ શું વિચારે છે કે શી કલ્પના કરે છે એ દર્શાવવા કરતાં માણસ શું કરે છે અને શું બોલે છે એ દર્શાવવું વધુ ફાવે છે.

સાહિત્ય એ એકાંત ભોગી કલા છે. મનોમન લીલાની ભૂમિ છે. આથી ‘ગુજરાતનો નાથ’ વાંચતી વખતે મંજરીનું પાત્ર કે ‘પૃથ્વીવલ્લભ’ વાંચતી વખતે મુંજનું પાત્ર દરેક ભાવકની મનોસૃષ્ટિમાં આગવારૂપે વિલસતું હોય છે. ‘ગુજરાતનો નાથ’ની મંજરી, ‘મળેલા જીવ’ની જીવી, ‘ઝેર તો પીધાં છે

જાણી-જાણી'ની રોહિણી તથા 'અમૃતા' ની અમૃતાની માનસછબી પ્રત્યેક ભાવકે જુદી -જુદી હોય છે. મુનશીની મંજરી તે ભાવકની મંજરી ન હોય, જયારે ફિલ્મમાં આવો ભેદ લેપાઈ જાય છે. પ્રેક્ષકને સાહિત્યમાં મનની લીલાની જેવી મોકળાશ મળે છે, એ મોકળાશ દૃશ્યતાને કારણે ચલચિત્રમાં સાંપડતી નથી. જા કે ચલચિત્રમાં આને માટે વોઈ ઓવર નામની ટેકનીક અજમાવાય છે. જેમાં પાત્ર કોઈની સાથે બોલતું ન હોય, પરંતુ એના મનમાં ચાલતું મંથન એના અવાજમાં અથવા તો અન્યના અવાજમાં રજૂ કરાય છે.

નવલકથા લેખક કહેતો હોય છે એમાં આપણે એટલું જ જાણીએ અને સાંભળીએ છીએ કે જેટલું નવલકથા લેખક ઈચ્છતો હોય, પરંતુ ફિલ્મમાં તો દિગ્દર્શકે વિચાર્યું હોય તેના કરતાં પણ વધુ આપણે જાણીએ અને જાઈએ છીએ. કેમેરા દ્વારા એકેએક ઝીણી વિગતો ફિલ્મમાં રજૂ થઈ શકે છે. તેટલું વર્ણન કરવું નવલકથાકારને માટે શકય હોતું નથી. નવલકથાનું મુખ્ય પ્રભાવશાળી પરિબળ નવલકથાનાં વસ્તુ, પાત્રો, પરિવેશ, વાર્તા સામાગ્રી અને એનું ભાષામાં થતું કથન છે. બીજા શબ્દોમાં કહીએ તો નવલકથામાં કથા અને કહેનાર વચ્ચે સંબંધ છે. જ્યારે ફિલ્મનું પ્રેરક બળ તો એની વાર્તા અને એની કલ્પનાના પ્રગટીકરણ વચ્ચે છે, નવલકથામાં પ્રથમ પુરૂષ રૂપે કથન લાભદાયી બને છે. જ્યારે ફિલ્મમાં એ એટલું પ્રભાવશાળી બનતું નથી.

ફિલ્મ અને સાહિત્ય એ બંને માધ્યમોના ભેદ અને સામ્ય જાણતા ન હોઈએ તો એવું બને કે કોઈ મહાનકલાકૃતિ નિષ્ફળ ચિત્રપટ તરીકે જાવા મળે. સાહિત્ય અને ફિલ્મ બંને વચ્ચેનો ભેદ એ છે કે બંનેના સર્જનનું નિયામક તત્વ જુદું છે. પુસ્તક એ એક વ્યક્તિનું સર્જન છે, જ્યારે ફિલ્મ એ સમૂહનું સર્જન છે. જેમાં અનેક લોકો જુદી - જુદી અને નિશ્ચિત કામગીરી બજાવતા હોય છે.

ફિલ્મમાં ક્યારે એક જ વ્યક્તિ દિગ્દર્શન, નિર્માણ, અભિનય વગેરે સાંભળતી હોય છે. આમ છતાં એ માત્ર એક જ વ્યક્તિનું સર્જન હોય એવું બનતું નથી. એમ કહી શકાય કે બીજી ફિલ્મો કરતાં ઓછી વ્યકિતઓના સહયોગથી આ ફિલ્મ બની છે. પરંતુ એક જ વ્યકિત ફિલ્મસર્જન કરી શકતી નથી. એવી જ રીતે નવલકથાકારને નિર્માણ અને વિતરણની કોઈ વ્યવસ્થા કરવાની હોતી નથી. કોઈ ચિત્રકાર એકાંતમાં બેસીને કલાસર્જન કરી શકે, પણ ફિલ્મ સર્જક આવી રીતે એકાંત ખૂણામાં બેસીને સર્જન કરી શકતો નથી. આનું કારણ એ છે કે ફિલ્મ એ સહિયારો પ્રયાસ છે અને એનું નિર્માણ ઘણું ખર્ચાળ છે. વળી એ જ રીતે ફિલ્મ નિર્માણને માટે નિર્માતા પોતે જ બધા સાધનો ધરાવતો હોતો નથી. નવલકથાકાર, પછી ગોવર્ધનરામ હોય કે ટોલ્સટોય હોય કે જેમ્સ જાયસ હોય પણ એમને બીજાનાં સાધનો પર આધાર રાખવો પડે છે. આથી ટેકનોલોજીને સાહિત્યકાર સાથે જેટલો સંબંધ છે તેના કરતાં ફિલ્મનિર્માતાને એની સાથે વધુ ગાઢ સંબંધ હોય છે.

ફિલ્મનો પ્રેક્ષક અને સાહિત્યનો વાચક ભિન્ન હોય છે. ફિલ્મનો પ્રેક્ષક સ્થળ અને સમયની મર્યાદાથી ઘેરાયેલો હોય છે. જ્યારે સાહિત્યના વાચકને આવી સ્થળ અને સમયની મર્યાદા નડતી નથી. ફિલ્મ જોવા માટે નિશ્ચિત સમયે, નિશ્ચિત સ્થળે જવું પડે છે. વળી ફિલ્મ જોતી વખતે દર્શકને વાચક જેટલી મોકળાશ હોતી નથી. સાહિત્યકૃતિના પાનાં ઉથલાવી જવાય અથવા તો એ ધારે તેટલો સમય એનું વાંચન મોકૂફ રાખી શકે છે. જ્યારે ફિલ્મના દર્શકને વધુમાં વધુ બહાર એક લટાર મારવાની છૂટ હોય છે. પણ ફિલ્મ પ્રોજેકટર પર એનો કશો અંકુશ હોતો નથી. આથી ફિલ્મ દર્શક પર ઘણું પ્રભુત્વ

ધરાવતી હોય છે. જો કે આને ફિલ્મની ક્ષતિ ગણી શકાય નહીં, બલ્કે દર્શકને સતત જકડી રાખવો એ એની સામેનો પડકાર જ ગણાય. બીજી બાજું અત્યંત રસપ્રદ નવલકથા વાંચતો હોય તો પણ વાચક ટેલિફોન ઉપાડવા ઊભો થાય છે અથવા તો કોઈ આગંતુકને આવકાર આપવા બારણું ઉઘાડવા જાય છે. આ રીતે ફિલ્મ અને સાહિત્ય વચ્ચે એના સર્જન અને ભાવન બંનેની બાબતમાં મૂળભૂત તફાવત છે.

આમ સાહિત્ય અને સિનેમાનો સંબંધ ઘણો વિવાદાસ્પદ રહયો છે. ફિલ્મ એ માનવ અભિવ્યકિતનો આધુનિક પ્રકાર છે. સાહિત્ય અને સંસ્કૃતિનું બહુરંગી સ્વરૂપ છે. જેમ અગાઉ નાટકને સર્વ કળાઓનો સમૂહ ગણવામાં આવતું હતું. તેમ હવે ફિલ્મ દરેક કળાઓના પ્રદર્શનનો આધાર બની રહી છે. સાહિત્ય પણ ફિલ્મ દ્વારા નવો અવતાર પામે છે, વધુ લોકો સુધી પહોંચે છે.

સંદર્ભ ગ્રંથો :-

(૧) સાહિત્ય અને સિનેમા - જય વસાવડા

(૨) સમૂહ માધ્યમો અને સાહિત્ય - પ્રીતિ શાહ

(૩) સિનેમા વિમર્શ - અમૃત ગંગર

(૪) ભારતીય સિનેમાના સો વર્ષ- હસમુખ થાનકી

 ISBN : 978-81-938282-1-2

સાહિત્ય અને ગાંધીવિચાર

પ્રા.ડા.સતીષ એસ. પટેલ

ગાંધીજીના સાહિત્યિક વિચાર જોતાં પહેલાં ગાંધીના જન્મ, એમના કુંટુંબ વારસા વિશે જાણવું જરૂરી છે.

'મારું જીવન એ જ મારો સંદેશ'એવું કહેનાર મહાત્મા ગાંધીજીનો જન્મ સંવત ૧૯૨૫ના ભાદરવા વદ ૧૨ને દિવસે એટલે સને ૧૮૬૯ના ઓક્ટોબરની ૨જી તારીખે, પોરબંદર અથવા સુદામાપુરીમાં થયો હતો. ગાંધીજીના પિતાનું નામ કરમચંદ ઉત્તમચંદ ગાંધી હતું. માતાનું નામ પૂતળીબાઈ હતું. રાજકોટની ગામઠી શાળામાં અભ્યાસ કર્યો. ગાંધીજીના લગ્ન ૧૩ વર્ષની ઉંમરે કસ્તૂરબા સાથે થયા હતા. ગાંધીજીએ બાળલગ્ન કરેલા તેના વિશે તે કહે છે કે "૧૩ વર્ષની ઉંમરે મારા વિવાહ થયા એની નોંધ લેતાં અકળામણ થાય છે. આજે મારી નજર આગળ બારતેર વર્ષનાં બાળકો પડ્યાં છે. તેમને જાઉં છું ને મારા વિવાહનું સ્મરણ કરું છું ત્યારે મને મારા ઉપર દયા છૂટે છે અને બાળકોને મારી સ્તિથિમાંથી બચ્યાને સારુ મુબારકબાદી આપવાની ઈચ્છા થાય છે. તેર વર્ષે થયેલા મારા વિવાહના સમર્થનમાં એક પણ નૈતિક દલીલ મને નથી સૂઝી શકતી.૧

ઈ.સ.૧૮૮૭માં ગાંધીજી મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કરે છે. ઈ.સ.૧૮૮૮માં ઉચ્ચ અભ્યાસ માટે ગાંધીજી વિલાયત જાય છે. ગાંધીજીએ વિલાયતમાં ઉચ્ચ અભ્યાસ કરી મુંબઈમાં વકીલાત શરૂ કરી હતી. દક્ષિણ આફ્રિકામાં શેઠ અબ્દુલાનો કેસ લડવા જાય છે. સત્યાગ્રહનો પાયો ગાંધીજી દક્ષિણ આફ્રિકામાંથી શરૂ કરે છે. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં સફળ ગયા પછી ઈ.સ.૧૯૧૫માં ભારત આવે છે. ગાંધીજી ભારત પાછા ફર્યા પછી અમદાવાદમાં રહી દેશની સેવાના કામ કરે છે. ગાંધીજી ભારતમાં ખેડા સત્યાગ્રહ, અસહકારનું આંદોલન, ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના, દાંડીકૂચ, હિંદ છોડો આંદોલન વગેરે જેવા સત્યાગ્રહો તેમણે કર્યા. ગાંધીજીના જીવનને સમજવા માટે તેમની ઘડતરકથા જોઈએ.

ગાંધીજીના જીવનને ઘડનારા વિવિધ પરિબળો છે. ગાંધીજીનું જીવન પ્રવૃત્તિમય હોવાથી કેટલીક વાર આપણને એમ થાય કે શું સાચે આ માણસે આટલા બધા કાર્યો કર્યા હશે ? ગાંધીજીના જીવનને સમજવા એમની ઘડતરકથા સમજવી જરૂરી છે.

ગાંધીજીના મુખ્ય હથિયાર સત્ય અને અહિંસા હતા., અહિંસાનું મોટા પાયા ઉપર વિશેષ ખેડાણ જેમને હાથે થયું છે, એ મહાપુરુષનો જન્મ ગુજરાતમાં થયો. એ વિશે વિનોબાજી કહે છે તેમ, "એ માત્ર અકસ્માત નથી, પણ અનેકવિધ સાધનાઓનું પરિણામ છે."૨ ગાંધીજીના દાદા ઉત્તમચંદ ટેકીલા પુરુષ હતા. પિતા કરમચંદ ગાંધી કુટુંબપ્રેમી, સત્યપ્રિય, નીડર, ઉદાર અને ન્યાયી હતા. ભણેલા તો પાંચમી ચોપડી જેટલું, પરંતુ ગીતાપાઠ, ધાર્મિક કથાઓ અને આખ્યાનશ્રવણ દ્વારા તેમણે ધાર્મિક જ્ઞાન મેળવેલું. તેમનું "વ્યવહારું જ્ઞાન એવા ઊંચા પ્રકારનું હતું કે ઝીણામાં ઝીણા પ્રશ્નોના ઉકેલ કરવામાં કે હજારો માણસોની પાસે કામ લેવામાં તેમને મુશ્કેલી ન આવતી."૩ માતા પૂતળીબાઈ પરંપરા પ્રાપ્ત ધાર્મિકતાવાળાં, વ્રતનિષ્ઠ અને વ્યવહારકુશળ હતાં. દાદાનું ટેકીલાપણું, પિતાની સત્યપ્રિયતા, ન્યાયભાવના અને શૌર્ય તથા માતાની વ્રત-નિષ્ઠા અને વ્યવહારસૂઝ ગાંધીજીમાં કહેવું હોય તો કુલ સંસ્કારરૂપે આવિર્ભાવ પામ્યાં હતાં.

ગાંધીજીના જીવન અને કુંટુંબનો પરિચય મેળવ્યા બાદ ગાંધીજીના વિવિધ વિષયો વિશે જોઈએ ત્યારબાદ એમના સાહિત્ય વિષયક વિચારો જોઈએ.

ગાંધીજીના વિચારો :

ગાંધીજીની વિચારસરણી એટલી વિશાળ અને ઉત્તમ હતી કે પૃથ્વી પરની બધી જ બાબતોને એ વિચારી શકતા હતા. ધર્મ, સમાજકરણ, રાજકારણ, અર્થકારણ, કેળવણી, સાહિત્ય-કલા, પર્યાવરણ એમ વિવિધ વિષયો પર એમનો ઊંડો અભ્યાસ અને ચિંતન આપણને જાવા મળે છે. ગાંધીજી મૂળ તો એક ધાર્મિક પુરુષ હતા. તેથી પ્રથમ તેમની ધાર્મિક વિચારણા જોઈએ.

ધાર્મિક વિચારણાઃ

ગાંધીજીની ધર્મવિષયક વિચારણા નીચે પ્રમાણે છે.

ધર્મની વ્યાખ્યા:

ગાંધીજી પોતાની ધાર્મિક ભૂમિકા સમજાવતાં કહે છે, "મારે જે કરવું છે, જેની હું ૩૦ વર્ષ થયાં ઝંખના કરી રહ્યો છું. તે તો આત્મદર્શન છે, તે ઈશ્વરનો સાક્ષાત્કાર છે, મોક્ષ છે. મારું ચલનવન બધું એ જ દૃષ્ટિએ થાય છે. મારું લખાણ બધું એ જ દૃષ્ટિએ છે, અને મારું રાજ્યપ્રકરણ ક્ષેત્રની અંદર ઝંપલાવવું એ જ દૃષ્ટિને આધીન છે."૪ ગાંધીજીની પ્રકૃતિ મૂળે ધાર્મિક છે. ધર્મને લોકભોગ્ય એવી સાદી ભાષામાં સમજાવતાં તે કહે છેઃ આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ."૫ ગાંધીજીના મને ધર્મ જ મહત્વનો છે. ગાંધીજી ઔપચારિક ધર્મને કે રૂઢિગત ચાલ્યા આવતા ધર્મને નહીં, પણ જે બધા જ ધર્મો યા સંપ્રદાયોના પાયામાં મૂળભૂત રૂપે રહેલો છે અને જે આપણને પરમેશ્વરનું દર્શન કરાવે છે તેને જ ધર્મ માને છે.

સંપ્રદાય અને ધર્મ :

સંપ્રદાય અને ધર્મ વચ્ચે ગાંધીજી ભેદ પાડે છે, પણ બંને માટે મોટેભાગે તેઓ ધર્મ જ શબ્દ વાપરે છે. ગાંધીજીએ 'સંપ્રદાય' અને 'ધર્મ' વચ્ચેનો ભેદ બતાવવા માટે ચોક્કસ પરિભાષા વાપરી નથી. ગાંધીજી કહે છે કે, "ધર્મ (સંપ્રદાય)તે તો એક જ જગ્યાએ પહોંચવાના જુદા જુદા રસ્તા છે. આપણે બંને નોખા માર્ગ લઈએ તેમાં શું થયું ? ખરું જોતાં જેટલા માણસ તેટલા ધર્મ એમ ગણી શકાય."૬ આમ, આ રીતે ગાંધીજી વિચારતા હતા.

સર્વધર્મ સમભાવ :

ગાંધીજી ઇંગ્લૅન્ડ અને દક્ષિણ આફ્રિકાના નિવાસ દરમિયાન બધા જ ધર્મોના સંસર્ગમાં આવ્યા અને એમનો અભ્યાસ તેમણે કર્યો. ગાંધીજીને બધા ધર્મો સમાન લાગ્યા. ગાંધીજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા. ગાંધીજી મુખ્યત્વે માનવધર્મને પુરસ્કર્તા હતા. ગાંધીજી વ્યાપક ધર્મભાવના લખે છે કે, "ઊંચનીચ ભાવ ભૂલાવવો એ ધર્મનું કામ છે. અનેકમાં એકને જાવો, વિચિત્રતામાં એક ચિત્ર જાણવું, ભેદમાં અભેદ જાણવો એ મનુષ્યોને (માનવ) ધર્મનો અંતિમ આદર્શ છે."૭ ગાંધીજી જનસેવા એ જ પ્રભુસેવા છે એવું માનતા હતા. ગાંધીજીએ 'મંગળપ્રભાત' નામના પુરસ્તકમાં સર્વધર્મ સમભાવ વિશે બે પ્રકરણો આપ્યા છે. આ પ્રકરણોમાં ગાંધીજીએ સર્વધર્મ સમભાવ વિશે ઉપયોગી એવી ચર્ચા કરી છે.

'ઉપ આસ' ધાતુ પરથી ઉપાસના શબ્દ બનેલો છે. ઈશ્વરની સમીપ થવું એ જ ઉપાસનાનો અર્થ છે. ઉપાસના વિશે ગાંધીજી કહે છે કે, "એ ઉપાસના એટલે શું ?.... સૂર્યનારાયણનાં દર્શન કરી આંખનું શૌચ કરીએ. સૂર્યોદયમાં જે નાટક રહેલું છે. જે સૌન્દર્ય રહેલું છે, જે લીલા રહેલી છે તે બીજે જોવા નહીં

મળે. ઈશ્વરના જેવો સુંદર સૂત્રધાર બીજે ન મળે, ને આકાશના કરતાં વધારે ભવ્ય રંગભૂમિ બીજે ન મળે."૮ આમ, ઈશ્વરના સાથે સમરસ થવાનું તે ઈષ્ટ માને છે. ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, રાંધેજા અને સાદરા મુકામે દરરોજ ૧૧ કલાકે ઉપાસના થાય છે. ગાંધીજી જેટલા આધ્યાત્મિક હતા તેટલાં જ ધાર્મિક પણ હતાં.

ગાંધીજીએ એકાદશ વ્રતો મંગળપ્રભાતમાં સ્પષ્ટ રીતે રજૂ કર્યા છે. ગાંધીજી આ એકાદશ વ્રતોને રહી જીવન જીવતાં હતાં. ગાંધીજીને મન "વ્રત એટલે અડગ નિશ્ચય"૯ અને વ્રત લેવું એટલે તેનું સંપૂર્ણ પાલન કરવાનો પ્રામાણિક દૃઢ પ્રયત્ન, મન, વચન, કર્મથી મરણ લગી કરવો" મહર્ષિ પતંજલિએ 'યોગસૂત્ર'માં ગણાવેલા પાંચ યમઃ, સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્યને સ્વીકારીને, તેમાં દેશ કાળ, પરિસ્થિતિનો વિચાર કરીને બીજા છ વ્રતો : શરીરશ્રમ, અસ્વાદ, અભય, સર્વધર્મ સમભાવ, સ્વદેશી અને અસ્પૃશ્યતા નિવારણ (સ્પર્શ ભાવના) ને ઉમેરીને કુલ અગિયાર વ્રતો વ્યક્તિ અને સમાજના વિકાસ માટે તેમણે રજૂ કર્યા છે. જેને જુગતરામ દવેએ ગીત રૂપે ગૂંથી લીધાં છેઃ

"સત્ય, અહિંસા, ચોરી ન કરવી
વણ જો' નવ સંઘરવું
બ્રહ્મચર્યને જાતે મહેનત
કોઈ અડે ન અભડાવું
અભય, સ્વદેશી, સ્વાદત્યાગને
સર્વધર્મ સરખા ગણવા
આ અગિયાર મહાવ્રત સમજી
નમ્રપણે દૃઢ આચરવા."૧૦

સામાજિક વિચારણા :

ગાંધીજીએ જે રીતે ધાર્મિક વિચારણા કરી છે એ રીતે જ એમણે સામાજિક વિચારણા અને પોતાની વાત લોકો સામે મૂકી છે, તે જોઈએ.

વર્ણ વ્યવસ્થા :

ગાંધીજીના મતે, "વર્ણાશ્રમધર્મ એ હિન્દુ ધર્મે જગતને ચરણે ધરેલી એક અદ્વિતીય ભેટ છે. એ વર્ણવ્યવસ્થા વિશેની તેમની સમજ આવી છે. "ચાતુર્વર્ણ્યે માણસના ધર્મો દોરી દીધા છે, તેને જુદા-જુદા ચડિયાતા કે ઊતરતા હકો બક્ષ્યા નથી. મને લાગે છે હિન્દુ ધર્મની પ્રકૃતિથી જ એ વિરુદ્ધ છે કે પોતાનામાં ઊંચા કે બીજાનામાં નીચા દરજ્જાનું આરોપણ કરવું હિન્દુ દૃષ્ટિએ તો સર્વ જ વર્ણ ઈશ્વરની સૃષ્ટિને સેવવા જન્મેલા છે. બ્રાહ્મણ પોતાના જ્ઞાનથી, ક્ષત્રિય પોતાની રક્ષણશક્તિ થી, વૈશ્ય તેના વાણિજ્યબળથી, શૂદ્ર તેના શરીર યજ્ઞથી."૧૧ વર્ણ ધર્મ વિશે ગાંધીજી કહે છે કે, "એ ધર્મ પ્રમાણે બ્રાહ્મણ તે જ કે જે બધા વર્ણનો સેવક છે – શૂદ્રોનો અને અસ્પૃશ્યતાનો પણ ચારે વર્ણની સેવા માટે એ પોતાનું સર્વસ્વ હોમી દે છે. એને પ્રાણીમાત્રની દયા ઉપર જીવે છે. પદ, સત્તા, અને અધિકારનો દાવો કરનાર ક્ષત્રિય નથી. ક્ષત્રિય તો તે જ છે કે જે સમાજના રક્ષણ અને સમાજની પ્રતિષ્ઠાને માટે પોતાની જાત ખરચી નાખે છે. પોતાને માટે જે રળનાર અને પોતાને અર્થે જ ધન-સંચય કરનાર વૈશ્ય નથી, ચોર છે.

હિંદુ ધર્મની મારી કલ્પના પ્રમાણે પંચમ કે અસ્પૃશ્ય વર્ણ છે જ નહિ. કહેવાતા અસ્પૃશ્યો બીજા શુદ્રના જેટલા જ અધિકારવાળા સમાજસેવકો છે. સમાજના પરમ શ્રેયને માટે કલ્પવામાં આવેલી ઉત્તમોત્તમ ટકાવી રાખવો હોય તો હિંદુઓએ વર્ણધર્મના એ ઓઠાનો નાશ કરી વર્ણધર્મના પ્રાચીન ગૌરવનો પુનરુદ્ધાર કરવો જોઈએ."૧૨ આમ ગાંધીજીના વિચારો બહુ ઉચ્ચ જોવા મળે છે.

આશ્રમ પ્રણાલી :

પ્રાચીન ઋષિ મુનિઓએ આપેલી આશ્રમ પ્રણાલીને ગાંધીજી ઉત્તમ માને છે. તેમ છતાં તેમણે કેટલાક સુધારા પણ સૂચવ્યા છે.

આ ઉપરાંત ગાંધીજીએ જ્ઞાતિભેદ અને અસ્પૃશ્યતા વિશે પણ વિગતે પોતાના વિચારો આપણને આપ્યા છે. હરિજનોના ઉત્થાન માટે એમણે 'હરિજન' પત્રો, હરિજન-યાત્રા, હરિજન ફંડ અને હરિજન-આશ્રમ તથા હરિજન સેવક સંઘ સ્થાપના કરી હતી.

સમાજ ઉત્થાન :

ગાંધીજીએ બાળલગ્નનો વિરોધ કર્યો છે. પોતે બાળલગ્નના ભોગ બનેલા તેથી તેમણે પુખ્ત લગ્નની હિમાયત કરી છે. વિધવા વિવાહને પુરસ્કાર્યો છે. આ ઉપરાંત કજોડાં લગ્ન, વિક્રયપ્રથા, બાળહત્યા, દૂધ પીતી કરવાની પ્રથા, પડદાપ્રથા, રોવા ફૂટવાની પ્રથા, જુગાર, વેશ્યાગમન અને ખોટા ખરચાના ગાંધીજી વિરોધી હતા. બેટી બચાવો, સ્ત્રી કેળવણી, પ્રૌઢ શિક્ષણ, સ્ત્રી શિક્ષણના ગાંધીજી હિમાયતી હતા.

અસ્પૃશ્યતા નિવારણ, હરિજનોને અલગ મતાધિકાર સામે એકવીસ દિવસના ઉપવાસ, હરિજન આશ્રમ, આશ્રમની શાળાઓ અને સાર્વજનિક છાત્રાલયો દ્વારા કોમી ભેદભાવ મિટાવવા માટે તેમણે પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો. આ ઉપરાંત આદિવાસીઓમાં અને પછાત જાતિઓ માટે 'ભીલ સેવા મંડળ', 'રાનીપરજ સેવાસભા' અને 'આદિમ જાતિ સેવકસંઘ' જેવી સંસ્થાઓ રચીને વનવાસીઓ અને પછાત લોકોની ઉન્નતિ માટે અનેકવિધ પ્રવૃત્તિઓ તેમણે કરી છે. ગાંધીજી દારૂના સખ્ત વિરોધી હતા. તેઓ લખે છે કે, "જો મને એક કલાકને માટે પણ આખા હિન્દનો સરમુખત્યાર નીમવામાં આવે તો સૌથી પહેલું કામ હું એ કરું કે દારૂના એકેએક પીઠાને કશું વળતર આપ્યા વિના બંધ કરી દઉં."૧૩

ગાંધીજી સ્વચ્છ હવા, પાણી અને ખુલ્લા પ્રકાશની જરૂર તેઓ સૌ પ્રથમ સ્વીકારતા હતા. ગાંધીજી જાજરૂ સફાઈ, પેશાબઘરની સ્વચ્છતા પર વધુ ભાર આપે છે. ગાંધીજી માંસાહારનો સખત વિરોધ કરે છે.

રચનાત્મક કાર્યક્રમ :

ગાંધીજીએ સમાજવિકાસ માટે રચનાત્મક કાર્યક્રમની ભેટ આપી છે. ગાંધીજીએ કહ્યું છે કે, "હું રચનાત્મક કાર્યક્રમને વરેલો છું." આ રચનાત્મક કાર્યક્રમ એ પૂર્ણ સ્વરાજ્ય મેળવવાનો, સત્યને અહિંસાનો રસ્તો છે. પણ હું એમ કહું કે રચનાત્મક કાર્યક્રમનો પૂરેપૂરો અમલ એ જ પૂર્ણ સ્વરાજ્ય છે. આપણા રાષ્ટ્રનું ઠેઠ પાયામાંથી ઘડતર કરવાને... રચનાત્મક કાર્યક્રમ... છે જેમ સશસ્ત્ર કાર્યક્રમો આપ્યા છે. કોમી એકતા, અસ્પૃશ્યતા, નિવારણા, દારૂબંધી, ખાદી, ગ્રામોદ્યોગો, ગ્રામસફાઈ, નવી તાલીમ અને પાયાની કેળવણી, પ્રૌઢ શિક્ષણ, સ્ત્રી-ઉન્નતિ, તંદુરસ્તીના નિયમોની કેળવણી અથવા નિસર્ગોપચાર, પ્રાન્તિક ભાષાઓ, રાષ્ટ્રભાષા-પ્રચાર, આર્થિક અસમાનતા, કિસાન પ્રવૃત્તિ, મજૂર પ્રવૃત્તિ, આદિવાસી સેવા,

કુષ્ઠરોગોની સેવા અને વિદ્યાર્થી પ્રવૃત્તિ. આ ઉપરાંત 'ગોસેવા યા પશુસુધારણા"ને તથા પાછળથી ઉપાડેલી 'શાન્તિસેના'ની પ્રવૃત્તિને પણ ગાંધીજી રચનાત્મક કાર્યક્રમમાં ગણાવે છે.

આમ, આ રીતે ગાંધીજીના ઉપરના વિચારો સામાજિક બાબતે આપણને જોવા મળે છે.

ગાંધીજીની રાજકીય વિચારણા :

ગાંધીજીના રાજકીય વિચારોને સમજવા હોય તો આપણે ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ચલાવેલ ચળવળથી ચાલુ કરવું પડે. ગાંધીજીએ દુનિયાની બધી જ રાજકીય વિચારધારાઓને પચાવી લોકશાહીની વાત આપણી સમક્ષ એમણે મૂકી આપી છે.

ગાંધીજીએ લોકશાહીને ચલાવવા અને તેને મજબૂત રૂપ આપવા માટે સર્વોદયના ત્રણ સિદ્ધાંત આપણી સમક્ષ મૂકી આપ્યા છે. "(૧) બધાના ભલામાં આપણું ભલું રહેલું છે. (૨) વકીલ તેમ જ વાળંદ બંનેના કામની કિંમત એકસરખી હોવી જાઈએ કેમકે આજીવિકાનો હક બધાને એક સરખો છે. (૩) સાદું મજૂરીનું ખેડૂતનું જીવન જ ખરું જીવન છે."૧૫ ગાંધીજીના રાજકીય ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલે હતા. ગાંધીજી રાજકીયના મોટાભાગના પાઠ ગોપાલકૃષ્ણ ગોખલે પાસેથી શીખેલા. ગાંધીજીએ પંચાયતીરાજ, ગ્રામસ્વરાજ, ન્યાય વિષય રાષ્ટ્રધર્મ વગેરે વિષયક પોતાના વિચારો આપણને આપ્યા છે.

ગાંધીજીની આર્થિક વિચારણા :

ગાંધીજી અર્થશાસ્ત્રી ન હતા પણ તેમનામાં બધા જ માનવીઓને સમાન હક પ્રાપ્ત કરાવવા માટે એક દીર્ઘદૃષ્ટિ રહેલી હોવાથી તેમના પાસેથી આપણને આર્થિક વિચારો પણ જોવા મળે છે.

આયોજન :

ગાંધીજીએ ભારતને પશ્ચિમનું આયોજન અપનાવવાનું ના પાડી હતી. કારણ કે પશ્ચિમનું આયોજન છે એ શહેરી સંસ્કૃતિનું આયોજન છે. કારણ કે એ દેશોમાં સંખ્યાનું પ્રમાણ ઓછું હોવાથી ત્યાં શહેરી સંસ્કૃતિ પ્રમાણે આયોજન શક્ય છે પણ ભારત જેવા વસ્તીગીચતા ધરાવતા દેશ માટે તે પ્રકારે આયોજન કરવું બિલકુલ અયોગ્ય છે. ગાંધીજીએ ખેતીવાડી, ગોપાલન, ખાદી-ગ્રામોદ્યોગ, સહકારી પ્રવૃત્તિ, મજૂર પ્રવૃત્તિ, યંત્રોનો ઓછો ઉપયોગ આ બધા જ પાસાને અગ્રીમતા આપી ભારતને મજબૂત આર્થિક વિચારણા આપી છે. ગાંધીજીએ શ્રીમંતોને માલિક નહિ પણ ટ્રસ્ટીશિપ અપનાવવા પણ આગ્રહ કરેલો છે.

નઈ તાલીમ અને આધુનિક શિક્ષણ :

ઈ.સ.૧૯૩૭માં વર્ધા મુકામે નઈ તાલીમ, બુનિયાદી શિક્ષણનો પાયો નંખાયો. ગાંધીજી આધુનિક શિક્ષણની ખામીઓને જાણતા હતા. આધુનિક શિક્ષણની બાળકના બુદ્ધિમાં વિકાસ થાય છે પણ તેનો સર્વાંગી વિકાસ થતો નથી જ્યારે નઈ તાલીમમાં કે બુનિયાદી કેળવણીમાં હાથ હૃદય અને મગજની કેળવણી થાય છે. ગાંધીજીએ ગ્રામ વિદ્યાપીઠોની સ્થાપના કરી છે. બીજી બાજુ હંમેશાં બાલશિક્ષણ, સ્ત્રીશિક્ષણ, પ્રૌઢશિક્ષણ, સહશિક્ષણ અને જાતીય શિક્ષણના હંમેશા હિમાયતી રહેલા આપણને જોવા મળે છે.

ગાંધીજીએ વ્યાયામ શિક્ષણને પણ તેમના વિચારોમાં આગવું સ્થાન આપ્યું છે. બીજી બાજુ તેમણે શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોવું જાઈએ તેની પણ વાત કરી છે.

સાહિત્ય વિષયક વિચારણા:

ગાંધીજીની સાહિત્યિક વિષયક વિચારણા નીચે મુજબ છે.

સાહિત્યકાર અને સાહિત્ય :

ગાંધીજી એવું માનતા કે સાહિત્ય સર્વ માટે રચાય છે. એટલે જ એમને કહેવું પડ્યું કે "મારે મન તો કોશિયાને, ગામડાંના ખેડૂતને સમજાય તે સાહિત્ય છે." ગાંધીજીએ આવી જ સીધી-સરળ ભાષામાં બધાને સમજાય એ રીતે પોતાની આત્મકથા આપી છે. જે ગુજરાતી સાહિત્યમાં ઉત્તમ ઉદાહરણરૂપ છે. ગાંધીજીએ સાહિત્યકાર કોને કહેવાય એ એમની રીતે વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કર્યો છે. "આપણામાં જે સારી ભાવનાઓ સૂતેલી હોય તેને જાગૃત કરવાની શક્તિ જે ધરાવે છે તે કવિ છે." કવિતા પ્રભાવ વિશે વિચારણા કરતાં તેમણે લખ્યું છે, "બધા કાયમી બધા ઉપર સરખી અસર થતી નથી, કેમ કે બધામાં બધી સારી ભાવનાઓ એક સરખા પ્રમાણમાં હોતી નથી."૧૬ આમ સાહિત્ય અને સાહિત્યકાર વિશે તેમને આ રીતે વાત કરી છે.

સાહિત્યની ભાષા-શૈલી :

પંડિતયુગનું ગુજરાતી સાહિત્ય ભારેખમ અને આડંબરવાળું તેમજ શબ્દને ભાષાના માયાજાળવાળું બની ગયું હતું. પરંતુ ઈ.સ.૧૯૧૫માં ગાંધીજીના આગમન પછી સાદી, સરળ ભાષામાં સાહિત્ય રચાવા લાગ્યું. ગાંધીજીના પ્રભાવ નીચે છેવાડાના માનવીને સાહિત્યમાં સ્થાન મળ્યું. સાહિત્યના વિષયવસ્તુમાં વાસ્તવિકતાનો સ્વીકાર કરવામાં આવ્યો. સાહિત્ય શા માટે – કોને માટે ? આ વિશે ગાંધીજી કહે છે સાહિત્ય એ મોટા શેઠિયાઓ માટે નથી પણ જે કોશિયા છે ખેડૂત છે, નિરક્ષર છે એમને માટે સાહિત્ય રચાવું જાઈએ. ઈ.સ.૧૯૩૫-૩૬માં ગાંધીજી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પણ બનેલા.

સાહિત્યમાં જીવનલક્ષિતા :

ગાંધીજી એવું માનતા કે સાહિત્યમાં જીવનનો મહિમા હોવો જાઈએ. પછી એ જીવન ગામડાંનું હોય કે શહેરનું, બ્રાહ્મણનું હોય કે ભંગીનું, મનુષ્યનું હોય કે પશુપંખીનું, જીવનનો આદર, ગૌરવ અને પ્રતિષ્ઠા સાહિત્ય દ્વારા થાય તો માનવતાનો મહિમા વધશે.

લોકસાહિત્ય, કલા અને કલાકાર :

ગાંધીજી લોકવાર્તાઓ, લોકગીતો, ભજન, દુહા અને છંદ વગેરે લોકસાહિત્યમાં ઊંડો રસ ધરાવતા હતાં. આ લોકસાહિત્ય જ ખરું સાહિત્ય છે એવું ગાંધીજી માનતા હતા.

કલાની મીમાંસા કરતાં ગાંધીજીએ કહ્યું હતું "(કલાના) બાહ્ય અને આંતર (એમ) બે ભેદ હું પાડું છું.પણ મને તો બાહ્યથી આંતરનો વિકાસ ન થાય ત્યાં સુધી બાહ્યની કશી કિંમત નથી. કળા માત્ર અંતરના વિકાસનો આવિર્ભાવ, માણસના આત્માનો જેટલો આવિર્ભાવ બાહ્યરૂપમાં હોય તેટલી તેની કિંમત... કળા એટલે આત્મિકમનને પરિણામે શબ્દ, રંગ, રૂપ ઇત્યાદિથી નીપજની વસ્તુ." આ જ રીતે ગાંધીજીએ કળાકારનો પણ મહિમા કરેલો જોવા મળે છે.

જોડણી અને શબ્દકોશ :

ઈ.સ.૧૯૨૯માં ગૂજરાત વિદ્યાપીઠે ગાંધીજી, મહાદેવ દેસાઈના સહયોગથી 'સાર્થ ગૂજરાતી જાડણીકોશ' બહાર પડ્યો. ગાંધીજીએ આ જાડણીકોશ આવતા જ કહ્યું કે 'હવે કોઈને સ્વચ્છાએ જાડણી કરવાનો અધિકાર નથી." ગાંધીજી શબ્દકોશને પણ પુરસ્કૃતા હતા. શબ્દકોશનું સાહિત્યમાં શું મહત્તવ છે એ તેઓ સારી રીતે સમજતા હતા.

ગાંધીજીનું લેખન :

ગાંધીજીએ ઈ.સ.૧૯૦૯માં પ્રથમ પુસ્તક 'હિન્દ સ્વરાજ' આપ્યું હતું. ત્યારપછી 'આરોગ્ય વિશે સામાન્યજ્ઞાન' (૧૯૧૩), 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' (૧૯૨૪), 'મારો જેલનો અનુભવ' (૧૯૨૧), 'યરવડાના અનુભવ' (૧૯૨૫), 'સત્યના પ્રયોગો' અથવા 'આત્મકથા' (૧૯૨૭), 'મંગળપ્રભાત' (૧૯૩૦), 'આશ્રમવાસીઓ પ્રત્યે' (૧૯૩૨), 'સત્યાગ્રહાશ્રમનો ઇતિહાસ' (૧૯૩૦-૩૪), 'નીતિનાશને માર્ગે' (૧૯૨૭), 'વર્ણવ્યવસ્થા' (૧૯૩૪), 'ધર્મમન્થન' (૧૯૩૫), 'વ્યાપક ધર્મભાવના' (૧૯૩૭), 'રામનામ' (૧૯૪૮), 'સત્ય એ જ ઈશ્વર છે' (૧૯૫૭), 'નિત્યમનન' (૧૯૫૨), 'અનાસક્તિયોગ' (૧૯૨૯), 'ગીતાબોધ' (૧૯૩૦), 'ગાંધીજીનું ગીતાશિક્ષણ' (૧૯૫૫), 'ત્યાગમૂર્તિ' અને બીજા લેખો (૧૯૬૭), 'ખરી કેળવણી' (૧૯૩૮), 'કેળવણીનો કોયડો' (૧૯૩૮), 'રાષ્ટ્રભાષા વિશે વિચાર' (૧૯૪૫), 'પાયાની કેળવણી' (૧૯૫૦), 'બાળપોથી' (૧૯૫૧) વગેરે પુસ્તકો આપણને ગાંધીજી પાસેથી મળે છે.

ગાંધીજીએ પુસ્તકો ઉપરાંત પત્રકારત્વ અને પત્રલેખન પણ વિશેષ કરેલ છે. ગાંધીજીએ 'ઈન્ડિયન ઓપીનિયન', 'હરિજન', 'નવજીવન', 'હરિજન બંધુ' વગેરે સામયિકમાં અનેક લેખો એમના પ્રકાશિત થયેલા છે. ગાંધીજીએ અનેક મહાપુરુષો સાથે પત્રો પણ લખ્યા છે. કાકાસાહેબ કાલેલકરે ગાંધીજીના પત્રોનું સુંદર સંપાદન આપણી સમક્ષ મૂકી આપ્યું છે. આમ આપણે જાઈએ તો ગાંધીજીનો પ્રભાવ દરેક ક્ષેત્રે પડ્યો છે. ગુજરાતી સાહિત્યમાં ગાંધીજીના પ્રભાવથી આખા એક યુગનું નિર્માણ અને નામકરણ થયું એ ખૂબ જ મહત્તવની અને મોટી ઘટના છે.

સંદર્ભસૂચિ :

૧. આત્મકથા; પૃષ્ઠ-૫, આ.૨૦૧૧ - મો.ક.ગાંધી

૨. ગાંધીજીના ગુજરાતને; પૃષ્ઠ ૧-૨, આ.૧૯૫૮ - આચાર્ય વિનોબાજી

૩. આત્મકથા; પૃષ્ઠ-૩, આ.૨૦૧૧ - મો.ક.ગાંધી

૪. એજન, પૃ.૪

૫. એજન, પૃ.૫

૬. હિંદ સ્વરાજ; પૃ.૪૧-૪૨, આ.૨૦૦૮ - મોહનદાસ કરમચંદ ગાંધી

૭. વ્યાપક ધર્મભાવના; પૃ.૨૫, આ.૨003 - ગાંધીજી

૮. ખરી કેળવણી; પૃ.૭૪, આ.૧૯૫૦ - મો. ક. ગાંધીજી

૯. મંગળપ્રભાત; પૃ.૩૯, આ.૨૦૦૬

૧૦. દૈનંદિની; પૃ.૯૮, આ.૨૦૧૧, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૧૧. મહાત્મા ગાંધીનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ; પૃ.૧૪૯, આ.૧૯૬૯ - ડા.હરીશ વ્યાસ

૧૨. મંગળપ્રભાત; પૃ.૪૨, આ.૨૦૦૬ - ગાંધીજી

૧૩. નવજીવન; તા.૨૮-૬-૧૯૩૧, પૃ.૧૮૭ – ગાંધીજી

૧૪. મહાત્મા ગાંધીનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ, પૃ.૧૬૨, આ.૧૯૭૯ – ડા.હરીશ વ્યાસ

૧૫. આત્મકથા; પૃ.૨૭૫, આ.૨૦૧૧ – મો. ક. ગાંધી

૧૬.એજન;

ઉત્તરરામચરિતમાં સમાજ અને સંસ્કૃતિ

ખુશ્બુ મોદી

સાહિત્ય, સંસ્કૃતિ અને સમાજનો એકબીજા સાથે ગાઢ સંબંધ છે. કવિ આર્ષદૃષ્ટા કહેવાય છે, પરંતુ જે સમાજ અને સંસ્કૃતિની વચ્ચે તે જીવે છે, તેની ગતિવિધિઓથી તે અલગ રહી શકતો નથી. કવિ ભવભૂતિ પોતાની પ્રખ્યાત કૃતિ 'ઉત્તરરામચરિત' માં જે ઝલક પ્રસ્તુત કરે છે, તે તત્કાલીન સમાજ અને સંસ્કૃતિની દ્યોતક છે. ભવભૂતિના સમયમાં સમાજમાં વર્ણાશ્રમવ્યવસ્થા પ્રમુખ હતી. સમાજમાં વૃદ્ધો અને બ્રાહ્મણોનું સમ્માન થતું. હિન્દુ સ્ત્રીઓનું સ્થાન સન્માનીય હતું. કૌટુંબિક જીવન સમાનતા અને સ્નેહ પર આધારિત હતું. સમયે - સમયે સામાજિક પર્વો અને ઉત્સવો થયા કરતા. શિક્ષણનો પ્રસાર વ્યાપક હતો, જેમાં સ્ત્રીઓ પણ સમ્મિલિત હતી.

આ મુજબ ઉત્તર રામચિરતના આધારે ભવભૂતિના સમકાલીન સમાજ અને સંસ્કૃતિના પરિપ્રેક્ષ્યમાં સંક્ષિપ્ત રૂપરેખા મેં અહીં આપી છે, જેનું વિસ્તૃત વિવરણ શોધપત્રમાં પ્રસ્તુત કર્યું છે.

- **પ્રસ્તાવના** :-

'सहितस्य भाव : साहित्यम्' અર્થાત્ જે ભાવપૂર્ણ હોય તે સાહિત્ય છે. સાહિત્ય જીવનનું પ્રતિબિંબ છે, હૃદયનો ભાવ છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરના શબ્દોમાં કહીએ તો - ' સાહિત્ય શબ્દ દ્વારા મિલનનો એક ભાવ વ્યકત થાય છે. તે કેવળ ભાવ-ભાવનું, ભાષા - ભાષાનું, ગ્રંથ – ગ્રંથનું મિલન નથી, પરંતુ મનુષ્યનું મનુષ્ય સાથે, અતીતનું વર્તમાન સાથે, દૂરનું નજીક સાથે અંતરંગ મિલન છે.'

કેટલાક વિદ્વાનો સાહિત્ય શબ્દની વ્યુત્પત્તિ 'હિત' શબ્દને ધ્યાનમાં રાખીને हितेन सह सहितमॆ કરે છે. જેનાથી માનવ- સમાજનું હિત થાય, તે સાહિત્ય છે. સાહિત્યનો સીધો સંબંધ માનવ તથા સમાજ સાથે છે. વિશિષ્ટ ઉદ્દેશ્ય માટે જ્યારે મનુષ્ય એક જગ્યાએ એકત્રિત થાય છે ત્યારે તે સમાજ કહેવાય છે. 'સાહિત્ય' સમાજની આધારશિલા છે. તે સમાજને જાગૃત રાખે છે. સાહિત્ય અને સમાજનો સંબંધ અનાદિકાળથી ચાલ્યો આવે છે. આદિકવિ વાલ્મીકિએ રામાયણમાં એક આદર્શ સામાજિક વ્યવસ્થાનું ચિત્રણ કરીને સિદ્ધ કર્યું છે કે 'માનવસમાજ' કેવી રીતે આદર્શ બની શકે.

સમાજ નિત્ય છે, વિચારોને ટકાવવાવાળો છે. પેઢી દર પેઢી વિચારોની, ભાવોની પરંપરા ચાલતી રહે છે, જેને સમાજ વહન કરે છે. તેથી વિચારોને નિત્યતા મળે છે અને પરિણામે સંસ્કૃતિ ટકી રહે છે. 'સંસ્કૃતિ' એક વ્યાપક શબ્દ છે, જે ''सम' ઉપસર્ગમાં 'कृ' ધાતુ તેમજ 'सुट' ના આગમનથી 'कृत' પ્રત્યય જોડવાથી વ્યુત્પન્ન થયો છે, જેનો શાબ્દિક અર્થ થાય છે - સંસ્કાર, પરિમાર્જન.

સાહિત્ય, સંસ્કૃતિ અને સમાજનો એકબીજા સાથે ગાઢ સંબંધ છે. સાહિત્યથી સંસ્કાર, સંસ્કારથી સંસ્કૃતિ અને સંસ્કૃતિથી સંપન્ન સમાજ. જ્યારે પણ આ ત્રણમાંથી કોઈપણ એકમાં ફેરફાર થાય ત્યારે બાકીના બંને પર તેની અસર થાય છે. સાહિત્ય તત્કાલીન સમાજ અને સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. કવિ આર્ષદૃષ્ટા કહેવાય છે, પરંતુ જે સમાજ અને સંસ્કૃતિની વચ્ચે તે જીવે છે. તેની ગતિવિધિઓથી તે અલગ રહી શકતો નથી. કોઈપણ રીતે તત્કાલીન સામાજિક – સાંસ્કૃતિક સ્થિતિનું પ્રતિબિંબ તેની કૃતિમાં દેખાય છે.

મહાકવિ ભવભૂતિ સંસ્કૃત નાટ્યસાહિત્યના ઝળહળતા નક્ષત્ર છે, જેમની ખ્યાતિ ચારે દિશાઓમાં વ્યાપ્ત છે.

मान्यो जगत्यां भवभूतिरार्य
सारस्वते वर्त्मनि सार्थवाह : ।
वाचं पताकामिव यस्य दृष्टवा
जन : कवीनामनुपृष्टमेति ॥ - ઉદયસુન્દરી

ભવભૂતિ પોતાની રચનાઓમાં જે ઝલક પ્રસ્તુત કરે છે, તે પારંપારિક હોવાની સાથે તે સમયની સામાજિક અને સાંસ્કૃતિક સ્થિતિનું વિવરણ કરે છે. 'उत्तरे रामचरिते भवभूतिर्विशिष्यते ' કહીને વિવેચકોએ જેનું ગૌરવ કર્યું છે, તેવા ભવભૂતિના પ્રસિદ્ધ રૂપક ઉત્તરરામચરિતને સમાજ અને સંસ્કૃતિના પરિપ્રેક્ષ્યમાં આ પ્રમાણે આલેખી શકાય :-

- **વર્ણાશ્રમવ્યવસ્થા :-**

ભવભૂતિ ચતુર્વિધ વર્ણોમાં બ્રાહ્મણ અને ક્ષત્રિયના આચાર- વિચારોનું વિસ્તારથી વર્ણન કરે છે. કવિની દૃષ્ટિએ શાંત પ્રકૃતિ બ્રાહ્મણ પોતાની તપસ્યાના પ્રભાવથી મનુષ્યોમાં સત્વની પ્રવૃત્તિ કરી પાપનો વિનાશ કરે છે. આવા તપસ્વીઓનાં વચનો કદી મિથ્યા જતાં નથી.

"ऋषीणां पुनराद्यानां वाचमर्थोनुद्यावति ।" (ઉ.રા.ચ. ૧-૧૦) બ્રાહ્મણોમાં વાણીનો વૈભવ સિદ્ધ હોય છે. 'सिद्ध हयेतवाचि वीर्यं द्विजानाम्' (ઉ.રા.ચ.૫-૩૩) અને તેમનાં વચન હંમેશાં કલ્યાણકારી હોય છે. (ઉ.રા.ચ. ૪-૧૮)

ભૂ- દેવતા બ્રાહ્મણોને સમાજમાં વિશિષ્ટાધિકાર પ્રાપ્ત હતા. બ્રાહ્મણો અવધ્ય ગણાય છે. બ્રાહ્મણ-પુત્રના જીવન માટે શુદ્રને હણવાનો પણ ઉલ્લેખ છે, જે શમ્બૂકવધ પ્રસંગે પ્રાપ્ત થાય છે. (ઉ.રા.ચ. ૨-૮) અહીં કવિ વર્ણાશ્રમધર્મના નિયમોના પાલનમાં આગ્રહી જણાય છે.

રજાગુણના અધિકારી ક્ષત્રિયોનું બાહુબળ પ્રસિદ્ધ હતું. - 'बाहवोवीर्यम् यतु तत्क्षत्रियाणाम् ।' (ઉ.રા.ચ.૫-૩૩) ક્ષત્રિય સ્વભાવથી જ તેજસ્વી હોય છે. કવિએ તેને સૂર્યકાન્ત મણિની ઉપમા આપી છે. (ઉ.રા.ચ. ૬-૧૪) યુદ્ધ તેનો સ્વાભાવિક ધર્મ છે અને પરાક્રમ તેનું સહજ આચરણ.

ભવભૂતિ વૈશ્ય માટે 'નૈગમ' શબ્દ અને શુદ્ધ માટે 'વૃષલ' શબ્દનો પ્રયોગ કરે છે. (ઉ.રા.ચ. ૨-૮)

જીવનને ચાર અવસ્થામાં વિભાજિત કરનારા ચાર આશ્રમોનો ઉલ્લેખ કવિ કરે છે. બ્રહ્મચર્યાશ્રમમાં બ્રાહ્મણ બ્રહ્મચારી વેદાધ્યયન કરતા હતા તથા ક્ષત્રિય બ્રહ્મચારી ધનુર્વિદ્યાની સાથે ચાર વેદો અને અન્ય વિદ્યાઓનું પણ અધ્યયન કરતા હતા. (ઉ.રા.ચ.૨-૩ ,૪)

શિક્ષાપ્રાપ્તિ પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરનાર ગૃહસ્થીને ભવભૂતિએ સ્વધર્મમાં રત રહીને સાંસારિક સુખોનો ઉપભોગ કરનારા કહ્યા છે. (ઉ.રા.ચ. ૨-૩૨) કવિ આરણ્યકોનો ઉલ્લેખ પણ કરે છે. જે તપોવનોમાં રહીને યમ- નિયમોનું પાલન કરે છે. કવિના મતે સંન્યાસ અવસ્થા એ મનુષ્યની સર્વ કામનાઓના ત્યાગની અવસ્થા છે. 'एते हि हृदयमर्मच्छिद : संसारभावा : (ઉ.રા.ચ. અંક -૧) , જેનાથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

- **કૌટુંબિક જીવન અને સ્ત્રીઓનું સ્થાન :-**

કૌટુંબિક જીવન અને પારિવારિક સંબંધોનું ભવભૂતિએ અત્યંત સુંદર વર્ણન કર્યું છે. તે સમયે સમાજમાં વૃદ્ધો અને બ્રાહ્મણોનું સન્માન થતું હતું. રાજાનો અષ્ટાવક્ર, વશિષ્ઠ અન જનક પ્રત્યેનો આદર આ બાબત દર્શાવે છે.

'સ્ત્રી' પરિવાર અને સમાજનું મુખ્ય અંગ છે. સ્ત્રીના કન્યા, પત્ની અને માતા-આ ત્રણેય રૂપોનું કવિએ ચિત્રણ કર્યું છે. ભવભૂતિને સ્ત્રી જાતિ પ્રત્યે કેટલું માન હતું તેનું અનુમાન આ સિદ્ધાંતવાક્યથી થાય છે - गुणा : पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वय: । (ઉ.રા.ચ.૪-૧૧)

પત્ની પતિની સહધર્મ ચારિણી હતી. (ઉ.રા.ચ. અંક - ૨) કવિએ તેને 'गेहे लक्ष्मी ' કહે છે. (ઉ.રા.ચ. ૧-૩૮) પત્ની વગર જગત જીર્ણારણ્ય બની જાય છે - ' जगज्जीर्णारण्यं. ᵬᵬभवति.' (ઉ.રા.ચ. ૬-૩૮) પતિ - પત્નીનો પારસ્પરિક સંબંધ વિરલ છે. જે કોઈ સદ્ભાગીને જ પ્રાપ્ત થાય છે. अद्वैतं सुखदु: खयो (ઉ.રા.ચ. ૧-૩૯)

ભવભૂતિએ પ્રકૃતિમાં માનવીના માતૃસ્વરૂપને પ્રતિષ્ઠિત કર્યું છે. પૃથ્વી, ગંગા, ગોદાવરી, તમસા, મુરલા વગેરે આના ઉદાહરણ છે.

કવિએ દામ્પત્યપ્રેમનું અત્યંત સુંદર વર્ણન કર્યું છે અને તેની મહત્તવપૂર્ણ ગ્રંથ છે સંતાન, જે માતા-પિતાને એકબીજા સાથે જોડી રાખનારું પરમતત્તવ છે. (ઉ.રા.ચ. ૩-૧૭)

આ પ્રમાણે કૌટુંબિક જીવન સ્નેહ અને સમાનતા પર આધારિત હતું, જેને ભવભૂતિએ અનુભવ્યું હશે.

ધર્મ, રીતરિવાજા અને શાસ્ત્રો :-

ભવભૂતિના સમયમાં હિન્દુ ધર્મ પ્રચલિત હતો. ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા, કર્મકાંડ, યજ્ઞયાગ, વેદ-વેદાંગોનું અધ્યયન હિંદુઓમાં વ્યાપ્ત હતું. સ્વયં ભવભૂતિની વંશપરંપરામાં વાજપેય યજ્ઞનું અનુષ્ઠાન થયું હતું. ઋષ્યશૃંગે બાર વર્ષ ચાલનારો યજ્ઞ કર્યો હતો. (ઉ.રા.ચ. અંક -૧) અને રામે પણ અશ્વમેધ યજ્ઞ આરંભ્યો હતો. (ઉ.રા.ચ. અંક - ૨)

રાજકુળના અને આશ્રમના વિશિષ્ટ રીતરિવાજો પ્રચલિત હતા. રાજ્યાભિષેક સમયે ગવાતા મંગલગીતો ગૃહસ્થીઓનું અગ્નિક્ષેત્ર વગેરે ધાર્મિક કાર્યોનું નિત્ય પાલન, વનમાં પણ અતિથિઓનો આદર-સત્કાર, સંતાનના જન્મદિન નિમિત્તે સૂર્યપૂજા, આશ્રમમાં અતિથિનું મધુપર્ક દ્વારા સ્વાગત યુદ્ધની રીત-નીતિ વગેરે પ્રચલિત હતા.

યુદ્ધમાં વપરાતાં જૃમ્ભકાસ્ત્ર, વારુણાસ્ત્ર, આગ્નેયાસ્ત્ર, પવનાસ્ત્ર જેવા વિવિધ શાસ્ત્રોનો પણ ઉત્તરરામચરિતમાં ઉલ્લેખ થયો છે. (ઉ.રા.ચ.અંક - ૬)

- **સામાજિક પર્વો અને ઉત્સવો** :-

ભવભૂતિ રાજ્યાભિષેકનો ઉત્સવ (ઉ.રા.ચ. અંક -૧), વિવાહોક્સવ (ઉ.રા.ચ. ૧-૧૮), જન્મોત્સવ (ઉ.રા.ચ. અંક -૩) થી વગેરેનો ઉલ્લેખ કરે છે. નાટકો તથા યાત્રા પણ સમાજમાં ઉત્સવોના રૂપે પ્રચલિત હતા. વિશાળ મેળાઓ જનસમુદાયને એકત્રિત થવા માટેના આવસરો હતા. કાલપ્રિયનાથની યાત્રા નિમિત્તે યોજાયેલો મેળો આવો જ હતો. ભવભૂતિના ત્રણેય રૂપકોનું મંચન અહીંયા જ પ્રથમ થયું હતું. (ઉ.રા.ચ. અંક -૧)

- **શિક્ષણ** :-

શિક્ષણનો પ્રસાર વ્યાપક હતો. વિદ્યાપ્રાપ્તિ માટે વિદ્યાર્થી દેશદેશાન્તરમાં નિવાસ કરતા, જેમાં સ્ત્રીઓ પણ સમ્મિલિત હતી. (ઉ.રા.૨-૩) સહશિક્ષણ પ્રચલિત હતું. આત્રેયી આનું ઉદાહરણ છે. ભવભૂતિ "तिसो विद्या" (ઉ.રા.અંક - ૨) નો ઉલ્લેખ કરે છે, જેનું અધ્યયન ઉપનયન સંસ્કાર બાદ થતું હતું.

કવિએ અનેક સ્થળોએ વેદ, ઉપનિષદ, સાંખ્ય, યોગ, મીમાંસા, વ્યાકરણ, ન્યાય (ઉ.રા. ૧-૨), વેદાન્ત (ઉ.રા. ૨-૩), રામાયણ, પુરાણ, ધર્મશાસ્ત્ર, ઇતિહાસ (ઉ.રા.૨-૫,૬ : ૫-૨૩) વગેરેનો ઉલ્લેખ કર્યો છે. પૂર્વના કવિઓનું પણ તેમણે સ્મરણ કર્યું છે. (ઉ.રા.૧-૧)

- **ઉપસંહાર :-**

આમ, ઉત્તરરામ ચરિતના અધ્યયનથી આપણે જાઈ શકીએ છીએ કે ભવભૂતિના સમયમાં સમાજમાં વર્ણાશ્રમવ્યવસ્થા પ્રમુખ હતી. ચાતુર્વર્ણ્યની મર્યાદા અક્ષુણ્ણ હતી. સમાજમાં વૃદ્ધો અને બ્રાહ્મણોનું સન્માન થતું હતું. હિન્દુ ધર્મ અને તેના રીતરિવાજો પ્રચલિત હતા. સમાજમાં સ્ત્રીઓનું સ્થાન સન્માનનીય આધારિત હતું. સમયે- સમયે સામાજિક પર્વો અને ઉત્સવો થયા કરતા હતા. શિક્ષણનો પ્રસાર વ્યાપક હતો, જેમાં સ્ત્રીઓ પણ સમ્મિલિત હતી.

આમ, આ પ્રમાણે આપણે સંસ્કૃતિ અને સમાજના પરિપ્રેક્ષ્યમાં ઉત્તરરામચરિતને મૂલવી શકીએ.

- **સંદર્ભ – ગ્રંથ સૂચિ :-**

- શ્રી ભવભૂતિ વિરચિત ઉત્તરરામચરિત
  સં. સ્રગ્ધરા શં. નાન્દી, પ્રકાશક : મહાજન બુક ડીપો, અમદાવાદ
- મહાકવિ ભવભૂતિ प्रणीतम् उत्तररामचरितम्।
  સં. ડૉ. વસન્તકુમાર ભટ્ટ, સરસ્વતી પ્રકાશન, અમદાવાદ
- મહાકવિ ભવભૂતિ
  ડૉ. ગંગાસાગર રાય, ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી.
- भवभूति।
  અમૃતા ભારતી, પ્રકાશક - ભારતીય જ્ઞાનપીઠ, નવી દિલ્લી
- ભવભૂતિ
  ગો. કે. ભટ્ટ, સાહિત્ય અકાદમી
- भवभूति के नाटक।
  ડૉ. વ્રજવલ્લભ શર્મા, મધ્યપ્રદેશ, હિન્દી ગ્રંથ અકાદમી.

 ISBN : 978-81-938282-1-2

ભારતીય ભાષાઓની યાત્રાનાં સંદર્ભમાં ભારતીય આર્યભાષાનાં વિકાસનો અભ્યાસ

રાવલ હિનાબહેન ડી.
રિસર્ચ સ્કોલર. બી.એ.ઓ.યુ. એમ.એ.,બી.એડ્., એમ.એડ્

- **પ્રસ્તાવના** (**Introducation**)

ભાષા શબ્દની ઉત્પત્તિ સંસ્કૃત શબ્દ ભાષા ધાતુ પરથી થઈ છે. જેનો અર્થ થાય છે ‘વ્યક્ત વાણી’ વ્યક્તવાણી સ્વરૂપમાં જેની અભિવ્યક્ત થઈ જાય છે તેને ભાષા કહે છે. ભાષાનો પ્રયોગ દરેક વ્યક્તિ અલગ અલગ રીતે કરે છે. કોઈપણ બે માણસોની ભાષાને વ્યક્ત કરવાની ઢબ જુદી જુદી હોય છે. આ ભાષાની ઉત્પત્તિ પાછળ ઘણા બધા પરિબળોએ અસર કરી હતી અને તેમાંથી ભારતીય ભાષા સ્વરૂપ આપણે આજે જોઈ શકીએ છીએ. ભાષાની ઉત્પત્તિ સૌપ્રથમ આર્યભાષાથી થઈ જેના વિશેની માહિતી આપણે મેળવીએ.

આર્યોનાં આગમન પૂર્વે ભારતમાં નેગ્રિટી, દ્રવિડ, આગ્નેય વગેરે જાતિઓ ભારતમાં આવી હતી. એવું વિદ્વાનોનું માનવું છે એક ધારણા એવી પણ છે કે ભારતનાં આર્યો ઈરાનથી ઈ.સ.પૂર્વે ૧૫૦૦માં અલગ થઈ પશ્ચિમોત્તર સીમાથી ભારતમાં પ્રવેશ્યા હતા. ડા.હાર્નલ માને છે કે આર્યોનું આગમન ભારતમાં ઓછામાં ઓછું બે વાર થયું. પહેલા આવેલા આર્યો ભારતના મધ્યપ્રદેશમાં આવીને વસી ગયા. બીજા જૂથનાં આર્યોએ પહેલા જૂથના આર્યોને ઉત્તર, દક્ષિણ અને પૂર્વમાં ભગાડી મૂકયા. પ્રાચીન સમયમાં આર્ય થોડો સમય ઈરાનમાં રહ્યા. પછી અફઘાનિસ્તાનના પહાડી પ્રદેશોમાં થઈને સપ્તસિંધુના મેદાનોમાં સ્થાયી થયા ત્યારથી ભારતીય આર્યભાષાઓનો પ્રારંભ માનવામાં આવે છે.

ભારતીય આર્યભાષાની ઉત્પત્તિ અતિ પ્રાચીન સમયમાં થઈ હતી. પરંતુ મોટાભાગનાં વિદ્વાનો એવું માને છે કે આશરે ઈ.સ.પૂર્વે ૨૪૦૦માં આર્ય ભારતમાં આવ્યા હતા અને તેમણે સાહિત્યની રચના કરવાની શરૂઆત કરી દીધી હતી. દુનિયાનો સર્વોત્તમ પ્રાચીન ગ્રંથ ઋગ્વેદની રચના પણ આ જ સમયમાં મનાય છે અને આના આધર પર ભારતીય આર્યભાષાનાં ઇતિહાસને કાળનાં સંદર્ભમાં મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યો છે.

૧. પ્રાચીન ભારતીય આર્ય ભાષાકાળ (ઈ.સ.પૂર્વે ૧૫૦૦ થી ઈ.સ.પૂર્વ ૫૦૦)
૨. મધ્યકાલીન ભારતીય આર્યભાષાકાળ (ઈ.સ.પૂર્વે ૫૦૦ થી ઈ.સ.૧૦૦૦)
૩. આધુનિક ભારતીય આર્યભાષાકાળ (ઈ.સ.૧૦૦૦થી આજ સુધી)

૧. પ્રાચીન ભારતીય આર્યભાષાકાળ (ઈ.સ.પૂર્વે ૧૫૦૦ થી ઈ.સ.પૂર્વ ૫૦૦)

આ કાળ મુજબ ભારતીય આર્યભાષાનાં બે સ્વરૂપ મળે છે. (૧) વૈદિક સંસ્કૃત (૨) લૌકિક સંસ્કૃત.

વૈદિક સંસ્કૃતનું પ્રાચીનરૂપ ઋગ્વેદ સંહિતામાં પ્રાપ્ત થાય છે. ચારવેદો, ઉપનિષદો, બ્રાહ્મણ ગ્રંથ, આખ્યાનગ્રંથ વગેરેની ભાષાએ વૈદિક સંસ્કૃત છે. વિદ્વાનોની માન્યતા એમ છે

કે ઋગ્વેદના પ્રથમ અને દસમા મંડળની ભાષા વધારે પ્રાચીન નથી. જ્યારે બીજા બધા મંડળોની ભાષા ખૂબ જ પ્રાચીન છે અને તે અવેસ્તાથી વધારે નજીક છે. વિદ્વાનોનું માનવું એવું છે કે દસમાં મંડળની રચના ત્યારે થઈ હતી જ્યારે આર્ય કુરુ-પાંચાલ પ્રદેશની તરફ આગળ વધ્યા હતા અને એમની ઉપર મધ્યદેશનાં અનાર્યોનો પ્રભાવ પડ્યો હતો. ચારવેદ, ઉપનિષદો, બ્રાહ્મણગ્રંથો અને ઉપનિષદોની ભાષા એ મધ્યપ્રદેશના અનાર્યોની પ્રભાવિત ભાષા છે. વિશેષમાં ઋગ્વેદમાં વૈદિક સંસ્કૃતનું પ્રાચીનરૂપ એ સમયનું છે કે જે સમયે આર્ય લોકો મધ્યપ્રદેશથી પણ આગળ આવતા ભારતના પૂર્વમાં આવીને વસ્યા અને એમની ભાષાનો પ્રભાવ પડવા લાગ્યો.

આ રીતે જેમ જેમ આર્ય ઉત્તરથી મધ્ય અને પૂર્વની તરફ આગળ વધતા ગયા તેમ તેમ એમની વૈદિક ભાષા પર મધ્યદેશની અને પૂર્વની ભાષાઓ પર પ્રભાવ પડવા લાગ્યો. આર્યો પણ પોતાની વાતને વધારે સુગમ અને સુબોધ બનાવવા માટે એમની ધ્વનિઓનો સ્વીકાર કરવા લાગ્યા. જેનાથી વૈદિક ભાષામાં પરિવર્તન થતું ગયું. વૈદિક ભાષાની સૌથી મોટી વિશેષતા એ હતી કે તે સ્વરપ્રધાન હતી એની વાક્યરચનામાં જટિલતા તેમજ વિવિધતા હતી. એમાં ત્રણ લિંગ તેમજ ત્રણ વચન હતા. આજ વૈદિક ભાષામાંથી લૌકિક સંસ્કૃતિનો વિકાસ થયો.

પાણિનિનાં સમય સુધી વૈદિક ભાષા જ સાહિત્યની ભાષા હતી. આ ભાષા પહેલાં અવ્યવસ્થિત હતી. પાણિનિએ આને સ્થિર અને વ્યવસ્થિત બનાવવાનો પ્રયત્ન કર્યો. આનાં વિવિધ રૂપોમાં એકરૂપતા અને સમતા લાવવા માટે એને સંસ્કૃત ભાષા બનાવી. આ જ કારણથી વૈદિકભાષાને પાણિનિએ દેવોની ભાષા અને સંસ્કૃત ભાષા કહ્યું છે આ ભાષામાં ધર્મ, દર્શન, લલિત, લૌકિક સાહિત્યની રચના થઈ.

વૈદિક ભાષામાં સંજ્ઞા, સર્વનામ, વિશેષણ, ક્રિયા વગેરે રૂપ પ્રચલિત હતા. પરંતુ લૌકિક સંસ્કૃતમાં વ્યવસ્થાના રૂપમાં ગોઠવવામાં આવ્યું. બધા જ રૂપોની એકરૂપતા સ્થાપિત કરવામાં આવી. સર્વનામ અને સંજ્ઞાના રૂપ સ્થિર થઈ ગયા. ઉપસર્ગ ક્રિયાની સાથે લગાડવામાં આવ્યા. તદ્વિત પ્રત્યયોનો વિકાસ થયો. શબ્દનિર્માણનું આટલી બધું સામર્થ્ય હોવાને લીધે લૌકિક સંસ્કૃત ભાષા સમૃદ્ધ અને ઉન્નત ભાષા બની ગઈ.

૨. મધ્યકાલીન ભારતીય આર્યકાળ (ઈ.સ.પૂર્વે ૫૦૦ થી ઈ.સ.૧૦૦૦)

પાણિનિ દ્વારા છાંદસ ભાષાનું વ્યાકરણ સંબંધી નિયમોમાં બાંધવાથી લૌકિક સંસ્કૃત અથવા સાહિત્યિક સંસ્કૃત ભાષાનો ઉદય થયો. સાથે સાથે અનેક લોકભાષાઓ પણ અબાધ ગતિથી પ્રચલિત થતી રહી. આ જ લોક ભાષાઓને વિદ્વાનોએ પ્રાકૃતભાષા એવું નામ આપ્યું. સંપૂર્ણ મધ્યકાળમાં આ પ્રાકૃત ભાષાનું ખૂબ જ જોર રહ્યું. એમના વિકાસકાળને ત્રણ ભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું છે.

(૧) પ્રથમ પ્રાકૃતકાળ

(૨) દ્વિતીય પ્રાકૃતકાળ

(૩) તૃતીય પ્રાકૃતકાળ

૨.૧ પ્રથમ પ્રાકૃત કાળ:

આ કાળનો સમય ઈ.સ. પૂર્વ ૫૦૦ થી ઈસવીસનના આરંભ સુધી માનવામાં આવે છે. આ કાળની મુખ્ય ભાષા પાલિ છે. ગૌતમબુદ્ધે માગધી ભાષામાં પોતાના ઉપદેશ લખ્યા હતા. થોડા સમય પછી આ જ ઉપદેશો જે લોકપ્રચલિત ભાષામાં પ્રસારિત કર્યા તે પાલિભાષા કહેવાઈ. આજે સંપૂર્ણ પાલિ સાહિત્ય બૌદ્ધ ધર્મથી જ સંબંધિત છે. આ ભાષામાં ગૌતમબુદ્ધનો ગ્રંથ 'ત્રિપિટક' પ્રાપ્ત થાય છે. પાલિભાષામાં જાતક કથાઓની પણ રચના થઈ છે. છંદશાસ્ત્ર, વ્યાકરણ તથા કોશગ્રંથ પણ પ્રાપ્ત થાય છે.

આ જ સમયમાં અશોકનાં શિલાલેખની પ્રાકૃતભાષા પણ મળે છે. આ લેખોમાં બીજી ચાર, પાંચ ભાષાઓ મિશ્ર સ્વરૂપે જાવા મળે છે.

૨.૨ દ્વિતીય પ્રાકૃતકાળ:

આ કાળ ઈ.સ.ના આરંભથી લગભગ ઈસવીસન ૫૦૦ સુધીનો માનવામાં આવે છે. આ સમયમાં જનસમાજની બોલચાલની ભાષાનો વિકાસ થયો છે. જેનો સાહિત્ય રચનામાં ઉપયોગ ન હતો થતો. પાલિભાષા સિવાય આ પ્રાકૃત ભાષાઓ પર સ્થાને સ્થાને વિકાસ થયો. પ્રાકૃત ભાષાનાં આ બધા જ રૂપોને સૌપ્રથમ ચાર ભાગોમાં વહેંચવામાં આવી. (૧) અશ્વઘોષનાં નાટકોની પ્રાકૃત (૨) ધમ્મપદની પ્રાકૃત (૩) નિય પ્રાકૃત (૪) ભારતીય પ્રાકૃત આમાંથી ત્રણ પ્રાકૃતોનાં રૂપ ભારતની બહારથી મળ્યા હતા. ચોથી જે ભારતીય પ્રાકૃત ભાષા છે એમાં મહારાષ્ટ્રી, પૈશાચી, માગધી, શૌરસેની, અર્ધમાગધી વગેરે પ્રસિદ્ધ છે.

પ્રાકૃતભાષાનાં સૌપ્રથમ વૈયાકરણ વરરુચીએ પોતાના 'પ્રાકૃત પ્રકાશ' નામના વ્યાકરણમાં માત્ર ચાર પ્રાકૃત ભાષાનો ઉલ્લેખ કર્યો હતો.

(૧) મહારાષ્ટ્રી (૨) પૈશાચી (૩) માગધી (૪) શૌરસેની

હેમચંદ્રાચાર્યે પોતાના 'હેમ શબ્દાનુશાસન'માં ઉપરોક્ત ચાર સિવાયની બીજી ત્રણ પ્રાકૃત ભાષાનો ઉલ્લેખ કરવામાં આવ્યો. (૧) ચુલિકા પૈશાચી (૨) અર્ધમાગધી (૩) અપભ્રંશ પરંતુ વિદ્વાનોની માન્યતા અનુસાર આ યુગમાં ફક્ત પાંચ પ્રાકૃત ભાષાઓ હતી. જેમની સાહિત્ય અને વ્યાકરણની વિશેષતાઓનો ઉલ્લેખ સર્વોત્તમ થયો અને જે ભારતમાં એ સમયે ખૂબ જ પ્રચલિત હતી.

(૧) શૌરસેની (૨) માગધી (૩) અર્ધમાગધી (૪) મહારાષ્ટ્રી (૫) પૈશાચી

૨.3 તૃતીય પ્રાકૃતકાળ:

આ કાળ ઈસવીસન ૫૦૦ થી ઈસવીસન ૧૦૨૦ સુધીનો માનવામાં આવે છે. આને અપભ્રંશકાળ પણ કહે છે. અપભ્રંશભાષાઓ પ્રાકૃતકાળની બોલચાલની ભાષાઓમાંથી વિકાસ પામી. અનેક વિદ્વાનોનાં મૂલ્યાંકન બાદ તારણ આવ્યું છે એ સમયમાં ઓછામાં ઓછી સાત અપભ્રંશ ભાષા પ્રચલિત હતી. જે શૌરસેની, પૈશાચી, બ્રાચડ, ખસ, મહારાષ્ટ્રી, અર્ધમાગધી અને માગધી ને કહી શકાય કેમ કે આમાંથી જ ભારતીય આધુનિક આર્યભાષાનો વિકાસ થયો.

જેમ કે

(૧) શૌરસેનીમાંથી - પશ્ચિમી હિંદી, રાજસ્થાની, ગુજરાતી

(૨) પૈશાચીમાંથી - લહંદા અને પંજાબી

(૩) બ્રાચડમાંથી - સિંધી

(૪) ખસમાંથી - પહાડી ભાષાઓ

(૫) મહારાષ્ટ્રીમાંથી - મરાઠી

(૬) અર્ધમાગધીમાંથી - પૂર્વી હિંદી

(૭) માગધીમાંથી - બિહારી, બંગલા, ઉડિયા, અસમિયા

૩. આધુનિક ભારતીય આર્યકાળ (ઈ.સ.૧૦૦૦થી આજ સુધી)

ભારતીય આર્યભાષાઓનું અસ્તિત્વ ઈસવીસન ૧૦૦૦ની આસપાસ બોલચાલની ભાષામાં આવવા લાગ્યું હતું. આ ભાષાઓ બોલચાલના રૂપમાં વિકસિત થઈ હતી. એનો વિકાસ અપભ્રંશ ભાષાઓમાં થયો હતો. પણ એ સત્ય કે એમની ઉત્પત્તિ સંસ્કૃત ભાષામાંથી થઈ હતી. આ ભાષાઓ પર સંસ્કૃત ભાષાનો પ્રભાવ છે. આ ભાષાની શબ્દ સમૃદ્ધિની પૂર્તિ સંસ્કૃતિના તત્સમ શબ્દોમાંથી પ્રાપ્ત થઈ છે. આ ભાષાઓનું વર્ગીકરણ વિભિન્ન વિદ્વાનોએ અલગ અલગ પ્રકારે કર્યું છે. જેમાં હોર્નલી, બેબર, જ્યોર્જ ગ્રિયર્સન, ડા.સુનીતિકુમાર ચેટર્જી, ડા.ધીરેન્દ્ર વર્મા વગેરેનાં નામો ઉલ્લેખનીય છે. જ્યોર્જ ગ્રિયર્સન ઈ.સ.૧૯૨૦માં ભારતીય ભાષાઓનું સર્વેક્ષણ વગેરેના નામો ઉલ્લેખનીય છે. જ્યોર્જ ગ્રિયર્સન ઈ.સ.૧૯૨૦માં ભારતીય ભાષાઓનું સર્વેક્ષણ વગેરેનાં નામો ઉલ્લેખનીય છે. જ્યોર્જ ગ્રિયર્સન ઈ.સ.૧૯૨૦માં ભારતીય ભાષાઓનું સર્વેક્ષણ ભાગ-૧ તથા બુલેટીન ઓફ ધ સ્કૂલ ઓફ ઓરિયેન્ટલ સ્ટડીઝ લંડન અંક-૧, ભાગ-૩માં આધુનિક ભારતીય આર્ય ભાષાઓનું વર્ગીકરણ કર્યું છે. લહંદા, બંગાળી, ઉડિયા, બિહારી, સિંધી, મરાઠી, પૂર્વી હિંદી, અસમિયા, ગુજરાતી, ભીલી, ખાનદેશી, રાજસ્થાની, નેપાળી, મધ્યવર્તી પહાડી, પશ્ચિમી પહાડી વગેરે પ્રકારે વર્ગીકરણ કર્યું છે.

● ઉપસંહાર :

આમ ભારતીય આર્યભાષા સંસ્કૃતભાષાથી પ્રારંભ થઈને આજે આપણે જે ભાષાઓ જાઈએ છીએ એમ અલગ અલગ સમયમાં ભાષાઓનો વિકાસ થયો અને આજે આપણે ભારતીય ભાષાઓનું આ વિસ્તૃત ચિત્ર જોઈ શકીએ છીએ. આમ ભારતીય આર્યભાષાનો વિકાસ તીવ્ર ગતિએ થઈ રહ્યો છે.

 ISBN : 978-81-938282-1-2

વહીવટી અધિકારીની સ્મરણયાત્રા 'સનદી સેવાનાં સંભારણાં' - એક અભ્યાસ

ડૉ. હેતલ કે. ગાંધી
આસિ. પ્રોફેસર (ગુજરાતી)
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ
મો. 9408637409, ઈમેલ : hetal.gandhi@baou.edu.in

સ્મરણકથાનું સાહિત્ય-સ્વરૂપ સાહિત્યમાં આત્મકથાના સ્વરૂપથી ઘણું મળતું આવે છે. સમાજમાં કાર્યરત અધિકારી પોતાની ફરજ નિભાવે; પરંતુ, જયારે તે તેના અનુભવોનું વર્ણન કરે અને સંસ્મરણોને વાગોળે ત્યારે તે સાહિત્ય ઇતિહાસની ઘણી ઘટનાઓનો દસ્તાવેજ તો બને છે સાથે સાથે આવનારી પેઢી માટે દિશા-સૂચન કરનારું માધ્યમ પણ બને છે. અહીં આ પ્રકારના જ એવા ભારતીય વહીવટી સેવામાં કાર્યરત રહી ચૂકેલા વહીવટી અધિકારીની આત્મકથાની છણાવટ કરવાનો ઉપક્રમ છે. પોતાને પ્રાપ્ત થયેલી સત્તાના ઉપયોગથી લઈ તેને પ્રત્યેની કર્તવ્યપરાયણતા અને જવાબદારી સાથેની સૂઝમાંથી પ્રાપ્ત થયેલી આધ્યાત્મિકતાનો સુભગ સમન્વય આ સ્મરણયાત્રાના મૂળમાં પ્રદર્શિત થઈ શકે છે. 'સનદી સેવાનાં સંભારણા'એ પ્રશાસનિક અધિકારી (વહીવટી અધિકારી) તરીકે ભારતીય વહીવટી સેવામાં ફરજ બજાવી ચૂકેલા અધિકારી શ્રી લલિત દલાલની સ્મરણયાત્રાનો ગ્રંથ છે. 'અખંડ આનંદ'માં હપ્તાવાર પ્રગટ થયેલી આ સ્મરણયાત્રા ભારતીય વહીવટી શાખાની પાઠશાળા જેવો અનુભવ તો કરાવે જ છે સાથે સાથે ઇતિહાસમાં બનેલી ભારતીય વહીવટી જગતની ઘટનાઓનો લિખિત દસ્તાવેજ પણ બની રહે છે. આમ, મૂળે તો એક વહીવટી અધિકારી જ્યારે પોતાની સ્મરણયાત્રા લખે તો તેમાં ભારતના વહીવટ, રાજકારણ, નામાંકિત ચરિત્રો અને ઘટનાઓની ભૂમિકા વિશેના સ્મરણો તેના વ્યકિત વિશેષ દ્વારા થયેલા તારણો અને પોતાના જીવન વિશેની ઘટનાઓને સાહિત્યના માધ્યમ દ્વારા સાહિત્ય જગતમાં પીરસીને શ્રી લલિત દલાલે પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે. જેનો સંસ્મરણાત્મક કૃતિ તરીકે સાહિત્યિક મૂલ્ય તપાસવાનો તથા એક વહીવટી અધિકારી તરીકે તેમની ભૂમિકાનો ન્યાસ કાઢવા માટે કેસ-સ્ટડી (અભ્યાસ) કરવાની અહીં નેમ છે.

ભારતમાં સનદી અધિકારી થવું એટલે અબજોની સંખ્યામાંથી અમુક ચૂંટેલા વ્યક્તિઓને ભારતની જનતાની સેવા માટેના હક્કો મળવા. આ હક્કો ખરેખર સેવા માટેના હોય છે; પરંતુ, આ સત્તા દરેક અધિકારીને નમ્ર અને બાહોશ વ્યક્તિત્વ બક્ષે એવું સામાન્ય કિસ્સામાં બનતું જોયું નથી. ભગવદ્ ગીતામાં કર્મયોગના સંદર્ભે શ્રીકૃષ્ણનું કથન : 'કર્મણ્યેવાધિકારરસ્તે મા ફલેષુ કદાચન'. આ શ્લોકમાં શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે કે, 'કર્મ કરતો જા, ફળની આશા ઈશ્વર પર છોડી દે.' જગતના દરેક વ્યક્તિ પોતાનો સ્વધર્મ સમજીને તેને ખરેખર ન્યાય આપવાનો યત્ન કરે તો ધર્મ અને કર્મ યજ્ઞ બની જાય અને તે યજ્ઞમાંથી જે ફળ પ્રાપ્ત થાય તે વ્યક્તિત્વને તો નિખાર આપે જ; સાથે, આસપાસના વાતાવરણને પણ પવિત્રતા બક્ષે છે. આજના વિશ્વની ગતિના કે પરિપ્રેક્ષ્યના સંદર્ભમાં દેશનો સમગ્રલક્ષી વિકાસ તરફ અગ્રેસર થાય, એમ કહી શકાય.

આજ સ્વધર્મ સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક બજાવનાર ભારતના સનદી અધિકારી શ્રી લલિત દલાલના એક વહીવટદાર તરીકેના જીવનના અમૂલ્ય સંસ્મરણોની ગાથા એટલે 'સનદી સેવાના સંભારણા'. શ્રી લલિત

દલાલે ભારત સરકારના વહીવટદાર – વહીવટી અધિકારી તરીકે એટલે કે કલેકટર, સચિવ જેવા મહત્તવના હોદ્દાઓ પર રહીને ભારતમાં પણ ગુજરાત અને ગુજરાતના ગઠન પહેલાના મુંબઈ રાજ્યમાં વહીવટી અધિકારી તરીકેની કામગીરીથી શણગારી દીધું છે. તેમની આ સ્મરણયાત્રાને કટકે કટકે પહેલા 'અખંડ આનંદે' પ્રસિદ્ધ કરી અને ત્યારબાદ તે પુસ્ક્તરૂપે પ્રગટ થઈ છે. કુલ ૧૪ પ્રકરણમાં ફેલાયેલી આ સ્મરણયાત્રા(સંભારણા) વહીવટી અધિકારીઓના હક્કો અને ફરજો, તેમની કાર્યશૈલી અને વહીવટી અધિકારીના જાહેર અને વ્યક્તિગત જીવનની કઠણાઈ અને કોઈપણ કપરી પરિસ્થિતિમાં માર્ગ કાઢવાની કાર્યક્ષમતાનું બખૂબી તથા વિસ્તૃત છતાં ઝીણવટભર્યું આલેખન આ સંભારણાને યાદગાર બનાવવા સક્ષમ છે.

સંભારણામાં ડોકિયું કરીએ તો, શ્રી લલીત દલાલનો ઈ.સ. ૧૯૧૮માં જન્મ થયો. મેટ્રિક સુધીનું ભણતર પછી B.E. થઈ કુટુંબની જવાબદારી નિભાવતા સોલિસિટર પિતાનું લલિતભાઈના જીવનમાં મહત્તવનું સ્થાન ભૂલાય એમ નથી. પિતાના સક્ષમ પીઠબળના કારણે લલિતભાઈ ઝળહળતી શૈક્ષણિક કારકિર્દી પછી આઈ.સી.એસની પરીક્ષા ઉત્તીર્ણ કરે છે. આ જ્વલંત સિદ્ધિ અને આઈ.સી.એસ. અધિકારી તરીકે જોડાયા બાદ પણ આજીવન જનસેવાનો મંત્ર લઈ તેઓ આમ જગતમાં ભળી અને તેમના દુઃખદર્દ પોતાના કરી લઈ એક સાચા અને સારા અમલદારોના લક્ષણોને સાર્થક કરતા આ લેખનીમાં નજરે ચડ્યા વગર રહે નહીં!

સાદગી અને સહકારભરી જીવનશૈલી તેમના કુટુંબનો સહયોગ તેમાં પણ પ્રથમ પત્ની હંસાબહેન તથા બીજા પત્ની મીનાક્ષીબહેનનો ફાળો અર્થાત ટેકો તેમના જીવનમાં ઘણો રહ્યો છે. તેની પ્રતીતિ થયા વગર રહે નહીં. ! તેમના ત્રણ સંતાનો જેમણે ઉચ્ચશિક્ષણ મેળવી વિદેશમાં પોતાની કારકિર્દીને પ્રસ્થાપિત કરી છે. તેમની સાથે નિવૃત્તિ બાદ લલિતભાઈ સમય વિતાવી રહ્યા છે, ત્યાં સુધીના જીવન સંભારણા આપણને આ પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે.

આ પુસ્તકના બીજા પ્રકરણ 'કાર્ય સેવાનો આરંભ'થી તેમની વહીવટદાર તરીકની યાત્રાનો પ્રારંભ વર્ણવાયો છે. શરૂઆતમાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નિમણૂક થઈ ત્યારથી જ લલિતભાઈએ રેલસંકટ અને દુષ્કાળ નિવારણની અને રોગચાળા પ્રતિકારની કામગીરી, આદિવાસી વિસ્તારમાં મેડિકલ કેમ્પ, મુંબઈ વિભાજન સમયના રમખાણો, વનીકરણ, સિંચાઈ પરિયોજના, સરકારી પેન્શનરો માટે તબીબી રાહત, ૧૯૭૦ના પૂરા, અમદાવાદમાં પાસપોર્ટ ઓફિસ યોજના, વહીવટી સુધારણા, ગુજરાત કેન્સર સોસાયટીની સ્વતંત્રતા, ઔદ્યોગિક વિકાસ વગેરેને જવાબદારીઓને પોતાની આગવી સૂઝ, સખત પરિશ્રમ અને વિનમ્રતાથી ઉપાડી લીધી. પ્રજોન્મુખ વહીવટને પ્રસ્થાપિત કરવા, વહીવટી સુધારણા કરવા તેમને આપેલ દરેક વિભાજનમાં સંનિષ્ઠ પ્રયત્નો કર્યા. ૧૯૬૦માં મુંબઈ રાજ્યના વિભાજનથી બનેલ ગુજરાત રાજ્યને પણ તેમની ૧૯૭૬માં નિવૃત્ત થયા સુધીની પરમ નિષ્ઠાનો લાભ મળ્યો છે. ભરૂચ, સુરત, વડોદરા અને અમદાવાદમાં કલેકટરપદ, ઉદ્યોગ, મહેસૂલ, જમીનસંરક્ષણ, કાયદો અને વ્યવસ્થા, જળસિંચાઈ ક્ષેત્રે ઉકાઈ, કડાણા બંધની સફળ યોજના તથા નર્મદા બંધની યોજનાને આગળ વધારવાની મથામણ બાદની યાદગાર કામગીરી અને તેમની કુશળતા-સાવધતા-નિષ્ઠા-કર્તવ્યપરાયણતા બિરદાવવા યોગ્ય રહી. આ વહીવટી આંટીઘૂંટી વચ્ચે પણ તેમની સદ્દગુરુ મહારાજમાં અદમ્ય શ્રદ્ધા અને આધ્યાત્મિકતા અવિચલિતપણે પ્રવાહિત રહી. ખરેખર તો આ આધ્યાત્મિકતાએ જ તેમને શ્રેષ્ઠ

 ISBN : 978-81-938282-1-2

વહીવટદાર થવા માટેનું પીઠબળ પૂરું પાડ્યું. તેમના આ સંભારણા દરમિયાન ગુજરાત અને અગાઉના મુંબઈ રાજ્યના ઉચ્ચ વહીવટદારો અને રાજ્યની ધૂરા સંભાળનાર રાજનેતાઓના ચરિત્રનો પણ ચિતાર મળતો રહે છે. તેમની કારકિર્દીમાં નાનો-મોટો ફાળો આપનાર હિતેન્દ્રભાઈ દેસાઈ, રસિકભાઈ પરીખ, શ્રીમન્નારાયણ જેવા વ્યક્તિત્વનો પરિચય આપણને થાય, આ ઉપરાંત મોરારજી દેસાઈના વ્યક્તિત્વના ઘણા પાસાંઓનો અહેવાલ અને ચિતાર પણ પ્રાપ્ત થાય છે.

એક વહીવટદાર તરીકે પ્રજાની કાળજી રાખતા કેટલાક પ્રસંગો જોઈએ તો,

- 'શીરૂર તાલુકામાં કાળી ફળદ્રુપ જમીન અણખેડાયેલી જોઈ.... મેં એક ભાઈને આ જમીન યા એનો ભાગ મહેસૂલી માફી સાથે ખેડવાની તૈયારી બતાવી પણે એણે ના પાડી... કારણ આ જમીનમાં ભૂત છે...'(પૃ.૩૫,૩૬) આ દરમિયાન પોતાની સૂઝ અને ત્વરિત નિર્ણય ક્ષમતાની ગામના લોકોના મન દુભવ્યા વગર જમીનને ખેતીલાયક બનાવવાનું કાર્ય કર્યું.
- 'ઘણીવાર તો રાતે મોટરમાં ખીસામાં પિસ્તોલ નાખી સબઈન્સ્પેકટરને લઈ ચક્કર મારતો એટલે જે તાલુકામાં મારો મુકામ હોય ત્યાં પ્રજાને ગુંડાઓની ભીતિ ન હતી. જુન્નર શહેરના રેશનિંગ ઓફિસર લાંચ ખાય છે, એવી માહિતી મળતા એક મારવાડી સજ્જન સાથે મારવાડીનો વેશ પહેરી રંગે હાથે એને લાંચ લેતા પકડ્યો હતો તે ત્યાં ને ત્યાં સસ્પેન્ડ કર્યો.'(પૃ.૩૮)
- 'શીરૂરના પ્લાનમાં ખેતરોના ધોવાણ અટકાવવા પાળા બાંધવા સૂચવ્યા.' (પૃ. ૩૯) જે આગળ જતા કડાણા, ઉકાઈ અને નર્મદા બંધની સફળ યોજનામાં કામ લાગ્યા અને વારંવાર આવતા દુષ્કાળ અને પૂરની સ્થિતિમાં ગુજરાતે રાહતના શ્વાસ લીધા.
- 'મને મારી મધ્યમવર્ગીય સ્થિતિનો સ્વપ્નમાંય રંજ થયો નથી. મારી પાસે જે આંતરિક સંપત્તિ છે તે કદાચ થોડા પાસે હશે. મારી આવડત તથા સચ્ચાઈને પ્રતાપે હું મુખ્યમંત્રી સુદ્ધાનો ડર રાખ્યા વગર મારા અભિપ્રાયમાં દ્રઢ રહી શકતો.' (પૃ.૪૧)
- 'હાંસોટ માટે કહેવાનું હતું કે, 'ધૂળ, ઢગા ને ઢોર, એનું હાંસોટમાં બહુ જોર... પણ આ કલેકટરે ત્રણેયને સારી રીતે ઠેકાણે પાડ્યા..!' (પૃ.૫૮)
- 'ભૂખણવાળાએ ટીળખમાં ઉત્તર વાળ્યો કે શીખોના બહુ મોટા ગુરુ જઈ રહ્યા હતા ! આમ હું ભરૂચમાં મુસલમાનોનો પીર ને મુંબઈમાં શીખોનો ગુરુ!' (પૃ.૬૦)
- 'મારી ફરજોમાં એક બહુ જ વિષમ હતી – ફાંસીની સજા પામેલા આરોપી દયાની અરજી કરે તે તપાસવાની.... એક વ્યક્તિની જિંદગીનો મારે નિર્ણય લેવા સૂચન કરવાનું હતું ! .... ગુરુ મહારાજે સલાહ આપી કે આવા કિસ્સામાં લાગણી કે ભાવનાને વચ્ચે લાવ્યા વગર તદ્દન તટસ્થભાવે નિરીક્ષણ કરવું એ જ મારો ધર્મ હતો... બે વર્ષમાં ૪-૫ કિસ્સામાં ફાંસીની સજા જનમટીપમાં ફેરવાવી હતી...' (પૃ.૬૨)
- 'મુનશીજી જ્યારે ૧૯૫૦માં કેન્દ્રમાં પ્રધાન તરીકે નિમાયા ત્યારે મને એમના અંગત સચિવ તરીકે જોડાવા આગ્રહ કર્યો હતો, પણ તે ઓફરનો મેં વિવેકપૂર્વક ઇનકાર કર્યો હતો. મને મારી વિશિષ્ટ રીતે પ્રજાના કામ કરવામાં રસ હતો.' (પૃ.૬૯)

લલિતભાઈના જીવનનો સૌથી મહત્તવનો સમયગાળો ભરૂચના જિલ્લા કલેકટર તરીકેનો રહ્યો. જેમાં, જંબુસર-વાગરાના દુષ્કાળ પીડિત લોકોને સહાય કરવાનું તેમજ મુસ્લિમ લીગના પ્રભાવ હેઠળના

મુસલમાનોને કાબૂમાં લેવાનું કાર્ય મુખ્ય હતાં. જે પ્રકરણ આખા સંભારણાનું સૌથી મહત્તવનું, જીવનપથદર્શક, તથા જિંદગીના વળાંક સમાન સાબિત થયું. જાહેર તથા વ્યક્તિગત જીવનમાં બનેલ બનાવોથી એક તરફ લલિતભાઈ વ્યથિત થતા બીજી તરફ મુસ્લિમો તથા દુષ્કાળગ્રસ્ત ભરૂચના પીર પણ બન્યા. આ અરસામાં તેમની પ્રથમ પત્ની હંસાબહેનનું મૃત્યુ થાય છે અને બીજી તરફ ભરૂચ જિલ્લાને દુષ્કાળથી બચાવવા વિશાળ તળાવ હાંસોટમાં બનાવવામાં આવે છે. લલિતભાઈની કામગીરીને બિરદાવવા ત્યાંના મુસ્લિમોએ, પ્રજાના પ્રેમે અંકલેશ્વર તાલુકામાં બે તળાવોના નામ 'હંસા તળાવ'અને 'હંસા સરોવર'આપ્યાં હતાં.

ગુજરાત સરકારના આ ભૂતપૂર્વ મુખ્ય સચિવ પોતાના ત્વરિત નિર્ણયો, અસરકારક કાર્યવાહી અને દુષ્કાળરાહત કાર્ય માટે જાણીતા હતા. તેઓ નોકરીના હોદ્દાને અનુરૂપ ભભકાદાર જીવનશૈલીના બદલે સાદું જીવન, લોકોની વચ્ચે રહી તેમના દુઃખ-દર્દ-તકલીફ જાણી તેને દૂર કરવાના બનતા પ્રયત્નો કરી સમય અને સત્તાનો સદુપયોગ કરતા વહીવટદાર તરીકે પ્રત્યક્ષ થાય છે. લોકકલ્યાણ માટેના તેમના પ્રયત્નો આ સંભારણામાં દ્રષ્ટિવંત થાય છે, જે ઘટનાઓ બને બનાવો આપણે જૂના મુંબઈ રાજ્ય અને હાલના ગુજરાત રાજ્યના ઇતિહાસમાં સહેલાઈથી ચકાસી પણ શકીએ છીએ. પુસ્તકની શરૂઆતમાં ગુણવંત શાહ દ્વારા લખાયેલ પ્રસ્તાવનામાં લખ્યું છે કે, 'આજે માર્ડન મૅનેજમૅન્ટ દ્રષ્ટિએ વહીવટ કરનારા ઉચ્ચ અધિકારી પાસે ત્રણ બાબતો અંગે ઊંડી સૂઝ હોવી જોઈએ.

(૧) કૉન્ફિલક્ટ મૅનેજમૅન્ટ (સંઘર્ષ સાથે કામ પાડવાનું સામર્થ્ય)

(૨) ક્રાઈસિસ મૅનેજમૅન્ટ (કટોકટી સાથે કામ પાડવાનું સામર્થ્ય)

(૩) ક્રાઉડ મૅનેજમૅન્ટ (ટોળા સાથે કામ પાડવાનું સામર્થ્ય)' (પૃ.૧૧)

આ પુસ્તકના સંભારણા(પ્રસંગો)માંથી પસાર થતા લલિતભાઈએ આ ત્રણેય પ્રકારના સામર્થ્યને વિવિધ પરિસ્થિતિ – સંજોગોમાં સાર્થકતાથી પાર પાડી બતાવ્યાં છે. તેમના આ સંસ્મરણો આવનારી વહીવટી પેઢી માટે પ્રેરણાદાયી તો છે જ સાથે તેમનામાં ઉચ્ચ હોદ્દાનો આદર કરવાની પરંપરા જળવાય તો આ પ્રકારનો સત્તાધિકાર કાર્યસાધક બને.

 ISBN : 978-81-938282-1-2

સંસ્કૃતિની ધર્મ પર અસર

મોનિકા એમ. ગુપ્તા,કન્સલ્ટન્ટ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

સંસ્કૃતિ શબ્દ સમ્ + કૃ ધાતુ પરથી આવેલો છે. *सम्यक् क्रियते ।* જે ઉચિત રીતે આચરણમાં મૂકવામાં આવે છે તે સંસ્કૃતિ છે. જ્યારે ધર્મ એ માનવની સાંસ્કૃતિક પેદાશ છે. ધર્મ શબ્દ ધૃ-ધારયતિ પરથી આવ્યો છે. એટલે ધર્મ એ પ્રજાનું ધારક બળ છે. મનુષ્ય સમાજમાં પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા પ્રચંડ પુરુષાર્થ કરે છે. આપણા પૂર્વજાએ કરેલા પ્રચંડ પુરુષાર્થરૂપે સમાજમાં જે નિશ્ચિત વ્યવસ્થા સ્થાપિત કરી અને નિશ્ચિત જીવનશૈલી વિકસાવી તેનો સંસ્કૃતિમાં સમાવેશ થાય છે. આ વ્યવસ્થાના અંતર્ગત જે સમાજમાં માનવ જીવે છે તે સમાજના રીતિરિવાજો, પરંપરાઓ, યંત્રો, ઉપકરણ, નૈતિકતા, કલાવિજ્ઞાન, ધર્મ, વિશ્વાસ, સામાજિક સંગઠન, આર્થિક અને રાજનૈતિક વ્યવસ્થા બધાંનો સમાવેશ થાય છે. વર્તમાન સમયમાં સંસ્કૃતિ અને ધર્મ મૃતઃ પ્રાય થતો જોવા મળે છે. આજના વિદ્યાર્થીઓ પણ સંસ્કૃતિ અને ધર્મ અંગે નિરસ થતા જાય છે તો તેમને રસ પડે એ માટે સંસ્કૃતિ અને ધર્મ વિશે વિવિધ પ્રકારની જાણકારી હોવી જરૂરી છે. પ્રસ્તુત પેપરમાં વિષયને અનુરૂપ પ્રસ્તાવના, સંસ્કૃતિ અને ધર્મનું મહત્તવ તેના પ્રકારો, ભારતીય સંસ્કૃતિની મુખ્ય વિશિષ્ટતાઓ અને ભારતમાં ધાર્મિક શિક્ષણનું સ્વરૂપઃ વિવિધ મંતવ્યો અંગે વિશદ રજૂઆત કરવામાં આવી છે. આમ સંસ્કૃતિની વિવિધ પ્રકારની અસરો વિવિધ ધર્મ પર થતી જોવા મળે છે.

- **પ્રસ્તાવના :**

ભારતીય સંસ્કૃતિની પોતાની આગવી વિશેષતા તથા ઓળખ છે. સંસ્કૃતિ વૃક્ષ સમાજની ધરતીમાંથી પાંગરે છે. કોઇપણ રાષ્ટ્રની સંસ્કૃતિ એટલે રાષ્ટ્રમાં રહેલી માન્યતાઓ, પંરપરાઓ, રિવાજો, આચારો, મૂલ્યોનો સમન્વય. દેશની સંસ્કૃતિ અને સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ, સર્વધન, સંક્રમણ માટે ધાર્મિક શિક્ષણ જરૂરી છે, વળી ભારતમાં વિવિધતા જાવા મળે છે. ભારત વિવિધતા ધરાવતો દેશ છે, અહીં હિન્દુ, મુસ્લિમ, શીખ, ઇસાઇ, પારસી, જૈન જેવી વિવિધ જાતિઓ વસવાટ કરે છે. તેઓ હિન્દુ, ઇસ્લામ, શીખ, ખ્રિસ્તી વગેરે જેવા ધર્મોનું પાલન કરે છે. આમ છતાં ભારતમાં એક પ્રકારની વિવિધતામાં એકતાની ભાવના જાવા મળે છે.ભારતની વિવિધતા ધરાવતી સંસ્કૃતિની હકારાત્મક અસર સમાજનાં વિવિધ પાસા પર થતી જોવા મળે છે. આ સંદર્ભમાં સંસ્કૃતિના અર્થ, પ્રકારો તથા સંસ્કૃતિની ધર્મ પર થતી હકારાત્મક અસરોની વિગતે રજૂઆત અહીં કરવામાં આવી છે.

- **સંસ્કૃતિનો અર્થ :**

સંસ્કૃતિ શબ્દ સમ્ + કૃ ધાતુ પરથી આવેલો છે. *सम्यक् क्रियते ।* જે ઉચિત રીતે આચરણમાં મૂકવામાં આવે છે તે સંસ્કૃતિ છે.માનવ એક સામાજિક પ્રાણી છે. તેના વ્યકિતત્વની આધારશિલા સમાજ છે. આથી સમાજની સંસ્કૃતિનો તેના પર દીર્ઘજીવી પ્રભાવ પડે છે.

(૧) માનવે કેળવેલા જ્ઞાન, ડહાપણ અને અનુભવોનો સંચય એ સંસ્કૃતિ છે.

(૨) કાળની કેડી પર પૂર્વજોએ પાડેલા પાદચિહ્નો એ સંસ્કૃતિ છે.

 ISBN : 978-81-938282-1-2

(૩) સંસ્કૃતિ એ માનવે ઊભી કરેલી સિદ્ધિઓના સીમાચિહ્નો છે. “Culture is the milestones of man’s achivements”.

મનુષ્ય સમાજમાં પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા પ્રચંડ પુરુષાર્થ કરે છે. આપણા પૂર્વજોએ કરેલા પ્રચંડ પુરુષાર્થરૂપે સમાજમાં જે નિશ્ચિત વ્યવસ્થા સ્થાપિત કરી અને નિશ્ચિત જીવનશૈલી વિકસાવી તેનો સંસ્કૃતિમાં સમાવેશ થાય છે. આ વ્યવસ્થાના અંતર્ગત જે સમાજમાં માનવ જીવે છે તે સમાજના રીતિરિવાજો, પરંપરાઓ, યંત્રો, ઉપકરણ, નૈતિકતા, કલા, વિજ્ઞાન, ધર્મ, વિશ્વાસ, સામાજિક સંગઠન, આર્થિક અને રાજનૈતિક વ્યવસ્થા બધાંનો સમાવેશ થાય છે.

- **સંસ્કૃતિની વિવિધ વ્યાખ્યાઓ**

(૧) “કોઇ વિશિષ્ટ સમયમાં વિશિષ્ટ સ્થળે નિવાસ કરનારા વિશિષ્ટ લોકોની જીવન વ્યતિત કરવાની પૂર્ણ જીવનશૈલીને સંસ્કૃતિ કહેવામાં આવે છે.”

“Culture might be defined simply as the total way of living of a particular people at a particular time and place”

-J.S.Rowsek

(૨) “સંસ્કૃતિ એ એક એવી જટિલ પૂર્ણતા છે કે જેમાં એક સમાજના સભ્ય તરીકે માનવે સર્જિત કરેલાં જ્ઞાન, માન્યતાઓ, કલા, નૈતિકતા અને સમાજના સભ્ય તરીકે માનવે પ્રાપ્ત કરેલી ક્ષમતાઓ અને ટેવોનો સમાવેશ થાય છે.”

“Culture is that complex whole which includes knowledge, belief, art, morals, law, customs and othe capabilities and habits acquired by man as a member of society.”

-E.B.Jaylor

(૩) સદર લેન્ડ અને વુડવર્થ સંસ્કૃતિ અને સામાજિક વિરાસતને પર્યાયવાચી માને છે. તેમના મંતવ્ય અનુસાર, “સંસ્કૃતિમાં એવી બધી બાબતોનો સમાવેશ થાય છે કે જે એક પેઢીને વારસામાં હસ્તાંતરિત કરે છે. કોઈ પણ રાષ્ટ્રની સંસ્કૃતિ તેનો “સામાજિક વારસો” છે.

-Sutherland & Woodworth

- **આમ સંસ્કૃતિ એટલે...**

૧. એવી જટિલ પૂર્ણતા કે જેમાં પ્રજાના જ્ઞાન, માન્યતાઓ, કલા, નૈતિકતા, કાનૂનો અને રીતરિવાજાનો સમાવેશ થાય છે.

૨. સમાજના સભ્ય તરીકે વ્યક્તિએ પ્રાપ્ત કરેલી ક્ષમતાઓ અને ટેવોનો સમૂહ

૩. સંસ્કૃતિ એક પેઢી બીજી પેઢીને હસ્તાતંરિત થાય છે.

૪. સંસ્કૃતિ એ સામાજિક વિરાસત-વારસો છે.

૫. કોઈ એક ચોકકસ સ્થાને કોઈ ચોકકસ સમયમાં રહેલા લોકસમૂહની પૂર્ણ જીવનશૈલી.

આમ, સંસ્કૃતિ શબ્દનો પ્રયોગ સમાજના સંપૂર્ણ જીવનને વ્યકત કરવા માટે કરવામાં આવે છે. સંસ્કૃતિ સંજ્ઞાનો ત્રણ રીતે વિચાર કરી શકાય. એક તો સંસ્કૃતિનું સ્વરૂપ, બીજું તો તેનાં મૂલ્યો અને ત્રીજું એ સંસ્કૃતિની વ્યકિત પર પડતી અસર. આ ત્રણેય પાસાનો સંયુક્ત વિચાર કરવાથી જ સંસ્કૃતિનું હાર્દ માપી શકાય છે. સંસ્કૃતિ અને વ્યક્તિનો સંબંધ અન્યોન્યાશ્રિત છે. સંસ્કૃતિને ટકાવી રાખવામાં તથા વિકસાવવામાં પોતાનો ફાળો આપે છે. પરસ્પર પરાવલંબનની પ્રક્રિયાને આ પ્રમાણે દર્શાવી શકાયઃ

- **સંસ્કૃતિ મૂલ્યો વ્યક્તિ** :

એક પેઢીમાંથી બીજી પેઢીમાં થતી સાંસ્કૃતિક સંક્રાતિ વડે જ સમાજ ટકી રહે છે. પ્રમાણિકાધીન અને મહદંશે પરિવર્તનશીલ એવા પછાત સમાજમાં સંસ્કારોની સંક્રાતિ મુખ્યત્વે કુટુંબ અને જાતિની પ્રણાલિકાઓ દ્વારા થાય છે. બીજી બાજુ, આધુનિક સંકુલ સમાજમાં સંસ્કારિતાનો સંદર્ભ ઘણો જ વિશાળ છે. તેમાં સાંસ્કૃતિક સંદર્ભ સતત બદલાયા કરે છે. આમ, સંસ્કૃતિ એ સમાજનું સમગ્ર જીવન છે. બધા મનુષ્યોના વર્તનનાં સામાન્ય લક્ષણોનો એ સરવાળો છે. સમન્વય છે.

સાંસ્કૃતિક માનવ નૃવંશશાસ્ત્ર (Anthropology) અનુસાર 'ઇથોસ (Ethos) નો અભ્યાસ કરવાથી લોકોના ચારિત્ર્ય અને તેમના હેતુઓ વિશે જાણી શકાય છે. ઇથોસ એ ગ્રીક ભાષાનો શબ્દ છે. તે સંસ્કારના કેન્દ્રનું સૂચન કરે છે. આ સંસ્કાર કેન્દ્ર દરેક સંસ્કૃતિના હાર્દમાં રહેલું છે. તેના અભ્યાસ દ્વારા પ્રજાની સંસ્કૃતિ અને સંસ્કારકેન્દ્ર વિશે જાણી શકાય છે. ગ્રીક પ્રજાનું સંસ્કારકેન્દ્ર (ઇથોસ) બુદ્ધિ દ્વારા નિયંત્રિત થતું. તે લોકો કોઇ પણ બાબતના અતિરેકનો ત્યાગ કરતા હતા. તેથી તે લોકોનું જીવન મધ્યમમાર્ગી હતું. રોમન પ્રજાનું સંસ્કારકેન્દ્ર (ઇથોસ) કાનૂન દ્વારા નિયંત્રિત થતી સુવ્યવિસ્થત સમાજરચના. ભારતના મધ્યકાલીન યુગની પ્રજાનું સંસ્કારકેન્દ્ર (Ethos) મોક્ષ પામવાની ઇચ્છા હતું મધ્યકાલીન ચીનમાં વિદ્વતા કેન્દ્રવર્તી હતી જ્યારે મધ્યકાલીન જાપાનમાં લડવૈયાઓ અગ્રસ્થાને હતા. આ બાજુ અમેરિકન પ્રજાનું (Ethos) સંસ્કારકેન્દ્ર વ્યક્તિ સ્વાતંત્ર્યના આદર્શ પર રચાયેલી જીવનશૈલી છે. ભારતની સંસ્કૃતિનો ઇથોસ આધ્યાત્મિકતા છે. ભારતનું સાંસ્કૃતિક વૈશિષ્ટય આધ્યાત્મિકતા, અહિંસાત્મકતા, સહિષ્ણુતા, સામાજિક વિષમતા તેમજ ભાગ્યવાહિતા પર આધારિત છે.

આમ, સંસ્કૃતિ વિશે વિચારણા કર્યા પછી સંસ્કૃતિનાં વિવિધ લક્ષણો જોઈશું.

- **સંસ્કૃતિના લક્ષણો**

૧. સંસ્કૃતિ માનવનિર્મિત હોય છે.
૨. સંસ્કૃતિ એ હસ્તાંતરિત કરી શકાય છે.
૩. સંસ્કૃતિ માનવની જરૂરિયાતો અને આકાંક્ષાઓની પૂર્તિ છે.
૪. સંસ્કૃતિ પરિવર્તનશીલ અને ગત્યાત્મક હોય છે.
૫. સંસ્કૃતિમાં સાતત્ય જળવાય છે.
૬. સંસ્કૃતિમાં અનુકૂલનની ક્ષમતા હોય છે.
૭. સંસ્કૃતિ સામાજિક આંતરક્રિયાઓની માનવો દ્વારા થતી નીપજ છે.
૮. સંસ્કૃતિ એ સામાજિક ગુણો અને કાર્યોનો સરવાળો છે.
૯. પ્રત્યેક સમાજની એક વિશિષ્ટ સંસ્કૃતિ હોય છે.
૧૦. દરેક સમાજ પોતાની સંસ્કૃતિને આદર્શ માને છે.

- **સંસ્કૃતિના પ્રકારો** :-

સંસ્કૃતિના મુખ્ય બે પ્રકાર છે.: (૧) ભૌતિક સંસ્કૃતિ (૨) અભૌતિક સંસ્કૃતિ.

(૧) ભૌતિક સંસ્કૃતિ: ભૌતિક સંસ્કૃતિ અંતર્ગત સ્થૂળ વસ્તુઓ કે પદાર્થોનો સમાવેશ થાય છે. જે મૂળ પળ પદાર્થો કે વસ્તુઓનું માનવે નિર્માણ કર્યું છે તે બધાંનો ભૌતિક સંસ્કૃતિમાં સમાવેશ થાય છે. જેમ કે,

મકાનો, સડક, આભૂષણ, ઘડિયાળ, મશીન, ટાઇપ રાઇટર, રેડિયો, કપડાં વગેરે.

(૨) અભૌતિક સંસ્કૃતિ: અભૌતિક સંસ્કૃતિમાં એવી બાબતોનો સમાવેશ થાય છે કે જે અમૃત અને સૂક્ષ્મ છે. જેનો વિકાસ માનવના સામૂહિક જીવનના પરિપાકરૂપે થાય છે. જેમ કે, ધર્મ, ભાષા, કલા, સંગીત, સાહિત્ય, રૂઢિઓ અને પરંપરાઓ પ્રણાલિકાઓ,રિવાજો, આચારવિચાર, સંસ્કાર,સંસ્થાઓ વગેરે.....

- **માનવ અને સંસ્કૃતિ** :

પ્રત્યેક સંસ્કૃતિનું કેન્દ્રબિંદુ માનવ છે. આથી માનવમાં સંસ્કૃતિના પ્રત્યારોપણ દ્વારા સંસ્કાર સિંચન થાય છે. કોઈકે કહ્યું છે કે, 'માનવ એ પ્રકૃતિ અને સંસ્કૃતિનું સંતાન છે' આથી સંસ્કૃતિના કેન્દ્રમાં માનવ હોવાથી માનવ પ્રકૃતિ, સંસ્કૃતિ, સમાજ, રિવાજો, જ્ઞાન, સંસ્કારવારસો, મૂલ્યો,રીતરિવાજો વગેરેથી સંકળાયેલા છે.

(૧) જે-તે સમાજની જે તે સમયની સાંસ્કૃતિક પરિસ્થિતઓ માનવની જીવનશૈલી પર અસરો જન્માવે છે.

(૨) જે-તે સમયની સાંસ્કૃતિક માન્યતા, મૂલ્યો, આદર્શો, શ્રદ્ધાઓ-અશ્રદ્ધાઓ, પ્રણાલિકાઓ, રીતરિવાજોથી માનવ સતત ઘેરાયેલો રહે છે.

(૩) જે-તે સમાજની સંસ્કૃતિ તે સમાજમાં વસતા માનવો માટે આચારસંહિતાનું નિર્માણ કરે છે. આ આચારસંહિતાનું માનવ જાણે-અજાણે પાલન કરે છે.

(૪) જે-તે સાંસ્કૃતિક મૂલ્યો, જ્ઞાન અને સંસ્કાર વારસો માનવજીવનના અસ્તિત્વ જે ટકાવી રાખે છે.

હવે આપણે ઉપર ઉલ્લેખેલા ભારતીય સાંસ્કૃતિક વારસાના ઘટક તત્તવોનો અભ્યાસ કરીશું. ભારત એ વિશાળ દેશ છે. તે દેશમાં અનેક પ્રજાઓ વસે છે. તેથી ભારતની સંસ્કૃતિ પણ મહાન છે, વિશિષ્ટ છે. ભારતની સંસ્કૃતિ ભારતીય પ્રજાને એક સૂત્રે બાંધી પ્રજામાં ભાવાત્મક અને રાષ્ટ્રીય એકતાનુ નિર્માણ કરે છે.

- **ભારતીય સંસ્કૃતિની મુખ્ય વિશિષ્ટતાઓ- વિહંગાવલોકન** :

(૧) પ્રાચીનતા: ભારતીય સંસ્કૃતિ વિશ્વની પ્રાચીનતમ સંસ્કૃતિઓમાંથી એક છે. અહીં મોહે-જો-દડો અને હડપ્પા, સંસ્કૃતિઓનો વિકાસ થયો હતો. આ સંસ્કૃતિઓ સિંધુ ખીણની સંસ્કૃતિઓ તરીકે જાણીતી છે.

(૨) ધર્મનું પ્રાધાન્ય: ભારતીય સંસ્કૃતિમાં ધર્મને સવિશેષ મહત્તવ આપવામાં આવ્યું છે. ભારતીય લોકજીવન પ્રાચીન સમયથી જ ધર્માવલંબી રહ્યું છે. અહીં લોકો ધર્મધ્યાન, પૂજા પાઠ, યૌગિક ક્રિયાઓ વગેરેમાં વિશ્વાસ ધરાવે છે. શ્રદ્ધા એ ધાર્મિક જીવનની આધારશિલા છે. ધર્મના પાલનથી લોકોમાં આચાર-વિચારની પવિત્રતતા જળવાઈ રહી છે.

(૩) અધ્યાત્મવાદ : ભારતીય લોકજીવનમાં લોકો ભૌતિક સુખને અવગણીને અધ્યાત્મવાદને વધુ પ્રાધાન્ય આપે છે. अहं ब्रंहमाडिस्म, सोडहं જેવાં સૂત્રો લોકોના જીવનમાં વણાઈ ગયાં છે. ભૌતિક સુખસગવડો કરતાં લોકો માનસિક અને આધ્યાત્મિક શાંતિને વધુ મહત્તવ આપે છે. આથી સત્, ચિત્, આનંદ એ લોકોના જીવનનું અંતિમ લક્ષ્ય રહ્યું છે. અને બ્રહમાનંદની **અનુભૂતિ એ**

જીવનનો પરમ અંતિમ પુરુષાર્થ રહ્યો છે. જો કે આ સંસ્કૃતિમાં ચાર પુરુષાર્થોને પણ મહત્તવ આપવામાં આવ્યું છે. ધર્મ, અર્થ અને કામ અને મોક્ષ ધર્મ દ્વારા અર્થ અને કામની પ્રાપ્તિ અને મોક્ષપ્રાપ્તિ એ પરમ ધ્યેય રહ્યું છે.

(૪) સમન્વય: પ્રાચીન સમયથી ભારતીય હિંદુ વિચારધારા સમન્વય બુદ્ધિની પુરસ્કર્તા છે. સંઘર્ષ નહીં, સમન્વય જો ભારતીય સંસ્કૃતિનું આગવું લક્ષણ છે.

(૫) જનકલ્યાણની ભાવના: ભારતીય સંસ્કૃતિની ધર્મભાવના અને અધ્યાત્મવાદે શાંતિનો મંત્ર સ્વીકાર્યો છે. જનસેવા એ જ પ્રભુસેવા'એ ભારતીય સંસ્કૃતિની ઉદ્દઘોષણા છે. તેથી આત્મૌપમ્પ જેવો શબ્દ ભારતીય સંસ્કૃતિનો પરિસાધક છે. *आत्मन: प्रतिकूलानि परेषां न समाचरेत्* પોતાની જેમ જ બીજા સાથે વર્તન કરવું જોઈએ. *सर्बेंडत्र सुखिनो सन्तु, सर्वे सन्तु निरामया:* એ ભારતીય સંસ્કૃતિનો જીવનમંત્ર છે અને *सर्वे मुद्राणि पश्यन्तु...*

સર્વનું કલ્યાણ થાઓ અને *मा कश्चिद् दु:खमानुयात्* કોઈને દુઃખનો અનુભવ ન થાઓ તેઓ ભારતીય સંસ્કૃતિનો મહામંત્ર છે.

(૬) સુદ્રઢ સંસ્કૃતિ : ભારતીય સંસ્કૃતિ અનેક આક્રમણો અને વાવાઝોડાં સામે સદા મજબૂત રીતે ટકી રહી છે. તેના મૂળ અતિ પ્રાચીન સમયમાં છે તેનાં મૂલ્યો અને આદર્શો શાશ્વત તથા દીર્ઘજીવી છે. વિવિધ સંસ્કૃતિઓના આક્રમણ સામે ટકી રહીને વિવિધ સંસ્કૃતિઓનાં ઉત્તમ તત્તવો અપનાવીને ભારતીય સંસ્કૃતિએ પોતાની આગવી ઓળખ (Identy) ઊભી કરી છે.

- **ધર્મની વિભાવનાનો અર્થ:**

ધર્મ એ માનવની સાંસ્કૃતિક પેદાશ છે. ધર્મ શબ્દ ધૃ-ધારયતિ પરથી આવ્યો છે. એટલે ધર્મ એ પ્રજાનું ધારક બળ છે.

૧. ધર્મ એ માનવની ઇશ્વરમાં રહેલી શ્રદ્ધા છે.

૨. Religion is the cultural pattern based on relations with the super natural or extra ordinary as conceived by particular people involved.

૩. ધર્મ એ સંબંધોનું પ્રસ્થાપન છે. અંગ્રેજીમાં Religion શબ્દ બે શબ્દોથી બનેલો છે. Re અને Lagere –જેનો અર્થ થાય છે. 'to bind back, ધર્મ એટલે બંને વચ્ચે સંબંધ સ્થાપિત કરવો. પાર્થિવ અને અપાર્થિવ તત્તવ વચ્ચે, મનુષ્ય અને ઇશ્વર વચ્ચે, માનવ અને માનવ વચ્ચે સંબંધ સ્થાપિત કરવો તેને ધારણ કરવો તે ધર્મ છે.

૪. ધર્મ એ માનવની ઇશ્વર પરત્વેની કે અધ્યાત્મ પરત્વેની આંતરિક શ્રદ્ધા અને આસ્થા છે.

૫. ધર્મ એ માનવજીવનની સાંસ્કૃતિક તરાહ છે. જે માનવના અતિમાનવીય તત્તવ સાથેના સંબંધ પર પ્રકાશ ફેંકે છે.

૬. ધર્મ માનવને દુર્વૃતિઓમાંથી મુક્ત કરી સદ્દવૃતિઓ તરફ પ્રેરે છે.

૭. ધર્મ એ માનવનું નૈતિક અને આધ્યાત્મિક ઉત્થાન છે.

- **ભારતમાં ધાર્મિક શિક્ષણનું સ્વરૂપ : વિવિધ મંતવ્યો :**

વ્હાઈટહેડ (Whitehead) ધર્મને શિક્ષણનો નિષ્કર્ષ કહે છે. સમગ્ર કેળવણીનું તત્તવ અને સત્તવ ધાર્મિક સદાચારમાં સમાવિષ્ટ છે. ધર્મ એ માનવજીવનની સંજીવની છે. તેને જીવન જીવવાની પ્રેરણા આપે છે તેના જીવનને સુખી અને સમૃદ્ધ બનાવે છે. તે માનવની આંતરિક સમૃદ્ધિ છે, શ્રદ્ધા છે. ધર્મ

કે ધાર્મિક સદવ્યવહારના અભાવમાં વ્યકિત કઠોર, ક્રૂર અને સંકુચિત બની સ્વાર્થી બની જાય છે. તે સમાજનું નિયંત્રક બળ છે. સામાજિક વ્યવસ્થાનું નિયમન છે.

આથી વિવિધ કેળવણીકારોએ ધર્મના શિક્ષણને મહત્તવ આપ્યું છે. આ ધાર્મિક શિક્ષણનું સ્વરૂપ કેવું હોવું જોઈએ તેના વિષે આપણા દેશના વિવિધ કેળવણીકારોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે તે સંક્ષેપમાં જોઈશું.

- <u>મહાત્મા ગાંધીજીઃ</u>

મહાત્મા ગાંધીજીએ ભારત જેવા વિશાળ દેશની સ્થાનિક અને રાષ્ટ્રીય જરૂરિયાતોને અનુલક્ષીને વર્ધા યોજના અથવા બેઝિક એજ્યુકેશનણે સ્થાન આપેલુ. ધર્મના શિક્ષણ અંગે પોતાનું મંતવ્ય રજૂ કરતાં તેઓ કહે છે :

“ We have left out the teaching of religions from the Wardha scheme of Education because we are afraid that religious as they are taught and practiced today led to the confliet rather than unity.”

ધર્મનું સંકુચિત શિક્ષણ આપવામાં આવે તો તે પ્રજાને સંઘર્ષ તરફ દોરી જાય છે અને તેનાથી રાષ્ટ્રીય એકતાને હાનિ પહોંચે છે. આથી તેઓ કોઈ ચોકકસ ધર્મના શિક્ષણનું કેળવણીનાં સમર્થન કરતા નહોતા.

- **પ્રકાશ સમિતિના સૂચનોઃ**

૧૯૬૦ માં ભારત સરકારે ધાર્મિક કેળવણી અંગે શ્રી પ્રકાશ સમિતિ નિમી હતી. પ્રસ્તુત સમિતિએ રાષ્ટ્રના સામાજિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં સૂક્ષ્મ વિચારણા કરી ધાર્મિક શિક્ષણને બદલે આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોના શિક્ષણની હિમાયત કરી હતી.

- **શ્રી પ્રકાશ સમિતિના સૂચનોઃ**

(૧) પ્રારંભની કક્ષામાં જુદા જુદા ધર્મોના મહાન સંતપુરુષોના જીવનચરિત્રોનો અભ્યાસ.

(૨) વિવિધ ધર્મોના તત્તવજ્ઞાનનો તુલનાત્મક અભ્યાસ કરાવવા ઉપરાંત નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોની ખીલવણી ઉપર ભાર મૂકે છે.

તેઓ નૈતિક અને આધ્યાત્મિક શિક્ષણનું મહત્તવ દર્શાવતા જણાવે છે :

“આપણી વફાદારીઓ સાંકળી છે. દેશ સમસ્તનો અને લોકો તેની એકતાનું જીવંત સ્વરૂપ છે એવો વિચાર કરવામાં આવતો નથી. અલગતાવાદ પ્રસરી રહ્યો છે. આવા સમયે, વિદ્યાર્થી જીવનની અન અવસ્થામાં સાચા રાષ્ટ્રીય ગુણ ખીલવે તે જરૂરી છે.”

આમ, શ્રી પ્રકાશ સમિતિ આધ્યાત્મિક મૂલ્યોમાં સર્વધર્મ સમભાવ,ધાર્મિક સહિષ્ણુતા અને રાષ્ટ્રીય એકતા પર ભાર મૂકે છે.

- **કોઠારી કમિશનના સૂચનોઃ**

૧૯૬૪માં ડી.એસ.કોઠારીના અધ્યક્ષપદે નિમાયેલ શિક્ષણપંચે ધાર્મિક અને નૈતિક શિક્ષણના સ્વરૂપ અંગેના નીચેના સૂચનો કર્યા છે.

૧. વિદ્યાર્થીઓને મૂળભૂત નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો જેવા કે સત્ય,પ્રામાણિકતા, સામાજિક ઉત્તરદાયિત્વ, જીવ દયા, દુ:ખી અને દરિદ્રો તરફ સહાનુભૂતિ અને વૃદ્ધો પ્રત્યે આદર વગેરે મૂલ્યોનું શિક્ષણ આપવું.

૨. આ મૂલ્યોના શિક્ષણ માટે ચોકકસ સમય નિર્ધારિત કરવો.
૩. મહાન ધાર્મિક અને આધ્યાત્મિક નેતાઓના જીવનચરિત્રોનો અભ્યાસ કરાવવો.
૪. વિશ્વના બધા જ ધર્મોના ઉચ્ચ તત્તવોને અભ્યાસક્રમમાં સ્થાન આપવું
૫. યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિવિધ ધર્મોના સિદ્ધાંતોનું તુલનાત્મક અધ્યયન થાય તેવો પ્રબંધ કરવો.

આમ, કોઠારી કમિશન પણ નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોના શિક્ષણ પર ભાર મૂકે છે.

સંસ્કૃતિની ધર્મ પરની અસરોઃ

સંસ્કૃતિ એ સામાજિક વારસો છે. ‘સંસ્કૃતિ શબ્દનો પ્રયોગ સમાજના સંપૂર્ણ જીવનને વ્યક્ત કરવા માટે આવે છે. વળી ભારતીય સંસ્કૃતિમાં ધર્મને સવિશેષ મહત્તવ આપવામાં આવે છે. ભારતીય લોકજીવન પ્રાચીન સમયથી જ ધર્મ પર આધારિત રહયુ છે. વિવિધતા ધરાવતા દેશમાં વિવિધ સંસ્કૃતિના ધર્મ પર અસરો જોવા મળે છે. આ અસરો વિવિધ પાસાઓ પર જોઈ શકાય છે. ભારતીય લોકજીવનના ભૌતિક સુખને અવગણીને આધ્યાત્મવાદને વધુ પ્રાધાન્ય આપવામાં આવે છે.

વિવિધ સંસ્કૃતિ દ્વારા આધ્યાત્મિક મૂલ્યોનો વિકાસ સરળતાથી કરી શકાય છે. આ મૂલ્યોને પેઢી દર પેઢી સાચવી રાખવામાં આવે છે. વળી વિવિધ સંસ્કૃતિમાંથી પ્રાપ્ત મૂલ્યો તથા આદર્શો શાશ્વત તથા દીર્ઘજીવી મળે છે. ‘સર્વનું કલ્યાણ થાઓ’, જન સેવા એ જ પ્રભુસેવા’ એ ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ઘોષ છે જેના દ્વારા ધાર્મિક સંસ્કારોનું સિંચન કરી શકાય છે. ભારતીય સંસ્કૃતિના ચાર પુરુષાર્થોને મહત્તવ આપવામાં આવ્યું છે. (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) આમ, સંસ્કૃતિ અને ધર્મ પરસ્પર જાડાયેલ છે. જે દ્વારા વ્યક્તિનો સર્વાંગી વિકાસ સાધી શકાય છે.

 ISBN : 978-81-938282-1-2

અક્ષરધામ : સંસ્કાર અને સંસ્કૃતિની ભાષા

ગીતા પરીખ, કમ્પ્યુટર ઓપરેટર
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

૧૩મી સદીના છેલ્લા દાયકાઓનો અને ૧૪મી સદીમાં પ્રવેશતો માનવ જ્યારે ભાષા તરીકે મૌખિક સંચારના વિકાસની ચરમસીમા ઉપર આવી પહોંચ્યો ત્યારે તે મૌખિક અને લેખિત પ્રસારણ માધ્યમોથી આગળ વિચારવા મંડ્યો. રેનાઈસન્સ એટલે કે પુર્નજાગરણના આ યુગના આ માનવે પોતાના વિચારોને અને ભાવનાઓને સ્થાપત્ય(આર્કિટેકચર)ના માધ્યમથી વ્યકત કરવાની શરૂઆત કરી. તે માનવ પછી મીંલાન્જ્લો હોય, એલ્બેર્તી હોય કે પછી બુનેલેસછી હોય. તેઓ એ ૧૪-૧૫મી સદીના યુરોપીય સમાજ અને સંસ્કૃતિમાં એક નવી અને અનમોલ સ્થાપ્ત્યરૂપિ બૌદ્ધિક લહેર પ્રસરાવી. આજે પણ ફ્લોરેંસ અને પેરિસમાં ઊભેલી આ પુર્નજાગરણ સમયની આ ઈમારતો કદાચ જે પુસ્તકો ના વર્ણવી શકે તે સહેજે-સહેજે આ ઈમારતો કહી જાય છે. આ ઈમારતો કઈ ભાષામાં વાત કરતી હશે *?!* તે ભાષા છે સ્થાપત્યની. Architecture as a Language –એક ભાષા તરીકે આર્કિટેકચર- આર્કિટેક્ચર એટલે સ્થાપત્ય કે બાંધકામની શૈલી, સ્થાપ્ત્ય કે બાંધકામની શૈલી એક ભાષા તરીકે ની અસર ઊભી કરી શકે છે. જેમ વ્યક્તિ કે કોઈ જનસમૂહ પોતાનો ભાવ, વિચાર વગેરે પ્રગટ કરવા માટે ઉપયોગમાં લેવાતા શબ્દો તથા શબ્દોના સંયોજન દ્વારા બોલીને રજૂ કરે તે ભાષા, પશુ-પક્ષીઓ પોતાના અવ્યક્ત નાદ દ્વારા બોલાતી ભાષા, સંગીતની ભાષા વગેરેની જેમ આર્કિટેકચર પણ એક ભાષા છે. જેના દ્વારા ભાવ, વિચાર, કળા, સંસ્કાર, સંસ્કુતિ વગેરે પ્રગટ કરે છે. જેનું દર્શન કરાવે છે.

૨૧મી સદીમાં પ્રવેશતો આ માનવ જ્યારે ભૌતિકવાદ અને પુંજીવાદની માયાજાળમાં ફસાયેલો છે ત્યારે એમ લાગે છે કે તે સ્થાપત્યની મધુર ભાષા ને ભૂલી રહ્યો છે. એવા આ કહેવાતા સાંસ્કૃતિક અંધકારમય સમયમાં પુજ્ય શ્રી પ્રમુખસ્વામિ મહારાજ જેવા એક સંતે કળા અને સ્થાપત્યના ક્ષેત્રમાં ફરી પુર્નજાગરણ શરૂ કર્યું છે. તે પુર્ન જાગરણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ હોય તો તે દિલ્હી સ્થિત યમુનાજીના પાવન તટે ઝળહળતું અક્ષરધામ છે. કલા , સંસ્કાર અને સંસ્કૃતિનું એક વિરલ પ્રતિનિધિત્વ કરતું એક અજાડ આર્કિટેકચર એટલે અક્ષરધામ.

સંસ્કાર અને સંસ્કૃતિની અનૂભૂતિ કરાવી શકે તેવુ આર્કિટેકચર એટલે અક્ષરધામ.

અક્ષરધામ સ્થાપત્ય એ દિલ્હી શહેરમાં આવેલું એક હિંદુ મંદિર છે. આ સ્વામિનારાયણ અક્ષરધામ લગભગ હજારો વર્ષ જુની ભારતીય અને હિંદુ સંસ્કૃતિની ગરિમા, સુંદરતા, સાંસ્કૃતિક પરંપરા, અધ્યાત્મ અને શિલ્પ સ્થાપત્ય વિદ્યાનો એક અનન્ય અને અનુપમ નમૂનો છે. આ અક્ષરધામ ભારતીય પુરાતન શિલ્પ સ્થાપત્ય, રીત-રિવાજા, સંસ્કાર, કળા વગેરેની અનુભૂતિ કરાવે છે. આપણી હિંદુ સંસ્કૃતિ અને સંસ્કારની પરિભાષાને ઉજાગર કરે છે. તેના દર્શન કરાવે છે. સ્વામિનારાયણ અક્ષરધામ એક સમયાતીત સર્જન છે. ભારતીય સંસ્કૃતિની અદ્દભુત, અભૂતપૂર્વ, અકલ્પ્ય, અદ્ધિતિય અને અસ્મિતાપ્રેરક અનુભૂતિ કરાવતું સ્થાપત્ય છે.

અક્ષરધામ પરિસરમાં મુખ્ય સ્મારક અને અલગ અલગ દ્વાર, ખંડ અને ઉપવન આવેલા છે, જેમા સહજાનંદ દર્શન, નીલકંઠ દર્શન, સંસ્કૃતિ વિહાર તથા દસ સ્વાગત દ્વાર, ભક્તિ દ્વાર, મયુર દ્વાર અને યોગી

હૃદયકમલ તથા ભારત ઉપવન છે. દરેકે દરેક ખંડ, ઉપવન અને દ્વાર ભારતીય પ્રાચિન સંસ્કૃતિ અને સંસ્કારના ભાવ અને વિચારને પ્રગટ કરે છે.

અક્ષરધામમાં પ્રવેશ કરતા દસ સ્વાગત દ્વાર આવે છે. જે ભારતીય સંસ્કૃતિમાં વર્ણવેલ દસ દિશાઓ દર્શાવે છે. **आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः** "ઉમદા વિચારો અમને દરેક દિશામાંથી પ્રાપ્ત થાઓ " – ઋગવેદનો સંદેશો પાઠવે છે. દરેક દિશામાંથી શુભ વિચારો પ્રાપ્ત થાઓ એવી લાગણીઓને પ્રતિબિંબિત કરે છે.

ભક્તિ દ્વારા જે અલંકૃત પથ્થરમાંથી શોભાયમાન પ્રવેશ દ્વાર છે જે ભક્તિના પ્રતિકરૂપે દર્શાવે છે. જેમાં ભક્ત - ભગવાનની ૨૦૮ સુંદર નકશીદ્વાર કલાત્મક કોતરણીની જાડીઓથી બનેલ છે. જે હિન્દુ ધર્મમાં ભગવાન અને તેના ભક્તના દ્વિ-સ્વરૂપને પ્રતિબિંબત કરે છે. જેમાં અક્ષર-પુરુષોત્તમ, લક્ષ્મી-નારાયણ, સીતા-રામ, રાધા-કૃષ્ણ, પાર્વતી-શિવ, નર-નારાયણ અને અન્ય ભક્તોની કલાકૃતિથી સજાયેલ છે. જે ભગવાન અને ભક્તના ભક્તિ ભાવને પ્રગટ કરે છે.

મોર એ ભારતીય સંસ્કૃતિમાં સુંદરતાનું પ્રતિક છે. તે ભારતનું રાષ્ટ્રીય પક્ષી છે. તે દૈવી અવતારો અને હિંદુ શાસ્ત્રોમાં વાર્તાઓ સાથેના જાડાણને કારણે આદરણીય છે. પથ્થરમાંથી સુંદર કલાત્મક નકશીવાળા ૮૬૯ મોરથી બે મૂયર દ્વાર બનેલ છે. જે મોહક સાંદર્ય અને પ્રેમ સાથે મુલાકાતીઓનું સ્વાગત કરે છે.

અક્ષરધામ પરિસરના કેન્દ્રમાં આવેલ ગગનચુંબી મુખ્ય સ્મારક રાજસ્થાની ગુલાબી પથ્થર અને સફેદ આરસના સુમેળ સંયોજનથી તૈયાર કરવામાં આવેલ છે. સમગ્ર મંદિરનું બાંધકામ પ્રાચીન સનાતન હિંદુ સ્થાપત્યકળા, વાસ્તુકળા અને મંદિરકળાના આધારે કરવામાં આવેલું છે. નકશીકામથી ભરપૂર કંડારેલા ૨૩૪ સ્તંભો, ૯ કલામંડિત ઘુમ્મટો , ૨૦ ચતુષ્ફલકીય શિખર આ સ્મારક ધરાવે છે.

અક્ષરધામની અભૂતપૂર્વ ૧૦૭૦ ફુટ લાંબી બેનમૂન ગજેન્દ્ર પીઠ અદ્વિતિય છે. જે પથ્થરનિર્મિત પૂર્ણ કદના આબેહુબ ૧૪૮ હાથી તથા પશુપક્ષી તેમજ માનવકૃતિથી તૈયાર થયેલ છે. જેમાં પ્રાચીન ભારતીય લોકકથાઓ, પૌરાણિક દંતકથાઓ અને પંચવાર્તાઓ, તેમજ વિભિન્ન હાથીમુદ્રાઓ દ્વારા પ્રકૃતિ, માનવ અને દિવ્યતત્વો સાથે માનવજીવનના ઘડતરના મૂલ્યોને તાદૃશ્ય કરે છે.

બકરી, હાથી અને સિંહનું એક કલાત્મક શિલ્પ ગજેન્દ્ર પીઠમાં જોવા મળે છે. જેમાં એક બકરી સિંહના પંજાનો આશરો લઈને નિર્ભય રીતે જંગલમાં બેસે છે તેને શ્રધ્ધા અને વિશ્વાસ છે કે તેનો કોઈ શિકાર નહીં કરે, કેમકે તેને સિંહના પંજાનો આશરો છે. તે જાઈને સિંહ ખુશ થાય છે અને તેને હાથીની અંબાડી પર બેસાડીને તેને ઘરે મૂકવા મોકલે છે. સામાન્ય વ્યક્તિ પણ મહાન આશ્રય લઈને મહાનતા પ્રાપ્ત કરી શકે છે. સામાન્ય આત્મા પણ જો ભગવાનમાં પૂરી શ્રદ્ધા અને વિશ્વાસ રાખે તો તે પણ સુરક્ષિત અને નિર્ભય રીતે જીવી શકે છે એવો સંદેશો આ વાર્તા દ્વારા મળે છે. ગજેન્દ્ર પીઠમાં બીજી શિલ્પાકૃતિ પાંચ અંધ માનવ અને એક હાથીની છે. જે એવો સંદેશો આપે છે કે દરેક વ્યક્તિ જે રીતે બીજાને જોવે તે રીતે તેનું અનુમાન કરે છે. દરેક વાર્તા કંઈ કંઈ જીવનલક્ષી સંદેશાઓ અને પ્રેરણાઓ આપે છે. દરેક શિલ્પાકૃતિ માનવજીવનના સંસ્કાર, ભાવ અને વિચારોને પ્રગટ કરતી એક ભાષા છે.

સમગ્ર સ્મારકની બહારની બાજુની દીવાલ જે મંડોવર તરીકે ઓળખાય છે. અક્ષરધામનું આ મંડોવર એ છેલ્લા આઠસો વર્ષોમાં સૌથી મોટું સૌથી વધૂ બારીક કોતરણીય મંડોવર છે. આ મંડોવરની

લંબાઈ ૬૧૧ ફૂટ અને ઊંચાઈ ૨૫ ફૂટ છે. આ મંડોવર હિંદુ દેવી-દેવતાઓ, સાધુઓ, પ્રાચીન ભારતના ઋષિઓ, આચાર્યો વગેરેની ૨૦૦ જેટલી પ્રતિમાઓથી કંડારેલી છે તથા મહામંડોવરના ગજ સ્તર, સિંહ સ્તર, કુંભ સ્તર, કલશ સ્તર વગેરે સ્તર કલાત્મક શિલ્પકારી કૃતિઓથી સજાયેલ છે.

મંડોવરના આધારને જગતિ કહેવામાં આવે છે. આ સ્તરમાં જીવંત પ્રાણીઓની આબેહૂબ કૃતિઓ જોવા મળે છે. જેમાં હાથી એ તાકાતનું પ્રતીક છે, સિંહ, જે બહાદુરીનું પ્રતીક છે, એક વ્યય(પૌરાણિક પ્રાણી) એ ઝડપ માટે જાણીતું હતું તેની પણ કૃતિ જોવા મળે છે. આ બધા પ્રાણીઓ માનવને પ્રેરણા આપે છે.

ત્યારપછીના સ્તરોમાં ફૂલોની કોતરણી, જે સૌંદર્ય અને સુગંધની અનુભૂતિ કરાવે છે. સંતો, દેવો, આચાર્યો અને ભક્તોની મૂર્તિઓ વિભૂતિ તરીકે ઓળખાય છે તે મંડોવરના મધ્ય સ્તરમાં છે. કુંભ સ્તર પર તો લગભગ ૪૮ જેટલી ગણેશજીની અલગ અલગ મુદ્રાઓ જોવા મળે છે. સમગ્ર મંડોવર વ્યક્તિના મનમાં ભક્તિનો ભાવ, સેવાનો ભાવ, હિંદુ સંસ્કૃતિનો વિચાર અવશ્ય જાગૃત કરે છે અને જીવનને ભૌતિક સુખના બંધનમાંથી મુક્ત કરી ભગવાનની અનૂભૂતિની અંતિમ સ્થિતિ તરફ આગળ વધવા પ્રેરે છે.

સ્મારકના ગર્ભગૃહમાં ભગવાન સ્વામીનારાયણ અને તેમના ઉત્તરાધિકાર ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજીમહારાજ તથા પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિઓ તથા ગર્ભગૃહની આસપાસ સનાતન હિંદુ ધર્મના અવતારો- રાધાકૃષ્ણ, સીતારામ, શંકરપાર્વતીની મનોહર મૂર્તિઓ સુંદર કલાત્મક સિહાંસન પર બિરાજમાન છે.

મંદિરની અંદર સુંદર કોતરણીથી ભરપૂર ગુંબજ અને સ્તંભોના સમૂહથી એક મંડપ બને, એવા ૯ સુંદર મંડપમ્ આવેલા છે. વાસ્તુકલા અને શિલ્પકલાથી રચાયેલ આ સ્વામિનારાયણમંડપમ્, ઘનશ્યામમંડપમ્, લીલામંડપમ્, ભક્તમંડપમ્, સ્મૃતિમંડપમ્, નીલકંઠમંડપમ્ તથા પરમહંસમંડપમ્ ખૂબ જ અદ્ભૂત નકશીથી કંડારાયેલા છે. દરેક મંડપમ્ની શિલ્પશૈલી રસપ્રદ કથાઓ, ઘટનાઓ રજૂ કરે છે.

મંદિરના ગર્ભગૃહમાં સ્વામીનારાયણ મંડપમ્ છે જે ભગવાનનું શાશ્વત ઘર છે, જે ધરતીનું ઘર તરીકે ભગવાનને ભેટ આપવા માટે એક માનવ પ્રયાસ છે.

સ્વામીનારાયણ ભગવાનના પરમહંસની ભવ્ય મૂર્તિઓને સુંદર કોતરણીય ગુંબજ દ્વારા આવરીને પરમહંસ મંડપમ્ બનાવેલ છે. પ્રાચીન શિલ્પશાસ્ત્રોમાં ચાર બાજુ અને આઠ સ્તંભોને "સ્વસ્તિક સ્તંભ"કહેવામાં આવે છે. પરમહંસ મંડપમના સ્તંભો એ ભગવાન કેશવના ૨૪ જુદા જુદા સ્વરૂપ અને ચાર ચતૂર્વેય યુગની સ્થાપના , પ્રાચીન પરંપરાનું એક અનન્ય પુનરુત્થાન છે.

ઘનશ્યામ મંડપમ્ આઠ સ્તંભો અને ૩૮ ફીટ પહોળું રકાબી આકારનું ગુંબજ છે. જે આર્કિટેક્ચર પરાક્રમ છે. આવા ચાર ગુંબજ મંદિરમાં આવેલા છે. આ મંડપમ્ની અલંકૃત છત પર ઘનશ્યામની નાજુક મૂર્તિ છે. જે ભગવાન સ્વામીનારાયણનું બાળ સ્વરૂપ છે. અને દરેક સ્તંભ પર સુંદર કોતરણીમાં ભગવાન સ્વામીનારાયણના બાળપણની ઘટનાઓ દર્શાવેલ છે.

નિલકંઠમંડપમ્માં ભગવાન સ્વામીનારાયણ અગિયાર વર્ષની નાની ઉંમરે ઘર છોડીને સાત વર્ષ સુધી અખિલ ભારતયાત્રા અને હિમાલયની કઠોર તપશ્ચર્યાની રસપ્રદ કથાઓ આઠ બાજુવાળા સ્તંભો અને રકાબી આકારના ગુંબજ પર કોતરવામાં આવી છે. ગુંબજના કેન્દ્રમાં પ્રાચીન સ્થળ મુક્તિનાથ સાથે નિલકંઠ વર્ણીની મોહક મૂર્તિ અદ્ભુત કોતરણીથી કંડારાયેલ છે.

દરેક ઘુમ્મટો માનવ સર્જનની અદ્વિતીય શક્તિને પ્રમાણિત કરે છે. જોનારને અચંબો પમાડે છે. દિગ્મૂઢ કરે છે. સ્મારકમાં આવેલ સ્તંભ , પરમહંસો, ઋષિમુનિઓ, દેવી દેવતાઓ, ગાંધર્વોની શિલ્પકૃતિઓથી તથા અનુપમ બારીક કોતરણીથી કંડારેલા છે. ઘુમ્મટ હોય કે સ્તંભ હોય કે શિખર હોય જેના પ્રત્યેક પથ્થર કલા, સંસ્કાર અને પ્રેરણાને ઉજાગર કરતી એક મૂક ભાષા બની રહે છે. એક એક કોતરણી કે શિલ્પાકૃતિ ભારતીય પ્રાચીન સંસ્કૃતિ અને સંસ્કારના વારસાને જીવંત કરે છે.

અક્ષરધામ પરિસરમાં યોગી હ્રદય કમલ અને ભારત ઉપવન બગીચાઓ આવેલ છે. તે ફકત બગીચાઓ નથી પરંતુ તેની બાંધકામ શૈલી પણ અદ્દભુત છે. ભારત ઉપવનમાં ભારતના કેટલાક મહાન રોલ મોડલ્સ જેવા કે બાળ રત્નો, શૂરવીર યોદ્ધાઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ, મહાન સ્ત્રીઓ અને અન્યની બ્રોન્ઝ મૂર્તિઓ દ્વારા મહાન રાષ્ટ્ર માટે મૂલ્યો અને ગૌરવ સાથે પ્રેરણા આપે છે.

યજ્ઞપુરુષ કુંડ જે ભવ્ય પરંપરાગત વાવની પ્રતિકૃતિ છે. તે ૩૦૦ x ૩૦૦નો એક કુંડ છે. તેમાં ૨૮૭૦ પગથિયા અને ૧૦૮ નાની દેરીઓ છે. કુંડની વચ્ચે નવ કમળની રચના ધાર્મિક યંત્રો અથવા પવિત્ર હિંદુ વિધિમાં ઉપયોગમાં લેવાતી ગોઠવણી જેવી બાંધકામ શૈલી જોવા મળે છે.

અક્ષરધામ એ સ્થાપત્ય શૈલીથી એટલે કે આર્કિટેક્ચરની રીતે તો અદ્દભુત છે જ. પણ સાથે સાથે કલા-કૌશલ્ય, આધુનિકતમ ટેકનોલોજી અને સાંસ્કૃતિક વારસાનું અહીં વિલક્ષણ સંયોજન છે. જે પ્રત્યેક આવનારને સંસ્કૃતિના સનાતન મૂલ્યોને માણવાની એક અપૂર્વ તક પૂરી પાડે છે.

આધુનિકતમ ટેકનોલાજી જેવી કે રોબોટિક્સ, ફાઈબર ઓપ્ટિકસ, ફિલ્મ પ્રોજેક્શન, લાઈટ ઈફેકટ્સ તેમજ સાઉન્ડ ઇફેકટ્સ વગેરેના વિનિયોગ સાથે સહજાનંદ દર્શન, નીલકંઠ દર્શન, સંસ્કૃતિ વિહાર જેવા પ્રદર્શન દ્વારા પ્રાચીન ભારતીય સનાતન સંસ્કૃતિના દર્શન કરાવે છે. તેમજ ધ્વની અને પ્રકાશના માધ્યમથી સંસ્કૃતિના સનાતન મૂલ્યોની પ્રેરણા આપે છે. જીવન ઘડતરની પ્રેરક રજૂઆત કરવામાં આવી છે.

સહજાનંદ દર્શન જેમાં ભગવાન સ્વામીનારાયણનાં જીવન પ્રસંગો દ્વારા ભારતીય સનાતન સંસ્કૃતિના ખૂબ જ મહત્વના સંદેશાઓ આપવામાં આવ્યા છે. જેમ કે અહિંસા, શાકાહાર, કુટુંબ ભાવના, પ્રાર્થના, નીતિશાસ્ત્ર વગેરે. આ પ્રદર્શન ખંડમાં ૧૮મી સદીનું વાતાવરણ તાદ્દશ્ય કરવામાં આવેલું છે. નીલકંઠ દર્શન એ માત્ર૧૧ વર્ષના બાળયોગી નીલકંઠવર્ણીની અખિલ ભારતીય યાત્રા અને હિમાલયની કઠોર તપશ્ચર્યા તથા ભારતના મહાન તીર્થો, ઉત્સવો, સાંસ્કૃતિક પરંપરાઓ અને મૂલ્યોની અદ્દભુત પ્રસ્તુતિ કરતી આઈ-મેક્સ ફિલ્મ છે. જ્યારે સંસ્કૃતિ વિહાર એ એક નૌકા વિહાર દ્વારા ભારતના વૈદિક યુગ, પ્રાચીન ભારતની પાઠશાળા, રાસાયણિક શાળા, યોગ, વૈદ- દાકતરી, પ્રાચિન યુગના ઉદ્યોગો વગેરેનું અદ્દભુત દર્શન કરાવે છે.

અક્ષરધામ એ ભારતની ગૌરવમય સંસ્કૃતિ વારસાનું એક અદ્દભુત સ્થાપત્ય છે. જે ભારતના સુવર્ણ અતીતને ઉજાગર કરે છે. વર્તમાનની વ્યાખ્યા કરે છે અને ભવિષ્યનું સર્જન છે. અક્ષરધામ એ ૨૧મી સદીનું બેનમૂન સ્થાપત્ય છે. જેમ હડપ્પા, મોહે – જોં- દડો, મૌર્યકાલ, ગુપ્તકાલીન સમય અને ચૌલકાલના સમયની સ્થાપત્ય શૈલીઓ તે સમયના રીત-રિવાજો, પરંપરાઓ, રચનાઓ, કલા, સંસ્કૃતિ, સંસ્કાર અને આધ્યાત્મકતાને પ્રગટ કરે છે. એ રીતે ભવિષ્યની પેઢી માટે આપણી હિંદુ સંસ્કૃતિ, કલા,

રીત-રિવાજો, પરંપરાઓ, આધ્યાત્મક શું છે તે ભાવ અને વિચારો આ અક્ષરધામ સ્થાપત્યની વાચા દ્વારા પ્રગટ કરશે. આપણી હિંદુ સંસ્કૃતિ અને સંસ્કારને જીવંત રાખશે.

ગુજરાતી સાહિત્યમાં ગાંધીજીવન-દર્શનનો પ્રભાવ

ડૉ.યોગેન્દ્ર પારેખ, એસોસિએટ પ્રોફેસર (ગુજરાતી)
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

મહાત્મા ગાંધી વીસમી સદીના વૈશ્વિક, ભારતીય અને ગુજરાતી પ્રજાજીવનના પ્રવાહોમાં સૌથી વધુ અસર કરનાર પ્રભાવક પરિબળ તરીકે સર્વથા ઉલ્લેખનીય છે. ૧૮૬૯ની બીજી ઓકટોબરે પોરબંદરમાં જન્મેલા મોહનદાસ કરમચંદ ગાંધી વિલાયતમાં જઈને બેરિસ્ટર બને છે. યુવાનવયે દક્ષિણ આફ્રિકામાં એક વ્યાપારી પેઢીનો કેસ ઉકેલવા જાય છે અને દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ ઉપરાંત અન્ય અન્યાયોનો સામનો કરવા કૃતસંકલ્પ થાય છે. સંગઠન કરે છે. ફિનિક્સ આશ્રમ અને ટોલ્સટોય ફાર્મ જેવા સમૂહ જીવનના પ્રયોગો દ્વારા શ્રમમૂલક સાદગીભર્યા જીવનનો મહિમા કરે છે. અહિંસાના રસ્તે પ્રતિપક્ષનું ભાવપરિવર્તન કરે છે. દક્ષિણ આફ્રિકામાં બે દાયકા ઉપરાંતની સત્યાગ્રહી તરીકેની સક્રિયતા બેરિસ્ટર ગાંધીને વૈશ્વિક ઓળખ આપે છે. ૧૯૧૫ના જાન્યુઆરી માસમાં પિસ્તાળીસ વર્ષની વયે સ્વદેશ પરત ફરતા બેરિસ્ટર ગાંધી ત્રીજા વર્ગમાં રેલવેમાં મુસાફરી કરી સમગ્ર હિંદનું પરિભ્રમણ કરે છે. લોકજીવનનો તાગ મેળવે છે. સાચા અર્થમાં લોકનાયક બને છે. ૧૯૧૭માં ચંપારણ સત્યાગ્રહમાં મળેલી સફળતા અને અસહકાર તથા સવિનય કાનૂનભંગના ઉપક્રમો તેમને અનોખા ચળવળકર્તા તરીકે પ્રસ્થાપિત કરે છે. અથાક કર્મશીલતા અને કુદરત અભિમુખ આદર્શ જીવનશૈલી તથા "મરતાં પણ સત્ય ન છોડવું"એવું જીવનસૂત્ર સ્વાભાવિક રીતે સત્યના પ્રયોગવીર તરીકે તેમની પ્રસ્થાપના કરે છે.

૧૯૨૦માં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના દ્વારા રાષ્ટ્રીય કેળવણી આપવાના તેમના આદર્શોથી તત્કાલિન યુવાનો – ચિંતકો, સર્જકો આકર્ષાય છે. ગૂજરાત વિદ્યાપીઠના ઉપક્રમે સાર્થ જાડણીકોશની રચના મહાત્મા ગાંધીની ભાષાપ્રીતિનુ ચિરંજીવી ઉદાહરણ બને છે. સર્વકાલીન મહત્તા ધરાવતા અનેકવિધ કાર્યો અને પ્રયોગોને વ્યાપક જનસમૂહની સ્વીકૃતિ મળે છે. ગામડાંનો ઉદ્ધાર થવો જાઈએ અને શહેરો તરફની આંધળી દોટ ખાળવી જાઈએ એવો બોધ પણ ગાંધીજી પોતાના રચનાત્મક કાર્યો દ્વારા આપે છે. ખાદી દ્વારા સ્વાવલંબનના સંસ્કાર તત્કાલીન યુવાપેઢી માટે અનુકરણીય બને છે. ટ્રસ્ટીશિપના સિદ્ધાંત દ્વારા તીવ્ર ભૌતિક લાલસા કે સંપત્તિ સર્જન તરફની દોટ પર સહજ રીતે અંકુશ આવે છે. ઉદ્યોગપતિઓ અને શ્રીમંતોમાં સામાજિક પ્રતિબદ્ધતા અને જવાબદારી પ્રત્યેની સભાનતા ઉલ્લેખનીય માત્રામાં વધે છે.

દલિત, પીડિત, શોષિત પ્રત્યેની હમદર્દી, અસ્પૃશ્યતા નિવારણ, ગૌસેવા, માતૃભાષામાં શિક્ષણની હિમાયત, બુનિયાદી કેળવણી, ખાદી દ્વારા સ્વાવલંબન, નિસર્ગોપચાર, જનકલ્યાણની ભાવનાથી સભર એવું અર્થશાસ્ત્રીય ચિંતન, સર્વધર્મસમભાવના સંસ્કાર અને શ્રમપૂર્વક જીવન જીવવાની નિતાંત અહિંસક, કુદરતી જીવનશૈલીનો પ્રભાવ તત્કાલીન વિશ્વની સર્વાધિક મહત્ત્વની ઘટના છે. ગાંધીજીને માત્ર આઝાદી આંદોલનના અગ્રણી તરીકે રાજકીય ગતિવિધિ પૂરતા સીમિત કરી દેવાથી તેમનું સાચું ચિત્ર ઉપસી શકે નહિ. મનુષ્યજીવનને સ્પર્શતી દરેક બાબતોમાં અત્યંત જાગૃતિપૂર્વક તેઓ આચરણમાંથી જન્મેલું સત્ય તારવે છે અને તટસ્થ અભિપ્રાય આપે છે. ભવ્ય વિકાસશીલ અને ખુલ્લામનના હોવાથી અભ્યાસ અને આદરના અધિકારી ઠરે છે.

કર્મશીલ મહાત્મા ગાંધીના જીવન-કાર્યની બહુઆયામી તસવીર પૈકી કોઈપણ ખંડ કે અંશને વિશે અભ્યાસપૂર્ણ અભિગમ ધરાવનારને માટે સંશોધનની શક્યતા ખુલ્લી કરે છે. ૧૯૧૫માં સ્વદેશ આગમનથી લઈ ૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરી – નિર્વાણ દિન સુધી તેમનો જીવનસંદર્ભ પ્રભાવોત્પાદક રહ્યો છે. ચાલીસ વર્ષની વયે 'હિંદ સ્વરાજ' લખી ચૂકેલા ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' તથા 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' ગાંધીયુગમાં ઉલ્લેખનીય આવકાર અને પ્રતિષ્ઠા પામે છે. દાંડીકૂચ, ગોળમેજી પરિષદ, હરિજનોના મંદિર પ્રવેશ માટે કરેલા પ્રયાસો, નવજીવન, હરિજન જેવા સામયિકો – પત્રો તથા અન્ય રચનાત્મક કાર્યોની અસર સાહિત્યક્ષેત્રમાં સવિશેષ જાવા મળે છે.

બેરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધી દક્ષિણ આફ્રિકામાં કર્મવીર ગાંધી તરીકે જાણીતા થયા એ વાતની નોંધ અને પ્રભાવ સૌ પ્રથમ ૧૯૦૪માં કવિ ન્હાનાલાલની કવિતા 'સાચના સિપાઈ'માં પ્રગટ થાય છે. હિંદમાં અમદાવાદ મુકામે આશ્રમ સ્થાપી સક્રિય થયેલા ગાંધીજી ૧૯૧૯માં પચાસમાં વર્ષમાં પ્રવેશે છે અને કવિ ન્હાનાલાલ ગાંધીજીના તપોનિષ્ઠ વ્યક્તિત્વનો ગુણાનુવાદ કરતું કાવ્ય "ગુજરાતનો તપસ્વી" આપે છે.

ગાંધીજીએ જેમને રાષ્ટ્રીય શાયર તરીકે ઓળખાવેલા તેવા કવિ ઝવેરચંદ મેઘાણી સ્વાતંત્ર્યસંગ્રામને કેન્દ્રમાં રાખીને લખાયેલાં મૌલિક તેમજ અંગ્રેજીમાંથી અનુવાદ પામેલા ગીતોનો સંગ્રહ 'સિંધુડો' આપે છે. 'યુગવંદના' કાવ્યસંગ્રહમાં કવિ ઝવેરચંદ મેઘાણી નોંધે છે : "મેં તો પ્રત્યેક પ્રસંગે તેમનાં વલણો, મંથનોને આત્મવેદનાઓ કેવાંક હશે તેનું કેવળ પારલક્ષી છતાં બેશક મારી ધગશ દ્વારા નિરૂપણ કર્યું છે." ગાંધીજીની કવિ મેઘાણી પરની અસરની જેમ તે સમયના યુવાન સર્જકો ઉપર પણ સ્થાયી અસર પડે છે. ૧૯૯૯માં પ્રગટ થયેલા 'થોડુંક અંગત' નામના આત્મકથનાત્મક પુસ્તકમાં ઉમાશંકર જોષી પોતાના ઘડતરકાળને વિશે નોંધે છે: એક સર્જક તરીકેની સજ્જતા માટે એ સમયે ગૂજરાત વિદ્યાપીઠ તરફ વળવું સ્વાભાવિક હતું... વિદ્યાપીઠ એ વખતે અમારે મન સાહિત્યતીર્થ પણ હતી."

૧૯૩૦માં દાંડીકૂચની પૂર્વરાત્રિએ આશ્રમ બહાર નદીતટે માનવ મહેરામણ ઉમટ્યો હતો. એ પૂર્વરાત્રિના સાક્ષી ઉમાશંકર જોશીને તેમની સર્જનયાત્રાના પ્રારંભે જ વિશ્વશાંતિના વકીલ મહાત્માગાંધીના દર્શન થાય છે અને યુવાન કવિ ઉમાશંકર ૧૯૩૧માં, માત્ર વીસ વર્ષની વયે "વિશ્વશાંતિ" જેવા ખંડકાવ્યની રચના કરે છે.

ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો !
શતાબ્દીઓના ચિરશાંત ઘુમ્મટો
ગજાવતો ચેતનમંત્ર આવતો !

-આ મંગલ શબ્દ યુવાન કવિ ઉમાશંકર જોશીની કવિચેતનામાં ગાંધીચરિત્રની કાવ્યાત્મક છબિ આકારે છે અને કવિ લખે છે :

પિતા છો દિવ્યક્રાંતિના, અધ્વર્યુ નવયુગના,
ને છો માતા, અહિંસાની ગોદે જગ લપેટતા.
બંધુ છો સૌ ગુલામોના, દેવ છો દુખિયાં તણા
આશા છો વિશ્વ આખાની, છો સર્વસ્વ હિંદના.

ગાંધીજીનું ચરિત્ર અને જીવનકાર્ય ઉમાશંકર જોશીની અભિવ્યક્તિમાં અનેકવિધ સંદર્ભો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપે આવ્યા કરે છે. 'વસંતવર્ષા' કાવ્યસંગ્રહમાં 'મૃત્યુદંડ', 'રડો ન મુજ મૃત્યુને' જેવી કવિતામાં ગાંધી વિષય પ્રભાવ જોઈ શકાય છે. ૧૯૬૯માં ગાંધી શતાબ્દી ટાણે 'સંસ્કૃતિ' સામયિકના પૃષ્ઠો પર કવિએ ગાંધીજીવન વિષયક પ્રસંગોના નિરૂપણ દ્વારા ગાંધીકથાની માંડણી કરી. ખૂબ આવકાર પામેલી આ ગાંધીકથામાંથી "સૌના સાથી, સૌના દોસ્ત", અને "મારા ગાંધીબાપુ" જેવા બે સંપાદનો પણ થયાં.

કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીએ ભાવનગરના દક્ષિણામૂર્તિ વિદ્યાલયમાં અભ્યાસ કર્યો હતો. સોળ વર્ષની કિશોર વયે તેમણે ગાંધીકાવ્ય લખ્યું. ઉમાશંકર જોશીના સમકાલીન-સમવયસ્ક કવિ ગાંધીયુગના પ્રભાવશાળી કવિ છે. કોડિયાં (૧૯૩૯) તથા 'પુનરપિ' (૧૯૬૧) તેમના કાવ્યસંગ્રહો છે. તેમનાં સર્જનમાં ગાંધીપ્રભાવની ઘેરી અસર જોઈ શકાય છે. 'આઠમું દિલ્હી'ની સામાજિક પ્રતિબદ્ધતા અને 'દર્શનો વિનોબાનાં' જેવી કવિતાના રચયિતા સોળ વર્ષની કિશોરવયે "દાહ ભરી આંખો માતાની, તેનું તું આંસુ ટપક્યું" જેવી કવિતામાં ગાંધીજીનું ચરિત્ર ઉપસાવી આપે છે. ગાંધીજી પોતે કાવ્યનો વિષય હોય તેવી કવિતા ઘણા કવિઓ પાસેથી મળે છે. ગાંધીહત્યા નિમિત્તે લખાયેલી કવિતાઓ પણ ગાંધીજીના પ્રભાવની સાખ પૂરે છે.

નવલકથાકાર દર્શક યુવાનીકાળથી જ આઝાદી આંદોલનમાં જોડાય છે. 'બંદીઘર' (૧૯૩૫) અને 'કલ્યાણયાત્રા' (૧૯૩૯) જેવી નવલકથાઓમાં આઝાદીની ચળવળના અનુભવોનું આલેખન તેઓ કરે છે. 'બંધન અને મુક્તિ' જેવી નવલકથામાં ૧૮૫૭ના મુક્તિસંગ્રામના વિષયવસ્તુ સાથે વાસુદેવના પાત્રમાં ગાંધીજીના પ્રેમ, કરૂણા અને અહિંસાના મૂલ્યોનું આરોપણ કરે છે. ઐતિહાસિક દૃષ્ટિએ જાઈએ તો ગાંધીજીના જન્મ પહેલાં થયેલાં મુક્તિસંગ્રામને કથાવસ્તુ બનાવતી વખતે તેના પાત્રને ગાંધીમૂલ્યનું વાહક દર્શાવવાનો ઉપક્રમ અપ્રતીતિકર લાગે. પણ વાસ્તવમાં મુક્તિસંગ્રામની કથામાં સર્જનાત્મકરીતે ગાંધીમૂલ્યનો પ્રવેશ કરાવવો એ સર્જકનું સ્વાભાવિક લક્ષ્ય બની જાય છે.

૧૯૩૦માં ગાંધીજીએ ઐતિહાસિક દાંડીકૂચ કરી. કવિ તનસુખ ભટ્ટની ઊંમર ત્યારે ઓગણીસ વર્ષની. દાંડીકૂચના વીસ વર્ષ બાદ ૧૯૫૦માં તેમણે 'દાંડીયાત્રા' નામની કવિતા આપી. 'દાંડીયાત્રા' ખંડકાવ્ય છે :

કીધું હૈયે પ્રભુસ્મરણ ને મેદની હર્ષઘોષે
બાપુ ઝૂક્યા, લવણકણના શર્કરાખંડ વીણ્યા,
વીણ્યા પૂંજા ક્ષિતિતલ-પડ્યા, શ્રેષ્ઠ સામ્રાજ્ય લૂંટ્યું
કિંવા લૂંટ્યું વિતત સમરે, લભ્ય સ્વાતંત્ર મોંઘું-

-સત્યાગ્રહની ભૂમિકાએ સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે ભવ્ય પુરુષાર્થ કરી રહેલા ગાંધીજીને આ કાવ્યના નાયક તરીકે કેન્દ્રમાં રાખી કવિએ આ ખંડકાવ્યની રચના કરી છે.

વલસાડ જિલ્લાના ચીખલીમાં જન્મેલા ઝીણાભાઈ રતનજી દેસાઈ ૧૯૨૦માં ગાંધીજી પ્રેરિત અસહકાર આંદોલનને કારણે અભ્યાસ છોડી આંદોલનમાં ઝુકાવે છે. ગાંધીજી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠમાં પંડિત ધર્માનંદ કોસામ્બી, પંડિત સુખલાલજી, આચાર્ય કૃપાલાની, રામનારાયણ પાઠક અને કાકાસાહેબ કાલેલકર જેવા વિદ્વાનો પાસે કેળવાય છે. ઝીણાભાઈની આરંભની કવિતામાં 'બાળમજૂર' કે

'વણકરોનું ગીત' જેવી કવિતા મળે છે તેમાં ગાંધીપ્રભાવ જોઈ શકાય છે. ' જયંતી -પર્વ' રચનામાં ગાંધીપ્રતિભાનો મહિમા કરતાં કવિ નોંધે છે :

શ્વાસે શ્વાસે જગ સળગાવી, જુગ જુગ કેરી નીંદ ઉડાડી,

નિષ્ઠુર હૈયાં સો કમ્પાવી, ધૂમે ગ્રહી એ નવ હથિયાર.

૧૯૪૨-૪૩ના જેલનિવાસ દરમિયાન સ્નેહરશ્મિએ 'અંતરપટ' નામની નવલકથા લખી હતી. આ નવલકથાનું પ્રકાશન ૧૯૬૧માં થયું છે. હરિજન યુવક-યુવતી પન્ના (પની) અને કેશુના લગ્નજીવનની કથા અને સંયમની વાતમાં, સમગ્ર કથાનક ઉપર ગાંધીવિચારનો પ્રભાવ છે.

રામનારાયણ નાગરદાસ પાઠકનો જન્મ ધોળકા તાલુકાના ભોળાદ ગામે ૧૯૦૫માં થયેલો. લીંબડીની સંસ્કૃત પાઠશાળામાં ભાગવતનો અભ્યાસ તેમણે કર્યો હતો. ઉદ્યોગશાળામાં વણાટકામ શીખતા ત્યારે તેમના સંસ્કૃત શાસ્ત્રીજીએ હરિજનો પાસે વણાટકામ શીખવા બદલ પાઠશાળામાં આવવાની ના પાડી. રામનારાયણ નાગરદાસ પાઠક આજીવન હરિજનસેવા તથા ગામડાંનો ઉદ્ધાર અને ખેતી વિષયક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહ્યા. ૧૯૨૩માં નાગરપુર ઝંડા સત્યાગ્રહ વખતે ગાંધીપ્રભાવમાં આવેલ અઢાર વર્ષના આ સત્યાગ્રહી સમગ્ર જીવન દરમિયાન ગાંધીચરિત્રને આલેખવામાં મૂલ્યવાન સમય ફાળવ્યો. 'ગાંધીગંગા' (૧૯૮૮) જેવા ગાંધીજીવનયાત્રાના નીવડેલા ગ્રંથો તેમણે આપ્યા.

ગાંધીજીના વ્યાપક પ્રભાવની છાયામાંથી મોટાભાગના સર્જકો થોડા-વધુ અંશે વખતો વખત વિવિધ સ્વરૂપોમાં અભિવ્યક્તિ આપી છે. ગાંધીજીની આત્મકથામાં 'બાલાસુન્દરમ્' નામના યુવાનનો ઉલ્લેખ આવે છે. તેના ઉપરથી ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહારે 'સુન્દરમ્' તખલ્લુસ રાખ્યું. દીન-દલિતો, પીડિતોની વેદનાની અભિવ્યક્તિ તેમણે 'કોયા ભગતની કડવી વાણી' સંગ્રહમાં સમાવેલ છે.

જુગતરામ દવેના અંતેવાસી એવા કવિ ચીમનલાલ પ્રાણલાલ ભટ્ટે ૧૯૪૯માં ગાંધીજીના જીવનપ્રસંગોનું આલેખન કરતો કાવ્યસંગ્રહ 'ગાંધીકથા ગીતો' આપ્યો છે. રતિલાલ રામશંકર અધ્વર્યુએ ૧૯૬૭માં 'ગાંધીજીવન' નામની દીર્ઘરચના આપ્યા બાદ 'જ્યારે ગાંધીજી નાના હતા' (૧૯૬૨) 'ગાંધીઃ પ્રસંગપુષ્પો' (૧૯૮૩) 'ગાંધીજીનું સાચું સ્વરૂપ' (૧૯૮૫)માં આપે છે.

સ્વાતંત્ર્યોત્તરકાળમાં પણ ગાંધીપ્રભાવની અસર અનેક રીતે અનુભવાય છે. ગાંધીજીના અંતેવાસી મહાદેવભાઈ દેસાઈના પુત્ર નારાયણ દેસાઈએ 'મારું જીવન એજ મારી વાણી" નામે બૃહદ્ ગાંધીચરિત્ર લખ્યું છે. મહાદેવભાઈ દેસાઈનું જીવનચરિત્ર 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' પણ ગાંધીપ્રભાવની અસરનું પરિણામ છે. ગુણવંત શાહે, 'ગાંધીની ઘડિયાળ', 'ગાંધીના ચશ્મા', 'ગાંધીની ચંપલ', 'ગાંધીની લાકડી' એમ ચાર ગ્રંથોમાં ગાંધીજીવન-કાર્યનું સમીક્ષાપૂર્વક અભિવાદન કર્યું છે. ચંદ્રકાન્ત બક્ષીએ 'મહાત્મા અને ગાંધી' જેવા પુસ્તકમાં ઈતિહાસબોધ ઉપસાવવાની સાથે ગાંધીગુણાનુવાદની અસરકારક ભૂમિકા પ્રસ્તુત કરી છે. હરીન્દ્ર દવેએ 'ગાંધીની કાવડ' નવલકથા દ્વારા આધુનિક ભારતમાં રાજકારણમાં અપરાધીકરણના, ભ્રષ્ટાચારના અનૈતિક માહોલને વાચા આપી છે. મુખ્યત્વે આધુનિક કવિ, નાટ્યકાર નવલકથાકાર એવા લાભશંકર ઠાકરે 'લીલા સાગર' નવલકથાના ત્રણભાગમાં ગાંધીવિચાર મુજબની કેળવણી, ગામડાનો ઉદ્ધાર અને શ્રમમૂલક આશ્રમજીવનના રચનાત્મક કામોને વણી લીધા છે. : વીસમી સદીના અંતિમ દાયકાની નોંધપાત્ર ઉપલબ્ધિ છે.

ગુજરાતી સાહિત્યમાં દલિત, પીડિતની કવિતા, છેવાડાના માણસની વળ, ગામડું, તળપદી ભાષા-જનપદ આદિની અભિવ્યક્તિમાં ગાંધીજીનો પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રભાવ રહ્યો ચે. આઝાદી આંદોલનને કવિતા કે સાહિત્યનો વિષય બનાવનાર સર્જકો ગાંધીજીવન કે ગાંધીજીના રચનાત્મક કાર્યોના પ્રભાવની કોઈને કોઈ સ્વરૂપે નોંધ લેતા અને વિષયવસ્તુ તરીકે માવજત આપતા હતા. જીવાતાજતા જીવનના મબલખ સંઘર્ષો અને સામાન્ય માણસની વળ આપણા સાહિત્યમાં સમાવિષ્ટ પામે છે તે ગાંધીજીના પ્રભાવની જ અસર છે તેમ કહી શકાય. યુગપ્રવર્તક ઘટના તરીકે ગાંધીજી અને તેમના સાથીઓ ગુજરાતી સાહિત્ય જનહિ પ્રજાજીવન ઉપર બહુમોટી સ્થાપી.

કથાસાહિત્ય, નિબંધ, કવિતા આદિ સ્વરૂપોમાં ગાંધીજીવનકાર્યની અસરના કારણે શૈલી, અભિવ્યક્તિ અને વિષયવસ્તુમાં કે અભિગમમાં આવેલા પરિવર્તનો કોઈ પણ અભ્યાસુ માટે શોધકાર્યની સંભાવનાઓ ખોલી આપે છે.

 ISBN : 978-81-938282-1-2

'જળને પડદે' : કાન્ત જીવનની આંતર પ્રતીતિ

ડૉ. વર્ષા એલ. પ્રજાપતિ, ગુજરાતી વિભાગ,
એસ.એલ.યુ. આર્ટસ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ.

નાટક 'રમ્ય' સાહિત્ય સ્વરૂપ છે. સમાજનું વાસ્તવિક ચિત્ર તથા જીવનમૂલ્યો પ્રતીત કરાવવા માટે નાટક ઉત્તમ સ્વરૂપ છે. નાટકમાં પ્રગટતું વસ્તુવિધાન લેખકની કુશળ રચના વિધાન કલાને લીધે ભાવક સાપેક્ષ બને છે.

ગુજરાતી નાટકોમાં સતીશ વ્યાસ જણાવે છે તેમ 'જીવનલક્ષી નાટકો લખવાનો ચાલ વધ્યો છે. કબીર, જયશંકર, નર્મદ, અખો, મરીઝ ઈત્યાદિ લેખકોના જીવન આધારિત પ્રયોગો થઈ ચૂક્યાં છે.' આ પરંપરાને નિભાવવા સતીશ વ્યાસ તેમની પ્રયોગશીલ નાટ્ય સર્જનકલાના ભાગરૂપે 'જળને પડદે' (૨૦૦૫) નાટયકૃતિ પ્રગટ કરે છે. આ નાટ્યકૃતિ દ્વારા લેખકે કવિ કાન્તના જીવન તથા વિચાર નાવિન્યને પામવાનો તથા સ્પષ્ટ કરવાનો વ્યાયામ સફળ રીતે સિદ્ધ કર્યો છે. કાન્તના 'કવિજીવનની' આંતરિક મથામણોને આંતરબાહ્ય સંઘર્ષ વડે 'કવિ' તથા 'કથક' રૂપે રજૂ કરી ખરેખર તો કાન્તના 'જળ' સ્વરૂપને નાટકના પડદે રજૂ કરવાનો લેખકનો પ્રયત્ન નાટ્ય શીર્ષકને સાર્થક કરે છે.

'જળને પડદે' નાટ્યકૃતિ લેખકની વસ્તુવિધાન કલા તથા રચનાવિધાનકલાની સાર્થક પ્રતીતિ કરાવે છે. નાટ્યકૃતિમાંથી પ્રાપ્ત થતાં વસ્તુ ઘટકોમાં કાન્તનું કવિજીવન તથા વિચાર મૂલ્યો કેન્દ્રસ્થાન છે. કાન્તનો વ્યક્તિ સ્વાતંત્ર્યનો ખ્યાલ, કરૂણાજન્ય સ્નેહની પીપાસા, ધર્મની સાચી વિભાવના, કર્મે ધર્મનો ખ્યાલ, ખ્રિસ્તી ધર્મના સંસ્કારરૂપ પુનરુત્થાનનો વિચાર... ઈત્યાદિ કવિ કાન્તના આંતર-બાહ્ય વ્યક્તિત્વનો પરિચય કરાવતાં વસ્તુઘટકો રૂપે પ્રાપ્ત થાય છે. કાન્તના જીવનના વસ્તુ વિધાનમાં પ્રગટતી રચનાવિધાન કલાને આ રીતે નોંધી શકાય છે.

- નાટકનો આરંભ - 'કવિ' તથા 'કથક' રૂપે કાન્તના આંતર-બાહ્ય જીવનની પ્રતીતિ.
- કાવ્યાત્મક ભાષા તથા 'એકોકિત' પ્રયોગ
- કાન્તના જીવનને સ્પષ્ટ કરતી દૃશ્યપૂરણીઓ
- આંગિક, વાચિક, આહાર્ય તથા સાત્વિક અભિનયની પ્રતીતિ કરાવતું નાટક
- પદ્ય પ્રયુક્તિ
- કરુણ રસની પ્રતીતિ કરાવતી નાટ્યરચના
- નાટકનું શીર્ષક

પ્રસ્તુત નાટક બે અંકમાં વિભાજિત થયું છે. પહેલાં અંકના પ્રારંભે જ 'કથક' દ્વારા લેખકે કાન્તના ભીતરનો પરિચય આ રીતે કરાવ્યો છે, 'પીડાવું છું, રિબાવું છું, સદીથી હું મુંઝાવું છું આ પૃથ્વીની મરુભોમે બધા અંગે ભૂંજાવું છું!'

અહીં 'પીડાવું છું', 'રીબાવું છું', 'મુંઝાવું છું' જેવી શબ્દ પદાવલીઓ કાન્તના આંતરમનની પીડાને વ્યક્ત કરે છે. કાન્તની રચનાઓમાં અપ્રત્યક્ષ રહેતા 'કથક' ને પ્રત્યક્ષરૂપ પ્રાપ્ત થયું છે. કાન્તના આંતરિક તથા બાહ્ય સ્વરૂપને પારદર્શક કરવાનો પ્રયત્ન આ પદ દ્વારા થયો છે,

'પહેલી જાત જ ઓળખું' ઓળખાવું તમોને હું
હું કથ્થક, નેરેટર કાન્તનો માહ્યલોય હું !

ભૂમિકા બેય હું કરું, કષ્ટાવું નહીં આપને
અહીં મ્હારાં વિના કોઈ, દેખાશે નહીં આપને
ખેસને પાઘડી કાઢું, ત્યારે ગણવો માહ્યલો
ખેસને પાઘડી ધારું, ત્યારે ગણજો બાહ્યલા'

નાટકમાં 'કથક' ને સાક્ષીભાવે તથા 'કવિ'ને ઉદ્વેગ, પીડા, વિષાદ, શોક ઈત્યાદિ કષ્ટકારી ભાવ સ્થિતિઓ વચ્ચે ઘેરાયેલો દર્શાવ્યો છે. પ્રથમ અંકમાં પ્રથમ રચના 'મારી કિશ્તી', 'બુદ્ધિપ્રકાશ'માં 'મારી કિસ્તી' એવા ભૂલ ભરેલાં શીર્ષક વડે મળેલું સ્થાન, દસ વર્ષની વયે કાન્તના પિતાનું નિધન ચૌદ વર્ષે આરંભાતું કાન્ત તથા નર્મદાનું પ્રસન્ન દામ્પત્યજીવન, કવિએ તેમના મિત્ર ભાવસિંહજી મહારાજને આપેલ ભોજન-આમંત્રણ તથા આદર સત્કાર, પત્ની નર્મદાને ગર્ભે અવતરેલ પુત્ર પ્રાણલાલ, ન'દીનું માંદગી દ્વારા મૃત્યુ, પુત્ર પ્રાણલાલનું મૃત્યુ, બીજી પત્ની નર્મદા ઉર્ફે ન્હાની સાથેનું લગ્નજીવન... ઈત્યાદિ વસ્તુઘટકો રૂપે ક્રિયાન્વિત બને છે. પહેલાં અંકમાં લેખકે કવિની સ્નેહપિપાસા તથા સ્નેહમીમાંસામાં અટવાતા કાન્તની કેટલીક સંઘર્ષક્ષણોને તાદૃશ કરી છે. સાથે જ ખ્રિસ્તીધર્મના 'પુનરુત્થાનનો વિચાર બીજા અંકમાં પોતાને સ્વસ્થ રાખવા મથતાં અને એથીય વધુ સંઘર્ષમાં મુકાતા કવિનાં ઘટનાક્રમનો નિર્દેશ થયો છે.

કવિ કાન્તની આંતરવેદના તેમની 'મારી કિશ્તી' રચનાનો 'મારી કિરતી' રૂપે થયેલ શબ્દદોષથી પ્રગટ થાય છે. એ માટે કવિએ તંત્રીને લખેલ પત્ર તથા અરબી-ફારસી શબ્દોથી ગુજરાતના તંત્રીઓની અજ્ઞાનતાને સ્પષ્ટ કરે છે. 'મારી કિશ્તી' રચનામાં ઘૂંટાયેલા કવિનું આંતર સંવેદન આ રીતે પ્રકટ થાય છે

''દેખી નહીં શકું અંદર કેમ દેખું ત્યારે બંદર ?
મોજાં તોફાની અંદર, ઝુકાવી છે મેં કિશ્તી ! (પૃ. ૪) ''

કવિના ચિત્તમાં વ્યાપેલા સંઘર્ષને 'મોજાં' તોફાનીની અંદર વડે વ્યસ્ત કરવામાં આવ્યું છે. 'ઝુકાવી છે મેં કિશ્તી' દ્વારા હવે પછી બનનાર ઘટના-પ્રસંગની ઉદ્‌ઘોષણા પ્રકટ થઈ છે. કવિના આંતર મન અને બાહ્યજીવન વચ્ચેનો વિરોધ આ પંક્તિમાં પ્રકટ થાય છે :''ઘણું ગોટાય છે ભીતર, ઘૂંટાય છે, ડોલાય છે, અંદરની જ છાલકોથી, ઉછાળથી, હું ડૂબી જઈશ કે શું એવું બધું મને પહેલેથી જ થાય છે, અંદર બહાર વચ્ચેનો જાણે કે મેળ પડતો નથી. '' (પૃ. ૪)

નાટકમાં 'કથક'ના મુખે કવિજીવનની ઘટનાઓ ફ્લેશબેકમાં 'દૃશ્યપૂરણી' રૂપે પ્રગટ થઈ છે. જેમકે દસ વર્ષની વયના કવિના પિતાના મૃત્યુની ઘટના, ચૌદ વર્ષના કવિનું નર્મદા સાથેનું પ્રસન્ન દામ્પત્યજીવન, પુત્ર પ્રાણનું આગમન અને મૃત્યુ તથા પ્રથમ પત્ની નર્મદાનું મૃત્યુ વગેરે. એક બે દૃશ્ય જાઈએ. દસ વર્ષની વયે પિતા મૃત્યુ પામ્યા ત્યારે કવિનું બાળમાનસ આવી રીતે વિલાપે છે. ''ના, ના ન કરો આવું ? ન ભાંગો એના ચૂડલા અરે બા, ના પાડને આ બધી સ્રીઓએ તને પકડી શા માટે રાખી છે ? ના, ના મારી બાને વાગશે, આમ એના હાથને જમીન પર ન પછાડો'' (પૃ. ૬)

પતિના મૃત્યુ પછી પત્ની ચૂડલા ભાંગીને તેને 'વિધવા' જાહેર કરવાના કવિના સમયના તત્કાલીન સમાજની પ્રણાલીનો અહીં નિર્દેષ મળે છે. પણ કવિનું બાળ માનસ તેનાથી અજાણ હોઈ તેને

'બા' સાથેના એવા વર્તન પ્રત્યે પ્રશ્નો થાય છે. ચૌદ વર્ષના કવિનું નર્મદા સાથેનું દામ્પત્યજીવન આ રીતે પ્રકટ થાય છે.

''મારા બધા જખ્મો, મારાં બધાં કષાયો અહીં પરિપ્લાયત થાય છે અહીં સરસિજ સુકન્યા ! તારે અંગો અંગે સારસ કહેતાં કમળ ઊગ્યાં છે નયનકમળ, કરકમળ, ચરણકમળ, વક્ષકમળ, તું આખે આખી પણ, પ્રફુલ્લદલ પદ્મશ્રી ! સાક્ષાત્ પદ્મિની ! અહોભાગ્ય મારાં કે મુજ દરિદ્રના ઘરે તારા જેવી શ્રીમતી પધારી ! '' (પૃ. ૭)

પત્ની પ્રત્યેનો પ્રેમભાવ કવિની કાવ્યાત્મક ભાષામાં પ્રકટે છે. એટલું જ નહીં, 'કરકમળ', 'નયનકમળ' જેવાં તત્સમ શબ્દ પ્રયોગો કવિહૃદયના શુદ્ધભાવોને વ્યક્ત કરે છે. નર્મદાના સ્નેહનો સ્પર્શ કવિના આંતરમનને 'નયન નમણાં / ગ્રીવા ધોળી / વદન સોહામણું' રૂપે અનુભવાય છે. પણ કવિને અહીં પૂર્ણ પ્રેમની અનુભૂતિ થતી નથી. ન'દી પ્રત્યે અનન્ય પ્રેમ હોવા છતાં કવિના હૃદયનાં કોક ખૂણે સતત ખાલીપો વર્તાય છે. સ્નેહનો આ ઝુરાપો પ્રેમના પિતાની સ્મૃતિથી ભરાય છે. પણ મનોમન અતૃપ્તિની પીડા પણ સર્જે છે. કવિ કહે છે, 'બાપુ' એક પ્રશ્ન તો થાય જ છે કે જે ને સ્નેહ કહે છે, તે આ ? ના. અમારો કે બાનો મારા પ્રત્યેનો સ્નેહ તે સ્નેહ નહીં ? આ ન'દી પ્રત્યે જે છે તે તો આકર્ષણ કહો કે મોહ જ નહીં ? તો સ્નેહ, સાચો, ઊંડો સ્નેહ ક્યાં ? ન'દી સુંદર તો છે પણ સ્નેહમયી છે ? (પૃ. ૮) અહીં કવિની સ્નેહમીમાંસા પ્રગટ થાય છે. તેઓ સ્નેહને વ્યક્તિગત તથા વિશુદ્ધ સ્નેહરૂપે વિભાજિત કરે છે. સ્નેહને 'સુંદર' સાથે જોડતી મોહયુક્ત અર્થ પ્રતીતિને કવિ અલગ તારવે છે. સ્નેહ 'સુંદર' હોઈ શકે પણ 'સુંદરતા' સ્નેહમયી હોઈ શકે કે કેમ ? એવી આંતર મથામણ 'ન' દીના સ્નેહની પણ કસોટી કરે છે.

કવિ ઊંડા-ગહન સ્નેહની શોધમાં છે. જે તેમને 'ન' દી દ્વારા પૂર્ણપણે મળતો નથી. ન'દીના ગર્ભેથી અવતરેલ પ્રાણલાલ પ્રત્યેનો કવિનો સ્નેહ તેમના આંતરમનને ભરે છે, પણ છતાંય કોઈક જુદા જ સ્નેહની અપેક્ષા કવિચિત્ત અનુભવે છે. કવિ કહે છે : 'મને ઊંડે ઊંડે કશાક જુદા જ સ્નેહની અપેક્ષા રહે છે. હૃદયના બધા ખૂણા જાણે કશાક જુદા જ સ્નેહની અપેક્ષા રાખે છે. હૃદયના બધા ખૂણા જાણે ભરાતા નથી. બાપુ સ્મરણ, ન'દી અને પ્રાણવલ્લભના હોવા છતાં એકાદ ખૂણો નર્યો ખાલી ખાલી જ રહે છે. લાગે છે કે ખુદ ઈશ્વરના રાજ્યમાં જ કશીક અધૂરપ છે. પોતાના સિવાય એ બધાને કંઈકને કંઈક અધૂરા રાખવાં માંગે છે.' (પૃ. ૧૪) માણસજાતની સ્નેહ માટેની સર્વસામાન્ય ઝંખનાની અહીં પ્રતીતિ થાય છે. કવિ 'ચક્રવાક-ચક્રવાકી', 'કચ-દેવયાની', 'પાંડુ-માદ્રી' ઈત્યાદી સંદર્ભો વડે સ્નેહપિપાસા તથા ઝુરાપાને વ્યક્ત કરે છે.

લેખકે કાન્તના ખંડકાવ્યોના કથકને અહીં પાત્ર સંદર્ભે પ્રગટ કર્યો છે. કવિ માર્મિક રીતે કહે છે 'ન'દી' માદ્રી નરેન્દ્રભુજની મહીં ઝંપલાવીને પડી પણ પાંડુને ય પેલી સ્નેહની અનુભૂતિ થઈ કે નહીં એ તો સ્પષ્ટ જ ન થયું, એને એટલી વિવશતા પછીયે પેલો અંતર સ્નેહ તો ન જ મળ્યો ને ? આપણેય પરસ્પરને આટલાં ચાહીએ છીએ પણ મને લાગે છે કે ચાહ કરતાં, મોહ કરતાં, સ્નેહનું તત્ત્વ વિશેષ ચઢિયાતું છે.' (પૃ. ૧૯) અહીં લેખક કવિ કાન્તના 'ચાહ', 'મોહ' અને 'સ્નેહ' વિશેના અર્થઘટનને રજૂ કરી કાન્તની 'વિશુદ્ધ સ્નેહ'ની વિચારસરણી પ્રગટ કરી છે. વિશુદ્ધ સ્નેહને પામવાની કવિની જિજ્ઞાસા આ રીતે વ્યક્ત થઈ છે. 'ન'દી તારી ચાહનામાં, પ્રાણલાલના વાત્સલ્યમાં આ સ્નેહને શોધું છું... જડશે, એક દિવસ તો હાથ લાધશે એ પરમતત્ત્વ, એ પરમકૃપા.' (પૃ. ૧૯) આટલું કહીને કવિ પ્રેમને પરમતત્ત્વની દિવ્યતા

સાથે જોડી રહે છે. 'પ્રેમ દેવથી છે અને જે પ્રેમ કરે છે તે દરેક દેવથી જન્મેલું છે અને દેવને ઓળખે છે. જે પ્રેમ કરતો નથી તે દેવને ઓળખતો નથી. કેમ કે દેવ પ્રેમ છે. કોઈએ દેવને જોયો નથી. જો આપણે એકબીજા પર પ્રેમ રાખીએ તો, દેવ આપણામાં રહે છે, ને તેનો પ્રેમ આપણને સંપૂર્ણ થયેલો છે. આપણે તેનામાં રહીએ છીએ, ને તે આપણામાં. પ્રેમમાં ભય નથી. પૂરો પ્રેમ ભયને દૂર કરે છે. (આમેન)' (પૃ. ૧૯) અહીં કવિ કાન્તના વિશુદ્ધ તથા દિવ્ય પ્રેમ વિશેના વિચારો પ્રકટ થયાં છે. લેખકનું આંતરમન કાન્તના પ્રેમ વિષયક વિચારોને પામ્યું છે. એટલે જ કવિના મુખે રજૂ થયેલ એકોકિત કાન્તની આંતરિકતાની પ્રતીતિ કરાવે છે. આમ, કવિ કાન્તનો 'સ્નેહ' વિશેનો ખ્યાલ 'ચાહ', 'મોહ', 'સુંદર' ઈત્યાદિ અર્થ વિભાવોથી જુદો પાડી 'વિશુદ્ધ પ્રેમ' વિશેનો અર્થ સ્પષ્ટ કરે છે.

વળી, કાન્તની વિશુદ્ધ પ્રેમ વિભાવનામાં વૈશ્વિક પ્રેમનું જ મૂલ્ય પ્રગટ થાય છે. કવિ કાન્ત કલાપીને કહે છે. God is Love, સ્નેહને જુએ છે. સ્નેહ સ્નેહને ખેંચે છે. સ્નેહ સ્નેહથી બંધાય છે. સકળભાવનાં સકળ વિશ્વમાં વ્યાપેલી એક જ વિભૂતિ તે સ્નેહ છે.' (પૃ. ૧૯) આજીવન સ્નેહનો ઝુરાપો અનુભવતા કવિ પોતાની ઓળખ 'કુસુમ સરખો કાન્ત ગણજો' દ્વારા આપે છે. જીવનમાં 'સ્નેહ' ને જ સર્વોત્તમ સ્થાન અર્પતા કવિ 'સ્નેહનું સ્થાન મારે મન કોઈપણ વચન કરતાં યે ચઢિયાતું છે.' સ્નેહ ઝંખતા કવિને અંતે તો સ્નેહ 'ઈસુના કરુણા સ્વરૂપ પુનરુત્થાન' માં અનુભવાય છે. છતાં એટલું કહી શકાય કે કાન્તની વિશુદ્ધ સ્નેહની શોધ જીવન પર્યંત રહી છે. આ સંદર્ભે કલાપીના ઐહિકથી અધ્યાત્મિક પ્રેમ પામવાની દિશા પણ સ્મરણમાં આવે છે. કાન્ત પણ જે સ્નેહ ન'દીમાં, પ્રાણુંમાં, બાપુમાં તથા ન્હાનીમાં શોધે છે તે ઐહિક સુખ તેમના મનને 'ખાલીપો' અનુભવાવે છે. અંતે શાશ્વત કે વિશુદ્ધ સ્નેહની અનુભૂતિ માટે આધ્યાત્મિકતા તરફ ખ્રિસ્તી ધર્મ અને પુનરુત્થાન વિચાર સંદર્ભે જવા તેમને પ્રેરે છે.

કાન્તના મનને પીડિત કરનાર ઘટનારૂપે ભાવસિંહજી મહારાજને આપેલ ભોજન આમંત્રણ તથા ભાવસિંહજી મહારાજે ભોજન બાદ કવિના ખભે રહેલા ખેસ વડે હાથ લૂછ્યાની વિગત ધ્યાનપાત્ર નીવડે છે. કવિ ખૂબ સ્વમાની હોવાથી ભાવસિંહજી મહારાજને કહે છે, 'ઉતાવળમાં છો મહારાજ ! ભલે. ભલે ! પણ એક કામ કરો આ ખેસ હવેથી આપનો, લો એને પણ લેતા જાઓ. આપે આપનો સમજી એનાથી હાથ લોયા. આનંદ મને આનંદ છે. માટે હવે આપ જ એને રાખો... લો...' (પૃ. ૧૧) આ ઉપરાંત કવિના પત્રો છાની રીતે વાંચતા બાવાજીને લાકડી વડે સારી એવી ધોલાઈ કરે છે. તેમાં કાન્તનો સામાન્ય માણસ તરીકે ઉદ્ધતાઈનો ય પરિચય મળે છે. જેમ કે, 'હરામખોર, મારા કાગળો ફોડીને વાંચે છે ? શરમ નથી આવતી, આમ કોઈના કાગળો વાંચતા ? કંઈ વિવેક જેવું શીખ્યા જ નથી ! રાંડ વાંઝણીના, ખબરદાર હવે અહીં પગ મૂક્યો છે તો, જા, નીકળ અહીંથી, તારું મોં પણ ન દેખાડતો મને કાળું કર અહીંથી.' (પૃ. ૧૨) આ જ રીતની વર્તણૂક કવિની નાટ્યરચના 'રોમન આત્મશાસન' ને ભજવવા માગતી અર્યોદય નાટ્યમંડળીના માણસોનીય કવિ સારી એવી ધોલાઈ કરે છે. જેમાં 'રાંડના', 'ઘેલહાંગરીના' જેવા બીભત્સ શબ્દો કવિ ઉચ્ચારતા જાવા મળે છે. આ પ્રકારના વસ્તુઘટકોમાં કાન્તનું સામાન્ય વ્યક્ત તરીકેનું મૂલ્ય અંકાય છે. એક તરફ 'કવિ' તરીકેનો પરિચય મળે છે. તો બીજી તરફ તત્કાલીન સમાજનો પ્રભાવ પડતા કાન્તનો સામાન્ય વ્યક્ત પરિચય મળે છે.

કાન્તના વ્યક્તિ સ્વાતંત્ર્યનો ખ્યાલ આ પ્રથમ અંકમાં પ્રગટતો અનુભવાય છે. કાન્ત દરેક વ્યક્તિને સ્વાતંત્ર્ય અર્પતા. પોતાના વિચારો તે કદી અન્ય પર લાદતા નહોતા. ખ્રિસ્તીધર્મ અંગીકાર

કરતા કવિ ભાવસિંહજીને વ્યક્તિ સ્વાતંત્ર્યનું મૂલ્ય છે પણ મનુષ્યની સામાજિક સાંસારિક જવાબદારીઓ પણ છે. એનો નિભાવ પણ એણે સ્વીકાર્યો હોઈ, કરવો જ જોઈએ. હા, પણ એ નિભાવ હું કરું છું. મેં ન્હાનીને ખ્રિસ્તી થવા કહ્યું નથી.' (પૃ. ૪૫) બાપુના મૃત્યુ વખતે 'બા' ની ભાવસ્થિતિ સમજવામાં તેમની ઊંડી સમજશક્તિ વર્તાય છે. તો ન'દીના નિજી વ્યક્તિત્વને સમજતા-સ્વીકારતા કવિ તેમની માંદગી વખતે 'મને ચાકરીની તક તો આપવી હતી !' કહીને ન'દીના મનને સમજવાનો તથા પતિ તરીકેનો સેવાભાવ વ્યક્ત કરે છે. પોતે ન'દી ભૂલી શકવાના નથી. એવી સ્પષ્ટતા કરવા છતાંય ન્હાનીનું મન તે દુભવતા નથી. આમ, કવિ કાન્ત દરેક વ્યક્તિ માટે 'સ્વાતંત્ર્ય'નો ખ્યાલ ધરાવતા હતા.

કવિ 'બાઈબલ' વાંચે છે ત્યારે 'હું જાણું છું કે વધસ્તંભે જડાયેલા ઈસુને તમે શોધો છો તે અહીં નથી, કેમ કે તેના કહ્યા પ્રમાણે તે ઉઠ્યો છે. આવો, ને જ્યાં પ્રભુ સૂતો હતો તે જગા જુઓ અને પહેલાં જઈને તેના શિષ્યોને કહો કે મૂએલાંમાંથી તે ઉઠ્યો છે. ઈસુ તેઓને કહે છે : 'બીઓ મા, જુઓ. મારા ભાઈઓને કહો કે તેઓ ગાલીલમાંજાય અને ત્યાં તેઓ મને દેખશે.' પુનરુત્થાન' શું આ સાચું હશે ?' (પૃ. ૨૧) 'પુનરુત્થાન' ના વિચારનો સ્પર્શ કાન્તને વિશુદ્ધ તથા દિવ્યસ્નેહની પ્રાપ્તિ માટેનો માર્ગ ચીંધે છે. એટલે જ કવિ કહે છે, 'ન'દીનું ય પુનરુત્થાન થશે' ખ્રિસ્તીધર્મના સંસ્કાર - વિચાર કાન્તની આંતર મથામણોને માર્ગ ચીંધતો હોવાથી કવિના હૃદયમાં 'સાચો ધર્મ' વિશેની સાચી વિભાવના પણ સ્પષ્ટ થતી જાય છે. કવિ કાન્ત 'પુનરુત્થાન'નો ખ્યાલ પુનર્જન્મથી જુદો પડે છે, 'પુનર્જન્મ તો ગમે તે યોનિનો હોય. કૂતરાં, બિલાડાં, વાંદરા જેવો જ્યારે આ તો એવા ને એવા રૂપે ઉત્પન્ન થાય. પાછા અવાય. તો શું ન'દી મને એવાને એવા રૂપે પાછી મળે ?' (પૃ. ૨૨) આમ, પહેલીવાર ઈસુના અમૃત વચનો વાંચ્યા બાદ કવિ ન'દીના પુનરુત્થાનની પ્રતીતિ કરે છે. આ પ્રકારની પ્રતીતિ તેમના સ્વર્ગવાસી પુત્ર પ્રાણુ પ્રત્યે પણ થાય છે. આમ, પહેલાં અંકમાં કવિનો 'સ્નેહ મીમાંસા'નો ખ્યાલ, 'વ્યક્તિ સ્વાતંત્ર્ય'નો ખ્યાલ તથા 'પુનરુત્થાન' વિશેનો ખ્યાલ સ્પષ્ટ થયો છે.

બીજા અંકના વસ્તુઘટકોમાં બ.ક. ઠાકોર સાથેની પુનરુત્થાનની ચર્ચા, કવિનો ખ્રિસ્તીધર્મ પ્રત્યેનો બાપ્તિસ્માનો પ્રસંગ, જ્ઞાતિસમાજ-સ્વજન દ્વારા મળેલ પીડાનું નિરૂપણ, મિત્ર કલાપીની મિલન મુલાકાત, ભાવસિંહજી મહારાજ સાથે શરદરાત્રિનું મિલન તથા 'સાગર અને શશી' કાવ્યનું નિર્માણ, ન્હાનીની ભલામણને લીધે ભાવસિંહજીએ કવિ પાસેથી માગેલ સ્વધર્મ પરિવર્તનનું વચન, ન્હાનાલાલ સાથેની મુલાકાત, ન્હાનીની માંદગી તથા મૃત્યુની ઘટના, કલાપીના ગોલોકવાસી થયાના સમાચાર, ભાવસિંહજી મહારાજના અક્ષર નિવાસી થયાની ઘટના ઈત્યાદિ કવિ કાન્તના જીવનની કેન્દ્રવર્તી ઘટનારૂપે રજૂ થાય છે. બીજા અંકના આરંભે કવિ, ઠાકોર સાથે પોતાને પુનરુત્થાનની થયેલ અનુભૂતિની ચર્ચા કરે છે. પણ કવિની એકોકિત પરથી પ્રતીતિ થાય છે કે ઠાકોર કવિ સાથે સહમત નથી. કવિને મન પુનરુત્થાનની અનુભૂતિ પરમાત્માનો સાક્ષાત્કાર કરાયાના કૃપાપ્રસાદ રૂપે છે.

કવિ જણાવે છે. 'સ્વધર્મ નિધન શ્રેય' પણ મારે માટે તો હવે ખ્રિસ્તી ધર્મ જ શ્રેયસ્કર થશે. એ જ સ્વધર્મ' (પૃ. ૨૫) ખ્રિસ્તીધર્મ સાથે જોડાવા ઈચ્છતા કવિ માટે ઠાકોર 'ધર્માંતર' શબ્દ પ્રયોજે છે. ત્યારે તેના પ્રત્યુત્તરરૂપે કવિ કહે છે, 'ધર્માંત્તર'ના ઠાકોરના 'ધર્માંતર' શબ્દને તમે પદક્રમ બદલાવીને પ્રયોજા - ધર્માંતરમાં ક્યાં શબ્દો છે ? ધર્મ અને અંતર એમાં ધર્મ પહેલાં અને અંતર પછી છે. જ્યારે મારે માટે અંતર પહેલાં અને ધર્મ પછી. એટલે કે અંતર ધર્મ થશે.' (પૃ. ૨૫) માણસે જન્મે અપનાવેલ ધર્મને તે

ચડિયાતો કે ઊતરતો તોલતા નથી. એટલે જ કવિને 'આમેન' અને 'ઓમ'માં એકત્વ દેખાય છે. કવિ કહે છે. 'ઠાકરો, ધર્મ જન્મે નથી. ધર્મ છે. જન્મ અન્યાધારિત કે પરાધીન છે. કર્મ સ્વાધીન છે. માટે કર્મે ધર્મ, ન જન્મે ધર્મ' (પૃ. ૨૬) અહીં કવિની 'કર્મ-ધર્મ'ની વિભાવના સ્પષ્ટ બની છે. જન્મથી મળેલા ધર્મને તે સાચો ધર્મ ગણતા નથી. આત્મપ્રતીતિ કરાવનાર તેમજ કર્મે મળેલ ધર્મને તેઓ સાચો જીવનધર્મ માને છે. કવિ જન્મે કહેવાતા ધર્મનુંય પુનરુત્થાન થવાની શ્રદ્ધા સેવતા કહે છે, 'પાતાળ ફોડીને ઝરણું નીકળ્યું છે તે વહ્યા વગર રહેવાનું નથી.' (પૃ. ૨૬) કવિની વિશુદ્ધ પ્રેમની શોધ ક્યાંકને ક્યાંક પુનરુત્થાનમાં મળી જતી લાગે છે એટલે જ કવિ કહે છે 'સ્વિડનબોર્ગની ઊંડી આંખોમાં કેટકેટલાં દૂરના દૃશ્યો અંકિત થયેલા દેખાય છે. કરુણ અને કરુણા, આર્દ્રકા અને મુદ્દતા કેવા ઓતપ્રોત થયેલા દેખાય છે. હું તો બાપુને જોઉં કે સ્વિડનબોર્ગને ! એકમાં બીજાને બીજામાં એકને નિહાળું છું મને આ બંને સાથે વિચલિત થયેલો જોઈ શકાય. વિરલ અદ્વૈતનો હું અનુભવ કરું છું' (પૃ. ૨૬) અહીં વિશુદ્ધ તથા વૈશ્વિકપ્રેમની અનુભૂતિ પ્રગટ થાય છે.

ખ્રિસ્તી ધર્મમાં 'કન્ફેશન'નો ક્ષમાભાવનો ખ્યાલ અહીં પ્રવર્તે છે. કાન્તમાં આ વિચારનું પ્રસ્તુતિકરણ થયું છે. કાન્તનું નાટક ભજવવા વિચારોને યાદ કરી મનોમન બોલી ઉઠે છે. 'પ્રભુ મને ક્ષમા કરજે. કેમકે ક્ષમામાં જ શાતા છે, ક્ષમામાં જ વીરતા છે, ક્ષમામાં જ દૈવી કૃપા છે. મને માફ કરજે મારા પ્રભુ, માફ કરજે. આમને !' (પૃ. ૩૩) કવિએ ખ્રિસ્તીધર્મ અંગીકાર કર્યો છે તે ઘટના સમાજ સહી શકતો નથી. તે ઘટનાના પ્રત્યાઘાતરૂપે કવિને વેઠવો પડતો સામાજિક બહિષ્કાર, સ્વજનો દ્વારા જુદાઈ અને પીડાની અનુભૂતિએ કવિની 'ધર્માંતર' ઘટના માટે પરિણામસ્વરૂપ ઘટકો બને છે. કર્મે ધર્મનો ખ્યાલ ધરાવતા કાન્ત પોતાના બાળકો સાથે લીધેલ બાપ્તિસ્મા વખતે સંબોધે છે. 'ચાલો, બાળકો ઘરે જઈએ આજથી આપણો ધર્મ બદલાયો છે. એટલે : બદલાયો કરતાં તો સમજાયો છે. આજે આપણે ધર્મની સમજ મેળવી' (પૃ. ૩૪) ધર્મ પરિવર્તનના પરિણામને જાણતા હોવા છતાં કવિ જણાવે છે, 'હું' જોઉં છું કે જગતના બધાં મનુષ્યો એક ઈશ્વરના ફરજંદ છે અને આ દેશની અધોગતિનું મુખ્ય કારણ જ્ઞાતિઓ છે. આ બંધન હું તોડું છું હું જે સહન કરીશ તે પણ મારા માટે નહી, દેશને માટે કરીશ મારે ઈશ્વરની વાત કહેવાની કે અહીં જ્ઞાતિધર્મને બદલે માનવતાવાદી ધર્મ તથા સર્વધર્મ સમાન હોવાની કવિની વિચારસરણી પ્રગટ થઈ છે કવિના નવીનત્તમ વિચારો જ્ઞાતિવાદી ધર્મને તોડવા માંગે છે. પણ આ વિચારોથી સમાજ, સ્વજન, મિત્રો સૌથી કવિને વિખૂટા પડવું પડે છે. કથકના મુખે કવિનો આંતરનાદ આ રીતે વ્યક્ત થયો છે : 'પહેલો બહિષ્કાર કર્યો ' જ્ઞાતિજનોએ પછી કર્યો કુટુંબીજનોએ બા, બહેન, ભાણી...પણ...' (પૃ. ૩૫) આ રીતે સ્વજનોથી પીડાયેલા કવિ 'વ્યક્તિ સ્વાતંત્ર્યની જેમ 'ધર્મ સ્વાતંત્ર્ય'નો ખ્યાલ સ્પષ્ટ કરે છે. 'ધર્મ સ્વાતંત્ર્ય' માટે કવિને પ્રશ્ન થાય છે કે 'શું માણસનો ધર્મ અને વર્ણ જન્મ નક્કી કરી આપશે ?' આમ, જોઈ શકાય છે કે કાન્તના વિચારો તેમના સમય પ્રમાણે કેટલાં નવીનતમ હતા. !

સમાજ, જ્ઞાતિ, સ્વજનો, મિત્રો દ્વારા પિડાયેલાં કવિની અંતીમ ઈચ્છા દ્વિજત્વને પામવાની મથામણ અંતે કાશ્મીરના પ્રવાસ તરફ લઈ જાય છે. કવિ પહેલગાંવ, હિમાલયના શિખરો, શ્રીનગર, લાહોર, રાવલપિંડી, ઈત્યાદિ સ્થળોએ ફરીને સત્તાકીય બંધનોમાંથી છૂટી આત્મપ્રતીતિ કરવા ઝંખે છે. કવિએ ખ્રિસ્તી ધર્મમાંથી સ્વયં બ્રાહ્મણ ધર્મ તરફ કરેલ પરિવર્તન તેમની આંતરિક દુઃસ્તિથિને વધારે છે. પણ કવિ કહે છે, 'લે, મા, તુલસી આ તને અર્પણ. બાહ્યાચારે હું ભલે બ્રાહ્મણ રહ્યો પણ મારું ભીતર તો હજી

આજે ય ઈસુ સાથે જાડાયેલું છે મને ક્ષમા કરજે ન્હાની ! આમેય મને સાચું દ્વિજત્વ તો ક્યાં મળ્યું' (પૃ. ૫૫) દ્વિજત્વની અતૃપ્તિના અંતે ટ્રેઈનના દૃશ્યરૂપે નાટક અંત પામે છે. નાપ્યાન્તે કવિ પુનરુત્થાન રૂપે સ્વયં પોતાના શબને કાશ્મીરની ખીણોમાં દફનાવી દેવાનો સ્વ પ્રયાસ સૂચવે છે. 'પુનરુત્થાન શક્ય જ છે' ના આંતરઘોષ સાથે નાટક પૂર્ણ થાય છે. આમ, બીજા અંકમાં કવિના ખ્રિસ્તીધર્મના સંસ્કારોની, સાચા કર્મે ધર્મની વિભાવના, ધર્મ સ્વાતંત્ર્યનો ખ્યાલ તથા પુનરુત્થાનની પ્રતીતિનાં માર્મિક ખ્યાલોનું દર્શન થયું છે.

નાટકમાં પ્રયોજાયેલ એકોકિત કાન્તના સમગ્ર અસ્તિત્વને ઉદ્‌ઘાટિત કરવામાં ફળદાયી નીવડે છે. કવિની આંતર-બાહ્ય સપાટીએ પ્રગટતા વિચારો, વર્તન તથા ઘટનાઓ તેમના જીવનનું વાસ્તવિક ચિત્ર તાદશ કરે છે. એકોકિતઓ દ્વારા જ કવિના આંતર સત્તવને યોગ્ય રીતે પ્રસ્તુત કરી શકાયું છે. એકોકિતમાં પ્રયોજાયેલ 'ભાષા' લેખકની મહત્તવની સિદ્ધિ બને છે. કાન્તની દરેક એકોકિત તેમના જીવનની ઘટના અનુસાર બદલાયા કરે છે. ન'દી સાથેની પ્રેમયુક્ત ભાષા, ભાવસિંહજી મહારાજ સાથેની સ્વાભિમાની ભાષા, કર્મે ધર્મ તથા સ્નેહ વિશેની માર્મિક ભાષા, 'પુનરુત્થાન'ના વિચારો પ્રગટ કરતી આધ્યાત્મક ભાષા ઈત્યાદિ ભાષાકીય તરેહો એકોકિતમાં પ્રગટ થઈ છે.

નાટકના આરંભથી જ નાટયકારે 'પદ્ય'નો પ્રયોગ કર્યો છે. 'નયન નમણાં / ગ્રીવા ધોળી / વદન સોહામણું', નહિ તે કંઈ દોષભર્યો નયનો' જેવી કાવ્યપંક્તિઓમાં ન'દી પ્રત્યેનો પ્રેમ વ્યક્ત થયો છે. કાન્તે કવિ જીવ કોઈ પોતાના મનોભાવેને કવિતારૂપે જ પ્રકટ કરે છે. ન્હાનાલાલ કવિને મળવા આવે છે. એ પ્રસંગ માટે કવિ ગાય છે,

'મહેમાનો ઓ વ્હાલાં, પુનઃ પધારજો, તમ શરણે અમ સદન સદૈવ સુહાય જો,
કરજો માફ હજારો પામર પાપ જો દિનચર્યામાં પ્રભુ પાસે પણ થાય જો !' (પૃ. ૪૧)

આ રીતે મિત્ર સહજ અતિથિભાવ કવિ વ્યક્ત કરે છે. લેખકે કાન્તના આંતર સંવેદનોને પ્રકટ કરવા તેમના ખંડકાવ્યો ખપમાં લીધા છે.

આરંભથી અંત સુધી સમગ્ર નાટયરચના કાન્તના કરુણજીવનની રજૂઆત કરતી હોઈ તેમાં કરુણરસ પ્રધાનપણે અનુભવાય છે. કરુણરસની રસાનુભૂતિ, લેખકની સહજ કાવ્યાત્મક બાની તથા કવિ જીવન પ્રત્યેનો તેમનો ગહન અભ્યાસને પુરસ્કારે છે. કાન્તના કાવ્યોની પ્રસ્તુતિમાં લેખકે કરેલાં આંશિક ફેરફાર નાટયરચનાનું કે કાન્તની રચનાનું ઔચિત્ય ભંગ કરતા નથી. બલ્કે કવિને સમજવાના લેખકના પ્રયત્નને બળ પૂરું પાડે છે. જેમકે, 'મારી કિશ્તી' રચનામાં 'દેખી નહીં શકું ચંદર' ને બદલે લખકે 'દેખી નહી શકુ અંદર' કરેલ ફેરફાર કાન્તની આંતરિકતાને પ્રગટ કરવા સફળ નીવડે છે.

અભિનયની બાબતે નાટક અત્યંત સફળ નીવડ્યું છે. ભાવસિંહજી મહારાજને માટે કવિએ જાતે કરેલ ભોજન, ન્હાની તથા ન'દીની સેવા ચાકરી, પ્રાણલાલ માટે સિતાર વગાડવાની પ્રયુક્તિ, નાટયમંડળીના માણસો તથા છાની રીતે પત્ર વાંચતા બાવાજીની લાકડી વડે ધોલાઈ ઈત્યાદિ ક્રિયાઓ આંગિક અભિનય દ્વારા પ્રગટે છે. ન'દી, ન્હાની, બાપુ, પ્રાણુ, મિત્રો દ્વારા મળેલી પીડા, પુનરુત્થાનની અનુભૂતિ, સ્વિડનબોર્ગની છબી તથા બાપુ પ્રત્યે અનુભવાતી એક સરખા સ્નેહની લાગણી... સાત્વિક અભિનયને પ્રતીત કરે છે. એકોકિતરૂપ સંવાદો વાચિક અભિનયનો ભાગ પૂરો પાડે છે.

નાટકના શીર્ષક તરફ દૃષ્ટિ કરીએ તો, 'જળને પડદે' શીર્ષક કવિ કાન્તના આંતર-બાહ્ય વ્યક્તિત્વને – અસ્તિત્વને પારદર્શક કરવામાં વ્યંજનાસભર બન્યું છે. 'જળને પડદે' એટલે કાન્તના આંતરિક સત્તવને

નાટકને પડદે પ્રસ્તુત કરવાનો લેખકનો ઉદ્દેશ. બીજો એક અર્થ કાન્ત ખૂબ લાગણીશીલ હોઈ, તેમની ભીતર વહેતા પીડાયુક્ત પ્રવાહને લેખકે નાટક દ્વારા પ્રત્યક્ષ કરવાનો પ્રયત્ન કર્યો હોય એમ અનુમાન કરી શકાય. નાટકમાં પ્રયોજાયેલ કાવ્યપંક્તિને આધારે પણ શીર્ષક મુકાયું હોય એવું બની શકે. એ કાવ્યપંક્તિ આ પ્રમાણે છે.-

‘વદને બહુ નીર ભરાય સખે,
તનુ ચેતન સર્વ હરાય સખે,
જળને પડદે સઘળું, નીરખું,
નીરખું નહીં નેક જરાય સખે’ (પૃ. ૨૧)

આ કાવ્યપંક્તિ કવિ કાન્ત ન’દીના વિરહમાં ઉચ્ચારે છે’ અહીં આલેખાયેલ ‘જળને પડદે’ નો અર્થ ‘અશ્રુધારા’ એવો તારવી શકાય. આંતર પીડાની તીવ્રતા આંખો સુધી વર્તાય ત્યારે જ ‘જળને પડદે’ નો અર્થ કળી શકાય. જુદા જુદા અર્થઘટનો વચ્ચે શીર્ષકની શબ્દ પદાવલિ કાવ્યાત્મક બની રહે છે.

‘જળને પડદે’ નાટક લેખકનું ‘કાન્તવાણી’માં થયેલું વિલીનીકરણ, તેમની ઉચ્ચ સર્જનશક્તિની અભિવ્યક્તિ સાધે છે. આ નાટક ૨૦૦૫ થી અત્યાર સુધીમાં સીત્તેર વાર ભજવાયું છે. તે નાટયકાર સતીશ વ્યાસ તથા અભિનેતા કમલ જોષીની કલાત્મક અભિવ્યક્તિને આભારી છે. વળી, ભાષા સાહિત્ય ભવનના અંગ્રેજી વિભાગના પ્રાધ્યાપક ડૉ. દર્શનાબહેન ત્રિવેદીએ આ નાટકને ‘સ્ીઙ્જં કેં ્ીઙ્જિ’ શીર્ષક હેઠળ અંગ્રેજી ભાષામાં અનુવાદ કર્યો છે. જે સર્જકના કર્મની સિદ્ધિ ગણી શકાય. આમ, ગુજરાતી નાટકોના જીવનલક્ષી નાટકોમાં ‘જળને પડદે’ નાટક પ્રયોગશીલ નાટયરચના બની રહે છે.

સંદર્ભ :

૧. ‘જળને પડદે’ - લે. સતીશ વ્યાસ (પ્રકાશન - ૨૦૦૫)

ગુજરાતી સ્ત્રી સામયિક: સુંદરી સુબોધ અને સ્ત્રી જાગૃતિ

ડૉ. તરલિકા એન. ગુર્જર, એસોસિએટ પ્રોફેસર
ઇતિહાસ વિભાગ,શ્રીમતી એસ.આર.મહેતા,આર્ટ્સ કૉલેજ,આશ્રમ રોડ, અમદાવાદ

પ્રસ્તાવના :

ગુજરાતમાં સ્ત્રી સામાયિકોના ઉદયની શરૂઆત સામાજિક સુધારા પહેલા થવા માંડી સામાજિક સુધારાની ચળવળ, સ્ત્રી કેળવણીનો ઉદય અને વિકાસ તથા સ્ત્રી સામયિકો આ ત્રણે સમાંતરે વિકાસ પામી રહ્યા હતા. ગુજરાતમાં સ્ત્રી જાગૃતિનું માન મેળવનાર પાક્ષિક 'પરહેજગાર' ૧૮૪૫માં શરૂ થયું હતું. તેના તંત્રી તરીકે સુધારક મહિપતરામ રૂપરામ હતા. તેમના પત્ની પાર્વતી કુંવર લેખો તપાસવા, પ્રૂફ વાંચવા વગેરે કાર્યોમાં મદદરૂપ થઈ સહતંત્રી તરીકેની ઘણી જવાબદારીઓ સંભાળતા હતા.

સ્ત્રી સામયિકો:

ગુજરાતમાં પત્રકારત્વ ક્ષેત્રે પારસીઓનું પ્રદાન મહત્તવનું રહ્યું છે. ૧૮૫૭ના વિપ્લવ સમયે જ સ્ત્રીબોધ'નામના સામયિકની શરૂઆત કે. ખુશરો કાબરાજીએ કરી હતી. ગુજરાતી ભાષાનું તે સૌથી પહેલું સામયિક છે. કે.ખુશરો કાબરાજીના પુત્રવધૂ પૂતળીબાઇ ૧૮૮૧થી ૧૯૪૧ સુધી સ્ત્રીબોધ'સાથે સંકળાયેલા રહ્યા. આ સામયિક કન્યા કેળવણીની પ્રખર હિમાયત કરતું હતું. ૧૮૫૭માં અધ્યારુ રુસ્તમજી પેસ્તનજીએ સ્ત્રીમિત્ર', સ્ત્રીઓના સ્વાસ્થ્ય વિષયક લેખોનું સામયિક શરૂ કર્યું જે થોડા સમય પછી બંધ થઈ જતા ફરીથી ૧૮૬૭માં વિવિધતાસભર વિષયો સાથે શરૂ થયું હતું.

૧૮૮૨માં ખેડાના વતની તુલસીબાઇએ સ્ત્રી સદ્‌બોધ રત્ન'નામનું સામયિક શરૂ કર્યું. સ્ત્રીઓ માટે સ્ત્રી દ્વારા શરૂ થયેલ આ સૌપ્રથમ ગુજરાતી સામયિક છે. આ સામયિક શરૂ કરીને તુલસીબાઇ એ સમયનાં મુંબઇ ઇલાકાના એટલે કે ગુજરાત અને મહારાષ્ટ્રના મહિલા પત્રકાર હતા.

સુંદરી સુબોધ - સ્થાપના અને હેતુઓ :

અમદાવાદના રમણભાઇ નીલકંઠ અને કૃષ્ણરાવ ભોળાનાથ દિવેટિયા વગેરે નાગરોએ બંધુ સમાજ નામની સંસ્થા સ્થાપી હતી. જેના આશ્રયે 'સુંદરી સુબોધ'નો આરંભ થયો. ૧૨મી એપ્રિલ ૧૮૮૮માં સુરતથી પ્રકાશિત થતાં 'ગુજરાત મિત્ર'ના અંકમાં સ્ત્રી કેળવણીના હિમાયતી મહિપતરામ રૂપરામ, લાલશંકર ઉમિયા શંકર, કૃષ્ણરાવ ભોળાનાથ અને હરગોવિંદદાસ કાંટાવાળાએ સ્ત્રીઓનું સામયિક શરૂ કરવાની જાહેરાત આપી હતી કે, સ્ત્રીબોધ' આબરૂદાર માસિક હોવા છતાં તેમાં ખાસ કરીને પારસી સમાજને લગતા પ્રશ્નો ચર્ચાય છે. હિન્દુ સ્ત્રીઓ માટેનું તેમજ હિન્દુ સ્ત્રીઓ દ્વારા લખાતું એક પણ માસિક હાલ નથી. તેથી તે શરૂ કરવાનું વિચાર્યું છે. તે મોટા કદનું અને સારું થશે. પરંતુ તે સંજાગોવશાત શરૂ થઈ શક્યુ નહીં.૧

સમાજ સુધારણા અને સ્ત્રી ઉન્નતિના મુખ્ય ઉદ્દેશ સાથે આ સામાયિક ઇ.સ. ૧૯૦૩માં બંધુ સમાજના સહયોગથી શરૂ થયું. 'સુંદરી સુબોધ'ના મુખપૃષ્ઠ પર નારીના ગુણ-ગાન કરતું સંસ્કૃત સૂત્ર 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા'અને કૌંસમાં દેવતા પ્રસન્ન રહે જ્યાં પામે સન્માન સુંદરી એવો અનુવાદ છપાતો હતો. જે આ પત્રનો મુદ્રાલેખ હતો. ૧૯૧૦ પછી આ પત્રનું તંત્ર રામમોહન રાય

જશવંત રાયે બંધુ સમાજ પાસેથી લીધું અને ૧૯૨૩માં બંધ પડ્યું ત્યાં સુધી આ પત્રે ગુજરાતી સાહિત્ય અને સ્ત્રી વર્ગની અનેક રીતે સેવા કરી.૨

સુંદરી સુબોધમાં સ્ત્રીઓનું લેખનકાર્ય :

'સુંદરી સુબોધ'ના તંત્રી અને રામમોહનરાય દેસાઇ અને અન્ય વ્યવસ્થાપકો તર્કયુક્ત અને ધર્મનિરપેક્ષતાને વરેલા હતા તેથી તેમાં સર્વ કોમની કલમોને આવકાર મળતો હતો. દા.ત. મિસિસ બદરુદ્દીન લુકમાનીએ 'કન્યાકેળવણી' પર લખેલા લેખમાં જણાવ્યું હતું કે, બાળાઓને ઉચ્ચ કેળવણી મેળવવાની ખાસ જરૂર છે. એ વિશે કાંઇ જ શક નથી. આપણે જેમ તેઓને વધારે કેળવણી આપીશું તેમ તેઓ પોતાના સદ્‌ગુણો વધારે સારી રીતે કેળવી શકશે...જો આપણી કન્યાશાળાના અભ્યાસક્રમમાં એવા વિષયો દાખલ કરવામાં આવે કે તેઓ પોતાની ખાસ ફરજો બજાવી શકે.૩ ડૉ.મિસ ધનબાઇ હોરમસજી વહાડિયા એ 'મૂંગા-બહેરાની શાળા : અમદાવાદ' પર લેખ લખ્યો હતો. મિસ જરબાનુ ભરૂચાએ 'પારસી કોમના રીત-રિવાજો' લેખ પ્રસિદ્ધ કર્યો છે.

કચ્છના મુંદ્રા શહેરમાં રહેતા શકીના અબ્દુલ્લાભાઈએ શુદ્ધ ગુજરાતીમાં કાવ્યો પ્રસિદ્ધ કર્યા હતા. હરિગીત છંદમાં 'ભાઈને બહેનના આર્શીવચન' અને મંદાક્રાન્તા છંદમાં 'બંધુ વિરહ' નામના કાવ્ય લખ્યા હતા. જેની કેટલીક પંક્તિઓ૪ :

> વ્હાલા બંધુ ! અમ જીવનનો એક આધાર તું,
> તારા વ્હોણું રડતું કુળ આ કેમ જાઈ શકાશે ?
> બંધુ ! ત્હારા વિણ અમ તણો, કોણ આધાર થાશે ?
> કોણે બાપુ ? દિલ દુભવિયું, રીસ હૈયે હતીશું ?

સકીના બાઇ કરમાલી પટેલે 'મનને ઉપદેશ' નામનું કાવ્ય પ્રગટ કર્યું હતું. મુસ્લિમ અને પારસી સ્ત્રીઓના ઘણા લેખો અને કાવ્યો પ્રસિદ્ધ થવા લાગ્યા.

તંત્રી દ્વારા પ્રોત્સાહન :

સુંદરી સુબોધના તંત્રી સ્ત્રીઓને લખવા માટે પ્રોત્સાહન આપતા હતા. 'મ્હારાથી કેમ લખાય?' 'હું કાંઇ વિદ્વાન નથી' એવી બીક રાખ્યા વગર લખવાનું જણાવતા. વળી લખાણ માટેના વિષયો પણ સૂચવતા હતા. જેમ કે વાર્તા, જીવનચરિત્રો, રમૂજી ફકરા, પાકશાસ્ત્ર, ગૂંથણકલા અને રંગોલી, બાળકો માટે વાર્તાઓ, ઉખાણાં, રમત-ગમતો, ઔષધો, કવિતાઓ અને કોઈપણ યોગ્ય લાગે તેવા વિષયો. સુંદરી સુબોધના અંકોમાંથી આ અંગેની જાણકારી પ્રાપ્ત થાય છે. આ પ્રોત્સાહનના પરિણામ સ્વરૂપે ગુજરાતના નગરની અને ગામડાંઓમાં રહેતી સાવ અજાણી સ્ત્રીઓ પણ કાવ્યો અને લેખો લખવા લાગી. વડોદરાના કનુબહેન, સંધ્યાબહેન, મંગલાબહેન, અમદાવાદના કાન્તાબહેન, લીલાબહેન, છનુબહેન ગોપાલશંકર, અમરેલીના વસંતગૌરી, મુંબઇના પ્રિયમતિ શુક્લ, સુરતના બેન લહેરી, પોરબંદરના મંજરીબહેન, ભાવનગરના હરસુખગૌરી મહેતા, પેટલાદના શ્રીમતી જ્યોતિર્મયી, ભુવાલડીના હીરાબહેન મથુરભાઇ, બોટાદના શ્રીમતી નર્મદા ત્રિકમજી તેમના કાવ્યો પ્રસિદ્ધ કરવા લાગ્યા.

સમાજને સ્પર્શતા વિષયો :

રાજકોટના સવિતા ગૌરીએ 'લાજ કાઢવાથી જ સ્ત્રીઓનું મહત્વ જળવાય છે?' અને અવંતિકાબહેને 'ઘરને સુંદર બનાવવા માટે સ્ત્રીઓ શું કરી શકે' તે લેખ પ્રસિદ્ધ કર્યો હતો. શાંતાબહેને અમદાવાદમાં

નાત-જાતના મંડળોની પરિષદ આગળ કરેલા ભાષણના સારરૂપે 'શુભ-અશુભ પ્રસંગે થતા નકામા ખર્ચા' પર લેખ પ્રસિદ્ધ કર્યો હતો. નકામા ખર્ચની આકરી ટીકા કરતા તેઓ લખે છે 'આ રિવાજ અટકાવવામાં બે વિઘ્નો છે. એક અજ્ઞાનતા અને બીજું નાહિંમતપણું. અજ્ઞાનતામાં પણ પુરુષની અજ્ઞાનતા કરતા આ બાબતમાં સ્ત્રીઓનું અજ્ઞાન વધારે નડતરરૂપ છે... આપણી હાલની જરૂરિયાતો તથા આર્થિક સ્તિથિનો વિચાર કરતા શુભ અને અશુભ પ્રસંગોમાં જમણવારો વગેરેનો ખર્ચ ઓછો કરવો જોઈએ.૫ ગુણવંતીગૌરી ચીમનલાલ ડૉક્ટરે 'સ્ત્રીઓને યોગ્ય ધંધા', જશવંતીબહેને 'સુધારાનો ડોળ', મિસિસ જી.કે.ઉપાધ્યાયે 'યુરોપીયનોનું ખોટું અનુકરણ', પૂરીબહેન ઉમેદચંદે 'સ્ત્રીનું કર્તવ્ય', કમળાગૌરી પંડિતે 'ગુજરાતમાંની જ્ઞાતિઓ, તેના બંધનો અને સમાજ ઉપરના તેના પરિણામો' પર તેના લેખો પ્રસિદ્ધ કર્યા હતા. સુંદરી સુબોધમાં 'રૂપ કે બુદ્ધિ ?' લગ્નસંબંધમાં પુરુષો સ્ત્રીની સુંદરતા વધારે પસંદ કરે છે કે તેની બુદ્ધિ કે જ્ઞાન ? આમાં વિદેશની લોકપ્રિય સ્ત્રી ગ્રંથકારોના અભિપ્રાયો પ્રસિદ્ધિ કરવામાં આવ્યા હતા. સુંદરી સુબોધે સમાજને સ્પર્શતા વિવિધ વિષયો પર સ્ત્રીઓના અવાજનો પડઘો પાડ્યો હતો.

કન્યા કેળવણી :

સુંદરી સુબોધમાં બી.એ. થયેલા ગજરી બહેને 'ગૃહ, સામાજિક અને પ્રજાકીય જીવનમાં આદર્શ સ્ત્રીત્વ' પર લેખ લખ્યો હતો. જેમાં કેળવણી ઉપર ચારિત્ર્યનો આધાર રહેલો છે એમ તેમણે જણાવ્યું હતું. ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાબહેન નીલકંઠ અને શારદાબહેન મહેતા પણ લેખો પ્રસિદ્ધ કરતા. 'પહેલી ગુજરાત કેળવણી પરિષદ, સ્ત્રી કેળવણી, સંમેલન'નો લેખ, સપ્ટેબર-ઓક્ટોબર ૧૯૧૬ના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. સ્ત્રી કેળવણીના કેટલાક પ્રશ્નોની ચર્ચા માટે અમદાવાદના થોડાક આગેવાન સ્ત્રી-પુરુષોનું એક સંમેલન વિદ્યાગૌરીના પ્રમુખપદે પ્રેમાભાઇ હોલમાં મળ્યું હતું. જેમાં ફીમેલ ટ્રેનિંગ કૉલેજની કેટલીક શિક્ષિકાઓ અને શિક્ષકો પણ ત્યાં હાજર રહ્યા હતા.૬ પુનાની મહિલા પરિષદના પ્રમુખપદેથી વિદ્યાગૌરી નીલકંઠનું ભાષણ પ્રસિદ્ધ થયું હતું. ભગિની સમાજના કારોબારી મંડળના પ્રમુખ તરીકે અને નવા વર્ષે ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળના સભાસદોને સંબોધતા શારદાબહેન મહેતાએ સ્ત્રી ઉન્નતિનો પ્રશ્ન મહત્તવનો ગણાવ્યો હતો.

સ્ત્રી શિક્ષિકાના પ્રશ્નની ચર્ચા પણ સુંદરી સુબોધમાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી. ઇંગ્લેન્ડના હિન્દી સ્ત્રી કેળવણી મંડળના સેક્રેટરી મિસિસ બ્લેઇર લિવરપુલના 'રિવ્યૂ' પત્રમાં લખ્યું હતું કે 'આ મંડળ ઇંગ્લેન્ડમાં શીખેલી સ્ત્રી શિક્ષિકાઓ પૂરી પાડે છે. જ્યાં સુધી ઇંગ્લેન્ડ જેવી ટ્રેનિંગ કૉલેજા નહીં સ્થપાય ત્યાં સુધી તેવી શિક્ષિકાઓ આ મંડળ પૂરી પાડશે. આ માટે સરકાર પાસેથી આ મંડળ મદદ માંગશે. એક સ્ત્રી શિક્ષિકા તૈયાર કરી છે અને બીજીને તૈયાર કરે છે.૭ અખિલ ભારત વર્ષીય મહિલા પરિષદના પ્રમુખ કુચબિહારના મહારાણી સુનીતિદેવીએ પોતાના ભાષણમાં જણાવ્યું, 'આપણી કેળવણીની સામે સમાજની હિલચાલોનો પ્રવાહ સર્વને ફરી ફળદાયી નીવડે તેમ કરો... એક બાળકનો આદર્શ તેની માતા જ હોવી જોઈએ.'

સાંપ્રત પ્રવાહોની માહિતી :

'સુંદરી સુબોધ'ના વર્તમાન તરંગ અને સમય તરંગ શીર્ષકથી સાંપ્રત પ્રવાહોની માહિતી અપાતી હતી. વર્તમાન તરંગ વિભાગમાં સ્ત્રી કેળવણીને લોકપ્રિય કરવાનો વડોદરા રાજ્યે જે માર્ગ અપનાવ્યો હતો તે બદલ અભિનંદન આપ્યા હતા. આ રાજ્યની સ્ત્રી શિક્ષણ પદ્ધતિ પાઠશાળાના હેડમાસ્તરે

અમેરિકાની પદ્ધતિ મુજબ કન્યાઓની માતાઓનો એક મેળાવડો કર્યો હતો. જેમાં કાછિયા, કુંભાર, સુથાર વગેરે સામાન્ય વર્ગની સ્ત્રીઓને આમંત્રણ અપાયું હતું. તેમને સ્ત્રી શિક્ષણથી કેટલા લાભ થાય છે તે બતાવવામાં આવ્યું હતું. આ દૃષ્ટાંતનું અનુકરણ કરવા જેવું છે. સ્વાભિમાની, સુશિક્ષિત સ્ત્રીઓએ આ કાર્ય કરવું જોઈએ જેથી તેમની કેળવણી સાર્થક થાય.૮

સુંદરી સુબોધના સમય તરંગમાં નીચેની માહિતી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. મુસ્લિમ કન્યાઓ માટે જનાના સેન્ટ્રલ સ્કૂલ તા. ૨૪-૭-૧૩ના રોજ ઓ.મિ. શાર્પે ખુલ્લી મૂકી હતી. કેળવણી લેતી મુસ્લિમ કન્યાઓની સંખ્યામાં વધારો થયો હતો. તેની નોંધ પ્રગટ થઈ હતી. પંજાબ યુનિ.માં દર વર્ષે લેવામાં આવતી મુનશીની પરીક્ષામાં મિસ મૌલવી મહેબૂબ આલમ પહેલી જ મુસ્લિમ બાનુ એ પસાર કરી હતી. જે 'શરીફબીબી' નામના પત્રની સંપાદિકા છે.૯ એમ પ્રસિદ્ધ કરવામાં આવ્યું. અમદાવાદના રા.બ.રણછોડલાલ છોટાલાલ કન્યાશાળામાં મોટી વયની સ્ત્રીઓ માટે એક વર્ગ શરૂ કરવામાં આવ્યો હતો. ઘરકામથી પરવારી તમામ વર્ગની સ્ત્રીઓ લાભ લઈ શકે તે માટે શાળાનો સમય આ વર્ગ માટે બપોરના બે થી ચાર રાખવાની ભલામણ કરી હતી.

હુન્નર પ્રદર્શન અને મેળા અંગે :

યુદ્ધ સંકટ નિવારણ ફંડની સ્ત્રીઓની શાખાના લાભાર્થે અમદાવાદમાં મેળો ભરાયો હતો. જેમાં શહેરની સુંદર અને ઉપયોગી એવી વસ્તુઓનો સમાવેશ થતો હતો. આ મેળા દ્વારા ફંડની મોટી રકમ એકઠી કરી. મિસિસ પેઇન્ટર, મિસિસ વિંગ્લીસર્કલ, મિસિસ જાહાનીસ, મિસિસ સેઠના, ડૉ. મિસિસ સૂરૈયા, મિસ ચબ ઉપરાંત લેડીઝ ક્લબ અને વનીતા વિશ્રામે પણ આ મેળામાં ભાગ લીધો હતો.૧૦ આ મેળા પહેલાં પણ અમદાવાદ અને ભરૂચમાં સ્ત્રીઓના હુન્નર પ્રદર્શન અંગેના સમાચારમાં લખવામાં આવ્યું હતું કે આવા પ્રદર્શનોથી ગુજરાતની મહિલાઓની હિંમત વધતી જાય છે અને તેને પરિણામે સ્ત્રીઓ આર્થિક રીતે પગભર બનશે તેવો સંભવ છે. અમદાવાદના પ્રદર્શનમાં સૌરાષ્ટ્રની ૧૨૫ સ્ત્રીઓએ ભરત-ગૂંથણ, સીવણકામ અને ચિત્રકામના ૫૦૫ નમૂનાઓ રજૂ કર્યા હતા.૧૧

જમનાબહેન સક્કઇની પ્રવૃત્તિઓ :

વાંકાનેર રાજ્યમાં બાળલગ્ન અટકાવવા માટે કરેલા કાયદા અંગેની ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. સુંદરી સુબોધના ગૃહધર્મ વિભાગમાં 'જુગારની બદી અટકાવવાની જરૂર' એ વિષય પર જમનાબહેન સક્કઇનું ભાષણ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ હતું. આ ભાષણ સ્ત્રીઓની જાહેર સભામાં આપેલું હતું. જમનાબહેન સક્કઇ ગુજરાત હિન્દુ સ્ત્રી મંડળના પ્રમુખ અને સેવાસદનના સહમંત્રી હતા. સમાજ સેવા અને સ્ત્રી ઉત્કર્ષની પ્રવૃત્તિઓમાં ગાંધીયુગ પહેલાંના લોકપ્રિય મહિલા હતાં. ગુજરાતમાં ૧૯૧૧માં ભયંકર દુકાળ પડ્યો ત્યારે જમનાબહેન સકકઈએ ઉત્તમ સેવા બજાવી હતી. પૂતળીબાઇ શેઠના, જાનકીબાઇ ભટ્ટ, વીજળીબાઇ ઠક્કર, કાશીબાઇ શોઢા, વીરમતિ, કમળાવંતીને સાથે લઈને પંચમહાલ અને કાઠિયાવાડમાં ત્રણ મહિનાઓ સુધી લોકસંપર્ક દ્વારા દુષ્કાળગ્રસ્ત સ્ત્રી-પુરુષોને અનાજ, કપડાં વગેરેની મદદ કરી. તેમણે ખાસ આગ્રહ કરીને તેમની પાસે તૈયાર કરાવેલો લેખ સુંદરી સુબોધના ખાસ અંકમાં પ્રગટ કર્યો. ઇતિહાસવિદ્ ડૉ.શિરીનબહેન મહેતા લખે છે કે તેઓ અને તેમની સ્ત્રી સંસ્થા કેટલીક દૃષ્ટિએ આજના આપણા ઇલાબહેન ભટ્ટ અને તેમની સેવા સંસ્થાના પુરોગામીઓ હતા.૧૨

 ISBN : 978-81-938282-1-2

દક્ષિણ આફ્રિકા અંગે :

સુંદરી સુબોધમાં ૧૯૧૩ના નવેમ્બર-ડિસેમ્બરમાં 'દક્ષિણ આફ્રિકામાં દેશબાંધવોના સંકટો' પર ધોરાજીથી બહેન ર-એ લેખ પ્રસિદ્ધ કર્યો હતો. આ લેખમાં આપણી ફરજ શું છે તેની ચર્ચા કરવામાં આવી હતી. પેટલાદથી શ્રીમતી જ્યોતિર્મયીએ દક્ષિણ આફ્રિકામાં દુઃખ પામતા આપણા હિન્દી ભાંડુઓની સહાય માટે મારી વિનંતી નામનું લલિત કાવ્ય પ્રગટ કર્યું હતું.

આફ્રિકા વિશે ભૂખ તૃષા થકી
શિશુ, સ્ત્રીઓ, બધા ત્રાસતા નકી,
આધાર તમ પર તેમનો ત્હેમનો બધો
સ્હાય ઝટ દીયો, બ્હેની-બંધુઓ ૧૩

કૃષ્ણાગૌરી રાવલના લેખો :

સુથરામપુરમાં શિક્ષિકા તરીકે નોકરી કરતાં કૃષ્ણાગૌરી હીરાલાલ રાવલ સુંદરી સુબોધમાં અવાર-નવાર લખતાં હતાં. લુણાવાડા કન્યા શાળામાં શરૂ થયેલા પાકશાસ્ત્ર અને બાળઉછેરના અભ્યાસક્રમો વિશે સુંદરી સુબોધના ડિસેમ્બર ૧૯૦૭માં રસપ્રદ માહિતી આપી છે. ઇતિહાસવિદ્ ડૉ. શિરીનબહેન મહેતા જણાવે છે કે આજની આપણી હોમસાયન્સ કૉલેજનાં મૂળ બાળઉછેર અને પાકશાસ્ત્ર જેવી આ પ્રકારની આદ્ય પ્રવૃત્તિમાં પડ્યા છે. તેઓ આગળ જણાવે છે જમનાબહેન સક્કઇ અને કૃષ્ણાગૌરીના અપવાદોને બાદ કરતા સ્ત્રીઓને સ્પર્શતા ઉપરોક્ત પ્રસંગો વિશે તે સમયની બીજી કોઈ પણ ગુજરાતી હિન્દુ મહિલાના લખાણો ઉપલબ્ધ થતા નથી.૧૪ કૃષ્ણાગૌરીએ સુંદરી સુબોધમાં લખેલા લેખોમાં ગૃહધર્મ વિભાગમાં - 'ધનવાન, અભિમાની, સગાને ઠપકો' (અને આતિથ્ય સત્કાર) પાકશાસ્ત્ર અને ગૂંથણકલા વિભાગમાં પણ લેખો લખ્યા હતા. સુંદરી સુબોધ અને તેના લેખકો નામનો લેખ ઘણો માહિતીપૂર્ણ છે. સ્ત્રી સામ્રાજ્ય વિભાગમાં 'કન્યાશાળામાં શિક્ષણ લેનારી બહેનોને'અને કાવ્ય 'સાસુની સુભાશિષ'- કૃષ્ણાગૌરીના પુત્રવધૂ પરીક્ષામાં પાસ થતાં રચેલું કાવ્ય પ્રસિદ્ધ કર્યું હતું.જેની પંક્તિઓ -

સુંદરીના સદ્બોધમાં વધારજો વ્હાલ
આશિષ અરપે સર્વદા, કૃષ્ણા-હીરાલાલ.૧૫

વિજયાલક્ષ્મી ત્રિવેદીની લેખનશૈલી :

રાજકોટના વિજ્યાલક્ષ્મી ત્રિવેદીએ સુંદરી સુબોધમાં પ્રગટ કરેલા કાવ્યો- ' પિતા', 'સતિનો પતિ પ્રત્યેનો પ્રેમ', 'ભાઇને બ્હેન', 'પ્રીતિ સ્મરણ', 'વિજ્ઞપ્તિ', 'વ્હાલાઓનું હૃદય' નોંધપાત્ર છે. તેમના કાવ્યો તેમની રસિકતા, ભાવગ્રહી અને કવિત્વ શક્તિની પ્રતીતિ કરાવે છે. 'નિરાશા' નામનું કાવ્ય જે મરણોત્તર પ્રસિદ્ધ થયું છે.

હું ચાહું છું શા માટે, પ્રિયતમ! ચાહો ના જ્યારે તમે ?
હા ! હાય! હું હતભાગ્ય, મ્હારે ,માટેના તમ પ્રેમ તે,
રસિયા ! ત્મહારે માટે મ્હેં આશા ખુવારી મેળવી,
તનમન બની બેહાલ, મ્હેં આ શી જુગારી કેળવી ?૧૬

સુંદરી સુબોધના ડિસેમ્બર ૧૯૧૦માં 'મનુષ્ય જન્મની સફળતા' નામનો મનનીય ગદ્ય લેખ પ્રસિદ્ધ કર્યો હતો જે ગાંધીજીને એટલો બધો ગમ્યો હતો કે તેમણે દક્ષિણ આફ્રિકાના પ્રસિદ્ધ પત્ર ઇન્ડિયન

ઓપિનિયનમાં પ્રગટ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ગાંધીજી તે વખતે દક્ષિણ આફ્રિકામાં હતા.૧૭ આ લેખ ઉપરાંત ઉદય ગુંજન વિભાગમાં ગુણસુંદરી નામનું લખાણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. તારીખ ૯-૯-૧૩ના રોજ વિજ્યાલક્ષ્મીનું અવસાન થયું ત્યારે સુંદરી સુબોધમાં લખવામાં આવ્યું હતું કે વિજ્યાલક્ષ્મીના અકળ મરણથી ગુર્જરીમાતાએ એક અમૂલુ પુત્રીરત્ન ગુમાવ્યું છે એમાં કાંઈ શક નથી. એ સ્વર્ગસ્થ બહેનીની ઉદ્દાત્ત ભાવના, સ્નેહાળ હૃદય અને ઉત્તમ ચારિત્ર્યના લીધે તેમનું મરણ અમને પણ આપ્તજનના મૃત્યુ જેટલું જ દુઃખદ થઈ પડ્યું છે. સુંદરી સુબોધના વિદ્યાકલા વૈદક વિભાગમાં સ્ત્રીઓના લેખ પ્રગટ થતા હતા. માથાનો દુઃખાવા પર ઉમંગ બહેને લખેલો લેખ પ્રગટ થયો હતો.

ઉપસંહાર :

ગુજરાતની સ્ત્રી જાગૃતિના આવિષ્કારમાં, તેના પ્રશ્નો પરત્વે સમાજમાં જાગૃતિ લાવવામાં તેમજ તેની સર્જનાત્મક શક્તિ ખીલવવામાં સુંદરી સુબોધનો ફાળો નોંધનીય છે. કન્યા કેળવણી, સમાજ સુધારણા અને સર્જનાત્મક અભિવ્યક્તિ માટેનું પ્રોત્સાહક વાતાવરણ સર્જવામાં સુંદરી સુબોધનું યોગદાન મહત્તવનું છે એમ આ સામયિકના અભ્યાસ પરથી કહી શકાય.

પાદનોંધ:

૧. મહેતા હસિત (સંપાદન) "સાહિત્યિક સામયિકો", રન્નાદે પ્રકાશન, અમદાવાદ, મે ૨૦૧૨, પ્રથમ આવૃત્તિ, પૃ.૧૫૦

૨. તોલાટ શાંતિલાલ ગુલાબદાસ, "ભોગીન્દ્રરાવ", દીવેટિયા એન્ડ સન્સ, પાનકોરનાકા, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, પૃ.૩૯

૩. સુંદરી સુબોધ, ઓગસ્ટ, ૧૯૧૪, અંક ૧૧

૪. સુંદરી સુબોધ, ઓગસ્ટ, ૧૯૧૪, અંક ૧૧, પૃ. ૪૪૦

૫. સુંદરી સુબોધ, જુલાઇ-ઓગસ્ટ, ૧૯૧૬, અંક ૭-૮, પૃ. ૧૯૬ થી ૧૯૯

૬. સુંદરી સુબોધ, સપ્ટેબર-ઓક્ટોબર, ૧૯૧૬, અંક ૯-૧૦, પૃ. ૫૨૩ - ૫૫૪

૭. સુંદરી સુબોધ, જૂન, ૧૯૧૭, અંક ૬, પૃ. ૧૫૫

૮. સુંદરી સુબોધ, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૧૯૧૮, અંક ૧૨, પૃ.૨૮૭

૯. સુંદરી સુબોધ, સપ્ટેબર, ૧૯૧૩, અંક ૧, પૃ. ૩૧-૩૨

૧૦. સુંદરી સુબોધ, જાન્યુઆરી,૧૯૧૬, અંક ૧, પૃ.૩૨

૧૧. મહેતા શિરીન, ગુજરાતમાં નારી ચેતના, દર્શક ઇતિહાસ નિધિ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૯, પૃ.૨૩૩

૧૨. એજન. પૃ.૨૩૪

૧૩. સુંદરી સુબોધ, માર્ચ-એપ્રિલ, ૧૯૧૪, અંક ૭-૮, પૃ. ૨૦૨

૧૪. કુમાર, જુલાઈ ૧૯૯૫. પૃ.૩૦૨-૩૦૪

૧૫. સુંદરી સુબોધ, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૧૯૨૦, અંક ૧-૨, પૃ.૩૨

૧૬. સુંદરી સુબોધ, માર્ચ-એપ્રિલ, ૧૯૧૪, અંક ૭-૮, પૃ. ૧૯૬

૧૭. મહેતા શિરીન, પૂર્વોક્ત, પૃ. ૮૧

સંદર્ભસૂચિ :

૧. પટેલ બી.એમ., પટેલ મહેન્દ્ર બ. (સંપાદન), પત્રકારત્વના પ્રવાહો, ભાગ-૨', આર્થિક વિકાસ (પબ્લિકેશન ડિવિઝન), કાંકરિયા, અમદાવાદ, ૨૦૦૮, પ્રથમ આવૃત્તિ

૨. જ્યોતિ વિકાસ યાત્રા ભાગ-૧', જ્યોતિસંઘ, ટિળક રોડ, અમદાવાદ

Mehata Shirin, 'Women and Social Change', Rawat Publications, Sector-3, Jawahar Nagar, Jaipur

 ISBN : 978-81-938282-1-2

ભારતમાં ભાષા, ભાષાવાદ અને રાજકારણ

ડૉ. દિપ્તીબા કિશોરસિંહ ગોહિલ, આસિસ્ટન્ટ પ્રોફેસર
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ભારત વિશ્વની સૌથી મોટી સંસદીય લોકશાહી વ્યવસ્થા ધરાવતો દેશ છે. ભારતે પોતાના બંધારણમાં સમવાયતંત્રી વ્યવસ્થા,મૂળભૂત હક્કોનો સ્વીકાર, પ્રતિનિધિત્વવાળી સરકાર અને કાયદાના શાસનનો સ્વીકાર કર્યો છે. ભારતને આઝાદી મળી ત્યારે રાજ્યોની રચના અ,બ,ક,ડ એમ ચાર વર્ગોમાં વિભાજિત કરીને કરવામાં આવી હતી. સ્વતંત્ર ભારતમાં અનેક પડકારો હતા.ભાષા આધારિત રાજ્યોની રચના એ સમયનો ગંભીર પ્રશ્ન બન્યો હતો.

- **અભ્યાસનાં હેતુઓ** :

૧. ભાષાવાદની વિભાવના જાણવી.

૨. ભારતમાં ભાષા આધારિત પ્રાંત રચનાનો ઇતિહાસ તપાસવો.

૩. ભાષાપંચ અને રાજ્ય પુનર્રચના આયોગના હેતુઓની માહિતી પ્રાપ્ત કરવી.

૪. સ્વતંત્ર ભારતનાં બંધારણમાં ભાષા અંગેની જોગવાઈઓ અને સુધારાઓ સમજવા.

- **ભાષાવાદની વિભાવના**

એરીસ્ટાટલના મતે “મનુષ્ય ભાષા બોલનારું, ભાષા દ્વારા મોટાભાગના વિચારો, લાગણીઓ, ભાવો વ્યક્ત કરનારું પ્રાણી છે.”ભાષા એ સામાજિક સંવહન અને વિચારો તેમજ ભાવનાઓના આદાન પ્રદાનનું ઉત્તમ અને અસરકારક માધ્યમ છે. ભાષાએ લોકોને એક તાંતણે જોડનારી મહત્તવની કડી છે તો ક્યારેક આજ ભાષા લોકોમાં વિખવાદનું કારણ બની જાય છે. ભાષાવાદ એટલે “ચોક્કસ પ્રદેશમાં રેહતા અને એક ભાષા બોલતા લોકોમાં અમારી જ ભાષા શ્રેષ્ઠ એવા મિથ્યા ગૌરવની લાગણી અનુભવે અને તેમાંથી જે સંકીર્ણતાની માનસિકતા સર્જાય તેને ભાષાવાદ કહી શકાય.” ભાષાવાદનો અર્થ કોઈ પણ ભાષા પ્રત્યે પ્રેમ અને અન્ય ભાષા બોલવાવાળા લોકોથી ધૃણા એવો થાય છે. ભાષાવાદ પણ પ્રદેશવાદ, સાંપ્રદાયીકતા અને જાતિવાદની જેમ રાજકીય પ્રક્રિયાનું પરિણામ છે. આવો સંકીર્ણ ભાષાવાદ અને પ્રદેશવાદ રાષ્ટ્રીય હિતને અને ખાસ કરીને લોકશાહીને ખૂબ જ નુકસાનકારક છે. ભાષાવાદ અને પ્રદેશવાદ એક સિક્કાની બે બાજુ જેવા છે. આઝાદ ભારતમાં બંધારણના ઘડવૈયાઓ સામે અનેક પડકારો હતા. જેમાંથી એક ભાષાવાદ પ્રાંત રચનાનો અગત્યનો પ્રશ્ન હતો.

- **ભારતમાં ભાષા આધારિત પ્રાંત રચનાનો ઇતિહાસ**

સ્વતંત્રતા પેહલાં ૧૯૧૩થી જ ભાષા આધારિત પ્રાંત રચનાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તેલુગુ ભાષી પ્રજાએ પોતાના અલગ આંધ્ર મેળવવાના પ્રયત્નો શરુ કરી દીધા હતા. ભારતીય રાજકારણમાં ગાંધીજીના આગમન પછી ૧૯૨૬માં કોંગ્રેસ પક્ષે નાગપુર અધિવેશનમાં વહીવટી સરળતા માટે દેશને ભાષા આધારિત ૨૧ ભાગોમાં વહેંચ્યો હતો. અખંડ ભારતનાં એ સમયનાં નકશામાં બર્મા (અત્યારનું મ્યાનમાર) નો પણ સમાવેશ થતો હતો. તેલુગી ભાષીઓની ૧૯૧૩થી શરૂ થયેલી માંગણી સમય જતા મજબૂત બની. જો કે અંગ્રેજ શાસન દરમિયાન સિંધ અને પંજાબ સિવાય બીજા કોઈ નવા પ્રાંતની રચના થઈ ન હતી.

સ્વતંત્ર ભારતમાં તે સમયની પરિસ્થિતિને અનુરૂપ તાત્કાલિક ઉપયોગિતાના આધારે અગાઉનાં બ્રિટિશ પ્રાંતો અને દેશી રાજ્યોના એકીકરણ થકી ઉભા થયેલા એકમોનું શરૂઆતમાં અ,બ,ક,ડ એમ ચાર વર્ગોમાં વિભાજન કરવામાં આવેલું હતું. આ ચારેય પ્રકારના રાજ્યોનો દરજ્જો અલગ અલગ હતો. જો કે એ તમામ રાજ્યો ભારતીય સંઘના અભિન્ન ભાગ ચોક્કસ હતા.

ભારતમાં સમયાંતરે ભાષા આધારિત રાજ્ય પુનઃરચના માટે વિવિધ આયોગ દ્વારા ભલામણો

વર્ષ	આયોગનું નામ	ભલામણ
૧૯૦૩	સર હર્બટ રિજલે આયોગ	બંગાળ સરકારની ભાષાના આધાર પર બંગાળ વિભાજનની ભલામણ
૧૯૦૮	મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ રિપોર્ટ	રાજ્યોની રચના ભાષા અને જાતિ આધારે નહિ પણ નાના ઘટકો ઉપર ભાર આપ્યો
૧૯૨૮	મોતીલાલ નેહરૂ રિપોર્ટ	અલગ રાજ્ય માટે જનસંખ્યા, ભૌગોલિક, આર્થિક અને નાણાકીય સ્થિતિ તથા ભાષા અને લોકોની ઈચ્છા અગત્યની માની
૧૯૪૮	ધાર આયોગ	ભાષાના આધારે રાજ્યની રચના કરવા કરતાં ઐતિહાસિક, ભૌગોલિક, વહીવટી, સાંસ્કૃતિક અને આર્થિક આધાર ઉપર ભાર
૧૯૪૮	જેવીપી આયોગ	ભાષા આધારિત રાજ્યની રચનાનો સ્વીકાર
૧૯૫૩	રાજ્ય પુનઃરચના આયોગ	ભાષા આધારિત રાજ્યની રચનાનો અસ્વીકાર

કરવામાં આવી.

“ અ પ્રકારના મદ્રાસ રાજ્યમાંથી તેલુગુ ભાષીઓનું અલગ આંધ્રપ્રદેશ રચવા માટેનું ઉગ્ર અંદોલન કરવામાં આવ્યું હતું. લોકલાગણીની માંગોને સંતોષવા માટે એસ.કે.ધારની આગેવાની હેઠળ ભાષાવાર પ્રાંત રચના માટેનું “ધાર કમિશન” રચવામાં આવ્યું. આ પંચે સ્પષ્ટ જણાવ્યું કે રાજ્યોની રચના ભાષાના આધારે નહિ પરંતુ વિકાસ, નાણાંકીય સગવડ અને વહીવટી બાબતોને ધ્યાનમાં રાખીને થવી જોઈએ. ૧૯૪૮માં કોંગ્રેસે પંડિત જવાહરલાલ નેહરૂ,વલ્લભભાઈ પટેલ અને પટ્ટાભી સીતારમૈયા એમ ત્રણવરિષ્ઠ નેતાઓનું બનેલું “જેવીપી” કમિશન નીમ્યું. આ કમિશને ૧૯૪૯માં પોતાનો અહેવાલ રજૂ કર્યો. જેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે ભાષા કેવળ એકતા નહિ વિખવાદનું કારણ પણ છે. ભાષા આધરિત વિભાજનની વાત કરતી વખતે દેશની એકતા સુરક્ષા અને આર્થિક સ્થિતિને પ્રાથમિકતા આપવી જોઈએ. આ સમિતિની ભલામણોને ધ્યાનમાં રાખવામાં આવી હતી. આજ સમયગાળા દરમિયાન મદ્રાસ રાજ્યના શ્રી રામુલ્લની આગેનાની હેઠળ તેલુગુ ભાષી લોકો માટે અલગ રાજ્યની રચના કરવા ઉપવાસ શરૂ કર્યા અને ૧૯૫૨માં તેમનું મૃત્યું થયું.આ સમગ્ર આંદોલન અને ઘટનાક્રમને ધ્યાનમાં રાખી ૧ ઓક્ટોબર ૧૯૫૩માં ભાષાના આધારે આંધ્રપ્રદેશની સૌ પ્રથમ રચના કરવામાં આવી. આ ઘટના પછી ભાષાના આધારે નવા રાજ્યોની પુનર્રચનાની માંગ સમગ્ર દેશમાં બળવત્તર બની.આ સમસ્યાના

શાંતિપૂર્ણ નિરાકરણ માટે ૧૯૫૩માં રાજ્ય પુનઃરચના આયોગની સ્થાપના કરવા આવી. આ આયોગે ૩૦ સપ્ટેમ્બર ૧૯૫૫ માં કેન્દ્ર સરકારને પોતાનો રિપોર્ટ રજૂ કરી નીચે પ્રમાણેની ભલામણ કરી હતી.

૧. રાજ્યોનું પુનઃગઠન ભાષા અને સંસ્કૃતિના આધારે અયોગ્ય છે.

૨. રાજ્યોનું પુનઃગઠન રાષ્ટ્રીય સુરક્ષા, નાણાકીય અને વહીવટી આવશ્યકતા તથા પંચવર્ષીય યોજનાઓની સફળતાને ધ્યાનમાં રાખી કરવામાં આવવું જોઈએ.

૩. અ,બ,ક,ડ વર્ગોમાં વિભાજિત રાજ્યોનું વર્ગીકરણ દૂર કરવું. તેની બદલે ૧૬ નવા રાજ્યો અને ત્રણ કેન્દ્ર શાષિત પ્રદેશોનું નિર્માણ કરવું.

ભારતની સંસદે ફઝલઅલી એચ.એન.કુંજરૂ અને કે.એમ.પાણીકર રચિત રાજ્ય પુનઃ રચના આયોગની ભલામણોને ધ્યાનમાં રાખી ૧૯૫૬ માં રાજ્ય પુનર્ગઠન અધિનિયમ પસાર કર્યો. આ અધિનિયમ અંતર્ગત ભારતમાં ૧૪ રાજ્યો અને ૦૫ કેન્દ્ર શાષિત પ્રદેશોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં હવે અનુક્રમે ૨૯ રાજ્યો અને ૦૭ કેન્દ્ર શાષિત પ્રદેશોનો ઉમેરો થયો છે. ભારતમાં ઉત્તરાખંડ, ઝારખંડ, છત્તીસગઢ, અને તેલંગાણાને અલગ રાજ્યનો દરજ્જો મેળવવાની, અને આપવાની પોતાની એક ઐતિહાસિક પૃષ્ઠભૂમિ છે. નાના રાજ્યોની અવધારણાની સાથે સત્તાનું વિકેન્દ્રીકરણ જોડાયેલ છે.

- **ભાષાવાર પ્રાંતરચના અંગે આંબેડકર અને ગાંધીજીના વિચારો**

ભાષા લોકોને જોડનારી અને તોડનારી બંને કડી છે. આંબેડકરનો સ્પષ્ટ એવો મત હતો કે ભાષાવાર રાજ્યો ભલે અલગ થાય પરંતુ તેમની સત્તાવાર ભાષા એક જ એટલે કે હિન્દી હોવી જોઈએ. ભાષાવાર રાજ્યોમાં સ્થાનિક ભાષાને સત્તાવાર દરજ્જો આપવાનું પગલું તેમને વિઘાતક લાગતું હતું. આંબેડકરે "ભાષા એક રાજ્યની બદલે" "એકરાજ્ય એક ભાષા"ની હિમાયત કરી હતી.આંબેડકર પોતાના પુસ્તક " ભાષાવાર રાજ્યો પરના વિચારોમાં "પોતાના વિચારો રજૂ કર્યા છે. આ પુસ્તકમાં રાજ્ય પુનર્રચના સમિતિનો અહેવાલ ટૂંકમાં સમજાવી તેની ખામીઓ પણ દર્શાવી છે. ભાષા આધારિત "એક ભાષા એક રાજ્ય" ની દરખાસ્તને ડૉ.આંબેડકરે અતિશય કાલ્પનિક ગણાવી. તેમના મતે બહુભાષી રાષ્ટ્રો વહેલાં મોડા છિન્નભિન્ન થયા છે. એકભાષી રાજ્યમાં સ્થિરતા અને બહુભાષી રાજ્યમાં ભાગલા તથા અસ્થિરતા હોય છે તેવું આંબેડકર માનતા હતા. તેમના મતે વહીવટી બાબતો,લઘુમતી અને બહુમતી લોકોની વસ્તીની દ્રષ્ટીએ તુલનાત્મક પરિસ્થિતિ, વિવિધ વિસ્તારોની આગવી જરૂરિયાતો આ તમામ પાસાઓને ધ્યાનમાં રાખી વિચાર કરવો જરૂરી છે. "એક ભાષા એક રાજ્ય " ના સિદ્ધાંતને તેમણે અનિવાર્ય ગણાવ્યો હતો.

ગાંધીજીએ પ્રાંતોની પુનર્રચના માટે ભાષાકીય પાયો સાચો લાગતો હતો પરંતુ આઝાદી મળી તે સમયગાળામાં અશાંત પરિસ્થિતિને જોતાં પ્રાંતોની પુનર્રચના કરવા માટેનો આ સમય તેમને અયોગ્ય લાગ્યો હતો. રાજ્યો એકબીજા સાથે અંદરોઅંદર ઝઘડવાને બદલે સમજૂતિથી પોતાની સરહદો નક્કી કરે તેવું તેમનું સૂચન હતું.

- **ભાષાવાદ અને રાજકારણ**

ભારતમાં સત્તાવાર ભાષાનાં પ્રશ્નથી ભાષાવાદની શરુઆત થઈ. હિન્દીને રાષ્ટ્ર ભાષાનો દરજ્જો આપવો કે નહીં તે બાબતે દક્ષિણ ભારત અને ખાસ કરીને તમિલનાડુમાં તેનો વિરોધ કરવામાં આવ્યો.

હિંસક આંદોલનો થયા. ભારત ઉત્તર ભારત અને દક્ષિણ ભારતમાં વહેંચાઈ ગયું. હિન્દીની સાથે અંગ્રેજીને અનિશ્ચિત સમય સુધી સત્તાવાર જોડિયા ભાષા તરીકે સ્વીકારીને પ્રશ્નનું સમાધાન કરવામાં આવ્યું.

બોમ્બે પ્રાંતમાં મરાઠી અને ગુજરાતી એમ બે ભાષી વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેના કારણે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ભાષાનાં ધોરણે રાજ્યોની રચના કરવા માટેનું ઉગ્ર આંદોલન શરૂ થયું હતું. સંસદમાં દ્વિભાષી રાજ્યનો ઠરાવ સ્વીકારવામાં આવેલ જેના પ્રત્યાઘાત સ્વરૂપે અમદાવાદના લો કૉલેજનાં વિદ્યાર્થીઓની સભામાં પગલા સમિતિની રચના કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વયંભૂ દેખાવો કરવામાં આવ્યા. આ ઘટનાને કારણે ધીમે-ધીમે આંદોલન ઉગ્ર બન્યું. મહાગુજરાત ચળવળમાં ઇન્દુલાલ યાજ્ઞિક, જયંતી દલાલ, બ્રહ્મકુમાર ભટ્ટ વગેરેની ભૂમિકા મહત્તવની હતી. આ ઉગ્ર ચળવળના પરિણામે સંસદમાં ૧૯૬૦ માં મુંબઈના દ્વિભાષી રાજ્યનું વિભાજન કરીને મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યની અલગ રાજ્યની રચના કરવામાં આવી.

ભાષાને ચોક્કસ જાતિ, પ્રદેશ અને સંપ્રદાયથી સાંકળીને રાજકીય પક્ષો પોતાની મતબેંક ઊભી કરવાના પ્રયત્નો કરે છે. જેમાં ક્યારેક તેમને સફળતા પણ મળે છે. ભારતમાં ૧૯૬૮ માં ત્રિભાષી ફોર્મ્યુલાનો સ્વીકાર કરવામાં આવેલ.

- **ભાષાપંચ અને બંધારણીય જોગવાઈઓ**

સ્વતંત્ર ભારતનાં બંધારણમાં ૧૪ ભાષાઓ માન્ય રાખવામાં આવી હતી. જે હવે ૨૨ છે. બંધારણના ભાગ ૧૭ માં કલમ ૩૪૩ માં સંઘની રાજભાષા દેવનાગરી લિપિવાળી રહેશે તેવી સ્પષ્ટતા કરવામાં આવી છે. બંધારણના ૨૦માં ભાગમાં સુધારાની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં અનુચ્છેદ ૩૬૮ માં સંસદને બંધારણમાં સુધારો કરવાની સત્તા અને તે માટેની પ્રક્રિયાની આપવામાં આવી છે.

- **અગત્યનાં બંધારણીય સુધારાઓ**

ભારતમાં ભાષા આધારિત થયેલા બંધારણીય સુધારાઓ આ પ્રમાણે છે.

ક્રમ	બંધારણીય સુધારાનો ક્રમ	વર્ષ	સુધારાની ટૂંકમાં વિગત
૧	૦૭મો બંધારણીય સુધારો	૧૯૫૬	ભાષાનાં આધારે રાજ્યોની પુનર્રચના કરવામાં આવી. જેમાં ૧૪ રાજ્યો અને ૦૫ કેન્દ્ર શાષિત પ્રદેશોનો સમાવેશ કરવામાં આવ્યો.
૨	૧૮મો બંધારણીય સુધારો	૧૯૬૬	ભાષાના આધારે પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશને રાજ્ય અને ચંદીગઢને કેન્દ્ર શાષિત પ્રદેશ જાહેર કરવામાં આવ્યું.
૩	૨૧મો બંધારણીય સુધારો	૧૯૬૭	બંધારણની આઠમી અનુસૂચિમાં રાજભાષાની યાદીમાં સિંધી ભાષાને ઉમેરવામાં આવી.
૪	૭૧મો બંધારણીય સુધારો	૧૯૯૨	બંધારણની આઠમી અનુસૂચિમાં ત્રણ ભાષાઓ મણિપુરી, નેપાળી તથા કોંકણીનો સમાવેશ
૫	૯૨મો બંધારણીય સુધારો	૨૦૦૪	બંધારણની આઠમી અનુસૂચિમાં બોડો, ડોંગરી, સંથાલી, મૈથિલી માન્ય ભાષા તરીકે ઘોષિત કરવામાં આવી.

વર્તમાન સમયમાં આધુનિક ટેકનોલોજીનો સ્વીકાર, સોશિયલ મીડિયાનો વધતો પ્રભાવ, રોજગારીની જરૂરિયાત વગેરે જેવા પરિબળોને કારણે ભાષાવાદનો પ્રશ્ન પેહલાં જેટલો જટિલ અને ગંભીર રહ્યો નથી. અલબત્ત આજના વૈશ્વિકીકરણના સમયમાં ભાષા વ્યક્તિ-વ્યક્તિને, વ્યક્તિ અને પ્રદેશને, વ્યક્તિ અને દેશને, વ્યક્તિ અને વિશ્વને જોડનારું અગત્યનું કડીરૂપ માધ્યમ બન્યું છે. હવે અગાઉ જેટલી અસહિષ્ણુતા ભાષા અંગે જણાતી નથી. આજે ઘણા લોકો હિન્દી,અંગ્રેજી ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી બનેલી ભાષાઓ વાંચી, લખી અને બોલી શકે છે. ભાષાનું ભાવ જગત સમજવા, વિકસાવવા અને તેનું જતન તથા સંવર્ધન કરવા માટે વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સાહિત્યિક સ્પર્ધાઓ અને સેમિનારનું આયોજન તથા સઘન અમલીકરણ આ દિશામાં અગત્યનું કદમ ગણાવી શકાય. એક બાબત અહીં ધ્યાનાકર્ષક બને છે કે આઝાદી બાદ સૌ પ્રથમ વાર મદ્રાસમાંથી અલગ આંધ્રપ્રદેશની માંગણી કરવામાં આવી હતી. જે પૂર્ણ કરવામાં આવી હતી. એ જ આંધ્રપ્રદેશમાંથી ૨૦૧૪માં તેલંગણાને અલગ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો છે. ભાષા અને પ્રદેશવાદ આધારિત અલગ રાજ્યના વિભાજનમાં આંધ્રપ્રદેશ પ્રથમ અને હાલમાં છેલ્લું રાજ્ય ગણી શકાય.

સંદર્ભ સૂચિ:

1. **ગજેન્દ્ર શુક્લ 'ભારતનું રાજકારણ ' ધી પોપ્યુલર પ્રકાશન, સુરત, ૨૦૧૨.**
2. रामविलास शर्मा 'भाषा और समाज ' राजकमल प्रकाशन, नई दिल्ली,2002.
3. 'The Constitution Of India ' Government Of India Ministry Of Law & Justice , New Delhi, 2005.
4. **http://www.languageinindia.com**
5. **http://www.hindu.com/2004/09/18/stories/2004091806530100.htm**
6. **https://www.forwardpress.in//2016/02political-objective-of-language-hindi**
7. **http://en.wikipedia.org/wiki/Languages_of_India**

નગર સંસ્કૃતિ પર આદિ સંસ્કૃતિનો પ્રભાવ
('અજાણી દિશા' નવલકથાના સંદર્ભે)

ડૉ.ચીમનલાલ બી. પટેલ, ગુજરાતી વિભાગ,
ભાષા સાહિત્ય ભવન, ગુજ. યુનિ. અમદાવાદ

સર્જક પોતાના અનુભવની સમૃદ્ધિની કથા કહેવા માંડે ત્યારે નવા જ શિખરોનો પરિચય આપણને મળે છે. સર્જક માવજી મહેશ્વરીએ 'અજાણી દિશા'નવલકથામાં આ પરિણામો ચરિતાર્થ કરી બતાવ્યા છે. આ નવલકથાનો નાયક મુંબઈ જેવા શહેરમાં ઉછરેલો અને ધનાઢ્ય પરિવારનો એકનો એક દીકરો છે. પોતાના પિતા સાથે કેટલાંક વૈચારિક મનમેળ ન થતા, પોતાનું ઘર છોડી મુંબઈથી દિલ્હી તરફ જતી ટ્રેનમાં બેસી જાય છે. નાયકે (નિશાંત) તબીબી વિદ્યાશાખાની પદવી હાંસલ કરી છે. નિશાંત અનેક મિત્રો હોવા છતાં કોઈને પણ જાણ કર્યા વિના ઘર છોડી નીકળી પડ્યો. દિલ્હી તરફ જતી ટ્રેન અચાનક જંગલ વિસ્તારમાં ઊભી રહી જાય છે. ટ્રેનમાં લોકો વિવિધ પ્રકારની વાતો કરે છે. નાયક આ બધી વાતો સાંભળે છે, પછી ટ્રેનના દરવાજા પાસે આવે છે. સૂનમૂન ઊભો રહે, જે દરવાજે નિશાંત ઊભો હતો, એની સામે જ જંગલમાં જતી કેડી દેખાય છે. જાણે એ કેડી નિશાંતને પોતાની તરફ બોલાવી રહી હોય એવું એ અનુભવે છે. નાયકને પણ કેડીથી આકર્ષાયને, જંગલની કેડી તરફ જવાની ઈચ્છા થાય છે. મુંબઈ જેવા મહાનગરમાં ઉછરેલો અને ભણેલો નાયક આ જંગલની કેડીનું આકર્ષણ ઊભું થતા, ટ્રેનમાંથી ઊતરી આ કેડીએ કેડીએ ચાલતો થાય છે. થોડે ગયો ત્યાં જ ટ્રેન પણ સિગ્નલ મળતા ઊપડી જાય છે. જંગલની કેડીએ આગળ વધતા કેડી પૂર્ણ થઈ હોય એવું નાયક અનુભવે છે; પરંતુ, હવે પાછા ફરી શકાય એવું રહ્યું નથી. કારણ કે નાયક જે રસ્તે આવ્યો છે, જાણે એ કેડી પણ ભૂંસાઈ ગઈ હોય.

નાયક આગળ વધે છે. સાંજ પડવા આવી છે. ધીમે ધીમે અંધકાર થવા આવ્યો છે. ક્યાં જવું? શું કરવું? કશું સમજાતું નથી. અહીં નાયક જંગલમાં મુશ્કેલીમાં મુકાયો છે, જ્યારે મુંબઈના 'સનબીમ'માં નિશાંતની ચિઠ્ઠીને લીધે આખું ઘર મુશ્કેલીમાં મુકાયું છે. દીકરાના ઘર છોડી જવાને લીધે માતાની સ્થિતિ કફોડી છે. નાયકને જંગલમાં રાત્રિ દરમિયાન આગિયાના અજવાળાના સૌંદર્યનો અનુભવ થાય છે. એક ખંડેર જેવું છે. ત્યાં ઊભો રહે છે. પોતાના મિત્રોનો વિચાર આવે, પોતાની પાસે જે વસ્તુઓ છે તેનો તેમજ પોતાના મહેલ જેવા ઘરનો વિચાર કરી થોડો પરેશાન થાય છે. પોતાની પાસે જે ઘરેણાં છે તે પોતાના જ દુશ્મન ન બની જાય, અહીં રાત્રી કાઢવાની હોય, પોતાની પાસેના બિસ્કિટ ખાઈ, થોડું પાણી પીએ છે. બીજા દિવસે આગળ વધી કોઈ માનવ વસ્તી આવશે એમ વિચારી અહીં રોકાય છે; પરંતુ, જે લોકો જંગલમાં વસે છે તે લોકો એની ભાષા સમજશે ખરા ? ક્યાંક નિશાંતે સાંભળ્યું હતું કે વનમાં વસતા આદિજાતિના લોકો(આદિવાસીઓ) લૂંટારું પણ હોય છે. પોતાની બહેન, ઘરનો(સનબીમ) તથા પરિવારનો તેમજ મિત્રોનો વિચાર કરે છે.

જ્યાં નાયક ખંડેર પાસે રોકાયો છે, ત્યાં એક જંગલી પ્રાણી આવી રહ્યું હોય એવું લાગે, જેનાથી નાયક ભયભીત થઈ ત્યાં જ બેસી રહે છે. આખા દિવસના રઝળપાટથી થાક્યો હોવાથી ઊંઘ આવી જાય છે. સવારે ઊઠતાની સાથે પંખીઓનો કલરવ, ડેરીમાં પંખી, સાપ વગેરેણે પોતાના કેમેરામાં કેદ કરે છે, મુંબઈમાં 'સનબીમ'માં બધા પરેશાન છે. નિશાંતની મા(પુષ્પા) ખૂબ પરેશાન છે. નિશાંતના કોઈ

સમાચાર મળતા નથી. અહીં નિશાંત પણ જંગલમાં આમ તેમ ફરે છે; પરંતુ, રસ્તો મળતો નથી. ક્યાં જવું. ભૂખથી પણ પીડાય છે, બોર અને એક તળાવ જેવા વહોળાનું પાણી પીએ છે. ત્યાં વનવાસીની જેમ એક વૃક્ષ નીચે સૂઈ જાય છે. સ્વપ્નમાં જાતભાતની મુશ્કેલીઓ જુએ છે. એક વખત સાથે અભ્યાસ કરતા મિત્ર પ્રદીપ ગુપ્તાએ જે સ્વપ્નની વાત કરી હતી, તે યાદ આવે છે. આ પરિસ્થિતિ જોતા નિશાંતને દેશના લાખો ગરીબ માણસોની યાદ આવે છે. જ્યાં હાલમાં છે ત્યાં સેલફોનનું ટાવર પણ નથી. એટલા માટે જ એવું લાગે છે. આટલામાં કોઈ માનવવસ્તી ન હોવી જોઈએ. ખૂબ ભૂખ લાગી હોવાથી થોડા બોર ખાય છે. આ રીતે ભૂખ દૂર કરવાનો પ્રયત્ન કરે છે. આટલા મોટા જંગલમાં નાયકનો અવાજ જાણે ક્યાંક શોષાઈ ગયો હોય. છતાં નિશાંત મનોમન આગળ વધવાનો સંકલ્પ કરે છે. પોતે આગળ વધશે અને તે પણ ભૂખ્યા પેટે આગળ ચાલશે. આગળ એક વોકળા પાસે માણસના પગની છાપ જુએ છે; પરંતુ, આગળ જતા ભૂંસાઈ જતી હતી, ક્યાંક એકાદ કપડાંનો ટુકડો પણ દેખાય છે. લોકો વિષે વિચાર આવે છે. કઈ જ્ઞાતિના લોકો અહીં રહેતા હશે ? આ પ્રદેશ ક્યા વિસ્તારમાં આવતો હશે ? ગુજરાત-મહારાષ્ટ્ર કે પછી મધ્યપ્રદેશ ? નિશાંત વધુ વિચાર કરે તે પહેલા એના સેલફોનમાં મેસેજની બીપ સંભળાય છે. હવે કવરેજમાં આવ્યો હોય એવું લાગે છે ત્યાં કોઈ માણસના ખોંખારાનો અવાજ પણ આવે છે. એ દિશા તરફ ધ્યાન આપે છે. જ્યારે મુંબઈમાં પોતાના ઘરે થોડી મુશ્કેલી વધી છે; કારણ કે, વેપારી આલમમાં વાત ફેલાવાનો ભય પિતા અમરકુમાર પારેખને વધુ પરેશાન કરે છે; ખંડણીખોર ગેંગને ખબર ન પડે તેની કાળજી સાથે અમરકુમાર પારેખ, પુષ્પા, જૂઈ વગેરે ધ્યાનથી વર્તન કરે છે. અમરકુમારને લાગણીથી ડૂમો ભરાઈ આવે છે. પોતાને અડીખમ માનતા અમરકુમાર પારેખ લાગણીના ઝંઝાવાતમાં ફસાયા હતા. ત્યાં જ મેસેજ ડિલિવર્ડ થયો છે એમ જૂઈ કહે છે. આ તરફ જંગલમાં રાત પડવા આવી છે. નિશાંતને કોઈ જ રસ્તો મળતો નથી. જંગલમાં પ્રકૃતિ સૌંદર્યનું વર્ણન નવલકથાકાર નિશાંતના મુખે વર્ણવે છે. નિશાંતને ભૂખ લાગી છે; પરંતુ, ખાવા માટે કશું મળતું નથી. સાંકળા વોકળામાંથી બોટલમાં પાણી ભરી લે છે. ચણીબોર સિવાય બીજા કોઈ જ ફળ અહીં દેખાતા નથી. પાછળથી બે પ્રાણીઓ આવી રહ્યાં છે જોઈ ભય પામે છે. પ્રાણીઓ પણ ભયભીત છે. બંને પક્ષે આ પ્રકારના પ્રાણી પહેલીવાર જોતા હોય છે. અજવાળું પૂરું થાય તે પહેલા આગળ વધવા નિશાંત પગ ઉપાડે છે. ઘોર જંગલ છે ન કોઈ દિશા કે ન કોઈ પ્રકાશ, પ્રાણીઓનો ભય વગેરે. પોતે પણ ખોરાક, સલામતી શોધે છે સાથે કેમેરો અને થેલામાં પૈસા વગેરે પણ પડ્યા છે. વિચારમાં ને વિચારમાં રાત્રિ પડી જાય છે. થાકને લીધે સલામત જગ્યા સુધી જઈ શિલાની પર બેગ મૂકી ત્યાં લંબાવે છે ત્યાં જ સેલફોનમાં ફૂલ કવરેજ આવે છે. જૂઈ-કરણ, બેલા વગેરેના મેસેજ, બેલાની અચાનક યાદ પોતાના મિત્ર અજિત ચૌહાણે બેલા વિશે કરેલી વાત વગેરે યાદ આવે છે. એન્જિનિયરની જગ્યાએ ડૉક્ટર બન્યાની બેલા સાથે થયેલી વાત પણ યાદ આવે છે, બેલા સાથે લગ્નની વાત, બેલાનામાં બીજી સ્ત્રી જીવે છે વગેરે યાદ કરે છે. બેલાનો મેસેજ બધા કરતા થોડો ભાવુક હતો. નિશાંત શિલા પર પડ્યો પડ્યો આકાશને જુએ છે. રાત્રે આકાશમાં તારા ચમકતા હતા. સાથે એકબીજી દિશામાં તાપણાં અથવા તો રાંધવાનો, ચૂલાનો પ્રકાશ દેખાતા માનવવસ્તીની નજીક હોવાનું નાયક અનુભવે છે.

બેલા ખૂબ ઝડપથી 'સનબીમ'માં આવે છે. ઘરના બધા પોતપોતાની પ્રતિક્રિયામાં હોય છે. જૂઈ સાથે બેલાની ચર્ચાથી થોડી પરિસ્થિતિ બગડી હોય એવું લાગે છે. બેલા, જૂઈને આશ્વાસન આપે છે. બેલા

અને જૂઈ વચ્ચે થોડો નિશાંત વિશે વાર્તાલાપ થાય છે. બેલાને નિશાંત અને તેના પિતા સાથેના કોલ્ડવોરની ખબર નથી. બેલા, અમરકુમારને મળે છે. અમરકુમારને પોતાની ભૂલ સમજાય છે. જૂઈ અને બેલા અમરકુમાર પાસે બેસે છે. બેલા, અમરકુમારના હાથ પર પોતાનો હાથ મૂકે છે. અમરકુમારને સારું લાગે છે. બેલા, નિશાંત માટે અહીં આવી છે કે પછી 'સનબીમ'ના એક સભ્ય તરીકે એમ વિચારે છે ત્યાં જ બેલાના સેલફોનની રીંગ વાગે છે એટલે થોડો ભય દૂર થાય છે. નિશાંત કવરેજ એરિયામાં હોય છે. બેલા અને નિશાંત વચ્ચે ફોન પર વાત થાય છે. બેલા પૂછે છે કે ક્યાં છો ? જવાબમાં નિશાંત જણાવે છે જંગલમાં છું; પરંતુ, સ્થળની ચોક્કસ ખબર નથી. નિશાંત કહે છે : બે દિવસથી કશું ખાધું નથી અને હું કદાચ ભૂલો પડ્યો હોય એવું લાગે છે. બેલા, નિશાંતને મજાક ન કરવા કહે છે, અને સાથે ઘરની પરિસ્થિતિ વિષે જણાવે છે, અને નિશાંતને ઘર છોડી ચાલ્યા જવા વિષે પિતાની સ્થિતિ અને પાછા આવવા સમજાવે છે. તે પોતાના પ્રેમનો પણ સ્વીકાર કરે છે. બંને વચ્ચેના પ્રેમના એકરારથી હૃદય દ્રવી ઊઠે છે અને નિશાંત જે રસ્તો અપનાવશે એ બેલા પણ સ્વીકારશે. એવો કરાર થાય; પરંતુ, એક વખત ઘરે આવી જવા બેલા, નિશાંતને જણાવે. બેલા નિશાંતની ચિંતા કરે છે અને નિશાંત, બેલાને પોતાને સાથે આવવા કહે છે. બેલા નિશાંતને પાછા આવી જવા કહે છે; પરંતુ, જંગલમાં રસ્તાની સૂઝ ન પડતા નિશાંત પાછો ફરી શકતો નથી. બાપ-દીકરાના અણબનાવના લીધે, નિશાંતને વૈભવી જીવન ગમતું નથી. તે બેલાને કહે છે કે, હું મારી રીતે જિંદગી જીવવા માગું છું. પછી મા અને દીકરા વચ્ચે વાત થતા લાગણી ભર્યા દ્રશ્યો સર્જાય છે; પરંતુ, જંગલમાં ગૌરવ, પૈસા કે સ્ટેટસની કોઈ જ વેલ્યૂ નથી. ફોન બંધ થઈ જતા અમરકુમારને ખૂબ દુઃખ થાય છે. નિશાંતને બેલા સાથે વિતાવેલા દિવસો યાદ આવે છે. બેલા તેના મિત્ર કરણને નિશાંતનું સ્થળ જાણવા કહે છે, તે ગુજરાતનું દાહોદ અથવા તો મધ્યપ્રદેશનું રાજપુર હોવાનું જણાવે છે. કરણ તેના પર આ વિસ્તાર આદિવાસી હોવાનું જણાવે છે.

જંગલમાં રહેતી આદિવાસી પ્રજા માટે અભિપ્રાય આપતા તે જણાવે છે કે, "તેઓ હિંસક નથી હોતા. અત્યંત શરમાળ અને પોતાના રસ્તે ચાલનારા હોય છે..."પૃ.૯૭ હા એક વાત નક્કી છે કે ભાષા અને ભોજન વિચારવું પડે એમ છે. પૈસાની પણ વાત કરે છે અને બંને મિત્રો એકબીજાના સંપર્કમાં રહેવાની વાત કરી ફોન કટ કરી, નિશાંત સૂઈ જાય છે. સવારે નિશાંત જાગે છે ત્યારે એક આદિવાસી યુવાન જાણે એની ચોકી કરતો હોય તેમ, એનાથી થોડે દૂર ઉભડક બેઠો છે. એની પાસે ધારિયું છે. આખી પરિસ્થિતિથી નિશાંત ભયભીત છે. અહીં નિશાંતને મિત્ર કરણની વાતો યાદ આવે છે. ભય પામેલો નિશાંત પેલા યુવાન પાસે આવે છે. પેલો યુવાન પણ એની નજીક આવે છે. બંને એકબીજાની આંખોમાં જોઈ સ્મિત કરે છે. નિશાંત ભાઈબંધી માટે હાથ લંબાવે છે; પરંતુ, આદિવાસી યુવક તેને શંકાની નજરે જોયા કરે છે. પછી ડરતા ડરતા નિશાંત સાથે હાથ મિલાવે છે. આદિવાસી યુવાનની બરછટ હથેળીનો નિશાંતે પહેલીવાર આવો અનુભવ કર્યો. આદિવાસી યુવાને પારંપરિક પોષાક પહેર્યો ન હતો. આ યુવકે પેન્ટ-શર્ટ પહેર્યા હતા. એ પછી પાછળથી બીજા ચાર યુવાનો આવે છે અને થોડા દૂર ઊભા રહે છે. આ યુવાન જે પ્રથમ મળ્યો છે, એનું નામ પૂછતા જાણવા મળે છે એનું નામ બાલુ છે. પછી પેલા ચારે યુવાનો પણ નિશાંતની નજીક આવી હાથ મિલાવે છે. આ બધા યુવાનો અંદરોઅંદર કંઈક વાતો કરે છે; પરંતુ, નિશાંતને ભાષાના લીધે ઝાઝી સમજ પડતી નથી. નિશાંતે, બાલુને રહેઠાણ વિષે પૂછે છે અને બાલુએ દૂર ઝાડી તરફ હાથ લાંબો કરી બતાવ્યું. નિશાંત, બાલુને પોતે ક્યાંથી આવ્યો તેની જાણ કરે છે.

*"હું મુંબઈ મેં મેરા ઘર હૈ. મૈ જંગલમેં ખો ગયા થા. રાસ્તા માલૂમ નહીં. તુમ મુજે અપને ઘર લે જાઓગે ?..."*પૃ-૧૦૩ બાલુ એની વાત સમજી ગયો હોય તેમ અહીં કેવી રીતે આવ્યો ? પોલીસ તો નથી ને ? બાલુની મુશ્કેલી નિશાંત સમજી ગયો. નિશાંત, બાલુ હું પોલીસવાળો નથી, હું ડૉક્ટર છું. નિશાંતે, બાલુને અભિનયથી આખી વાત સમજાવી. છતાં બાલુના મનમાં જે શંકા છે, કે એ અહીં શા માટે આવ્યો ? બાલુને સમજાવે છે કે પિતાજી સાથે લડાઈ થઈ. બાલુ જેવો દેખાય છે એવો ભોળો નથી. થોડો હોશિયાર છે. નિશાંત અહીં કેવી રીતે આવ્યો તેની વિગત તે બાલુને જણાવે છે. જે રસ્તે નિશાંત અહીં આવ્યો હતો, તે જાણી બાલુને પણ આશ્ચર્ય થાય છે. બાલુ, નિશાંતને પૂછે છે કે હવે એ અહીંયા શું કરશે ? એના જવાબમાં નિશાંતે એટલું જ કહ્યું, મારે અહીં થોડા દિવસ જંગલમાં રહેવું છે અને તે પણ તમારી સાથે. રાખશો ને ?

નિસ્વાર્થ આ આદિવાસી પ્રજાને જોઈ નિશાંત, બાલુને ભેટી પડે છે. પેલા બાકીના આદિવાસી યુવાનોને પણ નવાઈ લાગે છે. જવાની તૈયારી થતાં જ નિશાંતની બેગ બાલુ ઉપાડી લે છે. નિશાંત બાલુને પૂછે છે કે તમને કેવી રીતે ખબર પડી કે હું અહીંયા છું. જવાબમાં બાલુએ કહ્યું કે મોબાઈલની લાઈટથી. નિશાંત જોઈ શક્યો કે આદિવાસીઓની દ્રષ્ટિ કેટલી તીક્ષ્ણ હોય છે. આદિવાસી વસ્તીના ઝૂંપડા લગભગ બે કલાક ચાલ્યા પછી આવે છે. ત્યાં પહોંચતા તો તેમના નાગાંપૂંગા બાળકો નિશાંતને કોઈ જુદા જ પ્રદેશનું પ્રાણી હોય એમ જોઈ રહ્યા. નિશાંત જેને ગામ ગણતો હતો, તે તો આદિવાસીઓના માંડ-માંડ દસેક જેટલા ઝૂંપડાઓ હતા. નિશાંતને અહીં વારંવાર મુંબઈ અને પોતાનું ઘર યાદ આવતું હતું. નિશાંત ઊંઘીને ઊઠ્યો ત્યારે જે સ્થિતિમાં બાલુને બેઠેલો જોયા હતો એ રીતે બેઠો હતો અને નાયકને જાગી ગયો છે એમ જાણી બાલુ જંગલમાં લાકડાં લેવા જવાની સૂચના આપતો જણાય છે. કારણ કે નિશાંતને રહેવા માટે ઘર બનાવવાનું હતું. બાલુ તૈયાર થઈને જ બેઠો હતો. બાલુની ઘરવાળી શાંતા પણ તૈયાર હતી. અહીં બાલુનો કૌટુંબિક પરિચય થાય છે. બાલુના ચાર સંતાનોમાંથી સૌથી નાનું સંતાન બાલુની પત્ની સાથે હોવાથી નિશાંત પાછા વળવાનું કહે છે; પરંતુ, બાલુ હસતા કહે છે કે *"ઉસકે બિના ઘર નહીં બનેગા..."*પૃ.-૧૦૭ અહીં સ્ત્રીઓની ઘરની દેખભાળની જવાબદારી સાથે આદિવાસી સમાજમાં પણ સ્ત્રીનું મહત્તવ કેટલું હોય છે તે જોઈ શકાય, તેમજ ભારતીય આદિવાસી સંસ્કૃતિની છાંટ અહીં દેખાયા વિના રહેતી નથી. બાલુ, નિશાંતને લાકડાં કાપવા કુહાડી આપે છે; પરંતુ, નિશાંત કશું કરી શકતો નથી અને રાત્રિ પડતા પહેલા નિશાંતને રહેવા માટે ઘર તૈયાર કરવામાં આવ્યું. *"નિશાંતનું હૈયું ભરાઈ આવ્યું. આ ગરીબીમાં સબડતા અજાણ્યા લોકોની લાગણી સામે માથું ઝૂકી ગયું..."*પૃ.-૧૦૮ અહીં આદિવાસી માનવ સંસ્કૃતિના પૂરેપૂરા દર્શન થાય છે. ભદ્ર અને શહેરી સંસ્કૃતિ પર આદિ સંસ્કૃતિનો પૂરેપૂરો પ્રભાવ પડતો જોઈ શકાય છે. નિશાંતને બેગમાંથી પૈસા કાઢીને બાલુને આપવાનો વિચાર આવ્યો; પરંતુ, બાલુનું સ્વમાન ન ઘવાય એટલા માટે પોતાને આવેલો વિચાર માંડીવાળે છે. બાલુનો મોટો દીકરો બાબુ તેની બેગ લઈને આવે છે, એને જોતા ગરીબ આદિવાસીની જે દશા હોય છે તેનું આબેહૂબ ચિત્ર બાબુને જોયા પછી સમજાય છે. અહીં આદિવાસી સમાજના છોકરાઓ જાણે બધા એક સરખા જ લાગે છે. છોકરીઓના માથામાં કાંસકો ક્યારે ફર્યો હશે ! સ્ત્રીઓ ઓછું બોલતી અને પુરુષોથી આઘી(દૂર) રહી કામ કરતી. આવી પરિસ્થિતિ હોવા છતાં કોઈ પણ માણસ નિશાંતની બેગ કે તેમાં રહેલી વસ્તુ પર ધ્યાન આપતું નથી. આ બધું નિશાંત ધ્યાનથી જોયા કરે છે. જંગલમાં વસતા આદિવાસીઓ સ્ત્રીની બાબતમાં થોડા વધુ સંવેદનશીલ હોય છે. નિશાંત પાસે જે કેમેરો છે તેને છોકરાઓ દૂર ઊભા

ઊભા કુતૂહલથી જોયા કરે છે. ત્રણ-ત્રણ દિવસના રઝળપાટ પછી નાયકને પ્રશ્ન થાય છે કે આ લોકો જીવતા કેવી રીતે હશે ? કારણ કે જીવન જરૂરિયાત માટેની વસ્તુ મેળવવા માટે અહીં કોઈ જ વ્યવસ્થા દેખાતી નથી. ફક્ત ચોમાસામાં મકાઈ જેવા ધાન્યથી વાવણી કરે છે.

નિશાંતનું ઘર તૈયાર થઈ ગયું. ઘરમાં ન તો કોઈ સાધન છે. ન કશું ઓઢવા-પાથરવાનું. નિશાંત પોતાના ઝૂંપડામાં સાંજે પ્રવેશે છે. મુંબઈના ઘર કરતા આ જુદા જ પ્રકારનું ઘર હોવા છતાં ત્યાંના આદિવાસી લોકોના પ્રેમને લીધે આનંદથી પ્રવેશે છે. જરૂર જણાય ત્યારે જ લોકો દીવો સળગાવે છે. પાંચ-સાત દિવસ પછી અંધારું હવે પરેશાન કરતું નથી. નિશાંત પોતાના ઝૂંપડામાં બેસી સેલફોન ઓન કરે છે; પરંતુ નેટવર્ક વારંવાર કટ થાય છે. બેલા સાથે નક્કી થયા મુજબ એક બ્લેન્ક મેસેજ કરવો. સૌથી મોટી ચિંતા નિશાંતને સેલફોનની બેટરીની હતી. બેલા સાથે વાત કરવાની ઈચ્છા થાય છે; પરંતુ, પૂર્ણ થતી નથી. દરેક પોત-પોતાના ઝૂંપડામાં હોય છે. છોકરા ખાવા માટે ચૂલે ચડેલી હાંડલીમાં ધ્યાન આપી રહ્યા છે, અહીં વસતા દરેક માનવ ભગવાન ભરોસે જીવે છે. ત્રણ દિવસથી બાલુ જે આપે છે, તે નિશાંત ખાય છે. નિશાંતને બેલા તથા ઘરના બધાની યાદ સતાવે છે. બેલા સાથે ફોન પર વાત કરે છે. હું તને ખૂબ યાદ કરું છું કારણ કે મેં આજે ગૃહ પ્રવેશ કર્યો. મારો મિત્ર બન્યો છે બાલુ. બાલુ અને એની પત્નીએ મારું ઘર બનાવી આપ્યું. ખાવાનું જે મળે એ રામભરોસે ખાવ છું. બેલા, નિશાંતને પાછો આવી જવા વિનંતી કરે છે. બેલા એ લોકોને કશું જ થતું નથી, એટલે મને પણ કંઈ જ થવાનું નથી. બેલા એમની પાસે ન તો પૈસા, ન તો કપડાં, ન કસી સગવડો છતાં એ લોકો દુઃખી હોય એવું લાગતું નથી. બેલા, નિશાંતને સમજાવે છે કે તેમ છતાં બધા લોકો કઈ શહેર છોડી જંગલમાં વસવા આવી જતા નથી. "બેલા અહીંના લોકોને કોઈ પણ પ્રકારનું શારીરિક દુઃખ નથી. કોઈ ટેન્શન નથી. બેલા અહીં માણસ હોવાનો આનંદ છે અને જે ચીજની શોધ હતી તે આ ભૂમિ પર દેખાય છે...બોલતા બોલતા શ્વાસ લીધો..."પૃ.-૧૧૧ અને બેલા અહીં કંઈ એવું નક્કર કામ કરું કે તે પછી હું ન હોવ તો પણ અહીંયા ચાલ્યા જ કરે. આજ તો નગર સંસ્કૃતિ પર આદિ એટલે જંગલમાં વસતા લોકોની એકતાની સંસ્કૃતિના પ્રભાવથી નાયક આ પ્રકારે વિચારે છે. નિશાંત બેલાને પણ અહીં જ બોલાવી લેવાની વાત કરે છે. અહીંના લોકો મને પૂર્ણપણે સ્વીકારી અને થોડું પાયાનું કામ કરું, પછી તું પણ મારી પાસે આવી જજે.

બાલુ આવે છે, રોજના ક્રમ પ્રમાણે બાલુ દારૂ પીવા ગયો હતો. બાલુને પૈસા આપવા કહે છે; પરંતુ, બાલુ, ગણપતના છોકરાની બીમારીની વાત કરે. બાલુની વાત પરથી જંગલમાં વસતા લોકોની અંધશ્રદ્ધા દેખાય છે. નવલકથાકાર આ વાત અહીં પોતાની સૂઝથી સરસ રીતે બાલુના મુખે રજૂ કરાવે છે. બાલુની વાત પરથી નિશાંત સમજી ગયો કે અહીં વસતા લોકો દવાને બદલે ભૂતપ્રેતમાં માને છે. બાલુ સાથે નિશાંત, ગણપતના ઘરે જાય છે. ગણપતનું આખું કુટુંબ બીમાર છોકરાની આજુબાજુ બેઠું છે. છોકરાને તપાસી નિશાંત સમજી જાય છે. છોકરાને ખૂબ તાવ છે. નિશાંત ઠંડા પાણીના પોતા મૂકે છે, ગણપતની ઘરવાળી થોડો વિરોધ કરે છે. બધા જ અહીંયા બેઠા છે. થોડા સમય પછી છોકરો ભાનમાં આવે છે. છોકરો ભાનમાં આવતા જ ગણપત નિશાંતના પગમાં પડે છે. નિશાંત સમજાવે છે કે આ મારી ડૉક્ટર હોવાને લીધે ફરજ છે અને ભૂત જેવું કશું નથી. છોકરાને સખત તાવ હતો.

નિશાંતને પિતાની યાદ આવે છે. એ દિવસે રાત્રે ખૂબ ઊંઘ આવે છે. સવારે નિશાંત બાલુ સાથે જંગલમાં જાય છે. આ આઠેક દિવસ આ જંગલમાં નીકળી જાય છે. જે નાયક જંગલમાં ઠીક ઠીક ફરી લે

છે. બાલુને જીવનમાં જરૂરી વસ્તુ ક્યાંથી લાવો છો એવું જાણવાનો પ્રયત્ન કરે, નિશાંતની ઈચ્છા છે કે થોડી દવા તથા થોડા સારવારના સાધનો વગેરે ખરીદવા છે; પરંતુ, તે આ બજારમાં આવું કશું મળતું નથી, એવું બાલુ જણાવે છે.

અચાનક જેની નિશાંતને જરૂર હતી, એવો અવાજ સંભળાય છે; પરંતુ, જીપનો અવાજ અને તેમાં બેઠેલા પોલીસ અધિકારી એ જીપ મધ્યપ્રદેશ પોલીસની હતી. નિશાંત પોલીસ અધિકારી પાસે પહોંચે છે. પોતાની ઓળખાણ કરાવે છે; પરંતુ, પોલીસ અધિકારી એને બરાબર પગથી માથા સુધી જોઈ લે છે. પોલીસ અધિકારી નિશાંતને પકડવા જ આવ્યો હતો. નિશાંત આસાનીથી મળી ગયો એવો અધિકારીને આશ્ચર્ય સાથે આનંદ છે. નિશાંત સાથે થોડી રકઝક પછી પોલીસ અધિકારી એને જીપમાં બેસવા કહે છે. નિશાંત, પોતાનો ગૂનો શું છે ? એવું અધિકારીને પૂછે છે; પરંતુ, અધિકારી કશું સાંભળવા તૈયાર નથી. નિશાંતને 'ખરેટી' પોલીસ ચોકી લઈ જવામાં આવે છે. પોલીસ અધિકારી, નિશાંત સાથે પોલીસ જેવો વ્યવહાર કરે છે. પછી જે માણસે નિશાંતને પેલી ઓરડીમાં જવાનું કહ્યું, એ માણસે નિશાંતને ક્યાંક જોયો હોવાનો ભાસ થાય છે. પોલીસ અધિકારી, નિશાંતને અનેક પ્રશ્નો છે. નિશાંત પોતાની ઓળખાણ ડૉક્ટર તરીકે તેમજ પોતે મુંબઈનો રહેવાસી હોવાનું જણાવે છે અને પોતાના પિતા બિઝનેસમેન હોવાનું પણ જણાવે છે. અધિકારી ખૂબ કડકાઈથી વાત કર્યા, પછી ગુજરાતીમાં ચર્ચા થવાથી નિશાંતને થોડી રાહત થાય છે પછી પોતાના મિત્રોના ફોન આપે છે અને તપાસ કરવાનું જણાવે છે. અધિકારી નિશાંતના મિત્રો તથા પોતાના પિતાનો ફોન નંબર કાગળ પર લખાવે છે. પછી અધિકારી, કાલીરામને બોલાવી નિશાંતને લોકઅપમાં પૂરી દેવાની સૂચના આપે છે.

પોલીસ અધિકારી બેલા તથા કરણ સાથે ફોન પર વાત કરે છે. આજ વાતની જાણ બેલા, પુષ્પા તથા જૂઈને કરે છે અને પછી કરણ સાથે પણ બેલાની વાત થાય છે. પછી લગભગ ચારેક વાગ્યાની આસપાસ પોલીસ ઇન્સ્પેકટર અહીં આવે છે. કાલીરામને લોકઅપ ખોલવાનો આદેશ આપે છે. નિશાંતને ઇન્સ્પેકટરની સામે લાવવામાં આવે છે. ઇન્સ્પેકટરને પોતાના વર્તનથી પસ્તાવાનો અનુભવ થતો હોય તેમ નિશાંતને ઓળખાણ આપતા પોતાની ફરજ જણાવે છે. ઇન્સ્પેકટર બારિયા, નિશાંતને બેસવા માટે કહે છે. ઇન્સ્પેકટર બારિયા કરુણતા સાથે નિશાંતને ખાવા માટે ભજિયા આપે છે. ખાતા-ખાતા બંને વચ્ચે સંવાદ થાય છે. દસ દિવસમાં નિશાંતને પહેલીવાર સ્વાદિષ્ટ ખાવાનું મળે છે. નિશાંત સામાન્ય માનવ સમાજ માટે જે કરવા ઈચ્છતો હતો તે અહીં પૂર્ણ થશે એમ તે વિચારે છે. ઇન્સ્પેકટર બારિયા થોડા મુરજાયેલા હોય એવું લાગે છે. એની આંખોમાં આંસુ છે, કેમ રડે છે તેની નિશાંતને ખબર નથી. ઇન્સ્પેકટર, નિશાંતને કહે છે કે... "તારી કથા જાણી મને પસ્તાવો થાય છે. આ આંસુ પસ્તાવાના છે..."પૃ.-૧૨૮ નિશાંત, ઇન્સ્પેકટર બારિયાને શાંત થવા કહે છે. ઇન્સ્પેકટર બારિયા પોતાની આપવિતી જણાવે છે કે પોતાની જિદને લીધે પોતાનો એકને એક દીકરો ખોયો છે(મૃત્યુ પામ્યો છે.) અને એટલા માટે જ પસ્તાવાના ભાગરૂપે ઇન્સ્પેકટર બારિયા, નિશાંતને બધી મદદ કરવા તૈયાર થાય છે. નિશાંત અહીંયાના આદિવાસીઓ માટે બીમારીનો ઈલાજ તેમજ શિક્ષણ અને રોજગારી માટે કંઈક કરવા વિચારે છે અને તેમાં ઇન્સ્પેકટર મદદ કરવાની હા પાડે છે. આના માટે પૈસાની વ્યવસ્થા માટે નિશાંત, પોતાની પાસે વીંટી તથા હીરાજડિત પેન્ડલ છે. એનો ઉપયોગ થઈ શકશે. જે જે વસ્તુની જરૂરિયાત છે, એ તમામ વસ્તુની યાદી કરી નિશાંત, બારિયાસાહેબને આપે છે. પછી નિશાંત પોતાના નિવાસે પહોંચે છે, ત્યાં

ઝૂંપડામાં બેસેલા આદિવાસીઓનો પ્રેમ અને એના પ્રત્યેની ચિંતા જોઈ, નિશાંતના મોઢામાંથી હાશકારો નીકળી જાય છે.

અહીં મુંબઈમાં 'સનબીમ'માં અમરકુમાર પારેખ વિહ્વળ બની ગયા છે. અમરકુમાર પારેખ, કરણની મદદથી નિશાંત સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે. આખા ઘરની પરિસ્થિતિ અત્યારે નાજુક છે. પુષ્પા કે જૂઈ હોય દરેક ઘરની વ્યક્તિ અત્યારે જે મૂંઝવણમાંથી પસાર થઈ રહ્યાં છે, તેનો કોઈ ઉકેલ અમરકુમાર પારેખની નજરે પડતો નથી. સવારે નિશાંત ઉઠે છે, ત્યારે બાલુ એની બાજુમાં બેઠો હોય છે. નિશાંતને એ આશ્ચર્યથી જોયા કરે છે. નિશાંત પોતાનો નિત્યક્રમ પતાવે છે. ત્યાં જ બાલુ પોલીસવાળા વિશે પૂછે છે. કારણ કે પોલીસવાળાઓ આ શરમાળ અને સામાન્ય આદિવાસી પ્રજાને ખૂબ હેરાન-પરેશાન કરતી હોય છે. નિશાંતને બાલુની આંખમાં જોતા એટલું જરૂર સમજાય છે કે, સદીઓથી અપમાન અને અગવડો વેઠતી પ્રજાને સહિયારો જોઈતો હતો. અહીં આશ્ચર્ય તો એ છે કે, અહીંની પ્રજા કોઈ અજાણી વ્યક્તિ વિશે બીજા માણસને જાણ કેવી રીતે કરતી હશે. જગુ, નિશાંતને મધ ખાવા આપે છે. અહીંના દરેક આદિવાસી માનવને એકબીજા પ્રત્યે ખૂબ લાગણી હોય છે; પણ, આજ લોકો કાલીરામ સારો માણસ નથી, એવું પણ કહે છે. પોલીસવાળા ખરાબ નથી હોતા એવું નિશાંત, જગુને કહે છે. પછી બીજા દિવસે નિશાંતની યાદી પ્રમાણે બારિયાસાહેબ દવાઓ તથા એક મોટરસાઈકલ મોકલાવે છે અને સાથે ચિઠ્ઠીમાં બારિયાસાહેબના મરોડદાર અક્ષર હતા, એમાં જાણે એની લાગણીની સરવાણીઓ ફૂટતી લાગણીવશ હોય એવું લાગે છે. ચિઠ્ઠીમાં જણાવ્યું હતું કે, મોટરસાઈકલ મારા દીકરાની છે. આ વાંચી નિશાંતની આંખો ભીની થાય છે. એક મહિનો થઈ ગયો હોવાથી દવાઓ ખાસ્સી વપરાઈ ગઈ છે. સેલફોનની બેટરીની વ્યવસ્થા પણ થઈ ગઈ છે. આ વિસ્તાર અને જંગલમાં વસતા માનવો નિશાંતને હવે વધુ ગમતા થયા છે. અહીંનું સૌંદર્ય કે પછી અહીંની માનવપ્રકૃતિ નિશાંતને બરાબર જકડી રાખે છે. બાલુની પત્ની જે કંઈ બનાવે છે. એ નિશાંત જમી લે છે અને આ બધી પરિસ્થિતિથી ધીમે ધીમે નિશાંત ટેવાઈ ગયો છે. ઇન્સ્પેકટર બારિયા, નિશાંતને જે કંઈ જરૂરિયાત ઊભી થાય છે તેને પહોંચી વળવા પૂરેપૂરી મદદ કરે છે. બીજા દિવસે બાલુ સાથે નિશાંત 'ખરેટી' પહોંચે છે. 'ખરેટી'માં દવાખાનું ચલાવવું જોઈએ, એવી તમામ વસ્તુઓની સગવડ બારિયા સાહેબે કરી રૂમમાં મુકાવી હતી. બાલુ ધીમેધીમે નિશાંતને સાહેબ કહેતો થયો છે. નિશાંતને આ જંગલ વિસ્તારનો નકશો પણ મળી જાય છે. કાલીરામની મદદથી સાહેબ સાથે વાત પણ થાય છે. બારિયાસાહેબ નિશાંતને ભાવતી ચોકલેટની પણ વ્યવસ્થા કરે છે. બેલા સાથે ફોન પર બેલાને અહીં બોલાવવાની તેમજ લગ્નની વાત થાય. તેમજ અહીંયાના આદિવાસીઓ સાથે રહેવા વગેરેની વાત પણ થાય છે. બાલુ, મનીરામના છોકરાનું માથું ફૂટી ગયું છે એ જણાવે છે, નિશાંત જરૂરી વસ્તુઓ લઈ બાલુ સાથે પહોંચે છે, એની સારવાર કરે છે અને એના પિતાએ જ માર્યો છે એવી વાત જાણે છે. હવે નિશાંત આ પ્રજાના સુખદુઃખને બરાબર ઓળખતો થઈ ગયો છે.

'ખરેટી'માં નિશાંત અને બારિયાસાહેબ મળે છે. ઇન્સ્પેકટર, નિશાંતને જણાવે છે કે, અહીંની આ આદિવાસી પ્રજા બહારના માણસ પર ક્યારેય વિશ્વાસ ન કરે અને જ્યારે વિશ્વાસ થઈ જશે, પછી પોતાનો જીવ પણ આપી દે એવી આ પ્રજા છે. અહીં ભાવકને બારિયાસાહેબની વાત ઉપરથી નગરસંસ્કૃતિ પર સીધો આદિવાસી સંસ્કૃતિનો પ્રભાવ પડતો જોવા મળે છે. ત્યાંથી ઇન્સ્પેકટર, પોતાના કામમાં થોડા રોકાયા હોવાથી નિશાંત, પોતાનો સમય પસાર કરવા માટે બેલાને ફોન કરે છે અને જણાવે છે કે હું આજે

ઇન્સ્પેકટર બારિયાનો મહેમાન થયો છું. નિશાંત અને બેલા વચ્ચે બારિયાસાહેબ તરફથી જે ચીજ-વસ્તુઓ મળે છે તેની વાત થાય છે. ત્યાંથી બારિયાસાહેબ નિશાંતને એક કપડાંની દુકાનમાંથી કપડાં અપાવે છે. કપડાંના પૈસા ચૂકવવા માટે નિશાંત બિલ માંગે છે. ત્યાં ભાવકને કે વાચકને શહેરી સંસ્કૃતિની ઝલક નજરે પડે છે. પછી બારિયાસાહેબના ઘરે પહોંચે છે. નિશાંત બારિયાસાહેબની પત્નીને પગે લાગે છે. સાહેબના પરિવાર સાથે નિશાંતનો પરિચય થાય છે. નિશાંત પર કરેલા ખર્ચનો હિસાબ જ્યારે નિશાંત બારિયાસાહેબને પૂછે છે ત્યારે બારિયાસાહેબ જણાવે છે કે, તમારા પિતાજીને પૂછી જુઓ. નિશાંત ચકિત થઈ જાય છે, ઇન્સ્પેકટર બારિયા ઉપર નિશાંત ક્રોધે ભરાયો છે. ત્યારબાદ બારિયા તો પોતાના પ્રાયશ્ચિત માટે મદદ કરે છે. પોતાના દીકરાને પોતાની ભૂલથી ખોયો છે, એટલા માટે જ કદાચ અમરકુમાર પારેખને વાત કરી છે. જેથી પોતે જે ગુનાહિત જીવન જીવે છે તેવું બીજા પિતા ન જીવે. અમરકુમારની મદદથી જ આ બધું શક્ય બન્યું છે. બારિયાસાહેબની વાતની અસર થોડી નિશાંતને થાય છે. બારિયાસાહેબ અને અમરકુમાર વચ્ચે થયેલી વાત બધી બારિયાસાહેબ, નિશાંતને જણાવે છે.

નિશાંત પોતાની આગળની યોજના બારિયાસાહેબને જણાવે છે. અહીં એ ડિસ્પેન્સરી ખોલવાની ઈચ્છા વ્યક્ત કરે છે અને સાથે લાઈટ, પાણી તથા રસ્તા વગેરેની વ્યવસ્થાની વાત પણ થાય છે. આ શહેરી ડૉક્ટર અશિક્ષિત પ્રજા માટે કઇંક કરવા વિચારે છે ત્યારે બારિયાસાહેબ જણાવે છે કે, 'આ પ્રજા અશિક્ષિત છે. ખાવું, પીવું અને નાચવું એના સિવાય એમની કોઈ અપેક્ષા જ નથી. આ પ્રજામાં ભેગું કરવાની વૃત્તિ જ નથી...' પૃ.-૧૬૧ આ ગુણ આ આદિવાસી પ્રજાની સૌથી મોટી ઓળખ છે. બારિયાસાહેબની મદદથી જંગલ ખાતાના અધિકારી પવન ઠાકુર સાથે વાત થાય છે. નિશાંતે બીજા દિવસે જંગલ ખાતાના અધિકારી પવન ઠાકુર સાથે વાત થાય છે. બારિયાસાહેબનું ઘર છોડતી વખતે બારિયાસાહેબની પત્નીની આંખો ભીની થઇ છે. બંને બહેનો મધુ અને માલિની જીપ સુધી મૂકવા આવે છે. પોતાની માતાની જેમ બારિયાસાહેબના પત્ની, નિશાંતને આવી ઠંડીમાં કશું પહેરવા કહે છે. ત્યારે નિશાંતના જવાબમાં આદિવાસી સંસ્કૃતિની મહેક દેખાય છે... 'આન્ટી હું હવે આદિવાસી જ થઈ ગયો છું અને હવે જો બધું લેવા માંડીશ તો પાર નહીં આવે...' પૃ.-૧૬૫ તે સમયે નિશાંતને પોતાની માતાની યાદ આવે છે. નિશાંતને જલદી પાછો ઘર આવી જવા તેની માતા કહે છે. મા-દીકરા વચ્ચે લાંબી વાતો થાય છે. બીજા દિવસે આર.એફ.ઓ. પવન ઠાકુરને ત્યાં નિશાંતને રામ પ્રસાદ મૂકવા જાય છે. પછી નિશાંત, પોતાના મિત્ર કરણ સાથે અહીંના લોકો તથા અહીંની પ્રકૃતિના સૌંદર્ય વિશે ફોન પર વાતો કરે છે. જ્યાં અત્યારે નિશાંત આવ્યો છે. એ જંગલના વિસ્તારને 'સીતાવન'ના નામે ઓળખવામાં આવે છે. અહીં જીવનમાં જે પ્રાથમિક જરૂરિયાતો નથી તેથી બેલા હાલ બોલાવી શકાય નહીં. ત્યાં જ પવન ઠાકુર આવે છે. વાતનો દોર બદલાય છે. પવન ઠાકુર નિશાંતને જે રીતે આવકારે છે. તે પરથી તેમનો વ્યવહાર અને તેમના ચરિત્રની મહેક જોઈ શકાય છે. પવન ઠાકુરને નિશાંતની તમામ માહિતી કાલીરામે આપી હોય છે. જંગલમાં વસતા આદિવાસી કેટલા ચાલક તથા એમની દ્રષ્ટિ ક્યાં સુધી પહોંચી શકે છે એ કાલીરામના પાત્ર દ્વારા નિશાંતને ખબર પડે છે. ડિસ્પેન્સરીની ચર્ચા થાય છે. ડિસ્પેન્સરી માટે 'બંદરબાની' જગ્યા નક્કી કરવામાં આવે છે. હોળીના તહેવારમાં આજુબાજુની તમામ આદિવાસી પ્રજા અહીં ભેગી થાય છે. પવન ઠાકુર, નિશાંતને જણાવે છે કે અને આ પ્રજાનો ખૂબ પ્રેમ એને હૂંફ મળ્યાં છે. બીજા દિવસે 'બંદરબાની' જવા તૈયાર થાય છે. નિશાંત, બાલુને થોડા પૈસા આપવાની વાત કરે છે;

પરંતુ, બાલુ પાછા લેવાની શરતે લે છે. અહીં પણ સામાન્ય ગણાતા આદિવાસી પ્રજાના કપટ વિનાના જીવનના દર્શન થાય છે અને આટલા માટે શહેરી સંસ્કૃતિ કરતા આ નવલકથામાં નવલકથાકારે આદિ સંસ્કૃતિની ચડિયાતી બતાવી છે. નિશાંત જુએ છે કે ત્રણ દિવસ પહેલા પોતાના ઝૂંપડામાં જે પરિસ્થિતિમાં જે વસ્તુઓ મૂકી ગયો હતો, તે બધું તેમને પણ તેમ જ પડ્યું હતું. અહીંની આદિવાસી પ્રજા ભલે અશિક્ષિત હોય કોઈએ નિશાળ જોઈ નથી; પરંતુ, અભણ આ પ્રજા કેટકેટલા જીવન મૂલ્યો સાથે જીવે છે. આ જ તો આદિવાસી પ્રજા અને સંસ્કૃતિની સમજ છે.

'બંદરબાની' વન્યસૃષ્ટિની સંસ્કૃતિ અને સૌંદર્ય ધરાવતું ગામ છે. બાલુ, નિશાંત સાથે 'બંદરબાની'માં બધા સમાચાર આપે છે. ડિસ્પેન્સરીનું કામ શરૂ થાય છે, પવન ઠાકુર આદિવાસી લોકોના ટોળાની વચ્ચે ઊભા છે. થોડી ચડભડ સાથે દવાખાનાનું કામ શરૂ થયું છે. આ ડિસ્પેન્સરી ઊભી કરવામાં બારિયાસાહેબ અને પવન ઠાકુરનો મોટો ફાળો છે. નિશાંત, બાલુની ભાવનાને ખૂબ સાચવે છે. નિશાંત અને બાલુ સાથે અહીં વસતા દરેક પરિવાર પણ 'બંદરબાની'આવવા માટે તૈયાર થઈ ગયા. આ લોકોએ જે વિશ્વાસ નિશાંત ઉપર મૂક્યો છે. એ જોઈ શહેરી ડૉક્ટર ઉપર આદિવાસી પ્રજાનો એક જુદો જ પ્રભાવ વાચક જોઈ શકે છે. કરણ મુંબઈથી બારિયાસાહેબને ત્યાં પહોંચી ગયો છે. કરણ, બારિયાસાહેબ તથા બારિયાસાહેબનો પરિવાર અને પવન ઠાકુર વગેરે બધા જ 'બંદરબાની' ભેગા થાય છે. કરણ અને નિશાંત એકબીજાને ભેટે છે.

કરણ અને નિશાંત વચ્ચે આટલા દિવસ વિશેની જાતભાતની વાતો થાય છે. ત્યાં જ મધુ અને માલિની ટિફિન લઈને આવે છે. મધુ, કરણને જોયા જ કરે છે. કરણ અને નિશાંત નિરાંતે ઊંઘતા હોય છે, ત્યારે બેલાનો અચાનક ફોન આવે છે અને બેલા છાપામાં નિશાંતના ગૂમ થયાના જે સમાચાર આવ્યા છે તે જાણ કરે છે. આ સમાચાર પછી બારિયાસાહેબ બંને મિત્રોને જીપ દ્વારા પોતાના ઘરે બોલાવે છે અને તુરત જ મુંબઈ જવાની વ્યવસ્થાની ગોઠવણ કરે છે. બારિયાસાહેબના સૂચનથી આ સમાચારને ખોટા સાબિત કરવા માટે નિશાંતે મુંબઈ પહોંચી પોલીસ સ્ટેશન તથા પ્રેસ કોન્ફરન્સ બોલાવીને સાબિત કરવું પડશે કે પોતે ગૂમ નથી થયો. નિશાંત મુંબઈ આવી રહ્યો છે તેવું પિતાને ફોન કરી જણાવે છે. અમરકુમાર પોતાના વકીલ સાવલાને પણ પોતાને ઘેર બોલાવી પ્રેસ કોન્ફરન્સની જવાબદારી સોંપે છે. નિશાંત સીધો જ જ્યાં પ્રેસ કોન્ફરન્સ બોલાવી છે, ત્યાં સ્ટેજ પર પહોંચે છે. અહીં આવી પોતાની ઓળખાણ આપે છે. પત્રકારના એક પ્રશ્નના જવાબમાં નિશાંત પોતાની પરિસ્થિતિ અને જ્યાં રહે છે, તે વિસ્તાર ટ્રાયબલ(આદિવાસી) છે. મારે પૈસા કમાવવાની જરૂર નથી. મારે સામાન્ય માનવ સમાજને મદદ કરવી છે, એમ જણાવે છે. નિશાંતને અનેક પ્રશ્નો પૂછવામાં આવે છે, જવાબ પણ આપે છે અને બેલા સાથે પ્રેમનો એકરાર પણ કરે છે. બેલા નિશાંત જ્યાં હતો એ વિસ્તારના વીડિયો ક્લિપિંગ્સ પણ બધાને બતાવે છે. નિશાંત પાંચ મહિના પછી ઘેર પાછો આવ્યો છે. આખું કુટુંબ આનંદમાં છે. બેલાના મા-બાપને મળી છે. બેલા સાથેનો લગ્નનો પ્રસ્તાવ પણ નિશાંત જ જાહેર કરે છે. બધા સ્વીકારી લે છે. બેલા અને નિશાંતનો પરિવાર જ્યાં નિશાંતની હોસ્પિટલ તૈયાર થઈ રહી છે, ત્યાં જ બંનેની સગાઈ કરતા કહે છે અને પછી ત્રીજા દિવસે બધા 'રાજપુર'જવાનું નક્કી કરે છે. અમરકુમાર પારેખ નિશાંતની વાતનો સ્વીકાર કરી ત્યાં જવાની તૈયારી બતાવે છે. ત્યાં નવલકથા પૂર્ણ થાય છે. સૌથી મોટી વસ્તુ એ છે કે નવલકથાકારે પોતાની કળાકુશળતાથી આખી કથાને જે રીતે ગૂંથી છે. તે જોતા આ નવલકથાનો અંત

 ISBN : 978-81-938282-1-2

થોડો ઉતાવળો લાગે છે અથવા સર્જકથી ઉતાવળમાં થોડું કાચું કાપ્યું હોવાનો ખ્યાલ ભાવકને આવે છે. કારણ જે પિતાના વિચારથી ભિન્ન વિચાર ધરાવતો નાયક પોતાના ખ્યાલથી બધાને આટલી ઝડપે એક કરી શકે એવી શક્યતા અમરકુમારના સ્વભાવમાં જ નથી. નવલકથાના ઉતાવળા અંતને લીધે, નવલકથાનો હાર્દ થોડો કથળતો હોય એવું લાગે છે. છતાં જે આદિવાસી સંસ્કૃતિએ શહેરી સંસ્કૃતિ પર પોતાનો પ્રભાવ પાથરી, શહેરી લોકોને આદિમાનવો તરફનું જે આકર્ષણ ઊભું કર્યું છે એ સર્જકની મોટી સિદ્ધિ છે. અમરકુમાર પારેખ 'બંદરબાની'જેવા જંગલ વિસ્તારમાં રસ્તા, લાઈટ, નિશાળ, હોસ્પિટલ વગેરે બધું થશે એમ જણાવે છે. આ બધું બનતું નિશાંત પોતાની આંખે નિહાળી રહ્યો હોય એવું અનુભવે છે. આ શરમાળ અને નિરઉપદ્રવી પ્રજા, શહેરી લોકોને પોતાના તરફ ખેંચે છે. એ ઘટના નાની-સૂની નથી માટે કહી શકાય કે આદિસંસ્કૃતિનો શહેરી સંસ્કૃતિ પર કેટલો મોટો પ્રભાવ પડે છે.

ભાષા અને રાજકારણ : સંઘર્ષ, સંવાદિતા અને સહસંબંધ

ડૉ.અશોક બી.પુરોહિત, રાજ્યશાસ્ત્ર વિભાગ,
એમ.એ.પરીખ ફાઈન આર્ટ્સ કૉલેજ, પાલનપુર
dr.abpurohit@gmail.com, Mo. – 9228874555

કોઈપણ દેશની ભાષા, કલા કે સંસ્કૃતિનું સર્જન શૂન્યાવકાશમાં થતું નથી. સામાજિક, ભૌગોલિક, રાજકીય, આર્થિક પરિબળોની પશ્ચાદ્‌ભૂમિકામાં ભાષા અને સાહિત્ય જન્મે છે, પાંગરે છે અને ફૂલે ફાલે છે. ભાષા અને રાજકારણ વચ્ચે આંતરક્રિયા થતી હોય છે. ભાષા રાજકારણને પ્રભાવિત કરે છે તો સામા પક્ષે રાજકારણ પણ ભાષાને પ્રભાવિત કરતું હોય છે. એક જ રાષ્ટ્રભાષા રાષ્ટ્રને એકસૂત્રતાના તાંતણે બાંધે છે. ભાષા રાષ્ટ્રની એકતા અને અખંડિતતાનું સંરક્ષણ અને સંવર્ધન કરે છે તો વળી ક્યારેક ભાષાવાદ રાષ્ટ્રીય એકતાને આડે આવતું અવરોધક પરિબળ પણ બની રહે છે. ભાષા રાષ્ટ્રવાદને પોષે છે.ભાષા સમાજમાં ભાવાત્મક એકતા સ્થાપિત કરવામાં સહાયરૂપ બને છે. પરંતુ ભાષાવાદ પ્રાદેશિક સંકુચિતતાની ભાવના જન્માવે છે અને રાષ્ટ્રની એકતા સામે પડકારરૂપ સમસ્યા બની રહે છે.ભાષા રાજકીય સત્તા હાંસલ કરવામાં પણ મદદરૂપ થાય છે તો ભાષાના કારણે જ સત્તા મેળવવામાં ક્યારેક નિષ્ફળતા પણ મળતી જાવા મળે છે. રાજકીય નેતૃત્વ જા પ્રભાવની પ્રક્રિયા હોય તો ભાષા કૌશલ્ય રાજકીય નેતૃત્વના પ્રભાવની માત્રા અને અસરકારકતા વધારે છે.

પ્રસ્તુત સંશોધનપત્રમાં ભાષા અને રાજકારણ વચ્ચેનો સહસંબંધ અને આંતરક્રિયાત્મકતા આલેખવાનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે.

ચાવી રૂપ શબ્દો : - ભાષા, રાજકારણ, ભાષાવાદ.

પ્રસ્તાવના : -

ભાષા એ માત્ર સંવહનનું માધ્યમ નથી પરંતુ જે તે રાષ્ટ્રની સંસ્કૃતિ અને સભ્યતાની ધરોહર છે. ભાષા એ જે તે પ્રદેશના લોકોની અસ્મિતા છે. ભાષા એ શૂન્યાવકાશમાં સર્જન પામતી નથી પરંતુ જે તે પ્રદેશના સાંસ્કૃતિક, ઐતિહાસિક, સામાજિક પરિબળોની પશ્ચાદ્‌ભૂમિકામાં આકાર લે છે, પાંગરે છે અને વિકાસ પામે છે. રાજકારણ અને ભાષા વચ્ચે પણ આંતરક્રિયા થતી હોય છે. રાજકારણ એ ભાષાને પ્રભાવિત કરે છે તો ભાષા પણ રાજકારણને પ્રભાવિત કરતી હોય છે. જો કે બંનેના પ્રભાવની માત્રા અલગ અલગ હોઈ શકે છે. ભાષાના કારણે સમાજમાં સંઘર્ષો જન્મે છે તો વળી સમાજના લોકો વચ્ચે સંવાદિતા જાળવવામાં ભાષા જ મહત્ત્વનું માધ્યમ છે.

ભાષા રાષ્ટ્રની એકતા અને અખંડિતતા જાળવી રાખનારું મહત્ત્વનું પરિબળ છે. ભાષાના કારણે જે તે પ્રદેશના લોકોમાં કે પ્રદેશ - પ્રદેશ વચ્ચેના લોકોમાં સંવહનનું પ્રમાણ વધે છે. સંવહનનું પ્રમાણ વધવાથી લોકો વચ્ચે ભાવાત્મક એકતા વધુ મજબૂત બને છે. સમાજના લોકોમાં રહેલી ભાવાત્મક કે માનસિક એકતા રાષ્ટ્રીય એકતાને સુદૃઢ કરે છે.ભાષાની જાણકારીનો અભાવ સંવહનની પ્રક્રિયામાં અવરોધ ઉત્પન્ન કરે છે. બે વ્યક્તિઓ અલગ અલગ ભાષા બોલતી હોય અને એક વ્યક્તિ બીજી વ્યક્તિની ભાષા સમજતી ન હોય તો તેમની વચ્ચે લાગણી કે વૈચારિક આદાન - પ્રદાન થઈ શકતું નથી. સાંકેતિક ભાષાથી કામ પૂરતી વાતચીત થઈ શકે પરંતુ તેનાથી લાગણીભર્યા ભાવાત્મક સંબંધો સ્થપાતા નથી. આથી રાષ્ટ્રીય એકતાની ભાવનામાં અંતરાય ઉદ્‌ભવે છે.

દેશમાં એક જ ભાષા રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયાને વધુ સરળ અને મજબૂત બનાવે છે. એક જ જાતિમાંથી ઊતરી આવેલો સમૂહ હોય અને તેમની વચ્ચે એક જ ભાષા બોલાતી હોય તો તેમનામાં ઐક્ય સ્થપાય તે સ્વાભાવિક છે. પરંતુ ભારત બહુભાષીય રાષ્ટ્ર છે. ભારતમાં ભાષાકીય વૈવિધ્ય જાવા મળે છે. ભારતમાં મુખ્યત્વે ઇન્ડો – આર્યન ભાષાકુળ અને દ્રવીડિયન ભાષાકુળમાંથી ઊતરી આવેલી અનેક ભાષાઓ અને બોલીઓ બોલાય છે પરંતુ વિવિધ ભાષાઓ બોલનાર વર્ગો વચ્ચે સુમેળ, સંવાદ અને એકતા જળવાય તે મહત્ત્વની બાબત છે. કોઈ પણ રાષ્ટ્રમાં માત્ર એક જ ભાષા સ્વીકારાય તે શક્ય જ નથી. વિશ્વના દરેક રાષ્ટ્માં એક કરતાં વધુ ભાષાઓ પ્રવર્તતી હોય છે. કોઈ પણ પ્રદેશ કે સામાજિક જૂથને પોતાની અલગ અને આગવી ભાષા હોય તે સ્વાભાવિક છે તેમજ તે પ્રદેશ કે સામાજિક જૂથની ભાષાકીય અસ્મિતાનું સંરક્ષણ પણ થવું જાઈએ પરંતુ ભાષાવાદ રાષ્ટ્રીય એકતા માટે ખતરારૂપ બની રહે છે.

ભારતીય રાજકારણમાં ભાષા એ સમસ્યા નથી પરંતુ ભાષાવાદ એ ગંભીર સમસ્યા છે. પોતાના પ્રદેશની ભાષા જ શ્રેષ્ઠ ભાષા છે અને અન્ય પ્રદેશની ભાષા ઊતરતી કે ગૌણ છે. પોતાની ભાષા જ ઉત્તમ છે અને તેને જ રાષ્ટ્રભાષા, સત્તાવાર ભાષા કે અન્ય કોઈપણ વ્યવહારોમાં અગ્ર સ્થાન મળવું જોઈએ તે પ્રકારની લાગણી જ્યારે જન્મે છે અને ઉત્કટ બની ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે ત્યારે ભાષાવાદ જન્મે છે. ભાષાવાદ રાષ્ટ્રકારણની પ્રક્રિયામાં આડે આવતું સૌથી મહત્ત્વનું અવરોધક પરિબળ છે. ભારતમાં આઝાદીથી માંડીને આજ પર્યન્ત ભાષાવાદને કારણે પ્રદેશ - પ્રદેશ વચ્ચે વૈમનસ્યની લાગણી પ્રસરી છે. ભારતીય રાજકારણ માટે ભાષાવાદનો ઉકેલ લાવવો અઘરી કસોટી બની રહી છે. પોતાની અને પોતાના પ્રદેશની ભાષા પ્રત્યે મમત્વ હોય તે સ્વાભાવિક છે. પરંતુ અન્ય પ્રદેશની ભાષા પ્રત્યે ધિક્કારની લાગણી જન્મે તે બાબત ભારતીય લોકશાહી માટે ખતરારૂપ છે.

ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૪૩ થી ૩૫૧માં સત્તાવાર ભાષા અંગેની જોગવાઈ કરવામાં આવી છે. અનુચ્છેદ ૩૪૩ (૧) મુજબ સંઘની સત્તાવાર ભાષા દેવનાગરી લિપિવાળી હિન્દી રહેશે. આ અનુચ્છેદ પ્રમાણે દેવનાગરી લિપિવાળી હિન્દીને સંઘની સત્તાવાર ભાષા જાહેર કરવામાં આવી છે.સાથોસાથ શરૂઆતના પંદર વર્ષ સુધી સંઘના તમામ હેતુઓ માટે અંગ્રેજી ભાષાનો ઉપયોગ ચાલુ રાખવાની પણ જોગવાઈ કરવામાં આવી. સત્તાવાર ભાષાના સંબંધમાં ભારતીય સંસદે સત્તાવાર ભાષા ધારો, ૧૯૬૩ પણ પસાર કર્યો. પરંતુ ત્યારબાદ સત્તાવાર ભાષાને લઈને ભારતના ઘણા રાજ્યોમાં લોહીયાળ સંઘર્ષો થયા. ખાસ કરીને બિનહિન્દીભાષી રાજ્યોમાં હિન્દીનો ભારે વિરોધ થયો. દક્ષિણ ભારતના રાજ્યોમાં સત્તાવાર ભાષાને કારણે મોટો ઉહોપોહ થયો અને લોહીયાળ જંગ ખેલાયો. ભાષાના કારણે શરૂ થયેલા સંઘર્ષના સુખદ સમાધાન માટે ભારત સરકાર દ્વારા ત્રિ - ભાષી ફોર્મ્યુલા પણ ઘડવામાં આવી. આમ છતાં સમસ્યાનો સુખદ ઉકેલ ન આવતાં આજ સુધી ભાષાવાદની સમસ્યા ભારતીય રાજકારણમાં વધુ વિકરાળ બની કાયમ માટે સળગતી જ રહી છે. ભારતના લોકો જ્યારે પ્રાદેશિક ભાષાની સંકુચિતતાની લાગણી ત્યજીને રાષ્ટ્રીય હિતનો વિચાર કરતા થશે ત્યારે જ ભાષાવાદનો ઉકેલ લાવી શકાશે.

આથી કહી શકાય કે રાજકારણની વિધેયાત્મક કે નકારાત્મક અસર ભાષા પર થતી હોય છે. ભાષા એ માત્ર સંવહનનું માધ્યમ નહિં પરંતુ લોકોની ભાવનાત્મક બાબત હોવાથી તેના અનુસંધાનમાં

સરકાર દ્વારા કોઈ નીતિ ઘડાય કે કોઈ નિર્ણય લેવાય ત્યારે તેની તાત્કાલિક પ્રતિક્રિયા સમાજમાંથી ઉદ્‌ભવે છે. પરિણામ સ્વરૂપ સરકાર અને સમાજ વચ્ચે સંઘર્ષ, સમન્વય અને સંવાદ સ્થપાય છે.

ભાષાને લઈને રાજકારણ પર જે મનોવૈજ્ઞાનિક અસરો જન્મે છે તેની ચર્ચા કરીએ તો કહી શકાય કે ભાષા અને રાજકારણ પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા છે. રાજકારણ અને નેતાગીરી એ પ્રભાવની પ્રક્રિયા છે. ભાષા કૌશલ્ય નેતાગીરીની પ્રભાવની માત્રા અને અસરકારકતા વધારે છે. નેતા અને અનુયાયીઓ વચ્ચે અસરકારક સંવહન થવું જરૂરી છે. ભાષા અંગેનું જ્ઞાન અને શૈલી સંવહનની અસરકારકતા વધારે છે. અસરકારક નેતૃત્વ માટે નેતાનો અનુયાયીઓ દ્વારા સ્વીકાર થવો જરૂરી છે અને તેમાં ભાષા મદદરૂપ બને છે. ભાષાકીય સંવહન કૌશલ્ય નેતા અને અનુયાયીઓ વચ્ચેના સંબંધો વધુ ગાઢ અને ભાવાત્મક બનાવે છે.

ભાષા રાજકીય સત્તા પ્રાપ્ત કરવામાં તો વળી ક્યારેક રાજકીય સત્તા ગુમાવવામાં પણ કારણભૂત બને છે. લોકમત એ લોકશાહીની પારાશીશી ગણાય છે. લોકમત ઘડતરમાં ભાષા મહત્ત્વનો ભાગ ભજવે છે. સત્તા હાંસલ કરવા કોઈપણ રાજકીય પક્ષ કે નેતા લોકમતને પોતાની તરફ વાળવા મથામણ કરતો હોય છે. ભાષાના કારણે લોકમત પોતાની તરફેણમાં કે વિરુદ્ધમાં જતો હોવાની ઘટના બનતી હોય છે.ચૂંટણીઓમાં લોકમતને પોતાની તરફેણમાં વાળવા માટે રાજકીય ભાષણો થતાં હોય છે તેમાં રાજકીય સૂત્રો અને ભાષાપ્રયોગ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઉદાહરણ તરીકે ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણીની વાત કરીએ તો બહુજન સમાજવાદી પક્ષ દ્વારા વિધાનસભા ચૂંટણી (૨૦૦૨) માં એવું રાજકીય સૂત્ર રજૂ કરવામાં આવ્યું હતું કે , "तिलक तराजू और तलवार, इनको मारो जूते चार"

ઉપરોક્ત રાજકીય સૂત્રમાં જે ભાષા પ્રયોગ કરવામાં આવ્યો તેનો હેતુ દલિત વોટબેંકને પોતાની તરફ વાળવાનો હતો. પરંતુ તેના કારણે કહેવાતી સવર્ણ કોમો તેનાથી નારાજ થઈ. તેમાંય ખાસ કરીને બ્રાહ્મણો તેનાથી વધુ નારાજ થયા અને ઉત્તરપ્રદેશમાં બહુજન સમાજવાદી પક્ષને વિધાનસભા ચૂંટણીમાં બહુમતી પ્રાપ્ત થઈ શકી નહિં. બીજી વખત આવી ભૂલનું પુનરાવર્તન ન થાય અને સત્તા ગુમાવવાનો વારો ન આવે તે માટે બહુજન સમાજવાદી પક્ષ દ્વારા વિધાનસભા ચૂંટણી ૨૦૦૭ માં રાજકીય સૂત્ર અને તેમાં ભાષાપ્રયોગ બદલવામાં આવ્યો. 'हाथी नहिं गणेश है, ब्रह्मा विष्णु महेश है'આ રાજકીય સૂત્રના ભાષાપ્રયોગથી ઉત્તરપ્રદેશની કહેવાતી સવર્ણ જ્ઞાતિઓને ખુશ કરી શકાય અને બહુજન સમાજવાદી પક્ષે વિધાનસભાની ચૂંટણીમાં સફળતા પ્રાપ્ત કરી અને માયાવતી ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી બન્યાં.

વિધાનસભા ચૂંટણી ૨૦૦૭ માં 'तिलक तराजू और तलवार, ऊनको पूजो बारंबार'જેવા રાજકીય સૂત્રમાં ભાષાપ્રયોગ બદલીને ઉત્તરપ્રદેશની કહેવાતી સવર્ણ જ્ઞાતિઓનું જનસમર્થન બહુજન સમાજવાદી પક્ષ મેળવી શક્યો. બહુજન સમાજવાદી પક્ષ દ્વારા રાજકીય સૂત્રોમાં ભાષાપ્રયોગ બદલવાથી રાજકીય સત્તા હાંસલ કરી શકાઈ. બહુજન સમાજવાદી પક્ષની સર્વજન સમાજવાદી પક્ષ તરીકેની રાજકીય છાપ મતદારોમાં ઉપસાવવામાં તેને સફળતા મળી. આથી કહી શકાય કે ચૂંટણીઓમાં રાજકીય સૂત્રો અને તેમાં કરવામાં આવતો ભાષાપ્રયોગ મતદારોમાં માનસશાસ્ત્રીય અસરો ઉત્પન્ન કરે છે અને આ પ્રકારની હકારાત્મક કે નકારાત્મક અસર ચૂંટણીમાં સફળતા કે નિષ્ફળતા મેળવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આથી અત્રે કહેવું ઘટે કે ભાષા અને રાજકારણ વચ્ચે સહસંબંધ રહેલો છે. નેતામાં રહેલો

વાક્ચાતુર્યનો ગુણ રાજકીય નેતૃત્વની અસરકારકતા વધારે છે. આથી કહી શકાય કે રાજકારણમાં ભાષાની ભૂમિકા મહત્ત્વની બની રહે છે.

સંદર્ભ : -

(1) "BSP Haathi turns into Ganesh", Times of India, 13/5/2005.
(2) Constitution of India, Government of India, Ministry of Law and Justice, New Delhi.
(3) Kothari Rajni, Politics in India, Orient Longman Private Ltd., New Delhi, 1970.
(4) "Language Politics", The Indian Express, 9/9/2015.
(5) Rajimwale Sharad, "Language and Politics", Mainstream, Vol.- XLVII, No. 19, 25/4/2009

વૈશ્વિકરણના પ્રવાહમાં આદિવાસીઓ
(રણેન્દ્રની હિન્દી નવલકથાઓ 'ગ્લોબલ ગાંવ કે દેવતા' અને 'ગાયબ હોતા દેશ'ના વિશેષ સંદર્ભે)

ડૉ.આનંદ વસાવા
ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ.
Email: anandjvasava@gamil.com, મો.૭૩૫૯૩૯૫૪૫૭

હિન્દી સાહિત્યમાં આદિવાસીઓની સમસ્યાઓ સંદર્ભે સર્જનાત્મક સાહિત્યમાં ઠીક ઠીક કામ થયું છે. સંજીવ રણેન્દ્ર, મહુઆ માઝી, મધુકર સિંહ, રામથાવ શિવેન્દ્ર, રમણિકા ગુપ્તા, નિર્મલા પુત્તુલ વગેરે સર્જકોએ આદિવાસી પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને વિવિધ સાહિત્યિક અભિવ્યક્તિઓ પ્રસ્તુત કરી છે. સંજીવની નવલકથાઓમાં વૈશ્વિકરણને કારણે સર્જાયેલ વિપત્તિઓનું માત્ર નિરૂપણ જ નથી, પરંતુ ભવિષ્યમાં સર્જાનાર પર્યાવરણીય અને માનવ અસ્તિત્વના નિકંદનની સમસ્યાઓ વિશે લાલબત્તી બતાવાઈ છે. આજના સમયમાં મહુઆ માંઝીની નવલકથા 'મારંગ ગોડા નિલકંઠ હુઆ' ખાસ્સી વિવાદોમાં રહી છે. અણુઉર્જાના કાચા માલના સ્રોતો ઉલેચવાને કારણે ઊભી થયેલી માનવઅસ્તિત્વ સામેની ઘાતક દશા વિશે તેમાં કલાત્મક અભિવ્યક્તિ સાધવામાં આવી છે. બંધો જરૂરી છે તેનો વિરોધ ન હોય પણ માનવઅસ્તિત્વના ભોગે નહીં જ. નાના નાના બંધોનું નિર્માણ કરીને આદિવાસીઓના ભૂંસાતા અસ્તિત્વને બચાવી જ શકાય. આદિવાસી જીવન અને સંસ્કૃતિ વિશે સર્જનાત્મક સાહિત્યના માધ્યમથી મૂળગામી વિમર્શ શરૂ કરનાર રણેન્દ્ર ઝારખંડના વતની છે. 'ગ્લોબલ ગાંવ કે દેવતા' તેમની પ્રથમ નવલકથા છે. જેના દ્વારા તેમને રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત થઈ છે. 'થોડા સા સ્ત્રી હોના ચાહતા હૂં' (કાવ્યસંગ્રહ), 'રાત બાકી', અને 'વહ બસ ધૂણેથી' તેમના વાર્તાસંગ્રહો છે. તેમનું નોંધપાત્ર પ્રદાન નવલકથા સ્વરૂપમાં છે. 'ગ્લોબલ ગાંવ કે દેવતા' અને 'ગાયબ હોતા દેશ' નવલકથાઓ આદિવાસી જીવનને કેન્દ્રમાં રાખીને લખાઈ છે.

અસ્તિત્વનો સંઘર્ષ લડતી ઝારખંડની અસુર જનજાતિની સંઘર્ષકથા છે 'ગ્લોબલ ગાંવ કે દેવતા'. વૈશ્વિકરણના અને મૂડીવાદના સમર્થક નેતાઓ, ધર્મની આડમાં રાજકીય રોટલા શેકનારા ધર્મના દલાલો, સામંતી વિચારધારા ધરાવતા ગોનૂસિંહ જેવા અસામાજિક તત્ત્વોની સાથે સાથે બહુરાષ્ટ્રીય કંપનીના ગ્લોબલ ગામના દેવતાઓની નીતિઓના મણકા કથાના સૂત્રમાં લાક્ષણિકતાથી પરોવ્યા છે.

અસુર જનજાતિઓ વિશે લેખક નોંધે છે કે કહેવાતી મુખ્ય ધારાના લોકોની સર્વમાન્ય ધારણા છે કે અસુરો ખૂબ ઊંચા વિશાળકાય, કાળા-કુબડા, ભયાનક, દાંત આગળ નીકળેલા માથે શીંગડાવાળા ટૂંકમાં રાક્ષસો જ છે. બીજું ચિત્ર એન્થ્રોપોલોજીસ્ટોના પુસ્તકોમાંથી પ્રાપ્ત થાય છે. કેવળ લંગોટી પહેરેલા પુરુષ અને છાતી સુધી નગ્ન સ્ત્રીઓની તસવીરો હોય તો માનવું કે તેઓ અસુરો હશે. પરંતુ આ નવલકથાનું એક મહત્ત્વનું ચરિત્ર રુમઝુમ અસુર જાતિનું કંઈક નોખું જ ચિત્ર રજૂ કરે છે. તેના મંતવ્ય મુજબ અસુરો નાના-મોટા ત્રણ વિભાગોમાં વિભાજિત થયેલા છે. વીર અસુર, અગરિયા અસુર અને બિરિજીયા અસુર. વીર અસુરનું તાત્પર્ય બહાદુર નહીં પણ તેનો અર્થ જંગલ સાથે સંકળાયેલા તેવો થાય છે. પ્રાચીન સભ્યતામાં અસુરનો અર્થ બળવાન પુરુષો થતો હતો. ઋગ્વેદના પ્રથમ ૧૫૦ જેટલા શ્લોકોમાં અસુરો દેવોનો દરજ્જો ધરાવતા હોવાના પ્રમાણો મળે છે. પછી અર્થ બદલાયો અને રાક્ષસો તરીકે ઓળખ

પામ્યાં. અંગિરા ઋષિ અને અગરિયા જનજાતિના સમાજ તરફ અંગૂલિનિર્દેશ કરતા રુમઝુમ કહે છે : બંનેની ઉત્પત્તિ અગ્નિથી થઈ હોવાનું માનવામાં આવે છે. અંગિરા ઋષિએ સૌ પ્રથમ અગ્નિની શોધ કરી હતી. અગ્નિની શોધ અને દેવોનાં સંઘર્ષની કથાઓ જાણીતી છે. ગ્રીક કથાઓમાં સ્વર્ગમાંથી અગ્નિ ચોરી લાવ્યો તેથી દેવોએ તેને સજા કરી હતી. એ જ પ્રમાણે સિંગાબોંગા - સૂર્યદેવ દ્વારા અસૂરોને સજા આપ્યાની કથા પ્રચલિત છે. નવલકથાકારે અસુરોની કથાની સમાંતરે રેડ ઈન્ડિયન્સો સાથે લગભગ આવા જ સંદર્ભોનો ઉલ્લેખ કરીને ઈશારો કર્યો છે કે સામ્રાજ્યવાદી તાકાતો લગભગ એક જ પ્રકારના ઉપાય અજમાવીને જનજાતિઓનો વિનાશ કરે છે. આ જ કારણે અસુરોની વસતિ આઠ-નવ હજાર માંડ બચી છે. તેંત્રીસથી વધારે સ્થળો એવા છે કે જ્યાં અસુરોનો વસવાટ હોવાના પ્રમાણો મળે છે. આજમગઢના જવાસી ગામના માટીના કિલ્લાના અવશેષો તથા કુંવર અને મંગી નદી કિનારાના ખંડેરો અસુરોના હોવાનું મનાય છે. બાણાસુરે ઉત્તર ભારતના મોટા ભૂમિભાગ ઉપર તથા બંગાળ અને અસમ સુધી શાસન કર્યું હતું. બાણાસુર, બકાસુર, ગયાસુર, જરાસંઘ વગેરે અસુર રાજાઓના ઉલ્લેખો મળે છે પરંતુ હજારો વર્ષોથી પીછેહઠ કરી રહેલા અસુરો ધરતીને છેવાડે આવીને ઊભા છે. તેમની જમીનો છિનવવાની પ્રક્રિયા નિરંતર ચાલતી રહી છે.

પ્રાચીન અમેરિકાની રેડ ઈન્ડીયન્સ, ઈંકા, માયા, ઈજદેક વગેરે જાતિઓનો ઉલ્લેખ કરીને નવલકથાકાર દર્શાવે છે કે અસુરો પણ એ જ પ્રમાણે બેદખલ કરાયા છે અને માર્યા ગયા છે. સહિષ્ણુ અને ઉદાર હોવાનો ઢોલ પીટનારી ભારતીય સંસ્કૃતિમાં અસુરો માત્ર રાક્ષસ-મિથ બનીને રહી ગયા છે. અસુરોની દુર્દશા માટે એક તરફ તેમની જાતિગત પરંપરાઓ, માન્યતાઓ જવાબદાર છે. તો બીજી બાજુ સામંતી પરંપરાના પોષક ગોનૂસિંહ જેવા લોકો, ધર્મના ભ્રષ્ટ ઠેકેદાર શિવદાસ બાબા, બહુરાષ્ટ્રીય કંપનીઓનું અમર્યાદ શોષણ તથા સરકારની ઉપેક્ષાનીતિ પણ એટલી જ જવાબદાર છે. અસુરોના સૌથી વધારે ઘરોને ખસેડીને બનાવાયેલી પાથરઘાટ શાળામાં રાજ્યના સૌથી હોશિયાર વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે. તેમાં તગડો પગાર પામનારા શિક્ષકો શિક્ષણકાર્ય કરી રહ્યા છે પરંતુ શાળામાં આદિમ જાતિનો એકેય વિદ્યાર્થી ભણતો નથી. એટલું જ નહીં આદિવાસી કન્યાઓ માટે શરૂ કરાયેલી શાળાઓમાં આદિવાસી બાળાઓની સંખ્યા ૧૦% જેટલીય માંડ હશે. સામંતી વ્યવસ્થાના પ્રતીક સમા ગોનૂ ઉર્ફે ગણેશ્વર સિંહનો બાપ આ પ્રદેશમાં બદનામ ડાકુ હતો. બે નંબરી આવકમાંથી તેની ત્રણ એકર જમીન ત્રીસ એકર થઈ ગઈ છે. રાજકીય નેતાઓને સહારે સરકારી યોજનાઓની ઠેકેદારી લેવા લાગ્યા છે. જુવાનીમાં જે સ્ત્રીઓનો પોતે દુરુઉપયોગ કરતો હતો તેમની જ દીકરીઓનો ઉપયોગ નેતાઓને ખુશ કરવા માટે કરવા લાગ્યા. છોકરીઓની સપ્લાઈ કરવાના ગુના બદલ તેની હોટલ બંધ કરાવી દેવાઈ હતી. જમીન હડપી લેવાની તેને ટેવ છે. લાલચનના કાકાની હત્યા કરાવીને ગોનૂ સિંહ તેના ખેતરને હડપવાની તેની ચાલ જગજાહેર છે. એટલે જ ડૉ.રામકુમાર બધા આદિવાસીઓને એકત્રિત થઈને લડવાની સલાહ આપે છે. તેનું માનવું છે કે અવૈધ ખનન માટે પાંચ દસ અસુરોને પટાવીને તેમની જમીન પડાવી લેવાય છે. બોકસાઈટ કાઢીને મોતના ખાડાઓ છોડી મૂકવામાં આવે છે. આ બધા પ્રશ્નો સામે લડવા માટે અસુર, ઉરાંવ, ખેરવા વગેરે સમુદાયોએ ભેગા મળીને લડવું પડે તે માટે કનારીના નવયુવક સંઘના જેમ્સ અને તેના સાથીઓને ભેગા કરીને કલેકટરને આવેદન આપવામાં આવે છે. તેમાં લાલચનની હત્યા, ગોનૂ સિંહે પચાવી પાડેલી જમીન, બિનકાયદેસર ખાણ ઉદ્યોગ, ખોદેલી ખાણને પુનઃ

ભરવાની તથા કંપનીઓ દ્વારા લીઝ અંગેની શરતોની ઉપેક્ષા વગેરે મુદ્દાઓ સામેલ કર્યા છે. તેઓ કલેકટરને સ્પષ્ટ જણાવી દે છે કે જ્યાં સુધી આ પ્રશ્નો સંદર્ભે પગલાં નહિ લેવાય ત્યાં સુધી ખાણો અને ઓફિસોમાં કામ ઠપ કરી દેવાશે. અહીંથી જ સંઘર્ષનાં મંડાણ થાય છે. જેનો સીધો સંબંધ ગ્લોબલ ગામના દેવતાઓ સાથે છે. શરૂઆતમાં તો આ ગમાર અસુર કોલ છોકરાઓને કોઈ ગંભીરતાથી લેતું નથી, પરંતુ ખનનબંદીના સાતમા દિવસે જ્યારે સશસ્ત્ર દળોની ભારે ભરખમ ગાડીઓ મહિલાઓની શાંત રેલીને રોકીને પાછા ફરવા મજબૂર કરે છે ત્યારે પહેલીવાર તંત્રમાં હલચલ મચે છે. લાલચન, રુમઝુમ, ડૉ.રામકુમાર આદિએ ખનનકાર્ય અટકાવવાને ગ્લોબલ ગામના દેવતાઓને પડકાર્યા હતાં.

એકતરફ પૂંજીવાદી તાકાતો, પોલીસ અને પ્રશાસનનો દુરુઉપયોગ કરીને સંઘર્ષરત અસુરોની એકતાને, તેમના આંદોલનને તોડવાના પ્રયાસો કરે છે તો બીજી બાજુ, ધર્મની આડમાં પોતાની રાજકીય ધાક જમાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. નવલકથાકારે શિડાલકો કંપનીના મેનેજર કિશનકનૈયા પાંડે અને શિવદાસ બાબાની કથા દ્વારા આ સ્તિથિને પ્રગટ કરી છે. કિશનકનૈયા તેના નામ પ્રમાણે રસિક મિજાજનો છે. ગરીબ આદિવાસીઓને પટાવવાની કળાનો તે ઉસ્તાદ છે. તેની આ કળાથી મોટા અધિકારીઓ અને રાજધાનીના વીવીઆઈપીઓને એ ખિસ્સામાં રાખીને ફરે છે. પહેલીવાર રામકુમાર, લાલચન, રુમઝુમ અને જેમ્સની ચોકડી તેના હાથોમાંથી છટકી જાય છે. જાકે રામકુમાર, રુમઝુમ અને સોમા આદિ સંખ્યાબંધ અસુરોને કેદ કરાવીને આંદોલનને કમજોર બનાવવામાં તે સફળ થાય છે.

શિવદાસ બાબા પોતાને જતેશ્વરનાથનો અવતાર ગણાવે છે. તેમણે કંઠી અભિયાન ચલાવીને કંઠી ધારણ કરનારાઓને દારુ અને માંસથી દૂર કરે છે. એવા અનેક નિયમો પૈકીનો એક નિયમ કાળા જાનવરોથી દૂર રાખવા માટેનો પણ છે. આ પ્રકારના નિયમ પાછળ તેની અર્થશાસ્ત્રીય છલના રહેલી છે. તેનું બીજું કાર્ય છોકરીઓ માટે નિવાસી શાળાઓ બનાવવાનું છે. તેમાં કન્યાઓના શીલ, ચરિત્ર નિર્માણની ઝાઝી દરકાર લેવાય છે અને એ હેતુ માટે શિક્ષિકાઓને જ નોકરીમાં રાખવાનો આગ્રહ રખાય છે. આ પ્રકારના વિદ્યાલયો બાબાની ઐયાશીના મુક્ત ઉદ્યાનો છે જ્યાં કન્યાઓ અને શિક્ષિકાઓનું ભરપૂર જાતીય શોષણ કરાય છે. વિરોધ કરનારી શિક્ષિકાઓ ઘર ભેગી થાય અને ‘સહયોગી’ શિક્ષિકાઓના માટીના ઘરો પાકા બંગલાઓમાં રૂપાંતરિત થઈ જાય છે. બાબાની પાપલીલાઓથી સમાજ પરિચિત છે તેને પડકારવાની કોઈની તાકાત નથી. અત્રે એક પત્રમાં આ વાત હૃદયદ્રાવક રીતે અભિવ્યક્તિ પામી છે. ‘અમારા પૂર્વજાએ જંગલનું રક્ષણ કરવાનું નક્કી કર્યું તો અમને રાક્ષસ કહ્યા. ખેતી માટે જંગલોને નષ્ટ કરનારાઓનો વિરોધ કર્યો તો દૈત્ય ગણાયા. જાકે સદીઓના ઇતિહાસમાં વીસમી સદીની હાર અમારી સૌથી મોટી હાર હતી. વરુઓના અભ્યારણ્યથી કિમતી વરુઓ જરૂર બચી જશે પણ અમારી જાતિ નષ્ટ થઈ જશે.’

જો કે ક્રૂર વ્યવસ્થા ઉપર તેની કોઈ અસર થતી નથી. ઉલટાનું દમનચક્ર આરંભાય છે. શાંતિપૂર્વક આંદોલન કરનારાઓ ઉપર થયેલ દમનના વિરોધમાં દેખાવો કરતાં આદિવાસીઓ ઉપર ગોળીઓ ચલાવીને છ આદિવાસીઓને પતાવી દેવાય છે. છાપાઓમાં એક ક્રિકેટરે એક ઓવરમાં મારેલા છ છગ્ગાઓને વિશેષ સ્થાન મળે છે. પરંતુ ત્રીજા પેજ ઉપર બે કોલમના સમાચારમાં છપાય છે કે પોલીસ મુઠભેડમાં છ નક્સલવાદીઓ માર્યા ગયા છે. લાલચનને એરિયા કમાન્ડર જાહેર કરીને એના

ઉપર જૂઠા આરોપો ઘડી કાઢવામાં આવે છે. નવલકથામાં પત્રકારત્વના સ્તર અને બીજી બાજુ નક્સલવાદી આંદોલનની વાસ્તવિકતા પ્રગટ કરાઈ છે.

લલિતાના વિચારો આંખો ખોલી નાંખનારા છે. તેના માનવા મુજબ રાજ્ય-રાજ્યની હિંસાનો કોઈ જવાબ ન હોઈ શકે. રાજ્યના પાયામાં જ હિંસાની ઈંટો હોય છે એમ નહીં, પણ તેના મહેલો પણ હિંસાની ઈંટોથી ચણાયેલા હોય છે. આ એક જ એવી સંસ્થા છે જેમાં હિંસાને સાંસ્થાનિકરૂપ આપવામાં આવે છે. તેની સેના, સશસ્ત્ર બળો, પોલીસ બધા જ સૈદ્ધાંતિક રીતે હિંસા માટે પ્રશિક્ષિત કરાયેલા હોય છે. રાજ્ય - રાષ્ટ્ર પોતાને સુરક્ષિત રાખવા માટે માનવીનો માનવી દ્વારા જ નાશ કરાય છે. નવલકથાકારનું સ્પષ્ટ મંતવ્ય છે કે ગ્લોબલ ગામના દેવતાઓ અને રાજ્ય-રાષ્ટ્ર એકમેકમાં ભળી ગયા છે.

'ગાયબ હોતા દેશ'માં રણેન્દ્ર ઝારખંડના મુંડાઓની સમસ્યાઓ લઈને આવે છે. મૂડીવાદી વિકાસના પ્રવાહમાં કેવી રીતે એક સમુદાય વિશેષનું નિકંદન નીકળી રહ્યું છે તે વિષયનું રસપ્રદ ચિત્રણ આ નવલકથામાં થયું છે. નવલકથા માત્ર મુંડાઓની જ નહીં, સમગ્ર આદિવાસીઓની સમસ્યાઓને ઉજાગર કરે છે. આજે આદિવાસીઓને સૌથી વધારે પ્રલોભન આપવાના પ્રયાસો થઈ રહ્યા છે. જેથી તેની પાસેના પરંપરાગત સંશાધનો, જળ, જંગલ અને જમીનો વિકાસના નામે સોંપી દે. આ વિકાસ માછલીઓને ફસાવવાના ચારા જેવો જ છે. જે આ જાળમાં નથી ફસાતા તેઓ વિદ્રોહી ગણાય છે. જેમને સરકારી ભાષામાં નક્સલવાદીઓ કહેવાય છે. તેમને દેશદ્રોહી, ક્રૂર, હત્યારાઓનું લેબલ આપોઆપ લાગી જાય છે. એક તરફ આદિવાસી સમાજને બહુ ઝડપથી પોતાની માયાજાળમાં બાંધી દીધો છે. એક વર્ગ થોડુંઘણું ભણેલો છે તે પોતાના સ્વાર્થ માટે બજારની ઝાકમઝોળમાં અન્ય આદિવાસીઓને ફસાવી રહ્યો છે. સંઘર્ષના કપરા કાળમાં તેની પાસે નિર્ણાયક ભૂમિકાની અપેક્ષા રાખવી વ્યર્થ જણાય છે.

'સોનાનો પ્રદેશ' ગણાતો વિસ્તાર બહારની પ્રજાઓના દબાણોને કારણે આદિવાસીઓ માટે નરક સમાન બની ગયો છે. ભાતભાતના કાયદા-કાનૂનોથી આદિવાસીઓને તેની પ્રાકૃતિક જીવન પરંપરાથી દૂર કરાઈ રહ્યા છે. આદિવાસીઓ અંગ્રેજા વિરુદ્ધ લડ્યા હતા. જમીનો બચાવવા માટે આજે સ્વદેશી સરકાર સામે લડવું પડે છે. લડાઈનો અંત આવ્યો નથી. વિરોધીઓ બદલાયા છે પણ સમસ્યા ત્યાંની ત્યાં જ છે. આઝાદી પછી પણ આદિવાસીઓની સમસ્યાઓને મૂળગામી દૃષ્ટિકોણથી નથી જોવામાં આવી. આજ કારણે આદિવાસીઓમાં અંગ્રેજોની માફક જ પ્રવર્તમાન સરકાર સામે અસંતોષ ચાલુ રહ્યો છે. મુંડા જાતિનું કોકરાહ ક્ષેત્ર જ્યાં ઈ.સ.પૂર્વે સદીઓથી તેઓ વસવાટ કરે છે ત્યાં કોર્પોરેટ લૂંટને કારણે જાણે કે આખો પ્રદેશ ગાયબ થઈ રહ્યો છે. નવલકથા એક રૂપક બની રહે છે. પૂંજીવાદની નિર્દયી લૂંટ અને તેના પ્રતિકારની રૂપકકથા લેખકે આફ્રિકા, લેટિન અમેરિકા વગેરે રાષ્ટ્રોના ઉપનિવેશવાદી લૂંટ અને તેના પ્રતિરોધમાં ભારતમાં થયેલા વિદ્રોહની લાંબી પરંપરાના મણકાઓ જોડી લીધા છે. ૧૮૫૭ના વિદ્રોહથી લઈને મધ્ય બિહારનું ખેડૂત આંદોલન, બોધગયાનું જમીન આંદોલન વગેરે ઘટનાઓ નવલકથાને સઘન બનાવે છે. કોકરાહ ક્ષેત્રના જળ, જંગલ, જમીન, ખનીજ અને પર્યાવરણની લૂંટથી સંપન્ન બનેલા રિયલ એસ્ટેટ, માઈનિંગ મેન્યુફેક્ચરિંગથી લઈને મીડિયા સ્વયં કોર્પોરેટ જાળ ફેલાવીને બેઠા છે તેને ઉડળમાં લે છે. આ નવલકથા માત્ર આદિવાસીઓનો સંઘર્ષ નહીં પણ તેમની પ્રથાઓ અને પરંપરાઓમાં વ્યાપ્ત વૈજ્ઞાનિકતાને પણ ઉજાગર કરે છે.

બહુ ઓછી ચર્ચા પામેલા આદિવાસી સમાજના ભૂત-ભાવિ-વર્તમાનને રાજકીય, આર્થિક, બજારવાદ, વૈશ્વિકરણ અને સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી થયેલા નિરૂપણો નવેસરથી, ગંભીરપણે ચર્ચા કરવાની દિશા ચીંધે તેવા છે.

સંદર્ભ

૧. આદિવાસી અસ્મિતા વાયા કથા-સાહિત્ય

- રસાલ સિંહ, બન્ના રામમીણા

૨. ભારતીય સાહિત્ય ઔર આદિવાસી-વિમર્શ

- સં.ડૉ.માધવ સોનટક્કે

- ડૉ. સંજય રાઠોડ

૩. હિંદી મેં આદિવાસી સાહિત્ય

-ડૉ.ઇસપાક **અલી**

 ISBN : 978-81-938282-1-2

"વાંસનો અંકુર" - માનવ મનના આઘાત - પ્રત્યાઘાત નિરૂપતિ કૃતિ

ડૉ.ચેતના દેસાઈ

સરકારી વિનયન કૉલેજ, માંડલ, જિલ્લો – અમદાવાદ

મો.૯૯૭૯૯ ૩૬૧૭૬, E-mail : cdesai110@gmail.com

સાહિત્ય સર્જન કરનાર સર્જક સમાજનો જ એક અંશ છે. સાહિત્ય, સંસ્કૃતિ અને સમાજ અવિનાભાવે એકબીજા સાથે જાડાયેલા છે તેમજ આ બધાંની સાથે સંકળાયેલું છે માણસનું મન. સાહિત્યની મોટાભાગની કૃતિમાં માણસના મનના આઘાત-પ્રત્યાઘાત, સંવેદન, લાગણી, સંઘર્ષ વગેરે દૃશ્યમાન થાય છે. તેવી જ એક લઘુનવલ છે "વાંસનો અંકુર"જે ધીરુબહેન પટેલની કીર્તિદા લઘુનવલ છે.

"વાંસનો અંકુર" ઈ.સ.૧૯૬૮માં પ્રકાશિત થઈ હતી આ લઘુનવલ ઈ.સ.૧૯૬૭ના નવેમ્બરથી નવનીત ગુજરાતી ડાયજેસ્ટમાં ક્રમશઃ પ્રસિદ્ધ થઈ ચૂકી હતી. ત્યારબાદ યુનિવર્સિટી ઓફ બોમ્બે, એસ.એન.ડી.ટી.યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટીમાં પાઠ્યપુસ્તક તરીકે પસંદગી પામી છે. જે આ કૃતિની સાર્થકતા સિદ્ધ કરે છે.

લઘુનવલ અનુભવનિષ્ઠ કથા છે. પરંતુ તેમાં કલ્પના અને કલાના અંશોની ઉપેક્ષા નથી. તેમાં ઘટનાની સ્થૂળતાને ભેદીને ચરિત્રના આંતરજીવનનું ચિત્ર ખેંચવાની નેમ હોય છે. એટલે એમાં ઘટના સ્થૂળ નહિ પણ સૂક્ષ્મ રૂપે અપેક્ષાય છે. જીવન ઘટના ભીતરનાં સત્ય કે રહસ્યને મૂર્ત કરી આપવાનો લઘુનવલનો હેતુ હોય છે. કથાનાયક કેશવની નસોમાં સ્વાભિમાની માતા સુશીલાનું બંડખોર લોહી વહે છે. પતિને ઘર જમાઈ ન થવા દેતાં સુશીલાએ સ્વેચ્છાએ ગરીબી સ્વીકારેલી. પુત્રને જન્મ આપી એ મૃત્યુ પામેલી ત્યારે કેશવનો હવાલો દાદાજીએ લીધેલો, હવે કેશવે એમની પ્રતિકૃતિ બનવાનું હતું. કેશવ બળવો કરે છે તે પણ દાદાજીની શૈલીએ જ ! અંકુર ખરો, પરંતુ તે વાંસનો જ. કેશવના લાગણીતંત્રના આઘાત - પ્રત્યાઘાત અને સાત્ત્વિક સંઘર્ષનું સ્પર્શક્ષમ ઘટનાઓ, પ્રાકૃતિક સાદ્રશ્યો અને કલ્પનોને સહારે અહીં કલાપૂર્ણ નિરૂપણ થયું છે.

વ્યક્તિસ્વાતંત્ર્ય માટે પોતાના વ્યક્તિત્વની ઓળખ માટે કેશવના ચિત્તમાં શરૂ થતી પ્રક્રિયા - માનસનું આલેખન આ નવલકથાનો મુખ્ય વિષય છે. કેશવના પાત્ર દ્વારા લેખિકાએ સ્વમુદ્રાની આઇડેન્ટિટી શોધનારા, સ્વની ઓળખ પામવા મથનારા અને સ્વતંત્ર વ્યક્તિત્વ ઉજાગર કરવા મથનારા આધુનિક માનવીનું આલેખન કર્યું છે. તો મહાનગરના પરિવેશમાં એકબાજુ ધનાઢ્ય શેઠ રમણીકલાલની આપખુદ સરમુખત્યારશાહી છે અને બીજી બાજુ મોતીલાલ જેવા, રમણીકલાલ જેવા ધનાઢ્યોને હાથે શોષાતા, કચડાતા, ઘોર દારિદ્રયમાં સબડતા અગણિત મૂગાં પ્રજાજનો છે. જે પ્રજાને પોતાનું કોઈ સ્વતંત્ર વ્યક્તિત્વ નથી, એનું જીવન - માનસ કેવું હોય, વૃત્તિ - પ્રવૃત્તિ કેવી હોય તેનું યથાર્થ ચિત્રણ ભાવકને મોતીલાલ અને અનસૂયાના નિરૂપણમાંથી જોવા મળે છે.

કેશવ, મોતીલાલ અને રમણીકલાલ ત્રણે ભિન્ન-ભિન્ન માનસિક વ્યક્તિત્વ ધરાવે છે એ ત્રણેના સંબંધોના તાણાવાણામાંથી કેશવના ચિત્તમાં દાદાજી સાથેના બળવાનો વાંસનો અંકુર ફૂટી નીકળે છે આ અંકુર ફૂટવાની

મનોગત પ્રક્રિયામાં આ લઘુનવલના છ સ્ત્રીપાત્રો - વિમળા, કમળા, સુશીલા, સુવર્ણા, વાસંતી તથા અનસૂયા પોતપોતાને ભાગે આવેલી અસરકારક ભૂમિકા સફળતાથી ભજવે છે. આ છયે સ્ત્રીપાત્રો એકબીજાથી ભિન્ન - માનસિક સ્તર ધરાવે છે કેશવ અને રમણીકલાલના માનસને સ્ફુટ કરવામાં વિમળા, સુશીલા તથા કમળાના પાત્રો યોગ્ય - માધ્યમ બને છે. સુવર્ણા અને વાસંતી કેશવના ચિત્તમાં વ્યક્તિ સ્વાતંત્ર્યની જ્યોત જગાડવામાં સહાયભૂત થાય છે. આ બંને પાત્રો કેશવના ચિત્તમાં મંથન મૂંઝવણ પ્રેરે છે. તેની બદલાતી માનસિક પરિસ્થિતિ માટે તેઓ નિમિત્ત બને છે અને એમના દ્વારા જ એના ચિત્તમાં માનસિક હલચલ મચે છે અને ચૈતસિક સંચલનોને વેગ મળે છે કેશવની ફોઈ અનસૂયાનું પાત્ર તેના ભાઈ મોતીલાલના ઘરસંસારનો યથાર્થ ચિતાર આપવામાં સહાયભૂત થાય છે.

રમણીકલાલની સમયબદ્ધતા, મોતીલાલની દરિદ્રતા, અનસૂયાની ઉત્સુકતા, કેશવના મનમાં ઊઠતું ઘમાસણ યુદ્ધ અંતે મન અને દિલથી તટસ્થ થઈને નિર્ણય લેતો કેશવ વગેરેનું લેખિકાએ લઘુનવલમાં કરેલ આલેખન ખરેખર અદ્‌ભુત અને દાદ માંગી લે તેવું છે.

લઘુનવલમાં સંવાદ ટૂંકા અને ચોટદાર હોવા જોઈએ. થોડામાં ઘણું કહેવાની, તેનામાં ક્ષમતા હોવી જોઈએ. તેમજ સંવાદ વડે પાત્રની મનઃસ્થિતિ તેમજ તત્કાલીન જીવનનું તાદશ નિરૂપણ કરવાની શક્તિ લેખક પાસે હોવી જોઈએ. "વાંસનો અંકુર"ના એવા જ કેટલાક સંવાદ તરફ દ્રષ્ટિ કરીએ :

* "રમણીકલાલના ઘરમાં નિયમો પાળવા માટે ઘડાતા હતા." (પૃ. ૯)
* "મારીને તો સૌ કોઈ ભૂલી જાય, પણ માર ખાધા પછી"... (પૃ. ૪૯)
* "જરીદાર, લાલ ચટક પાઘડી ભલે લઈ આવ્યા, મૂળ મુદ્દામાં એ બાંધવા માટે માથું તો રહેવા દેવું જોઈએ ! " (પૃ. ૧૦૨)
* "એક સામટા બે અરુણોદય થયા એક આકાશમાં, એક કેશવની આંખમાં." (પૃ. ૧૦૦)
* "ધ્રુવ પ્રદેશની રાત્રિનાં દર્શન જીવનમાં એક જ વાર થાય તે ખોટું નહીં... સારુ" (પૃ. ૧૦૪)

પ્રથમ સંવાદમાં લેખિકાએ તત્કાલીન સમાજમાં નિયમોની છડેચોક થતી અવહેલના પર મોટો કટાક્ષ કર્યો છે. તો બીજો સંવાદ અધૂરો મૂકી વાચકને વિચારતા કરી દે છે. તો વળી, ત્રીજો સંવાદ કેશવની મનઃસ્તિથિનું તાદશ નિરૂપણ કરાવી જાય છે.

વર્ણનકલા એ કોઈપણ સ્વરૂપ, પ્રસંગ, ઘટના, પાત્રને નિખારવામાં અદ્‌ભુત ભાગ ભજવતું લક્ષણ ગણાય. "વાંસનો અંકુર"ના આસ્વાદ્ય અને ઉત્કટ વર્ણનો તેના ગદ્યને રંગદર્શીરૂપ આપે છે. કેશવની ફોઈ અનસૂયાની કેશવને મળવાની તલપ અને કેશવને જાયા પછી હરખઘેલી અનસૂયાનું લેખિકાએ કરેલ આબેહૂબ વર્ણન, ખરેખર પ્રશંસાપાત્ર છે. તો વળી, વિમળામાસીના ઓરડાનું લેખિકાએ કરેલ ઝીણવટપૂર્વક વર્ણન પણ ઉત્તમ છે. રમણીકમહલ નામની જેલમાંથી છૂટવા માટે ફાંફા મારતા કેશવનું વર્ણન લઘુનવલમાં અદ્‌ભુત થયુ છે. તો સુવર્ણાનું લેખિકાએ કરેલ વર્ણન જુઓ :

"સામે બે નેત્રો હતાં. સહેજ પહોળાં, કીકી લગભગ આખી દેખાય છે એ કીકીનો રંગ કાળો નથી. સોનેરી ઝલકવાળો પારદર્શક તપખીરિયો રંગ છે. ખૂબ મીઠો લાગે છે. જાણે જાયા જ કરીએ ! લમણાં પાસેથી પહોળો લાગતો ચહેરો ચિબુકના બિંદુ પાસે પહોંચવાની ઉતાવળ કરીને ઝડપથી વળાંક લઈ લે છે. એ ગોળાકાર બહુ નાજુક લાગે છે. આ નાજુક ગોરી ચામડીને શોભે એવો. નેત્રોમાં હરિપ્રસાદની પેઠે હાસ્યની આભા છે. બહુ વખતના દોસ્ત એક ઈશારામાં વાત સમજી જાય એમ એ નેત્રોનો હળવો ઈશારો

પણ એના હોઠ સમજી જાય છે. સુરેખ ગુલાબી પાંદડીઓ તરત જ સ્મિતના ઉજાસમાં મલકી ઉઠે છે."

પ્રસ્તુત લઘુનવલમાં જોવા મળતી વર્ણનકલામાં તો લેખિકાની શક્તિ જાણે કે સોળે કળાએ ખીલી ઉઠે છે.

આ લઘુનવલની સૌથી આકર્ષક બાબત મને એ લાગી કે કથાના દરેકે દરેક પાત્રના વર્ણનમાં ક્યાંક પરોક્ષ રીતે તો ક્યાંક કટાક્ષ દ્વારા તો ક્યાંક ધારદાર વાક્ય દ્વારા લેખિકા રમણીકલાલના વ્યક્તિત્વનો પરિચય સતત કરાવતા જાય છે. જેમ કે રમણીકલાલના મિત્ર હરિપ્રસાદને મળીને કેશવના મોંમાંથી નીકળતા ઉદ્‌ગાર : "અરે - આ તો એક જીવતો માણસ હતો ! એ વળી કઈ રીતે દાદાજીનો દોસ્ત થયો હશે ?" (પૃ. ૫૨) તો વળી, એક જગ્યાએ સુવર્ણાનો પરિચય આપતા લેખિકા એક વાક્ય લખે છે : "એને સાંભળતા પણ આવડતું હતું" (પૃ. ૫૪) આ વાક્ય રમણીકલાલ તરફ અંગુલીનિર્દેશ કરે છે. દાદા અને કેશવ ગાડીમાં બેઠેલા તે પરિસ્થિતિનું વર્ણન કરતા લેખિકાએ લખેક વાક્ય : "બહારનાં દ્રશ્યો ઝડપથી બદલાતાં હતાં પણ અંદર ગતિનો પ્રવેશ નહોતો થતો." (પૃ. ૫૦) તે રમણીકલાલના મિજાજનો પરિચય કરાવે છે.

લઘુનવલમાં એનો સર્જક ચરિત્રના ચિત્તની દશા-અવદશા એના મનની તરલ - ચંચલ નામવિધિઓ, એના હૃદયગત સ્પંદનો એના માનસના રહસ્યમય પટોને ઉકેલે છે. કેશવના મોઢે બોલાયેલ આ વાક્યોમાં લેખિકાએ મોતીલાલના આત્મસન્માનને કંઈક આવી જ રીતે ઉકેલી આપ્યું છે :

"એ ઘરના માણસો, પિત્તળની થાળીમાં જમે છે, બે ફોડવાં શાકને આધારે ચાર રોટલી ખાઈ લઈને પાણી પીએ છે... થીંગડાવાળાં કપડાં પહેરે છે, ઘણું ઘણું કરે છે એ લોકો. જનરલ વોર્ડમાં દાખલ થશે, એક મોસંબીના કકડા બે વખત ચલાવશે, ડૉક્ટરે કહી હશે એથી અર્ધી જ દવા લાવશે પણ રૂપિયા નહીં વાપરે... જિવાશે ત્યાં સુધી જીવશે" (પૃ. ૧૦૬)

ધીરૂબહેન પટેલ સિદ્ધહસ્ત નવલકથાકાર છે. ભાષા અભિવ્યક્તિનું સાધન ગણાય. એના પર પ્રભુત્વ ન હોય તો વ્યક્તિ ઉત્તમ સાહિત્યકાર ન બની શકે. ધાર્યો લક્ષ્યવેધ ન સાધી શકે. પ્રસ્તુત લઘુનવલમાં ક્યાંક અંગ્રેજી શબ્દોની છાંટ તો ક્યાંક બોલીપ્રયોગ પણ જાવા મળે છે. કેશવનું વર્ણન કરતા લેખિકાએ કરેલ સરખામણી અદ્‌ભુત છે : "બાગનાં બધા ફૂલો રમ્ય છે, પણ જ્યારે ચંપો ખીલે છે ત્યારે જરાયે કહેવા શોધવા જવું નથી પડતું" (પૃ.૪) તો વળી, શાળાના સમયપત્રક સાથે જીવનના પત્રકની લેખિકાએ કરેલ સરખામણી યોગ્ય છે.

દાદાજીના લાડીલા, તીવ્ર સંવેદનશીલતા ધરાવતા યુવાન કેશવના દિલમાં એમની જ સામે વાંસના અંકુરની પેઠે ફૂટી નીકળતી વિદ્રોહવૃત્તિનું પ્રાકૃતિક સાદ્રશ્યો - કલ્પનોને સહારે અત્યંત કલાપૂર્ણ અને લાઘવયુક્ત નિરૂપણ થયું છે. માત્ર બે જ વાક્યમાં કેશવનું દાદાથી જુદા થવા પાછળનું કારણ લેખિકા આલેખી દે છે :"મહાવૃક્ષની છાયામાંથી દૂર ખસી ગયા વગર એનો વંશવેલો ચાલુ નહીં રાખી શકાય... પોતાની જાતને પામી નહીં શકાય." (પૃ. ૧૨૫) મોતીલાલના મૌનનો કેશવને લાગતો ભાર નીચેના શબ્દોમાં તાદર્શ થાય છે : "દલીલોને પહોંચી શકાય, એમના ગુસ્સાને પહોંચી શકાય, પણ આ... કેવળ ભારવાહી પ્રાણીનું ફરિયાદવિહોણું મૌન... એની સામે કેશવ પરાજિત થઈ જતો હતો." (પૃ. ૧૩૦)

મોતીલાલને પીરસાયેલ થાળીના વર્ણન સાથે રમણીકલાલની રસોઈમાં બનેલ વાનગીઓના લિસ્ટની સરખામણી વાચકને ઘણું બધુ કહી જાય છે. મોતીલાલની થાળીમાં પીરસાયેલી નરી દરિદ્રતા અને રમણીકલાલની રસોઈની વિદ્વતા વગર કહ્યે સમજાઈ જાય તેવી રીતે લેખિકાએ વ્યક્ત કરી છે.

પ્રસ્તુત લઘુનવલનું શીર્ષક પોતે જ ઘણું બધુ કહી જાય છે. એક વિચાર એવો આવી જાય કે લેખિકાએ કોઈ બીજું વૃક્ષ નહિ અને વાંસનો જ અંકુર તેવું શીર્ષક લઘુનવલને કેમ આપ્યું હશે ? તેના પાછળ લેખિકાનો એક ઉદ્દેશ રહેલો છે. વાંસનો અંકુર તે બીજા વૃક્ષના અંકુર કરતા બિલકુલ અલગ હોય છે. વાંસ પોતાના અંકુરને ન ફૂટે તે માટે ઉપરથી પ્રેશર આપે છે. જ્યારે અંકુર ફૂટવા માટે અંદરથી પ્રેશર આપે છે. અને છેવટે જ્યારે તે અંકુર ફૂટે છે ત્યારે જાણે બંદૂકમાંથી ગોળી છૂટે એટલી ઝડપે બે થી ત્રણ ફૂટ જેટલો ફૂટી નીકળે છે. આ શીર્ષક આપવા પાછળનો લેખિકાનો હેતુ માત્ર એટલો જ કે ભાવનાઓને ગમે તેટલી દબાવવા છતાં તે જ્યારે સ્પ્રીંગની જેમ છૂટે છે ત્યારે તેને કોઈ બંધન બાંધી શકતું નથી. સુશીલારૂપી વાંસમાં અંકુર સમાન ફૂટેલ કેશવ, કેશવ સમાન વાંસમાં અંકુર સમાન ફૂટેલ આત્મસન્માન તે શીર્ષકનો મૂળાધાર છે. કેશવ અંતે સુશીલાનો દીકરો પૂરવાર થાય છે. પ્રસ્તુત લઘુનવલને યથાર્થ શીર્ષક મળ્યું છે તેમ કહી શકાય.

દોહિત્ર કેશવ, જમાઈ મોતીલાલ અને દાદાજીનાં મનો ગતને સૂચક રીતે વ્યક્ત કરતી કથનરીતિ, પાત્ર સામે પડકારરૂપે ઉપસ્થિત થતી ઘટનાઓ, પરિસ્થિતિઓ, સંવેદનાનો સાક્ષાત્કાર કરાવતાં કલ્પનો, લાઘવ અને વ્યંજના તથા યથાર્થ શીર્ષક આ સર્વથી કૃતિ કલાત્મક બની છે. આ લઘુનવલમાં લેખિકાએ પાત્રોનાં જાગૃત, અજાગૃત અને અર્ધજાગૃત મનનો ઊંડો તાગ મેળવવાનો સમર્થ પ્રયાસ કર્યો છે. જાગૃત મન કરતાં એમનું વિશેષ ધ્યાન પાત્રોનાં અજાગૃત અને અર્ધજાગૃત મન ઉપર જ રહેલું જણાય છે. અહીં માનવ મનનો વાસ્તવ છે. આદિ, મધ્ય અને અંતની સુરેખતા, સુશ્લિષ્ટતા સિદ્ધ કરતી સૌ માણી શકે તેવી સહજ આસ્વાદ્ય મનોવૈજ્ઞાનિક લઘુનવલ તેને કહી શકાય. પાત્રનાં ઝીણાં ઝીણાં મનોગત ઊંડા ભાવસંવેદનોને, વૃત્તિઓનાં પળે પળ પલટાતાં સૂક્ષ્મ સ્વરૂપોને, ભાવ - પ્રતિભાવોને, આઘાત - પ્રત્યાઘાતોને આ કૃતિમાં લાઘવથી ઝીલીને આ કૃતિને સાહિત્યિક ગુણવત્તાથી સમૃદ્ધ બનાવી છે.

 ISBN : 978-81-938282-1-2

જૈનપેડિયા અને ઇ પુસ્તકાલયના વિશેષ સંદર્ભે જૈન હસ્તપ્રત

Jain manuscript: with special reference to jainpedia and e-library

ડૉ. ચેતના શાહ ,ગ્રંથપાલ ,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ

બ્રિટિશ લાઇબ્રેરીમાં જૈન કલેક્શનના કેટલોગ ૨૦૦૬ના સફળ પ્રકાશન પછી ઇન્સ્ટિટ્યુટ ઓફ જૈનોલોજી (આઇઓજે) દ્વારા જેઈન્ડિયા પ્રોજેક્ટ બનાવવામાં આવ્યો હતો. બકિંગહામ પેલેસ ખાતે તેમની રોયલ હાઇનેસ ડ્યૂક ઓફ એડિનબર્ગ અને ભારતના વડા પ્રધાન ડૉ. મનમોહન સિંઘ દ્વારા તેની શરૂઆત થઈ હતી. યુકેની સંસ્થાઓમાં જૈન સંગ્રહોને વધારે પ્રચલિત બનાવવા માટે આઇઓએજે ૨૦૦૭ માં જેઈન્ડિયા પ્રોજેક્ટને જાહેર જનતા માટે ઉપલબ્ધ કરવાના દ્રષ્ટિકોણ સાથે વિચારણા કરી હતી. આ યોજનાની e-લાયબ્રેરીમાં મીડિયા સમૃદ્ધ વેબસાઇટ દ્વારા જાહેર પ્રદર્શનો, ઘટનાઓ અને ૫,૦૦૦ કરતાં વધુ ફોલિયો અને મૂળ સંદર્ભ સામગ્રી દર્શાવતી મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડે છે. જેઈન્ડિયા પ્રોજેક્ટ જૈન હસ્તપ્રતો દ્વારા જૈન ધર્મનું જ્ઞાન ફેલાવવું, સમુદાય જોડાણોમાં સુધારો કરવો તેનો મુખ્ય ઉદ્દેશ છે. તે શૈક્ષણિક સંશોધન અને શિક્ષણ ક્ષેત્રે મહત્તવનો ફાળો આપે છે. ભારતીય ઉપખંડમાં ઘણી જૈન હસ્તપ્રતો છે, જેમાં મોટાભાગના જૈન પરંપરાના લખાણોની હસ્તલિખિત નકલો છે. આજે જૈન ગ્રંથો સામાન્ય રીતે બાઉન્ડ-બુક ફોર્મમાં છાપવામાં આવે છે જે વધુ પ્રચલિત છે. તેમાં ફોલિયો , હસ્તપ્રત કવરો, તેની બાંધણી, કવરો, લખાણ તેમાં વપરાયેલ ભાષા વિષે વિગતે માહિતી આપવામાં આવેલ છે. ભારતીય સ્ક્રિપ્ટોનું અનુવાદ કરવા માટેની પ્રમાણભૂત શૈક્ષણિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે. હસ્તપ્રતોનું સરળતાથી સમજી શકાય તેવી ભાષામાં અનુવાદ કરવામાં આવેલ છે. મૂળ શાબ્દિક અનુવાદને બદલે પ્રમાણભૂત અંગ્રેજી શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે. e-લાઈબ્રેરી દ્વારા જુદા જુદા વિષયોના પુસ્તકો અને જુદી જુદી કેટેગરી પ્રમાણે A-Z અલ્ફાબેટ પ્રમાણે માહિતી આપવામાં આવેલ છે. વધુમાં LD INDOLOGY માં રહેલ સાહિત્ય માટે પણ લિંક આપવામાં આવેલ છે. જૈન ધર્મનો ઊંડાણ પૂર્વક અભ્યાસ કરનાર સંશોધકો , વિદ્યાર્થીઓ અને જૈન ધર્મ વિષે જાણવા ઇચ્છતા લોકો માટે તે ખુબ જ ઊપયોગી છે.

પ્રસ્તાવના: (introduction)

બ્રિટિશ લાઇબ્રેરીમાં જૈન કલેક્શનના કેટલોગ ૨૦૦૬ ના સફળ પ્રકાશન પછી ઇન્સ્ટિટ્યુટ ઓફ જૈનોલોજી (આઇઓજે) દ્વારા જેઇન્ડિયા પ્રોજેક્ટ બનાવવામાં આવ્યો હતો. બકિંગહામ પેલેસ બ્રિટિશ લાઇબ્રેરીમાં જૈન કલેક્શનના કેટલોગ ૨૦૦૬ ના સફળ પ્રકાશન પછી ઇન્સ્ટિટ્યુટ ઓફ જૈનોલોજી (આઇઓજે) દ્વારા જેઇન્ડિયા પ્રોજેક્ટ બનાવવામાં આવ્યો હતો. બકિંગહામ પેલેસ ખાતે તેમની રોયલ હાઇનેસ ડ્યુક ઓફ એડિનબર્ગ અને ભારતના વડા પ્રધાન ડો. મનમોહન સિંઘ દ્વારા શરૂઆત કરી હતી. યુકેની સંસ્થાઓમાં જૈન સંગ્રહોને વધારે પ્રચલિત બનાવવા માટે આઇઓએજે ૨૦૦૭માં જેઈન્ડિયા પ્રોજેક્ટને જાહેર જનતા માટે ઉપલબ્ધ કરવાના દ્રષ્ટિકોણ સાથે વિચારણા કરી હતી. આ યોજના મીડિયા સમૃદ્ધ વેબસાઇટ દ્વારા જાહેર પ્રદર્શનો, ઘટનાઓ અને ૫,૦૦૦ કરતાં વધુ ફોલિયો અને મૂળ સંદર્ભ સામગ્રી દર્શાવતી મહત્તવપૂર્ણ માહિતી પૂરી પાડે છે. આ પ્રોજેક્ટને વિશ્વભરમાં જૈન સમુદાય અને યુ.કે.ની હેરિટેજ લોટરી ફંડ આપે છે.

હેતુ : (objective)

(૧) જૈન ધર્મનું જ્ઞાન ફેલાવવું

જૈન ધર્મના જ્ઞાનને વધારવામાં મદદરૂપ થવા, વેબસાઇટ દ્વારા સામાન્ય જનતા વચ્ચે જાગરૂકતા વધારવા માટેની મહત્વાકાંક્ષી યોજનાઓ, શાળાઓમાં જૈન ધર્મના અભ્યાસને પ્રોત્સાહન આપવા માટે દેશભરમાં પ્રદર્શનો, ઘટનાઓ અને પ્રવૃત્તિઓ ચાલે છે. શિક્ષકો માટે ઓનલાઇન સ્રોત છે.

(૨) સમુદાય જોડાણોમાં સુધારો

પ્રાચીન ધર્મ અને ઉદ્દભવતી સંસ્કૃતિ વિશે વધુ જાણવા જૈન વારસાના તત્તવોને ડિજિટલ સ્રોતમાં કરવામાં આવ્યો છે. યુકેમાં જૈન સમુદાયના તમામ ભાગોને એકબીજા સાથે વાતચીત અને શેર કરવા માટે આંતરરાષ્ટ્રીય મેગેઝિન જૈન સ્પિરિટ ફરીથી લોન્ચ કરવામાં આવી રહ્યું છે.

(૩) શૈક્ષણિક સંશોધન અને શિક્ષણ

યુકેમાં બ્રિટિશ લાઈબ્રેરી અને વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યુઝિયમમાં તે ભારત બહારના સૌથી મોટા અને સૌથી મહત્તવના જૈન સંગ્રહો છે. વિશ્વભરમાં શૈક્ષણિક સમુદાયને વેબસાઇટ પરની ડિજિટલાઈજ હસ્તપ્રતો અને સંદર્ભ માહિતી વિશ્લેષણ કરવા માટે ઉપયોગી છે.

જૈનિઝમ (jainisam)

જૈન ધર્મ વિશે વધુ જાણવા માટે ચિત્ર અથવા ટેક્સ્ટ દ્વારા મૂળ લેખો વાંચીને અને અદ્દભુત વિગતોમાં સુંદર હસ્તપ્રતોની શોધ કરીને જૈન શ્રદ્ધા, શોધો, શબ્દભંડોળની એન્ટ્રીઝ, ચિત્રો, વાંચનના સૂચનો અને ઇ-લાઇબ્રેરી દ્વારા માહિતી મેળવી શકાય છે.

થીમ (Theme)

૧) લોકો (people)

જૈન ધર્મના જિનસ અથવા શિક્ષકો અને તેમના સંદેશા સાંભળનાર લોકો વિશે જાણવા . મૂર્તિઓ અને સાધ્વીઓ જિનસની જેમ જીવંત રહેવાનો પ્રયત્ન કરે છે અને દૈનિક જીવનમાં ગિનાના ઉપદેશોને અનુસરવાનું લક્ષ્ય રાખે છે.

૨) સિદ્ધાંત (principle)

જૈનો બ્રહ્માંડનો એક વિશિષ્ટ દ્રષ્ટિકોણ ધરાવે છે અને સમજાય છે કે બધા જીવન જોડાયેલ છે. આત્મા અને જીવનના મહત્તવ પર વિશ્વાસ જૈનોને કર્મ અને જન્મના ચક્રને દૂર કરવાના માર્ગ તરીકે અહિંસાને માન્યતા આપવી.

૩) વ્યવહાર (Practices)

સમગ્ર વર્ષ દરમિયાન તહેવારો મહત્તવની ભૂમિકા ભજવે છે ત્યારે જૈનો પોતાના વ્યવહાર તરીકે જીવનમાં ઉપાસના અને ઉપવાસ કરે છે. પૂજા અનેક જુદા જુદા સ્વરૂપોમાં કરે છે, કેટલાક જૈનો ધાર્મિક વિધિઓ કરે છે જ્યારે અન્ય લોકો મૌન ધ્યાનને પસંદ કરે છે.

૪) સ્થાનો (place)

મુખ્ય મંદિરો અને સેંકડો પવિત્ર સ્થાનોની યાત્રા લોકપ્રિય છે, જ્યારે પારિવારિક જીવન ઘણીવાર ઘરમાં નાના મંદિરો પર કેન્દ્રિત હોય છે.

૫) શૈક્ષણિક સંશોધન અને શિક્ષણ (Academic research and teaching)

 ISBN : 978-81-938282-1-2

જૈનપીડિયાઓ આર્ટના ત્રીજા મુખ્ય ઉદ્દેશથી વિદ્વતાપૂર્ણ કાર્ય આગળ વધી રહ્યું છે. યુકેમાં જૈન સંગ્રહો, ખાસ કરીને બ્રિટિશ લાઇબ્રેરી અને વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યુઝિયમમાં તે ભારત બહારના સૌથી મોટા અને સૌથી મહત્વના છે. જૈન સમુદાયની સ્કોલરશિપની લાંબી પરંપરા છે અને તેણે ભારતીય શાસ્ત્રીય અને લોકપ્રિય સાહિત્યમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. જૈનોએ ઘણા બિન જૈન વિષયો પર લખ્યું છે જેથી ' જૈન હસ્તપ્રત' તરીકે શું ગણવામાં આવે છે તે વ્યાખ્યાયિત થવું જોઈએ.

૧) જૈન હસ્તપ્રત કોને કહેવાય છે? **(What is a Jain manuscript?)**

જૈન હસ્તપ્રત કોને કહેવાય છે? (What is a Jain manuscript?) ભારતીય ઉપખંડમાં ઘણી જૈન હસ્તપ્રતો છે. જેમાં મોટાભાગના જૈન પરંપરાના લખાણોની હસ્તલિખિત નકલો છે. જેના પર જૈન લેખક અથવા લેખકે વિશાળ ભારતીય વારસાના લખાણના નકલ અથવા ટિપ્પણી કરી છે. દાખલા તરીકે, સદીઓથી અનેક જૈન ભક્તોએ સંસ્કૃતિ સાહિત્યના ઉત્તમ નમૂનાના લેખો લખ્યા છે જેમ કે કાલિદાસના કાર્યો આ ભાષ્યોની હસ્તપ્રતો જૈન પુસ્તકાલયોમાં મળી આવે છે. જૈન વિદ્વાનોએ બૌદ્ધ દાર્શનિક કાર્યો પર પણ વાંચ્યું છે અને ટિપ્પણી કરી છે અને આમ તેઓ જૈન વારસાના સંબંધમાં પણ ગણવામાં આવે છે.

૨) ફોર્મેટ (Format)

ટેક્નોલાજીના ઉપયોગથી જૈન હસ્તપ્રતોના બંધારણમાં ફેરફાર થયો છે. હસ્તપ્રતો પરંપરાગત 'લેન્ડસ્કેપ' આકારની હોય છે, જેમાં પૃષ્ઠ જમણા અને ડાબા પર ટૂંકી બાજુઓ સાથે લંબચોરસ હોય છે. જેના પર પ્રથમ લખાણો લખાયા હતા.

3) ફોલિયો (Folios)

પરંપરાગત હસ્તપ્રત કાગળ અથવા અન્ય સામગ્રીના છૂટક ફોલિયો અથવા શીટથી બનેલી છે. ફોલિયોમાં બે બાજુઓ છે - રીક્ટો અને વરો. આને ઘણીવાર 'આર' અને 'વી' અથવા 'એ' અને 'બી' તરીકે ઓળખવામાં આવે છે. પ્રથમ રીડર રીક્ટોને વાંચે છે અને ત્યારબાદ વરો સાઇડ વાંચવા માટે ફોલિયો ઓવર કરે છે.

 ISBN : 978-81-938282-1-2

૪) હસ્તપ્રત કવર (Manuscript covers)

એક પુસ્તકનું સ્વરૂપ ગુંદર અથવા દોરાથી બંધાયેલું હોય છે કે જેથી વાંચનાર સરળતાથી પૃષ્ઠોને બંધ કરી શકે છે. પરંપરાગત હસ્તપ્રત બાઈંડિંગ વગરનું હોય છે પરંતુ કેટલીક વખત તેમાં હસ્તપ્રત કવર હોય છે. એક હસ્તપ્રત કવર બે ભાગોમાં હોય છે. એક શરૂઆતમાં છે અને અંતે બીજો ભાગ હોય છે. તે કાગળ, કાપડ, કાર્ડબોર્ડ અથવા લાકડાના બનેલા હોય છે. અને તે સુશોભિત અને ચિત્રકામ કરેલા હોય છે. તમામ હસ્તપ્રતોમાં એક હસ્તપ્રત કવર નથી પરંતુ આધુનિક સમયમાં મોટા ભાગની હસ્તપ્રતોમાં ન્યૂનતમ પેપર કવર ઉમેરવામાં આવ્યા છે. દસ્તાવેજોને શ્રેષ્ઠ શક્ય રીતે સુરક્ષિત રાખવા માટે બ્રિટિશ લાઇબ્રેરીનો ઉપયોગ કરવામાં આવે છે. જૈનો ભારતમાં બાઈન્ડીંગ વિનાની હસ્તપ્રત પોથીનો ઉપયોગ કરે છે.

૧) **પુસ્તકો (books)**

જૈન ગ્રંથો સામાન્ય રીતે બાઉન્ડ-બુક ફોર્મમાં છાપવામાં આવે છે જે વધુ પ્રચલિત છે.

૨) **સામગ્રી (Materials)**

સામાન્ય રીતે જૈન હસ્તપ્રતો માટે બે સામગ્રીનો ઉપયોગ થાય છે - પામ પાંદડાની અને કાગળ. ક્લોથનો ઉપયોગ મોટા ચિત્રો અથવા કવર્સ જેવા વસ્તુઓ માટે કરવામાં આવ્યો હતો. પામ વૃક્ષોના લાંબા, નાજુક પાંદડાઓ સહેલાઇથી ઉપલબ્ધ છે તે સરળ લેખન સપાટી પૂરી પાડે છે. પ્રારંભિક સ્ક્રિક્રિશેટથી પર્ણની બંને બાજુએ પૃષ્ઠોનું નિર્માણ કરેલ હતું. દરેક પર્ણમાં એક અથવા વધુ છિદ્રો કાપી લેવામાં આવ્યા હતા જેથી શબ્દમાળાઓ યોગ્ય ક્રમમાં એક ટેક્સ્ટના તમામ પૃષ્ઠોને મળીને બાંધી શકાય. મધ્યયુગના પાછલા સમયમાં કાગળ વધુ સામાન્ય બની ગયો હતો, કે જેનો ઉપયોગ તાડના પાંદડાને બદલે કરવામાં આવતો હતો. પરંતુ કાગળ હસ્તપ્રતો ડિઝાઈન અને ફોર્મેટ લખાણ માટે ઉપયોગમાં લેવાયેલ પ્રથમ સામગ્રી હતી.

3) **પામ પર્ણઃ (Palm leaf)**



દક્ષિણ ભારતની હસ્તપ્રતોમાં કોરિફા અમ્બ્રાક્લિફીરા અને બોરાસસ ફ્લાબેલ્લીફેર વૃક્ષોના પાંદડાનો ઉપયોગ કરવામાં આવેલ છે કારણ કે સારવાર કર્યા પછી પાંદડા સરળ હોય છે અને શાહી શોષી શકે છે. પશ્ચિમ ભારતમાં, જેમ કે ગુજરાત અને રાજસ્થાનમાં , પામ બારનો ઉપયોગ ૧૨ મી થી ૧૪ મી સદીના હસ્તપ્રતોમાં જોવા મળે છે. પામ-પર્ણ હસ્તપ્રતોનું બંધારણ જોઈએ તો ફોલિયો લાંબા અને સાંકડા હોય છે, સામાન્ય રીતે ૨૦ થી ૫૦ સેન્ટિમીટર લાંબા હોય છે અને ૩ થી ૫ સેન્ટિમીટર પહોળા હોય છે. કેન્દ્રમાં એક છિદ્ર છે જેમાં દોરડું અથવા સ્ટ્રિંગ સામેલ થાય છે. દોરડું બધા ફોલિયોને એકસાથે રાખવા માટે વપરાય છે.

૪) પેપર (Paper)

૧૩મી સદીમાં કાગળો કપાસ, લાકડું, વાંસ અને વનસ્પતિ રેસાથી બનાવવામાં આવતા હતા. ૧૪મી સદીથી પશ્ચિમ ભારતમાં જૈન હસ્તપ્રતો માટે વપરાતી નિયમિત સામગ્રી પેપરથી બની હતી. તે રંગોની વિશાળ શ્રેણી દર્શાવે છે - ક્રીમ, પીળો, રુચિકર, પ્રકાશ ભૂરો અને ભૂખરો હતો પરંતુ સમકાલીન કાગળની જેમ સફેદ ન હતી. અગાઉ કાગળની હસ્તપ્રતો કેટલીક વખત લાંબી અને સાંકડી હતી , જેમ કે તેમના પામના પાંદડા પૂરોગામી હતા, પરંતુ પાછળથી તેઓ બૃહદ બની ગયા. પ્રમાણભૂત માપ ૨૬ બાય ૧૧ સેન્ટિમીટર છે પરંતુ ત્યાં ઘણી ભિન્નતા છે. જો તે યોગ્ય રીતે સાચવેલ ન હોય તો પરંપરાગત કાગળ ઘણીવાર બરડ થઈ જાય છે. પશ્ચિમ વિદ્વાનોની વિનંતીથી ભારતમાં ૧૯મી અને ૨૦મી સદીમાં તૈયાર કરવામાં આવેલા હસ્તપ્રતની નકલમાં કેટલીકવાર યુરોપિયન કાગળનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૫) કાપડ (cloth)

સામાન્ય રીતે કાપડનો સામાન્ય ગ્રંથો માટે ઉપયોગ થતો નથી, પરંતુ જૈન વિશ્વનું પ્રતિનિધિત્વ કરતા મોટા કદના પેઇન્ટિંગ માટે તે પુસ્તક આવરણ અને હસ્તપ્રત કવર્સ માટે ઉપયોગમાં લેવાય છે.

૬) શાહી રંગો (Ink colours)

જૈન હસ્તપ્રતોમાં ઉપયોગમાં લેવાતા શાહીના વિવિધ રંગો, જે સામાન્ય રીતે ભારતીય હસ્તપ્રતોમાં વપરાતા હતા. તે કુદરતી સ્રોતોમાંથી બનેલા હતા. કાળો રંગ શબ્દો લખવા માટે અને લાલ શાહી શબ્દના બહોળા અર્થમાં શણગાર માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો લખાણના કેટલાક તત્તવ, જેમ કે સંખ્યા અથવા ચોક્કસ સજા, પર ભાર મૂકવા માટે કળા રંગનો ઉપયોગ કરવામાં આવતો હતો. કેટલીક સુશોભન હસ્તપ્રતોમાં ચાંદી અને સોનાની શાહીઓનો ઉપયોગ થાય છે, ઉદાહરણ તરીકે કલ્પ-સૂત્રની નકલો. પીળા અથવા સફેદ રંજકદ્રવ્યોને ઇરેઝર તરીકે ઉપયોગમાં લેવાતા હતા.

૭) લેખન પદ્ધતિઓ (Methods of writing)

એક ધાતુના સાધન દ્વારા પામના પાંદડા ઉપર શાહી દ્વારા લાઈન દોરવામાં આવતી હતી જેથી અક્ષરો બહાર ઉપસી આવે. કાગળ હસ્તપ્રતો પર લખવા માટે ઇન્ક પેનનો ઉપયોગ કરવામાં આવતો હતો.

૮) સ્ક્રિપ્ટો (Scripts)

મોટાભાગની જૈન હસ્તપ્રતો ભારતીય સ્ક્રિપ્ટ્સમાં લખવામાં આવી હતી, અમુક જ સ્ક્રિપ્ટ બિન ભારતીય સ્ક્રિપ્ટમાં લખવામાં આવી હતી .

૧૨.૧) ભારતીય સ્ક્રિપ્ટ્સ (Indian scripts)

જૈન હસ્તપ્રતોમાં વપરાતી મૂળ સ્ક્રિપ્ટો ડાબેથી જમણે વંચાય છે. સામાન્ય સ્ક્રિપ્ટ્સ દેવનાગરી અને દક્ષિણ ભારતના સ્ક્રિપ્ટ્સના વિવિધ સ્વરૂપો છે. દેવનાગરીમાં દરેક અક્ષર ઉપર એક આડી લીટી છે. જૈન દ્વારા બનાવવામાં આવેલા હસ્તપ્રતોમાં વિશિષ્ટ લક્ષણો છે તેથી આ શૈલીમાં 'જૈન નાગરી' નામ આપવામાં આવ્યું છે. તમિળ અને કન્નરાની દક્ષિણી ભારતીય સ્ક્રીપ્ટ્સ તેમના વધુ ગોળાકાર આકારોથી સરળતાથી ઓળખી શકાય છે.

૧૨.૨) વિદેશી સ્ક્રિપ્ટ્સ (Froeign scripts)

આ ખૂબ જ ઓછી સંખ્યામાં હસ્તપ્રતોમાં જોવા મળે છે, જેમાં સ્ક્રીપ્ટ જૈન પ્રાકૃત અથવા સંસ્કૃત જેવા ભારતીય પર્શિયન સ્ક્રિપ્ટ ભાષામાં જોવા મળે છે.

૯) સુલેખન (Calligraphy)

આરબ, ચીની અથવા જાપાની સંસ્કૃતિઓમાં સુલેખન એ હસ્તપ્રતનો ભાગ છે પરંતુ જૈન અથવા ભારતીય હસ્તપ્રત પરંપરાનો એક ભાગ નથી. કેટલાક કલ્પ-સૂત્રની હસ્તપ્રતોમાં મોટા અને અત્યંત સારા હસ્તાક્ષરથી રચના કરવામાં આવેલ છે. જે ઈન્ડિયાની ભાષા અંગ્રેજી છે, જ્યાં શક્ય હોય ત્યાં સમજો અને શબ્દસમૂહો અંગ્રેજીમાં અનુવાદિત કરવામાં આવ્યાં છે. જેમ જેમ જૈન શ્રદ્ધા ભારતમાં પ્રથમ વિકસિત થઈ છે તેમ, વિવિધ ધાર્મિક અને દાર્શનિક ખ્યાલો અને સાંસ્કૃતિક પ્રણાલીઓનું વર્ણન કરવા માટે ઘણી ભારતીય ભાષાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંસ્કૃત પ્રાચીન અને મધ્યયુગીન ભારતીય સંસ્કૃતિઓમાં વ્યાપકપણે સાહિત્યિક ભાષા હતી, કારણ કે રોમન સામ્રાજ્યના સદીઓ પછી લેટિનમાં યુરોપ હતું. હવે મૃત ભાષા, પ્રાકૃતનો ઉપયોગ પ્રાચીન અને મધ્યયુગીન ભારતમાં સામાન્ય લોકો દ્વારા કરવામાં આવતો હતો અને વિવિધ સ્વરૂપોનો ઉપયોગ જૈન ધર્મમાં પવિત્ર ગ્રંથો લખવા માટે થતો હતો. જૈનપેડિયામાં ઉપયોગમાં લેવાતા ભારતીય શબ્દો લિપિપ્યંતરણ છે. આનો અર્થ એ થાય છે કે ભારતીય અક્ષરો લેટિન અથવા રોમન મૂળાક્ષરમાં સમકક્ષ અક્ષરો અથવા અક્ષરોના સંયોજનોમાં બદલાયા છે, જેનો ઉપયોગ અંગ્રેજી અને અન્ય પશ્ચિમી યુરોપિયન ભાષાઓમાં થાય છે. ભારતીય શબ્દો જે અંગ્રેજી ભાષાનો ભાગ બન્યાં છે તે રાખવામાં આવ્યા છે, ભલે અંગ્રેજી અર્થ બરાબર એ જ ન હોય. ઉદાહરણોમાં

 ISBN : 978-81-938282-1-2

'ગુરુ' અને 'કર્મ' શામેલ છે. ઐતિહાસિક જૈન સંપ્રદાયની મુખ્ય ભારતીય ભાષાઓ સંસ્કૃત અને પ્રાકૃત છે. જોકે થોડાક લોકો સમકાલીન ભારતમાં સંસ્કૃત બોલે છે, તે સામાન્ય રીતે પવિત્ર ભાષા તરીકે માનવામાં આવે છે. ધાર્મિક અને દાર્શનિક વિચારો વ્યક્ત કરવા, સંસ્કૃતનો ઉપયોગ ભારતના ધાર્મિક ધર્મોમાંથી કરવામાં આવે છે, જેમ કે જૈન ધર્મ, હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મ અને શીખ ધર્મ. જૈનપીડિયામાં ઉપયોગમાં લેવાયેલ પ્રથમ ભાષા સંસ્કૃત છે અને તે પછી ગુજરાતી અને હિન્દી.

૧૦) અનુવાદઃ (Translation)

સૌ પ્રથમ વખત જ્ઞાનકોશમાં જૈનપીડિયા દ્વારા ભારતીય ખ્યાલ અને જૈન હસ્તપ્રત વિષે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે લોકો ભારતીય ભાષા બોલી અથ વાંચી શકતા નથી તે અપનાવી સમજી શકે તેવો અનુવાદ કરવામાં આવ્યો છે. મૂળ શાબ્દિક અનુવાદને બદલે પ્રમાણભૂત અંગ્રેજી શબ્દોને ઉપયોગમાં લેવાયા છે. જૈન શબ્દોને બદલે " મંદિર" નો ઉપયોગ કરવામાં આવ્યો છે. ભારતીય શબ્દની જગ્યાએ સક્ષમ અંગ્રેજી સબળ અથવા શબ્દસમૂહનો ઉપયોગ કર્યો છે. પરંતુ ભારતીય ખ્યાલો માટે સમક્ષ અંગ્રેજી સબ્દનો ઉપયોગ કરવો મુશ્કેલ છે. દા.ત "સાધુ" અને "નન". તે અંગ્રેજી ભાષામાં ખ્રિસ્તી ધર્મ માટે વધારે વપરાય છે. જ્યારે જૈન સાધુઓ તેનો સંપૂર્ણ પણે ઉપયોગ કરતા નથી. શબ્દસમૂહના વિચારને મદદ કરવા માટે બે ભાગ આપેલા છે. એક ગ્લોસરી અને બીજું લેખોનું હાયપર લિંક. ગૂંચવણ ભર્યા શબ્દસમૂહને સત્યના સિદ્ધાંત તરીકે અનુવાદિત કર્યા છે.

૧૧) લિપ્યંતરણ (Transliteration)

જૈનપીડિયા ભારતીય ભાષાના શબ્દો માટે ભારતીય સ્ક્રિપ્ટોનો ઉપયોગ કરતું નથી. તેના બદલે, દેવનાગરી અને અન્ય ભારતીય સ્ક્રિપ્ટોનું અનુવાદ કરવા માટેની પ્રમાણભૂત શૈક્ષણિક પદ્ધતિનો ઉપયોગ કરે છે. તે ભારતીય લેખોથી પરિચિત ન હોય તેવા મુલાકાતીઓ માટે ખુલ્લી છે. દેવનાગરી એ સંસ્કૃત અને પ્રાકૃત સહિત અનેક ભારતીય ભાષાઓ લખવા માટે વારંવાર ઉપયોગમાં લેવાતો સ્ક્રિપ્ટ છે. દેવનાગરીમાં દરેક અક્ષર ઉપર એક આડી લીટી છે. જૈન દ્વારા બનાવવામાં આવેલા હસ્તપ્રતોમાં વિશિષ્ટ લક્ષણો છે તેથી આ શૈલીમાં 'જૈન નાગરી' નામ આપવામાં આવ્યું છે. ભારતીય સ્ક્રિપ્ટ્સ જૈનપીડિયા પર ભાષાંતરનો ઉપયોગ કરીને અનુવાદિત કરવામાં આવે છે જેનો ઉપયોગ વિદ્વતાપૂર્ણ કાર્યોમાં નિયમિતપણે થાય છે. ડાયાક્રિટીક્સ નાના અવયવો લેટિન મૂળાક્ષરમાં અક્ષરો સાથે જોડાયેલા છે. જેઈન્ડિયામાં ઉદાહરણોમાં પ્રતીકોનો સમાવેશ થાય છેઃ Jainpedia ઉચ્ચાર માર્ગદર્શિકામાં ડાયાક્રિટીક્સ સાથેના અક્ષરોને કેવી રીતે બોલવું તે તમે શોધી શકો છો. આ પીડિયા ઇન્ટરનેશનલ ફોનેટિક આલ્ફાબેટનો ઉપયોગ કરીને લિપ્યંતરણ અને ઉચ્ચારણ તેમજ સામાન્ય રીતે મળી આવેલા ભારતીય શબ્દો અને સમાન અંગ્રેજી અવાજોના ઉદાહરણો દર્શાવે છે.

૧૨) સમકાલીન ભાષાઓ (Contemporary languages)

આધુનિક ભારતીય ભાષાઓ સામાન્ય રીતે ઉચ્ચારમાં ચોક્કસ શબ્દોની અંતિમ શબ્દપ્રયોગ ભૂલી જાય છે. ઉદાહરણ તરીકે, હિન્દીમાં :

- સુસા સતી બની જાય છે

ISBN : 978-81-938282-1-2

- મારૂતિપૂજક મૂરતીપૂજ બને છે.

આથી તે લિવ્યંતરણને અંગ્રેજીમાં અસર કરે છે.

સંદર્ભ પ્રમાણે, જૈનપીડિયામાં પરનો ઉપયોગ સહેજ બદલાય છે.

જૈનપીડિયા e-library:

જૈનપીડિયા e-library માં

1) ART BOOKS
2) FOR ACADEMICS AND STUDENTS
3) FOR CHILDREN
4) FOR GENERAL READERS
5) JAIN SPIRIT MAGAZINES
6) L. D. INSTITUTE OF INDOLOGY BOOKS

જેવા વિભાગોનો સમાવેશ કરવામાં આવેલો છે. ઘણી જૂની હસ્તપ્રતો વિષે પૂરતી માહિતી આપવામાં આવેલ છે. JAIN SPIRIT મેગેઝિનના અંકો મૂકવામાં આવેલા છે. હસ્તપ્રતોના આશરે ૨૦૦૦ પાનાંના પસંદગીના ડિજિટાઇઝિંગ સમૃદ્ધ મલ્ટીમીડિયા વેબસાઇટ દ્વારા ડિજિટલ સ્વરૂપમાં પૂરું પાડવા, લખાણના અનુવાદો અને જૈન ધર્મ અને તેના યજમાન સમાજ વિશેની માહિતી પૂરી પાડે છે. શાળાઓ અને શીખનારાઓ માટે રિપોઝિટરીઓ, જૈન મંદિરો, શાળાઓ, સ્થાનિક મ્યુઝિયમો અને અન્ય સાંસ્કૃતિક વારસો, સુવિધાઓના આધારે પ્રદર્શનો અને ઇવેન્ટ્સનો કાર્યક્રમ ઓફર કરે છે, જે તમામ વેબસાઇટ પર આધારિત છે. હસ્તપ્રતમાં આપવામાં આવેલી છે. આપવામાં આવેલી માહિતીમાં તેનું બેકગ્રાઉન્ડ તે ક્યા મ્યુઝિયમમાંથી મળેલ છે. તેની ભાષા, સાઈઝ, પેપર, ફોલિયોનાં નંબર તેના અનુસંધાનમાં બીજા આર્ટિકલ અને હસ્તપ્રતની માહિતી આપવામાં આવેલ છે. એક જ ક્લિકમાં અથવા બ્રાઉઝર દ્વારા તમામ હસ્તપ્રત જોઈ તેમજ વાંચી શકાય છે તથા હસ્તપ્રતની તમામ માહિતી આપવામાં આવેલ છે. દાત. કલ્પસૂત્રની હસ્તપ્રત.



શાળાઓ અને શીખનારાઓ માટે રિપોઝિટરીઓ, જૈન મંદિરો, શાળાઓ, સ્થાનિક મ્યુઝિયમો અને અન્ય સાંસ્કૃતિક વારસોના સુવિધાઓના આધારે પ્રદર્શનો અને ઇવેન્ટ્સનો કાર્યક્રમ કરે છે, જે તમામ વેબસાઇટ પર આધારિત છે.

 ISBN : 978-81-938282-1-2

ગુજરાતી ફિલ્મ "કંકુ"માં ભાષા, સંસ્કૃતિ અને સાહિત્યિકતા :-

ડૉ. હિરેન્દ્ર પંડયા

ગુજરાતી વિભાગ, આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વડનગર

પ્રસ્તાવના :

સંસ્કૃતિ એ અનેક કેન્દ્રી, અનેક અર્થી અને બહુપરિમાણીય સંજ્ઞા છે. માનવજાતના અનુભવો અને કાર્યોમાંથી જે કંઈ પણ ઉત્તમ નીપજી આવ્યું છે એ બધાનો સમાવેશ આ સંજ્ઞામાં થાય છે. એડવર્ડ બી. ટેઈલર 'સંસ્કૃતિ'ની વ્યાખ્યા આપતાં કહે છે કે, ' સમાજના સદસ્ય તરીકે માનવે જે જ્ઞાન- માન્યતાઓ -કળા -કાયદો - નૈતિકતા- રિવાજો - અન્ય ક્ષમતાઓ અને ટેવો અર્જિત કર્યા છે એ સર્વનો સમાવેશ 'સંસ્કૃતિ ' નામની સંકુલ સંજ્ઞામાં થાય છે. યજુર્વેદમાં કહેવાયું છે સા પ્રથમા સંસ્કૃતિઃ સર્વથા તો સંસ્કૃતિ જ છે. સંસ્કૃતિ એટલે શું? પ્રાણીથી માનવજાતને જુદી પાડતી બાબત એટલે સંસ્કૃતિઃ ચાર્લ્સ ડાર્વિનના ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંત મુજબ વાનરમાંથી ક્રમશઃ માનવનું સર્જન થયું છે. સંસ્કૃતિ માનવની અંદર રહેલા આ પશુ અંશને દૂર કરીને તેની અંદરના દેવત્વને પ્રગટ કરે છે. વ્યકિત,સમાજ અને સંસ્કૃતિ આ ત્રણેય પરસ્પરાશ્રિત છે. સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય, આદિ, કળાઓ એક તરફ સમાજમાંથી પોષણ મેળવે છે અને બીજા તરફ આ કળાઓ જ સમાજને એમ સંસ્કૃતિને પણ પુર્નગઠિત કરે છે. આમ સંસ્કૃતિ સાથેનો સમાજ અને કળાનો વિશિષ્ટ એવો નાતો રહેલો છે. વિચારો, રિવાજો, લગ્ન - મરણના વિધિવિધાનો, પરંપરાઓ વગેરે બાબતો દ્વારા સામાજિક માળખું રચાય છે. આ બધી બાબતો અંતે તો સંસ્કૃતિના પોષણ-સંવર્ધનમાં જ મદદરૂપ થાય છે, આ રીતે સંસ્કૃતિએ માનવજાતની સતત આંતર-બાહ્ય રીતે વિકસતા રહેવાની મથામણમાંથી નીતરી આવતું નવનીત છે.

ગ્રામ્યજીવન :

ભારતીય સંસ્કૃતિની ખરી ઓળખ મેળવવી હોય તો તેના ગ્રામ જીવનને જાણવું જરૂરી છે. કૃષિપ્રધાન એવા ભારતમાં વિવિધતામાં એકતાની અનુભૂતિ તેના ગામડાંઓમાં થાય છે. નાત-જાતના બંધનો, જન્મ,લગ્ન,મરણ વગેરેના રીત-રીવાજો તેનું એક ચોક્કસ મહત્તવ રહેલું છે. લોકસાહિત્યમાં આ સામાન્ય જનસમુદાયના હર્ષ-શોક, રાગ-દ્વૈષ ઈત્યાદિનું સુંદર નિરૂપણ થયેલું જોવા મળે છે. સાહિત્યની વાત કરીએ તો પ્રેમચંદ, ફણીશ્વરનાથ રેણુ, રવીન્દ્રનાથ, ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોષી, પન્નાલાલ ભાલચંદ્ર પટેલ, રઘુવીર ચૌધરી જેવા અનેક ભારતીય સર્જકોએ પોતાની રચનાઓમાં ભારતીય ગ્રામ સંસ્કૃતિને આલેખી છે.

ગુજરાતી સાહિત્યની વાત કરીએ તો 'વળામણા', 'મળેલા જીવ ' 'માનવીની ભવાઈ' જેવી રચનાઓમાં પન્નાલાલે ઉત્તર ગુજરાતને જીવંત કરી બતાવ્યું છે.' કંકુ' એ તેમની આરંભકાલની નવલિકા છે આ વાર્તા જીવંત બનવાનું મુખ્ય કારણ જ તેમા નિરૂપાયેલ ગ્રામ સમાજ છે ઈ.સ.૧૯૩૬માં પન્નાલાલે કંકુ નવલિકા લખી હતી. આ વાર્તા પરથી એ જ નામની ફિલ્મ કાન્તીલાલ રાઠોડે ઈ.સ. ૧૯૬૯ માં બનાવી અને ઈ.સ.૧૯૭૦ માં પન્નાલાલે 'કંકુ'

નવલકથા આપી કંકુ નામનું એક જ પાત્ર નવલિકારૂપે, કચકડાની પટ્ટી પર અને નવલકથારૂપે અવતરે છે. આ ઘટના ઘણી રસપ્રદ છે. જો માત્ર આટલું જ હોત તો કંકુની વાત કરવી યોગ્ય ન ગણાત પણ વાર્તા અને ફિલ્મ બંનેમાં જે રીતે ગ્રામજીવનનું અને ખાસ કરીને ગામડામાં વસતી ભારતીય નારીનું નિરૂપણ થયું છે. એ વધારે નોંધપાત્ર બને છે.

પન્નાલાલની નવલિકા કંકુનો આરંભ ખુમાના મૃત્યુથી શરૂ થાય છે. જુવાન, કંકુના ખોળામાં ચાર-પાચ માસનો હી હી રમી રહ્યો છે અને જીવનની ધાર પર ઉભેલો ખુમો કંકુને બીજું લગ્ન કરી લેવાની સલાહ આપે છે.

જો ન કરે નારાયણ ને હું મરી જઉં તો તું તારો ભવ ન બગાડતી ...કોઈ સપૂતનું ઘર ખોળી લેજે....!

ખુમાના મૃત્યુ પછી કંકુ બીજા લગ્ન ન કરતાં દીકરાને મોટો કરવામાં જીવન પરોવી દે છે મોટા થયેલા દીકરાના લગ્ન બાબતે એક નબળી પળે કંકુ વિધુર એવા મલકચંદ શેઠ સાથે શારીરિક સબંધ બાંધી બેસે છે અને તેથી ગર્ભવતી બને છે. સગર્ભા કંકુને રાતોરાત કાળુ સાથે લગ્ન કરવા પડે છે. લગ્ન બાદ કંકુ બાળકને જન્મ આપે છે. ગલા કામોરની વહુ કાહી બાળકને જાઈને જ ઓળખી જાય છે કે, આ તો મલકો ! ડોશીના બબડાટ સાથે વાર્તા પૂરી થાય છે.

કંકુ નવલિકા અને ગ્રામજીવન :-

આ નવલિકામાં મુખ્ય જો કોઈ બાબત હોય તો તે છે કંકુનું પાત્રાલેખન, પરંતુ કંકુ જીવંત બને છે તો તેના મૂળમાં છે ગ્રામજીવનનું આલેખન, પન્નાલાલે કંકુ, કાળુ, મલકચંદ, ખુમા જેવા પાત્રોની સાથે જ ડોશીનું પાત્ર પણ મૂકયું છે. કંકુના જીવનમાં એક પછીએ એક ત્રણ પુરૂષો આવે છે. ખુમો મલકચંદ અને ડાળિયો કાળિયો જેવો કોઈ સરળ માણસ હોય જે બાળકના બાય વિશે પંચાત કર્યા વિના કંકુ જેવી લાખેણી સ્ત્રી મળે એ વાતે જ ખુશ થઈ જાય પરંતુ સમાજની આંખ તો બાળકનો પિતા કોણ ? એ પ્રશ્નનો ઉત્તર શોધીને જ રહે. ડોશી ધારીધારીને નવજાત શિશુને જુએ છે. કારણ કે તેને કંકુએ કર્યા ઠોકર ખાધીએ જાણવામાં જ રસ છે. અને તેમાંય જ્યારે ખબર પડે છે કે આ તો મલકચંદ શેઠ જેવા મરજાદી વૈષ્ણવનું બાળક છે ત્યારે તો શેઠ પાસેથી લેવાય એટલો લાભ લઈ લેવાની તક સરી ગયાનો વસવસો પણ થવાનો જ કંકુના વ્યકિતત્વની ઊંચાઈ પણ ડોશીના બબડાટને કારણે અનુભવાય છે.

આ ગ્રામસમાજના લીધે જ કંકુ વિધવાનું ગરિમાપૂર્ણ જીવન જીવી શકે છે. મલકચંદ જેવો વાણિયો પણ કંકુની માનમર્યાદા જાળવે છે. ગલાકાકા જેવા લોકો પળ ચૂકેલી કંકુને બીજીવાર પરણાવી દે છે. તો સગર્ભા કંકુ સાથે લગ્ન કરવા માટે કાળુ પણ તૈયાર થાય છે. નિંદા – કુથલી ન કરવાનું ચૂકતો આ સમાજ કંકુને આત્મહત્યા નથી કરવા દેતો કે નથી તેને એકલી પડવા દેતો. દુઃખના દિવસોમાં તે કંકુની પડખે ઊભો રહે છે. ભારતીય સંસ્કૃતિની આ આગવી ખાસિયત અહીં અનુભવાય છે.

ભારતીય નારી કંકુના જીવનની તડકી છાંયડી :-

કંકુ નાતરિયા વર્ણની છે અને છતાં જુવાનીમાં વિધવા થયા પછી પણ બીજા લગ્ન નથી કરતી એમાં તેનો પતિ ખુમા પ્રત્યેનો સ્નેહ જ પ્રગટ થાય છે. એકલે હાથે દીકરાને ઉછેરે છે.

ઓગણીસ -વીસ વર્ષ સુધી આકરૂં તપ કરતી હોય તેમ એ જીવન વિતાવે છે અને તેના માટે આ સહજ છે. કારણ કે ભાગ્યમાં આવી પડેલા દુઃખો ધીરજપૂર્વક સહન કરવા એ ભારતીય સમાજની વિશેષતા છે પણ કંકુએ લોહીમાં સની બનેલી જીવતી વ્યકિત છે. આદર્શનું પૂતળું નહી તેથી જ તે મલકચંદ શેઠ સાથે જાતીય સબંધ બાંધી બેસે છે. પ્રશ્ન મઆ સંબંધની નથી પણ કંકુ જે રીતે મૌન સેવીને મલક -ચંદને બદનામ થવા દેતી નથી. તે જ ખુમાનું ઘર સાચવનારી કંકુ મલકચંદનો ગેરલાભ લેતી નથી. નથી તેને પૈસાની લાલચ થતી કંકુ માટે આ સ્વાભાવિક છે ગામડાં ગામની અભણ એવી કંકુના વાણી -વર્તનમાં ભારતીય નારીનું આગવું રૂપ જોવા મળે છે.

'કંકુ' ફિલ્મ :ભારતીય ગ્રામ સમાજનું વાસ્તવિક આલેખન :

दरअसल हर चीज को ग्लोबलाइज करना आज का फैशन हो गया है I भारतीय सिनेमा को भी अखिल- विश्व का स्वरुप दिए जाने के प्रयास हो रहे है I लोग भूल जाते है कि महान फिल्मे हमेशा देश की जमीन से जूडी होती है।

ગુજરાતી સિનેમામાં કંકુ ફિલ્મ એક માઈલ સ્ટોન બની રહે છે તેના મૂળમાં ઉપરોકત બાબત રહેલી છે. કાન્તિલાલ રાઠોડના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મ ઈ.સ.૧૯૬૯માં રિલીઝ થઈ હતી. ૧૪૮ મિનીટની લંબાઈ ધરાવતી કંકુ ફિલ્મ બ્લેક એન્ડ વ્હાઈટ છે.ફિલ્મના સંવાદો લખવામાં લેખક પન્નાલાલ પટેલે કાંતિલાલ રાઠોડને મદદ કરી હતી. પલ્લવી મહેતા, કિશોર જરીવાલા, કિશોર ભટ્ટ, અરવિંદ જોશી વગેરેએ આ ફિલ્મમાં અભિનય કર્યો છે કંકુની ભૂમિકા પલ્લવી મહેતાએ ભજવી હતી. અને એ માટે તેમને શિકાગો આંતરરાષ્ટ્રીય મહોત્સવનો પુરસ્કાર પણ મળ્યો હતો.

કંકુ વાર્તા કંકુ ફિલ્મ ઘણી જુદી છે વાર્તાનો આરંભ ખુમાનો મૃત્યુથી થાય છે. જયારે ફિલ્મનો આરંભ ખુમો કંકુ સાથે લગ્ન કરીને ગામમાં પ્રવેશે છે ત્યાંથી થાય છે. ક્રેડિટ ટાઈટલની સાથે ધ્વનિપટ્ટી પર શરણાઈ અને ઢોલકના સૂર સંભળાય છે. તેની સાથે જ પડદા પર વહેલ દેખાય છે. ખુમાની જાન આવતાં જ ફળી ધમધમતી ઊઠે છે ઢોલ શરણાઈમાં સૂરની સાથે સ્ત્રીઓના હર્ષોદ્ગારો ભળે છે. સ્ત્રીઓ વર-વધૂને માટે ખુમાના ઘરના ઉડ ઉંબરે ભેગી થઈને ગીત ગાવા માંડે છે. ગાડું ઘર પાસે ઊભું રહે છે. તરત સ્ત્રીઓ ગાંડાને ઘેરી વળે છે. બધાને ખુમાની વહુને જોવાની ઉત્કંઠા છે.

ફિલ્મનો આરંભ જ દર્શક વર્ગને સીધો જ ગ્રામીણ સમાજ સાથે જાડી દે છે. કોઈ ઝાકઝમાળ વિનાનું આ દૃશ્ય સહજ રીતે ગ્રામ્ય સંસ્કૃતિ બતાવે છે.

ફિલ્મકારે કંકુના સુખ દુઃખની સાથે સાથે ભારતીય ગ્રામ સભા દર્શાવી છે. ખેતરમાં કામ કરતી વિધવા કંકુ તો આપણને જોવા મળે જ છે પણ સાથે સાથે કંકુ સાથે લગ્ન કરે છે ત્યારે દીકરા હીરિયાની પ્રતિક્રિયા વાર્તાકાર દર્શાવતા નથી પણ ફિલ્મસર્જક તે દર્શાવવાનું ચૂક્યા નથી. માને કાળુના ઘરનો ચૂલો ફૂંકતી જાઈને હીરીયો ધીમા પગલે ત્યાંથી ચાલી નીકળે છે. ખેતરે પત્ની સાથે હીરિયો કામ કરે છે ત્યારે બીજી ચારેક સ્ત્રીઓ કંકુની જ વાત કરતી હોય છે. તેમાં ભલી અને ડાહી ડોશી પણ છે કંકુના આકરા તપના વખાણ કરતાં કરતાં તો ભલી હીરિયાને પરોક્ષ રીતે સંભળાવી દે છે કે જો કંકુએ દુઃખના વેઠયું હોત તો આ હીરિયો ક્યાંયનો ના રહેત,

કાળુના વખાણ કરતાં ડાહી ડોશી કહે છે એ તો એને કંકુનો જ છોરો ગણે છે.દિગ્દર્શક હીરિયાના મનોભાવો દર્શાવવા માટે રિએકશન શોર્ટનો ઉપયોગ કર્યો છે. આ સ્ત્રીઓ સીધું કહે છે તેમની વાતો સાંભળીને દીકરાને માએ પોતાના ખાતર વેઠેલા દુઃખ સમજાય છે અને તે માને મળવા પાછો પહોંચે છે. ફિલ્મના અંતે ખાટલા પાસે બેઠેલો કાળુ કંકુને ગોળધાણા ખવડાવી રહેલો છે. કંકુના પડખામાં નવજાત શિશુ છે. બહારથી આ દૃશ્ય બારણે ઊભેલો હીરિયો જાઈ રહેલો છે. ફિલ્મ સર્જક હીરીયાની આ પ્રતિક્રિયાથી દર્શાવી દે છે કે હવે દીકરો પણ માના તપને સમજે છે.

<u>લાખેણી લાડી કંકુ</u> :

કંકુ ફિલ્મની નાયિકા કંકુ ગુજરાતી સિનેમાના ઈતિહાસમાં નોખી તરી આવે છે. મોટેભાગે ગુજરાતી ફિલ્મોમાં સ્ત્રીઓને સતી કે દેવી રૂપે દર્શાવવામાં આવતી અથવા તો ખલ પાત્ર રૂપે ચમત્કારો અને અંધશ્રદ્ધાઓને નિરૂપતિ ઘણી ખરી ફિલ્મો સ્ત્રીને તેના વાસ્તવિકરૂપે રજૂ કરતી નહોતી. તો ક્યાંક વળી સાસરિયાઓનો ત્રાસ સહન કરતી કે માત્ર ગીતો ગાતી નાયિકાઓ જોવા મળે છે. ખરા અર્થમાં ભારતીય નારી કહી શકાય તેવું ચિત્રણ બહુ ઓછી ફિલ્મોમાં નાયિકાઓનું થયું છે અને કંકુ તેમાંની એક ફિલ્મ છે.

કંકુનું સુખી અને ઉલ્લાસભર્યું લગ્ન જીવન તેનું આકરૂં વૈધવ્ય, તેનું સ્ખલન અને કાળું સાથેનુ લગ્ન- જાણે એક ભવમાં જ અનેક ભવના અનુભવો કંકુ લઈ લેતી જણાય છે. દિગ્દર્શક નારી જીવનના આ બધાંય પાસાઓને ફિલ્મમાં દર્શાવવાનું ચૂકયા નથી એકાકી જીવન જીવતા ખુમાના જીવનને કંકુ આનંદ ઉલ્લાસથી ભરી દે છે. ફિલ્મના આરંભે જ ઘરમાં પગ મૂકતાં જ કંકુ જે સહનતાથી તેને આવકારવા ઊભેલી રૂખીને પોતાનું હાથફૂલ આપી દે છે ત્યાં જ ખ્યાલ આવી જાય કે કંકુ લાખેણી લાડી છે. ખુમાનું ઘર સજાવવા માટે કમરકસતી કંકુ તુલસી રોપતી, નળિયા, ગોઠવતીમ, ખેતરે જતી, જમવાનું બનાવતી એમ વિવિધ કામ કરતી દેખાય છે. તો ખુમાનું ફાટેલું કેડીયું જાઈને કંકુ પોતાનું ચાંદીનું માદળીયું વેચી દઈ ખુમા માટે નવું કેડીયું લઈ આવે છે. ખુમાના મૃત્યુ પછી વરસાદી દિવસોમાં કંકુને ઘરમાં આવતો ખુમો દેખાય ધીકતા તાવમાં હીરિયાના બાપા મારે આવવું છે. ઊભા ...રો .. એમ બૂમો પાડતી કંકુ ઘરની બહાર દોડે પાનુ, ભાથી,ગલો માંડ માંડ તેને પકડીને ઘરમાં લાવે. આ દૃશ્યમાં તેની એકલતા દેખાય છે તો આ જ કંકુ બીજાનું ઘર જે રીતે કરવાની ના પાડે છે તેમાં તેનો દીકરા અને પતિ માટેનો પ્રેમ પણ દેખાય છે. કંકુ લૂગડાં જાઈને વર પસંદ કરે એવી સ્ત્રી નથી.

કંકુનું પાત્ર ફિલ્મસર્જક જરાય વાયવી ન થાય એ રીતે રજૂ કર્યું છે ભારતીય નારીની ધીરજ સહનશકિત તેનો સ્નેહ એ બધી બાબતોનું મૂર્તિમંતરૂપ પડદે જોવું હોય તો કંકુને જોવી રહી ક્યાંય વધારાના ઉપદેશો કે બોધ વિના કંકુ જે રીતે જીવન જીવે છે એમાં જ ભારતીય નારીની વિશેષતાઓ છતી થાય છે. સંસ્કૃતિ એ માત્ર રીત – રીવાજો કે કળાઓમાં નથી પણ જીવતા જીવનમાં પણ રહેલી છે. કહો કે, સંસ્કૃતિનો ખરો ખ્યાલ વ્યકિતત્વ અને તેનું સંઘર્ષમય જીવન આ બાબતને સુંદર રીતે પડદા પર રજૂ કરે છે. ભારતીય સંસ્કૃતિ અને તેમાંય ભારતીય નારીનો સ્નેહ અને તપ તેને મૂકી ઊંચેરા બનાવે છે. ભારતીય સંસ્કૃતિ સ્ખલનને નહીં પણ તેના પશ્ચાતાપને વધારે મહત્તવ આપે છે. ગલા ડામોર અને ડાહી ડોશી જેવા અભણ ગામ લોકો પણ

કહે છે કે વતો ઓછો વાયરો તો ઝાડ માત્ર બધાયને લાગે અહીં તેમની કોઠાસૂઝ જોવા મળે છે. ઝેર ખાવા તૈયાર થતી કંકુને ધમકાવતા ગલાની વહુ કહે છે, ઝેર ખાય તારૂ ખાહડું તારૂ તપ ક્યાં કોઈ નહીં જાણતું કંકુ જે આકરૂં જીવન જીવી હતી તેનું ઊંચું મૂલ્ય ગામલોકો પણ આંકે છે. આ રીતે ફિલ્મમાંથી પસાર થતાં આપણને ભારતીય નારીના જીવનના અનેક રૂપ રંગ જોવા મળે છે.

<u>ઉપસંહાર :</u>

આમ,ભારતીય ગ્રામ સમાજના વાસ્તવિક નિરૂપણને કારણે કંકુ વાર્તા અને કંકુ ફિલ્મ નોંધપાત્ર બની રહે છે, તેમાય કંકુ ફિલ્મ તો ગ્રામ સમાજને તેના તમામ રૂપરંગ સાથે આલેખતી હોઈ વિશેષ તો ભારતીય નારીના મનોગતને રજૂ કરતી હોઈ ભારતીય ગ્રામ સંસ્કૃતિને સુંદર રીતે રજૂ કરનારી કલાકૃતિ બની રહે છે.

સંદર્ભગ્રંથો :

(૧) સંસ્કૃતિ, બહુ સંસ્કૃતિ અને સાહિત્ય - પ્રવિણ દરજી, પાર્શ્વ પબ્લીકેશન પ્ર.આ.૨૦૧૪

(૨) સિનેમા

(૩) પન્નાલાલની શ્રેષ્ઠ વાર્તાઓ - સ. પન્નાલાલ પટેલ, સાધના પ્રકાશન, ઓગસ્ટ-૨૦૦૫

(૪) સંસ્કૃતિસંદર્ભ - સં.રઘુવીર ચૌધરી

ઇતિહાસના સંશોધનમાં સાહિત્યનું યોગદાન : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં

પ્રા. ડૉ. વિરસંગભાઈ આર. ચૌધરી
ઈન્ચાર્જ આચાર્ય (ઈતિહાસ) (GES-II) સરકારી આર્ટ્સ કૉલેજ, બેચરાજી
Email : drvrchaudhari@gmail.com

વિદેશી વિદ્વાનો એવું માને છે કે ભારતીયોમાં ઈતિહાસ લેખન પ્રવૃત્તિની બૌદ્ધિક ક્ષમતા ન હતી. કેટલાકે તો એટલે સુધી કહ્યું છે કે પ્રાચીન ભારતીયોમાં ઐતિહાસિક ઈન્દ્રિયોનો અભાવ હતો. પરંતુ સાહિત્યને સંબંધ છે ત્યાં સુધી ભારતીયોએ મનુષ્યજાત ગૌરવ લઈ શકે એવું પ્રદાન કર્યું છે. પ્રાચીનયુગની પ્રચલિત તમામ વિદ્યાશાખાઓને તેમણે ખેડી છે. એટલું જ નહીં પણ તેમને સુંદર રીતે અક્ષરદેહ આપ્યો છે.

ઈતિહાસના અનેક સાધનો હોવા છતાં એનું સૌથી મહત્તવનું અને મોટું સાધન સાહિત્ય છે. સાહિત્યના ઉપાદાનરૂપ ભાષા અને તેના પ્રયોગો જેને આધારે ભાષાશ્રયી પુરાતત્તવનું શાસ્ત્ર રચાયું છે. તે પણ સાંસ્કૃતિક ઈતિહાસનું એક અગત્યનું સાધન છે. સાહિત્ય કોઈ યુગમાં રચાયેલું હોય છે. આથી એ યુગના જીવન ઉપર સાહિત્ય પ્રકાશ પાડે છે. એ જ રીતે તત્કાલીન સાહિત્યને યોગ્ય સંદર્ભમાં સમજવા માટે તથા તેનો આસ્વાદ લેવા માટે તે યુગનો અભ્યાસ જરૂરી છે. ઈતિહાસના સાધનરૂપ સાહિત્યને મુખ્યત્વે બે ભાગમાં વહેંચી શકાય. ઐતિહાસિક અને સર્વસામાન્ય. વ્યક્તિ, સમૂહ કે સમાજનો કાલાનુક્રમિક વૃતાંત કે ઈતિવૃત આપવાના ઉદ્દેશથી જેની રચના થઈ હોય એવી કૃતિઓને આપણે ઐતિહાસિક સાહિત્ય કહીશુ. કનોજના ચક્રવર્તી હર્ષની જીવનકથા આલેખતું મહાકવિ બાણનું ગદ્ય કાવ્ય 'હર્ષચરિત' જેટલી મહત્ત્વની સાહિત્યકૃતિ છે. તેટલા જ મહત્તવની ઐતિહાસિક રચના છે. આચાર્ય હેમચંદ્રનું વ્યાકરણ કાવ્ય સંસ્કૃત અને પ્રાકૃત 'દ્વયાશ્રય' મૂળરાજથી કુમારપાલ સુધીનો ગુજરાતનો ઈતિહાસ આલેખે છે. ગુજરાતના મધ્યકાલીન પ્રબંધો, લોકકથાઓ અને દંતકથાઓથી તરબોળ હોવા છતાં મૂલ્યવાન ઐતિહાસિક સામગ્રી રજૂ કરે છે. તે એટલે સુધી કે આ પ્રબંધાત્મક સામગ્રીના વિનિયોગ વિના ગુજરાતનો કોઈ પણ ઈતિહાસ સંપૂર્ણ ગણાય નહીં. જૈન પટ્ટાવલીઓ અર્થાત્ વિવિધ ગચ્છોના આચાર્યોનો વૃદ્ધપરંપરાથી ચાલતો આવેલો વૃત્તાંત આલેખતી કૃતિઓ ધાર્મિક - સામાજિક ઈતિહાસ માટે બહુ અગત્યની છે. પ્રાચીન હસ્ત લિખિત ગ્રંથોની પ્રશસ્તિઓ અને પુસ્તિકાઓ પણ એ રીતે કામની છે. વિદેશી મુસાફરોની નોંધોમાંથી પણ ઐતિહાસિક માહિતી પ્રાપ્ત થાય છે. ફારસી, અરબી તવારીખો મુસ્લિમ કાળના રાજકીય ઈતિહાસ માટે અનિવાર્ય તેમજ મહત્તવની છે. ખાસ કરીને એ તવારીખોને અનુલક્ષીને ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝના ગ્રંથ ૩૪ તરીકે ઈ.સ. ૧૯૨૭માં પ્રગટ થયેલ 'મિરાતે અહમદી' ભાગ-૨ની પ્રસ્તાવનામાં વિખ્યાત ઈતિહાસકાર સ્વ. જાદુનાથ સરકારે કહ્યું છે કે "Of all the provinces of India, Gujarat is the richest in the number and variety of the historical records." અર્થાત્ ભારતના સર્વ પ્રાંતોમાં ઐતિહાસિક સાધનોની સંખ્યા અને વૈવિધ્યની બાબતમાં ગુજરાત સૌથી વધુ સમૃદ્ધ છે.

પ્રાચીન ભારતે કોઈ ઐતિહાસિક કૃતિ સર્જી નહીં. પરંતુ વેદો અને પુરાણો પણ રાજકીય ઈતિહાસ વિશે કેટલીક સામગ્રી ધરાવે છે. જ્યારે તેઓ ભારતનો સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ઈતિહાસના પુન:નિર્માણ માટે ઘણાં મૂલ્યવાન છે. તેઓએ માત્ર રાજાઓનાં અને જાતિઓનાં જ નહિ, મહત્તવના બનાવોનાં નામ પણ મેળવ્યાં છે. જેમ કે 'દશરાજ્ઞ' અર્થાત્ દશરાજાઓનું યુદ્ધ.

'મહાભારત'સંભવતઃ ઈતિહાસ લખવાનો પ્રાચીન ભારતમાં સહુથી પ્રાચીન પ્રયત્ન હતો. રાજકીય ઈતિહાસના સ્રોત તરીકે તેનું મૂલ્ય હજી યથાર્થ રીતે આંકવાનું છે. એ સમયના સામાજિક અને સાંસ્કૃતિક ઈતિહાસના પુનઃનિર્માણ માટે એ અકલ્પ મૂલ્ય ધરાવે છે.

સંસ્કૃતની ભાષાઓ પાલિ અને પ્રાકૃતે વિસ્તૃત સાહિત્ય વિકસાવ્યું. પાલિમાં જે તે ઈતિહાસ કહેવાય તેવી કૃતિઓ કેવળ સિલોનની તવારીખ 'દીપવંશ'અને 'મહાવંશ'છે. સિલોનની આ તવારીખોનું ભારતના ઈતિહાસ માટેનું મહત્તવ તેમાં જળવાયેલી બૌદ્ધ અનુશ્રુતિમાં રહેલું છે.

'પાલિ ધર્મગ્રંથાત્મક સાહિત્ય' કહેવાતું વિશાળ સાહિત્ય છે જે રાજકીય ઈતિહાસ માટે નહિવત સામગ્રી ધરાવે છે. પણ તે કાલના સામાજિક ઈતિહાસ માટે મહત્તવનું છે.

સંગમ સાહિત્યને તે સમયના રાજકીય ઈતિહાસ માટે નહિવત રસ છે. પણ એ સામાજિક અને ધાર્મિક ઈતિહાસ સંબંધી માહિતીનો ખજાનો છે.

કાશ્મીરમાં ઐતિહાસિક લખાણો લખવા અંગે દીર્ઘ પરંપરા હોવાનું જણાય છે. તેના પ્રથમ જ્ઞાત ઈતિહાસકાર વિખ્યાત કલ્હણે જણાવ્યું છે કે રાજાઓના ઈતિવૃતને વર્ણવતા ભૂતપૂર્વ અગિયાર વિદ્વાનોની કૃતિઓ પોતે તપાસી છે. આ કૃતિઓ નષ્ટ થઈ ગઈ છે. સંસ્કૃતમાં 'રાજતરંગિણી' નામે ઉત્તમ ઈતિહાસ લખવા માટે આપણે કલ્હણના ઋણી છીએ. ઈ.સ.ની ૭મી સદીથી તો 'રાજતરંગિણી'ને કાશ્મીરનો સુવિશ્વસનિય ઈતિહાસ ગણી શકાય. એનું શીર્ષક સૂચવે છે તે પ્રમાણે એ રાજાઓનું ઈતિવૃત્ત છે. તેમ છતાં કલ્હણ સમકાલીન બનાવોનું વર્ણન કરતી વખતે કાળરૂપી મહાસાગર મધ્યે તરતી કાશ્મીરના ઉન્નતકાળની કીર્તિનું પણ આપણને દર્શન કરાવે છે. કલ્હણ આપણે માટે આ નિયમ મૂકતો ગયો છે. 'જે રાગ અને દ્વેષથી મુક્ત હોય પોતાની ભાષાને હંમેશાં હકીકતના વિવરણમાં સીમિત રાખતો હોય તે જ સનિષ્ઠ કવિ અથવા ઈતિહાસકાર પ્રશંસાપાત્ર છે."

પ્રાદેશિક અને રાષ્ટ્રીય ઈતિહાસ એવા ભેદો માત્ર અભ્યાસની સગવડની દૃષ્ટિએ છે. ગુજરાતનો ઈતિહાસ એ ભારતના ઈતિહાસનું અંગ છે.

પ્રાચીન સમયના ગુજરાતને સંબંધિત કોઈ સમકાલીન સર્વાંગ સંપૂર્ણ ઈતિહાસ ગ્રંથ પ્રાપ્ત થતો નથી. પરંતુ સાંસ્કૃતિક ઈતિહાસની દૃષ્ટિએ વિચારીએ તો કેટલીક નોંધપાત્ર રચનાઓ આ વર્ગમાં મૂકી શકાય. સાંસ્કૃતિક ઈતિહાસમાં તત્કાલીન સામાજિક સ્તિથિ, આર્થિક સ્તિથિ, ભાષા, સાહિત્ય, લિપિ, ધર્મ, સંપ્રદાયો અને બીજી ઘણી બાબતોનું નિરૂપણ કરવાનું હોય છે. આને લગતી સાધન સામગ્રી ગુજરાતના પ્રાચીન વિવિધ સાહિત્યમાંથી મળે છે. વળી રાજકીય ઈતિહાસને લગતી ઘણી સામગ્રી એમાં જોવા મળે છે.

પુરાણોમાં ભારતના આદ્ય - ઐતિહાસિક વંશોને લગતી અનુશ્રુતિઓ આપેલી છે. તેમાં શર્યાતો, ભૃગુઓ અને યાદવોને લગતી જે અનુશ્રુતિઓ વાયુ બ્રહ્માંડ, બ્રહ્મ મત્સ્ય વગેરે પુરાણોમાં આપી છે તે ગુજરાતના આદ્ય ઈતિહાસ માટે ઉપયોગી છે. મથુરાથી આવી દ્વારકામાં વસેલા યાદવો અંગે મહાભારત પણ કેટલીક માહિતી પૂરી પાડે છે. વિષ્ણુપુરાણ અને વિશેષતઃ ભાગવત પુરાણ યાદવો અને શ્રીકૃષ્ણ વિશે વિસ્તૃત માહિતી આપે છે.

પુરાણોમાં સ્કંદપુરાણના અનેક ખંડ અને પદ્યપુરાણના અમુક ખંડ તેમજ ધર્મારણ્ય ખંડ ગુજરાતનાં જુદાં જુદા તીર્થક્ષેત્રો તથા ગુજરાતની અમુક જ્ઞાતિઓની ઉત્પત્તિ વગેરેને લગતી અનુશ્રુતિઓ

આપે છે. અનુમોર્ય કાલના ઈતિહાસ માટે 'પેરિપ્લસ' (૧લી સદી) અને ટોલેમીની ભૂગોળ (૨જી સદી) કેટલીક ઉપયોગી માહિતી આપે છે.

પ્રાચીન ગુજરાતમાં બૌદ્ધ ધર્મના પ્રચાર વિશે સાહિત્યિક સાધનોમાંથી ઘણી હકીકતો મળે છે. ચીની પ્રવાસી યુઆન સ્વાંગ ગુજરાતમાં આવ્યો તો છેક સાતમી સદીમાં ઈ.સ. ૬૪૧ની આસપાસ. એ પહેલાંએ ગુજરાતમાં બૌદ્ધ ધર્મના પ્રચાર વિશે ઉત્કીર્ણ લેખોમાંથી તેમ જ સાહિત્ય ગ્રંથોમાંથી અનેક નિર્દેશો પ્રાપ્ત થાય છે. આ સાહિત્યગ્રંથો જો કે સોલંકીયુગમાં રચાયેલા છે. પણ એમાંના વૃતાન્તો પૂર્વકાળના છે અને પ્રાચીન પરંપરાને આધારે અપાયા હોઈ ઉપરોકત વિધાનને એથી બાધ આવતો નથી. બુદ્ધિ અને વિચારોને વ્યવસ્થા માટે બૌદ્ધ ન્યાયના દુર્ગમ પ્રમેયોનો અભ્યાસ ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને ગુજરાતમાં કરાવવામાં આવતો એમ 'પ્રભાવક ચરિત'ના કર્તા આચાર્ય પ્રભાચન્દ્ર નોંધે છે. વલભી તેમજ અન્ય સ્થળોનાં બૌદ્ધ વિદ્યાપીઠોમાં અપાતા શિક્ષણનું જ આ એક રીતે સાતત્ય હતું એમ કહી શકાય. તળાજાની બૌદ્ધ ગુફાઓ જાણીતી છે. અગત્યના કેટલાક ગૌણ બૌદ્ધ અવશેષો અને મૂર્તિઓ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં જુદે જુદે સ્થળેથી પ્રાપ્ત થયેલ છે. પરંતુ ઉત્તર ગુજરાતના તીર્થધામ શામળાજી પાસે દેવની મોરી ગામની સીમમાં ભોજરાજાની ટેકરી તરીકે ઓળખાતા ટીંબામાંથી ક્ષત્રપ કાળનો આખો બૌદ્ધ સ્તૂપ નીકળ્યો, એથી સાહિત્યિક પુરાવાઓને સબળ અનુમોદન મળે છે. એટલું જ નહીં પણ આ વિષયનું આખું દર્શન બદલાઈ જાય છે. આ ઉપરથી કહી શકાય કે ગુજરાત જૈન ધર્મનું જેવું મોટું કેન્દ્ર હતું તેવું જ મોટું કેન્દ્ર બૌદ્ધ ધર્મનું પણ હશે.

સોલંકીકાળ એ ગુજરાતના ઈતિહાસનો સુવર્ણકાળ ગણાય છે. એ કાલ દરમિયાન અભિલેખો તથા પુરાવશેષોની જેમ સાહિત્યમાં પણ ઇતિહાસ ઉપયોગી સામગ્રી પ્રાપ્ત થઈ. એના પગરણ સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના સમકાલીન હેમચંદ્રાચાર્યથી થયાં. સિદ્ધરાજના પ્રેરણા તથા પ્રોત્સાહનથી રચેલાં 'સિદ્ધહેમશબ્દાનું શાસન'માં એમણે એના આઠેય અધ્યાયોના દરેક પાદના અંતે એકેક શ્લોકમાં મૂળરાજથી લઈને સિદ્ધરાજ સુધીના સોલંકી રાજાઓની પ્રશસ્તિ આપી છે. સંસ્કૃત 'દ્વયાશ્રય' કાવ્યમાં મૂળરાજથી લઈને કુમારપાળ સુધીના ચૌલક્ય રાજાઓનું અને પ્રાકૃત 'દ્વયાશ્રય' કાવ્યમાં કુમારપાળનું ચરિત નિરૂપ્યું છે. સિદ્ધરાજ અને કુમારપાળના સમકાલીન અને તેઓના નિકટ સંપર્ક ધરાવતા કવિની કલમે લખાયેલા આ પ્રકારના સહુથી જૂના ઐતિહાસિક કાવ્ય તરીકે ગુજરાતના ઈતિહાસ ઉપયોગી સાહિત્યમાં 'દ્વયાશ્રય' મહત્તવનું સ્થાન ધરાવે છે.

સોલંકી રાજા કર્ણદેવના સમયમાં પાટણ આવેલા કાશ્મીરી કવિ બિલ્હણે 'કર્ણસુંદરી' નામે નાટિકા રચી. એ ગુજરાતમાં રચાયેલ ઐતિહાસિક નાટકોનો પ્રથમ જ્ઞાત નમૂનો છે.

રામચંદ્રસૂરિએ 'કુમાર વિહાર શતક' નામે શતક કાવ્યમાં કુમારપાળ રાજાએ અણહિલપુરમાં બંધાયેલ પાશ્વનાથ જિનાલયનું કાવ્યમય વર્ણન કર્યું છે.

કુમારપાળના સોમપ્રભુસૂરિએ રાજાની હયાતી બાદ વિ.સં.૧૨૪૧ (ઈ. સ.૧૧૮૫)માં રચેલા 'કુમારપાળ પ્રતિબોધ'નામે ગદ્ય ગ્રંથમાં હેમચંદ્રસૂરિએ વારંવાર ધર્મોપદેશ આપીને કુમારપાળને કેવી રીતે પ્રતિબોધ કરાવ્યો તે નિરૂપ્યું છે.

કવિ અરિસિંહે રચેલા 'સંકૃત-સંકીર્તન' નામે મહાકાવ્યમાં અણહિલવાડ, ચાવડાવંશ, સોલંકીવંશ, વસ્તુપાલ તેજપાલની મંત્રીપદે નિયુક્તિ વસ્તુપાલે કરેલી. સંઘયાત્રા અને ગુજરાતમાં તેણે ઠેકઠેકાણે બંધાયેલા મંદિરો, જળાશયો વગેરેનું નિરૂપણ થયેલું છે.

વાઘેલા સોલંકી રાજા વિસલદેવના સમયમાં સં.૧૩૧૩-૧૫માં ગુજરાતમાં ભારે દુષ્કાળ પડ્યો ત્યારે ભદ્રેશ્વર (કચ્છ)માં શ્રેષ્ઠી જગડુશાહ એ અગાઉથી કરી રાખેલા પોતાના ધાન્યસંચયમાંથી અન્નદાન કરી લાખો લોકોને બચાવેલા તે વિશે સર્વાનંદસૂરિએ એ સમયમાં સંસ્કૃતમાં 'જગડુચરિત' રચ્યુ. એમાંથી ગુજરાતના એ ભયંકર દુકાળ વિશે તેમજ કચ્છના એ દાનવીર વિશે ઐતિહાસિક માહિતી પ્રાપ્ત થાય છે.

મેરુતુંગાચાર્ય કૃત 'પ્રબંધ ચિંતામણી'એ પ્રબંધ સાહિત્યનો મહત્તવનો ગ્રંથ છે. આ પ્રબંધ સંગ્રહમાં વનરાજ ચાવડાથી લઈને ભીમદેવ બીજા અને રાણા વીરધવલ સુધીના રાજાઓની વિવિધ માહિતી પ્રાપ્ત થાય છે. કુમારપાળના પૂર્વજોના વૃત્તાંતમાં વારાંગના બકુલાદેવીને લવણ પ્રસાદના સંદર્ભમાં મદનરાજ્ઞી દેવરાજનો અને વસ્તુપાળ તેજપાળના વૃત્તાંતમાં કુમારદેવીના પુર્નલગ્નનો પ્રસંગ અહીં પહેલો વહેલો નિરૂપાયો છે.

ગુર્જરેશ્વર પુરોહિત સોમેશ્વર જે રાણા વીરધવલની સભામાં મહામાત્ય વસ્તુપાલનાય માનીતા હતા. તેમણે વસ્તુપાલની કીર્તિગાથા રૂપે રચેલું 'કીર્તિ કોમુદી' નામે નાનું મહાકાવ્ય વસ્તુપાલને લગતી કૃતિઓમાં અગ્રિમ સ્થાન ધરાવે છે. એમાં અણહિલવાડ પાટણ, ત્યાંના સોલંકી વંશના મૂળરાજ ૧લાથી ભીમદેવ બીજા સુધીના રાજાઓ વાઘેલા સોલંકી વંશના રાણા ધવલથી વીરધવલ અને પ્રાગ્વાટ કુળના ચંડથી લઈને વસ્તુપાળ તેજપાળ, રાણા વીરધવલના મહામાત્ય તરીકે તેઓની નિયુક્તિ, વસ્તુપાલે ખંભાતમાં કરેલો લાટના રાજા શંખનો પરાભવ અને વસ્તુપાલે સંઘ સાથે શત્રુંજ્ય, ગિરનાર અને પ્રભાસની કરેલી તીર્થયાત્રાનું નિરૂપણ કરીને સોમેશ્વર અણહિલવાડના સોલંકીવંશના તેમજ ધોળકાના વાઘેલા સોલંકી વંશના ઈતિહાસ વિશે તેમજ મહામાત્ય વસ્તુપાલના ચરિત્ર વિશે જે ઈતિહાસ ઉપયોગી મહાકાવ્યની રચના કરી છે તે ગુજરાતના સોલંકીકાળના ઈતિહાસનાં પ્રાચીન સાહિત્યિક સાધનોમાં 'દ્વયાશ્રય' પછીનું મહત્તવનું સ્થાન ધરાવે છે.

પદ્મનાભકૃત 'કાન્હડદેવપ્રબંધ' જેવાં લશ્કરી વિષયોનાં કાવ્યોમાં શાસ્ત્રોનું વર્ણન જોવા મળે છે. જેમાં તલવાર, ખાંડુ અને પટો એ ત્રણે શબ્દો સામાન્ય રીતે એક જ ગણાતા હોવા છતાં હકીકતમાં વિભિન્ન આકૃતિની તલવારોના નામો છે.

ઉત્તરકાલમાં ગંગાધર કવિએ લખેલું 'માંડલિક મહાકાવ્યે' પ્રાપ્ત થાય છે. એમાં સૌરાષ્ટ્રમાંના એક રાજ્યના રાજા માંડલિકનો ગુજરાતના સુલતાન મહમૂદ બેગડા (ઈ.સ. ૧૪૫૯ - ૧૫૧૧)ના હાથે થયેલો પરાજય વર્ણવ્યો છે.

આ સમયે રાજસ્થાનમાં પણ કેટલીક કૃતિઓની રચના થઈ હતી. જેમાં જીવધર કૃત 'અમરસાર', ગંગાધર કૃત 'ગંગાધર પ્રતાપ વિલાસ' અને ગંગાદેવી રચિત 'મધુરા વિજય'નો નિર્દેશ કરી શકાય. આમાંથી છેલ્લી કૃત્તિ વિશેષ રસપ્રદ છે. કોઈ સ્ત્રીએ લખી હોય તેવી આ એક જ ઐતિહાસિક કૃતિ છે. ગંગાદેવીએ એમાં પોતાના પતિ વિજયનગરના રાજા કંપણનાં લશ્કરી પરાક્રમો ખાસ કરીને મુસલમાનો સામે કરેલ મદુરાઈની ફતેહનું ક્ષમ્ય ગૌરવપૂર્વક આલેખન કર્યું છે.

વિદેશી લેખકોના સાહિત્યમાં ગુજરાતના પ્રાચીન ઈતિહાસ માટે જે ગ્રીક રોમન તથા ચીની લેખકોના ગ્રંથ ઉપયોગી છે. જેમાં ઈત્સંગના ગ્રંથમાં આવતો વલભી વિદ્યાપીઠનો ઉલ્લેખ, આરબ લેખકોમાં ખોરદાદબા, શહરાયર અને અલમસુદી જેવા પ્રવાસીઓ ગુજરાતના બંદરો વિશે તથા અમીર ખુશરો, ઈલામી બસ્તી, નિઝામુદીન અને ફરિસ્તહ જેવા લેખકો અલાઉદ્દીનની ફોજે ગુજરાત પર કરેલી ચડાઈઓ વિશે માહિતી આપે છે. મહમદ ગઝનવીના સમયમાં ભારત આવેલ અલબેરુની હિંદ વિશેના પોતાના ગ્રંથમાં વલ્લભી ભંગ તથા વલ્લભી સંવત વિશે જે માહિતી આપે છે તે ઉપયોગી નીવડી છે. ઈરાનના કેટલાક જરથોસ્તીઓ ધર્મના જતન માટે વતન છોડી ગુજરાતમાં આવી વસ્યા તે વિશેની માહિતી ઈ.સ. ૧૬૦૦માં બેહમન કેકોબાદ સંજાણાએ રચેલા 'કિસ્સે સંજાન'કાવ્યમાંથી મળે છે.

આઝાદીની લડત દરમિયાન વ્યક્ત થયેલાં પ્રજાની ઉત્કૃષ્ઠ ભાવના, દૃઢ શ્રદ્ધા, વિચારો અને રંગીન કલ્પનાઓનું પ્રતિબિંબ સમકાલીન સાહિત્યમાં ઝિલાય છે. કહેવાય છે કે સાહિત્ય એ પ્રજાજીવનનાં પ્રતિબિંબોને ઝીલતું દર્પણ છે. પરંતુ એ બધાં પ્રતિબિંબો બધી વખતે સાચાં અને તથ્યપૂર્ણ હોતા નથી. ક્યારેક એમાં કલ્પનાનું તત્તવ જોર કરી જતું હોય છે. એટલે સાહિત્યને પ્રજાજીવનનું દર્પણ કહેવાને બદલે 'રિફલેકટર'કહેવું વધુ યોગ્ય હશે. આથી આઝાદીની લડત પૂર્વેનું અને લડત દરમિયાનનું સાહિત્ય આ પ્રકારના ઈતિહાસના આલેખનમાં ઉપયોગી નીવડે છે એમ જરૂર કહી શકાય. લડત દરમિયાન પ્રસિદ્ધ થતાં સાહિત્યથી સંગ્રામની દિશાને જરૂરી વળાંક આપી શકાય છે. સંગ્રામ સાહિત્ય દ્વારા પ્રજામાં રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રીય જાગૃતિના સંસ્કારોનું સિંચન થઈ શકે છે.

આપણે જાણીએ છીએ કે યુરોપીયન પ્રજાઓના આગમનથી ભારતીય પ્રજા પશ્ચિમના દેશોના સંપર્કમાં આવી. મુઠીભેર ભારતીયો અંગ્રેજી કેળવણી પામ્યા અને તે દ્વારા પશ્ચિમ સંસ્કાર, સંસ્કૃતિ તથા ભાષા સાહિત્યનાં પરિચયમાં આવ્યા. તેમણે પશ્ચિમમાં લડાયેલી લોકશાહીની લડતોના ઈતિહાસમાંથી પ્રેરણા પામીને ભારતમાં એ માટેની યોગ્ય ભૂમિકા અને વાતાવરણ તૈયાર કરવામાં સહયોગ આપ્યો અને આઝાદી અંગેના લખાણો દ્વારા પ્રજામત કેળવવો શરૂ કર્યો. આમ પ્રજાના રાષ્ટ્રપ્રેમનું પોષતું સાહિત્ય સર્જાવા લાગ્યું.

આ સમયે ગુજરાતી સાહિત્યની રચનાઓમાં પણ ભરતી આવી, જેમકે,

"ઝેરગયાં ને વેર ગયાં, વળી કાળા કેર ગયા કરનારા,
દેખ બિચારી બકરીનો પણ, કોઈ ન જાતાં પકડે કાન,
એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિંદુરમાન."

દલપતરામ ઉપર્યુક્ત કાવ્ય પંક્તિઓ દ્વારા અંગ્રેજ સત્તા પ્રત્યે પ્રજાના હ્દયની ભલી લાગણીને અભિવ્યક્ત કરનાર પ્રથમ ગુજરાતી સાહિત્યકાર હતા. અંગ્રેજ શાસનનો ડંખ અનુભવ્યા પછી આઝાદીની લડત દરમિયાન ઢગલાબંધ સંગ્રામ સાહિત્ય પણ રચાયું. લડત દરમિયાન ગુજરાતમાં અપૂર્વ જુસ્સો પ્રગટ થયો હતો. પરિણામે દેશવ્યાપી જાગૃતતા, સ્વતંત્રતા, માનવપ્રેમ, ત્યાગ, બલિદાન અને સમર્પણની ભાવાત્મક દૃષ્ટિને જીવન અને કવનમાં ઉતારવાના પ્રયત્નો થયા. ગાંધીજીએ અમદાવાદમાં સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠ વૈચારિક જીવનની વાટ સંકોરી પરિણામે ગુજરાતમાં પણ વિપુલ પ્રમાણમાં સાહિત્ય રચાયું.

 ISBN : 978-81-938282-1-2

આઝાદીની રાષ્ટ્રીય લડત દરમિયાન ગુજરાતના નામી અનામી લેખકો, કવિઓ, આગેવાનો, લોકનાયકો વગેરેએ યુદ્ધગીતો, પત્રિકાઓ, અખબારો અને સામયિકો દ્વારા સ્વાતંત્ર્ય સંગ્રામનું પ્રચારી પ્રસારીને સ્વાતંત્ર્ય સંગ્રામ પ્રત્યે પ્રજામાનસ - ઘડતરનું મહત્તવનું કાર્ય કર્યું હતું.

રાષ્ટ્રહિતના કાવ્યો કવિ નર્મદના સમયથી લખાયેલા છે. ઈ.સ.૧૮૫૯માં બેટદ્વારકામાં અંગ્રેજોએ વાઘેરોને હરાવ્યા અને ત્યાં મંદિરો લૂંટ્યાં એ સમાચાર જાણી કવિ નર્મદે 'સ્વાતંત્રતા' કાવ્ય રચ્યું. એમાં બ્રિટિશ શાસનની ભારત પરત્વેની ફરજો વિશે નર્મદની મુખ્ય અપેક્ષાઓ શબ્દબદ્ધ થયેલી છે. તેમણે શૌર્યગીત દ્વારા રાષ્ટ્રપ્રેમ જગાડવા પ્રયત્ન કર્યો છે. જેનાં કેટલાંક દૃષ્ટાંત જોઈએ.

"સહુ ચલો જીતવા જંગ બ્યૂગલો વાગે
યા હોમ કરીને પડો, ફતેહ છે આગે."

આ ઉપરાંત 'નવ કરશો કોઈ શોક, રસિકડાં નવ કરશો કોઈ શોક', 'ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવું, શંખનાદ સંભળાવે ભૈયા શૂર પુરુષને તેડું હો, ધિક ધિક દાસપણું, બળ્યું તમારુ શાણપણું વગેરે.

ઝવેરચંદ મેઘાણીની કવિતા 'યુગવંદના'માં પણ રાષ્ટ્રીય ભાવના વ્યક્ત કરવામાં આવી છે. તેઓ ભારતીયોને સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાવવા હાકલ કરતાં કાવ્યમાં લખે છે કે...

'અમે ખેતરેથી વાડિયેથી
જંગલને જાડિયેથી સૂણી સાદ આવ્યા,
અમે ગિરિધરને ગોંદરેથી
જંગલને જાડિયેથી સૂણી સાદ આવ્યા.'

જેવાં ગીતો દ્વારા લોકજાગૃતિ જગાડવાનો પ્રયત્ન કરે છે. ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જવા ટાણે ગાંધીજી પણ તેમના કાવ્ય 'છેલ્લો કટોરો'થી દ્રવિત થયા હતા.

સાહિત્યનું ઉપાદાન ભાષા છે. સમગ્ર લોકવ્યવહારનું મુખ્ય સાધન ભાષા હોઈ વીતી ગયેલા જમાનાઓ પોતાનાં પદચિહ્ન ભાષામાં મૂકી ગયેલા છે. ભાષાના પ્રયોગો દ્વારા સાંસ્કૃતિક પ્રવાહોનું આકલન સ્પષ્ટ જોવા મળે છે. કેવળ આર્થિક અને નાણાકીય વ્યવહારના બે-ચાર પ્રયોગો એ રીતે જાઈએ. બંટી એ હલકું અને સસ્તુ ધાન્ય છે. 'બંટીનું બે વાર' એ પ્રયોગ અતિશય સસ્તી ચીજ માટે કરવામાં આવે છે. એટલું જ નહિ પણ વસ્તુઓના વિનિયમની અર્થવ્યવસ્થા એમાંથી વ્યક્ત થાય છે. 'કોડીની કિંમત', 'બે બદામનું' વગેરે એ સમયની યાદ તાજી કરે છે. જ્યારે કોડી અને બદામનું ચલણ નાનકડી લે-વેચ માટે પ્રચલિત હતું.

માનવનું ચિત્ત તથા આસપાસની ભૌતિક પરિસ્થિતિ તેમ જ એ બંનેનો સંઘર્ષ કે સંપર્ક આ રીતે ભાષામાં આવિષ્કાર પામ્યાં કરે છે.

ટૂંકમાં શ્રી મકરન્દ મહેતાના શબ્દોમાં કહીએ તો 'સાહિત્ય અને સામાજિક શાસ્ત્રનો અભ્યાસ ઈતિહાસકાર માટે અનીવાર્ય છે. તો ઐતિહાસિક સંદર્ભ વિના આપણે વર્તમાન અને ભવિષ્યને સુપેરે સમજી શકતા નથી.'

સંદર્ભગ્રંથો:

૧. મેઘાણી ઝવેરચંદ : યુગવંદના, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૫.

૨. જમીનદાર રસેસ : સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાત, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૭૨.

૩. ઠાકર ધીરુભાઈ : અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા, અમદાવાદ,૧૯૭૨.

૪. ત્રિવેદી રમેશ એમ. : અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, આદર્શ પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૫.

૫. સાંડેસરા ભોગીલાલ જ.: (૧) અન્વેષણા, આર. આર. શેઠની કંપની, અમદાવાદ, ૧૯૬૭. (૨)અનુસ્મૃતિ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,અમદાવાદ, ૧૯૭૩

૬. ચોપરા પી.એન.(સંપા) : ભારતનું ગેઝેટિયર, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુ.રા. અમદાવાદ, ૧૯૮૪.

૭. ઓઝા ઈશ્વરલાલ : પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતના ઈતિહાસની લેખન પ્રવૃત્તિ, ૨૦૦૨

૮. ભટ્ટ વિભૂતિ વિ. : ગુજરાતનું ઐતિહાસિક મહાકાવ્ય કીર્તિ કૌમુદી, સારસ્વત પ્રકાશન, અમદાવાદ, ૧૯૮૬.

૯. પરીખ ર. છો. અને ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ શાસ્ત્રી હરિપ્રસાદ (સંપા.) ગ્રંથ ૧ થી ૪ ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૫૭.

૧૦. શાસ્ત્રી હરિપ્રસાદ ગં. : ગુજરાતના પ્રાચીન ઈતિહાસની સાધન સામગ્રી, પ્રકાશક : ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૭૮.

ગાંધીયુગીન સાહિત્ય પર ગાંધીવિચારનો પ્રભાવ

ડૉ. સંજય મકવાણા
સહપ્રાધ્યાપક, ગુજરાતી વિભાગ,
મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા.
મો. ૯૪૨૭૪ ૩૧૬૭૦,E-mail: sanjaymakwana@gujaratvidyapith.org

ગુજરાતી સાહિત્યના અવકાશમાં અર્વાચીન યુગના મંડાણ નર્મદ - દલપતરામના સમયગાળાથી એટલે કે ઈ.સ.૧૮૫૦ આસપાસના સમયમાં નવા યુગનો પ્રારંભ થયેલ. સુધારાવાદી અભિગમ અને પંડિતાઈથી સબળ થયેલી અંગ્રેજી કેળવણીની સાહિત્ય- સાંસ્કૃતિક ધારા પૂરા દેશમાં વિસ્તરી ચૂકી હતી. સાહિત્યના અવનવા સ્વરૂપો વિકસવા લાગ્યા અને સર્જકોની કલમો વધુ નિખરવા લાગી. ગુજરાતી સાહિત્ય સમયાંતરે બદલાતુ રહ્યું. તેના વળાંકો અને પડાવોને સર કરતું સાહિત્ય ઈ.સ. ૧૯૧૫ અને ત્યાર પછીના સમયમાં ચડતીના શિખરો સર કરવા લાગ્યું.

એક બાજુ સ્વતંત્રતાનું આંદોલન ધીમે-ધીમે તેની ગતિ પકડી રહ્યું હતું. આ સમય દરમિયાન દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ દ્વારા આંદોલનનું સફળ અને સબળ નેતૃત્વ કરીને પૂજ્ય મહાત્મા ગાંધી ભારતમાં આવ્યા. ભારત દર્શન બાદ સ્વતંત્રતા આંદોલનને પણ વેગ મળ્યો. તેનું નેતૃત્વ પણ ગાંધીજીએ કર્યું. ગુજરાતમાં સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં મહાત્મા ગાંધીનો પ્રવેશ એ યુગવર્તી ઘટના ગણાવી શકાય. આ દરમિયાન ગુજરાત અને ભારતીય પ્રજાજીવનમાં ગાંધીજીનું સ્થાન કાયમ થયું. તેમણે સત્યાગ્રહ, અહિંસા, સ્વદેશી, ખાદી, સ્વદેશાભિમાન, સર્વધર્મ સમભાવ, અસ્પૃશ્યતા નિવારણ, શ્રમ અને સેવાનો મહિમા, ગ્રામોદ્ધાર, વિશ્વબંધુત્વ, શિક્ષણના અવનવા પ્રયોગો, પત્રકારત્વ વગેરે દ્વારા અંગ્રેજ સત્તા સામેની લડાઈમાં સમાજના વિવિધ ક્ષેત્રોના લોકોને જોડ્યા અને સ્વયંભૂ જોડાયા. જુદાં – જુદાં માધ્યમો દ્વારા જાગૃતિનું પ્રચંડ મોજું ઊભરી આવ્યું. આ સમયગાળા દરમિયાન સાહિત્ય અને સાહિત્યકારોમાં પણ નવી વિભાવના પ્રગટ થઈ. ખેડૂતોના ઝૂંપડામાં અને વણકરોના ઘરમાં સાહિત્ય પહોંચે તેવી ગાંધીજીની નેમ હતી. પત્રકાર તરીકેનો ગાંધીજીનો પ્રવેશ, તેમના વિચારો, ભાષા અને અભિવ્યક્તિને કારણે સમગ્ર સાહિત્ય જગત પર છવાઈ ગયેલો. ખાસ કરીને સર્જનાત્મક સાહિત્યના વિવિધ સ્વરૂપો કવિતા, નવલકથા, ટૂંકીવાર્તા દ્વારા ગાંધીજીના વિચારો રચનાત્મક કાર્યક્રમો, એકાદશ વ્રતોને વધુ બળ મળ્યું.

સાહિત્યના કેન્દ્રમાં છેવાડાના માણસને સ્થાન મળ્યું, તેનો અવાજ બુલંદ બન્યો. દીનહિન, દલિત, પીડિત, શોષિતનું ગૌરવ થવા લાગ્યું. સ્વતંત્રતાના આ પ્રવાહમાં સાહિત્યકારો ભળ્યા. સાહિત્ય દ્વારા તેમની વાત ઉજાગર થઈ. ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગનો સમયગાળો ભલે ઈ.સ. ૧૯૧૫ થી ઈ.સ. ૧૯૪૦ ગણવામાં આવે પણ ત્યાર પછીના સમયગાળામાં ગાંધીજીના વિચારોની અસર વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. ગામડાંનો ખેડૂત અને કોશ હાંકતો કોશિયો સમજી શકે તેવું સાહિત્ય અને તેવી ભાષા તથા પ્રાદેશિક બોલીને સાહિત્યમાં સ્થાન આપીને સાહિત્યને સાચા અર્થમાં લોકભોગ્ય બનાવ્યું.

ગાંધીજી પોતે સર્જક તો હતા જ. એમણે સાહિત્યિક પત્રકારત્વનો ઉત્તમ નમૂનો પૂરો પાડ્યો છે. એમના લખાણોની શુદ્ધતા, વિચારોની ધારદાર રજૂઆત અને સરળ સાદા ગદ્ય દ્વારા ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમની કૃતિઓ 'હિંદ સ્વરાજ', 'દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહનો ઈતિહાસ', 'સત્યના પ્રયોગો

અથવા આત્મકથા', 'અનાસક્તિયોગ', 'સત્યાગ્રહાશ્રમનો ઈતિહાસ', 'આરોગ્યની ચાવી' વગેરે જેવા પુસ્તકો ઉપરાંત 'ગાંધીજીનો અક્ષરદેહ'ના ૯૦ જેટલા દળદાર ગ્રંથો, પત્રો, 'નવજીવન', 'હરિજન', 'યંગ ઇન્ડિયા', 'ઈન્ડિયન ઓપિનિયન' જેવા પત્રો દ્વારા સાહિત્યકારો, ભાવકો, વાંચકો અને સમાજના આમ નાગરિક પરની ઊંડી અને વ્યાપક અસર દેખાઈ આવે છે.

આ ઉપરાંત તેમના અંતેવાસી એવા સર્જકો કાકાસાહેબ કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા, મહાદેવ દેસાઈ, સ્વામી આનંદ કે નરહરી પરીખ જેવાનું સર્જન તથા ગૂજરાત વિદ્યાપીઠે આપેલા રા. વિ. પાઠક, સુંદરમ્, સ્નેહરશ્મિ વગેરે સાહિત્યકારોના સાહિત્ય પણ ગુજરાતને અને ગાંધીવિચારને વધુ સુદૃઢ કર્યો છે. 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ' દ્વારા ગુજરાતી ભાષાની એકરૂપતા સિદ્ધ કરી છે. આ યુગમાં વિષય, વિચાર, ભાષા, શૈલી, ભાવના, જીવનદૃષ્ટિ વગેરે બાબતોમાં ગાંધીજીનો પ્રભાવ વિશેષ જોવા મળે છે. ગાંધીજીને કારણે સમગ્ર યુગમાં ગુજરાતી સાહિત્યમાં શીલ, સત્ય અને સાદાઈ વાસ્તવિક જીવનનું પ્રતીક બનીને આવે છે.

ગાંધીયુગના ૨૫ વર્ષ દરમિયાન જે સાહિત્ય રચાયું તેમાં ખાસ કરીને કવિતા, નવલકથા અને ટૂંકીવાર્તાને કેન્દ્રમાં રાખીને મારા આ સંશોધન લેખમાં આ ત્રણ યુગના ત્રણ સીમાસ્તંભ સર્જકોમાં કવિ તરીકે ઉમાશંકર જોષી, નવલકથાકાર તરીકે ર. વ. દેસાઈ અને વાર્તાકાર તરીકે રા. વિ. પાઠકના સર્જનમાં ગાંધીવિચાર કેવી રીતે પ્રસર્યો અને સમાજોભિમુખ સાહિત્ય તથા લોકપ્રિયતાના માપદંડથી મૂલવવાનો પ્રયત્ન કરવાનો ઉપક્રમ છે. ત્રણેય સર્જકોના જીવનમાં અને સર્જનમાં ગાંધીવિચાર દ્વારા સમાજજાગૃતિ અને સાહિત્યના કળા અને ભાવપક્ષને તીવ્રતાથી આલેખાયેલું જોવા મળે છે. કવિતા, નવલકથા અને વાર્તા દ્વારા ગાંધીમૂલ્યો વધુ બળવત્તર બનીને આવે છે એ સ્પષ્ટ દેખાય છે.

ઈ.સ. ૧૯૧૯માં નાનાલાલ 'ગુજરાતનો તપસ્વી' કાવ્ય લખીને ગુજરાતી કવિતા સાહિત્ય પર ગાંધીજીના પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રભાવની પ્રતીતિ કરાવે છે. અને ઈ.સ.૧૯૩૧માં મેઘાણી 'છેલ્લો કટોરો' અને અન્ય કાવ્યો દ્વારા તેની સાક્ષી પૂરે છે. તો ઉમાશંકર જોશીના 'વિશ્વશાંતિ' કાવ્ય સંગ્રહની પ્રસ્તાવનામાં કાકાસાહેબ કાલેલકર ગાંધીયુગની કાવ્યકૃતિ કહીને ઓળખાવે છે. કથાસાહિત્યમાં પણ ગાંધીદર્શનનો વિશેષ પ્રભાવ ર. વ. દેસાઈની 'ભારેલો અગ્નિ', 'દિવ્યચક્ષુ', 'ગ્રામલક્ષ્મી' વગેરે નવલકથામાં જોવા મળે છે. તો ટૂંકીવાર્તામાં પણ રા. વિ. પાઠકની 'ખેમી', 'કોદર', 'જગજીવનનું ધ્યેય', 'વૈશાખની બપોર' જેવી ગદ્યપદ્યાત્મક રચનાઓ આ યુગનું જીવંત અંગ બની રહે છે.

આ મુખ્ય સર્જકો ઉપરાંત સુન્દરમ્‌ની કવિતા, ધૂમકેતુની વાર્તા, સ્નેહશ્મિ, પન્નાલાલ પટેલ, મેઘાણી, ચુનીલાલ મડિયા, ઈશ્વર પેટલીકર, કૃષ્ણલાલ શ્રીધરાણી વગેરેની કલમે ગાંધીવિચારસરણીને વાચા મળે છે અને ગાંધીજીના સાહિત્ય દ્વારા સમાજજાગૃતિ અને ગ્રામજીવન સુદૃઢ અને રળિયાત બનાવવામાં અમૂલ્ય યોગદાન છે.

ઉમાશંકર ગાંધીયુગના સમર્થ સર્જક છે. ઈ.સ.૧૯૧૨ માં ઉત્તર ગુજરાતના બામણામાં જન્મેલા કવિનું શિક્ષણ ઈડર થઈ અમદાવાદમાં થયું. આ સમયગાળામાં સ્વતંત્રતાનું આંદોલન પૂરજોશમાં ચાલી રહેલું. તેના માનસપટ પર વધારે અસર જોવા મળે છે. મૂળ તો એ ગાંધાયુગના મુખ્ય કવિ જ ગણી શકાય. પણ તેના સમગ્ર સર્જન પર તેની છાપ પડેલી છે.

'સૌંદર્યો પી ઉરઝારણ ગાશે પછી આપમેળે' થી શરૂ થયેલું પ્રકૃતિ વર્ણન કવિના જુદા-જુદા વિષય, ભાવોને ઉત્તમ રીતે પ્રગટ કરી શકે છે. કવિના બધા જ પ્રકારોમાં સોનેટ, દીર્ઘકાવ્ય, અછાંદસ, છાંદસ રચનાઓ, નાટ્યકવિતા-સંવાદ કવિતા, ગીતો, ઊર્મિકવિતામાં તો તેઓ સોળે કળાએ ખીલી ઊઠે છે. કવિનો શબ્દ ચમત્કૃતિ સર્જીને ભાવવિશ્વ ઊભું કરે છે. ગાંધીવિચારના પ્રભાવમાં કવિનું સર્જન શિખર ધારણ કરે છે. ઈ.સ.૧૯૩૧માં ગૂજરાત વિદ્યાપીઠમાં છ મહિના સુધી રહ્યા. ઉપરાંત 'મારા ગાંધીબાપુ' નામે ગાંધીના પ્રસંગો તથા તેમના નાટક-વાર્તાઓમાં ગાંધીમૂલ્યોની વ્યાપક અસર જોવા મળે છે. તેમની કવિતામાં પરંપરા અને આધુનિકતાનું અનુસંધાન જોવા મળે છે તથા પંડિતયુગ અને ગાંધીયુગની સંક્રાતિકાળની પણ અસર જોવા મળે છે.

તેમની કવિતામાં તત્કાલીન પ્રજાજીવનની નાડ પારખીને સમાજમાં છેવાડાના દલિત - પીડિત - શોષિતોનો અવાજ બનીને તેમની કવિતા સ્વતંત્રતા આંદોલનમાં રચનાત્મક કામ કરે છે. એક સર્જક તરીકેની તેમની પ્રતિબદ્ધતા કવિતા દ્વારા શિક્ષણ અને સમાજ ક્રાંતિની છે. કવિને મન શબ્દ એ સર્વસ્વ છે.

ગાંધીજીની નેતાગીરી હેઠળ સાંસ્કૃતિક સમન્વયનનું, માનવીય ગૌરવનું, પ્રતિષ્ઠાનું કાર્ય સારૂં એવું થયું. ૨૦મી સદીમાં એક બાજુ રાષ્ટ્રીય ભૂમિકા તેમ બીજી બાજુ આંતરરાષ્ટ્રીય ભૂમિકા પર એવા પરિબળો જન્મ્યા કે જેના સ્વાભાવિક પરિણામરૂપ, આવિષ્કારરૂપ ગાંધીજીના કાર્યને અવલોકી શકાય.

વિશ્વયુદ્ધની સામે શાંતિયુદ્ધ, શાહિવાદ સામે લોકશાહી, મૂડીવાદ સામે સમાજવાદ ને સામ્યવાદના બળો તોળાય છે.

ગાંધીની કાર્યપદ્ધતિ સ્વદેશી રહી. ગાંધીનો સત્યાગ્રહ ભારતની મુક્તિનંદન જનહિત મનુષ્ય સમસ્તની આધ્યાત્મિક મુક્તિનું વિશ્વશાંતિનું સ્થાન સિદ્ધ કરવા માટે હતો.

વ્યક્તિ મટીને વિશ્વમાનવી બનવાની જે અભીપ્સા પ્રગટ કરી છે તેમાં ઊંચું નિશાન જ છે. આ ઊચું નિશાન એ મને કવિતાપક્ષથી ભ્રષ્ટ કરનારું નહિ પણ એ પક્ષે દૃઢ કરનારું છું."

ઈ.સ.૧૯૩૧માં 'વિશ્વશાંતિ' લખાઈ. 'જીવનના કલાધર' 'આપણે માનવી'

"સૌ જીવ આજે ઉપરથી વહાવીએ
કારુણ્યની મંગલ પ્રેમધારા."

ઉમાશંકર તે સમયમાં અમદાવાદમાં હતા એ એવો સમય હતો જ્યારે ગાંધીજીની ભાવના સૌરભથી અળગા રહીને ધસવું-જીવવું એ સંવેદનશીલ રાષ્ટ્રપ્રેમી જાણી વ્યક્તિ માટે અશક્યવત્ હતું. "એવું કોણ હતું હિન્દુસ્તાનમાં જે એ વખતે ગાંધીજીની બહાર જીવી શક્યું ?' ૧૯૩૧ના છ મહિના ગૂજરાત વિદ્યાપીઠમાં રહીને કવિની રાષ્ટ્રભાવનાની ધબકતી આબોહવામાં કાવ્યસર્જનની પ્રવૃતિ, વિદ્યાપીઠની લાઈબ્રેરીના પુસ્તકો અને ગાંધીજી જે વર્ગમાં ભણાવતા ત્યાં ભણવાનો મોકો તથા વિદ્યાપીઠના સહવાસ દરમિયાન કાકાસાહેબ વગેરે સાથેનું સાનિધ્ય એમની કવિતામાં ગાંધીવિચારની ઊંડી છાપ પાડી આપે છે.

દૂરથી આવતા મંગલ શબ્દનો ધ્વનિ કવિના આંતરમનમાં ઓતપ્રોત થઈ જાય છે.

'તું પાપ સાથે નવ પાપીમાં હતો !'

- નો મંત્ર ઝીલનાર કવિનું ત્રીજું હૃદય દરિદ્રનારાયણનું દર્શન કરે છે.

'વિશ્વશાંતિ'નું સમગ્ર કાવ્ય

'હજી તો કાલ જામી'તી યુરોપે યાદવાસ્થળી
વરસી'તી કારમા ધોધે લોહીની, આંસુની ઝડી !'
-ની અનુભૂતિ કવિના શાંતિના સંદેશાને બળવત્તર બનાવે છે.
ધનિકો મૂડીને યંત્રે પીસે છે હીન માનવી,
સામ્રાજ્યોના મહાયંત્રો પીલે માનવતા અતિ !
કે પછી

"અહિંસાથી ભીંજાવો ને પ્રકાશો સત્યતેજથી કવિની શાંતિનો જગને માટે માર્ગ એકે બીજા નથી. ગાંધીનો આ સત્ય અહિંસાનો વિચાર વિશ્વશાંતિની ઝાંખી કરાવી આપે છે અને કવિનો ઉદ્દગાર નીકળી પડે છે :

'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ !'
તો વિશ્વશાંતિની વાત કરતા ઉમાશંકર
'ને 'શાંતિ ! શાંતિ !' વદતો સુવિરાટ આત્મા
વિશ્વાન્તરે વિકિરશે ઉર સ્નેહ લીલા'

વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી કે ભૂખ્યાજનોનો જઠરાગ્નિ જાગશે' નો સૂર કવિની કવિતામાંથી ગાંધીવિચારને ચીંધી બતાવનાર પ્રેરક પંક્તિઓ અને કાવ્યોની હારમાળા સર્જી આપે છે.

જીવનનો કલાધર, કાલસાગરે, ગુલામ, ઉરસન્ધિ, શૂરસંમેલન, કરાલદર્શન, એક ચુસાયેલ ગોટલાને, આત્માના ખંડેર 'પ્રાચીના' સંગ્રહની પૌરાણિક મીથ લઈને આવતી કવિતાને પણ સાંપ્રત સંદર્ભમાં જોવાનો કવિનો પ્રયાસ આવકારદાયક છે. ગાંધીગિરામાં નમો ધન્ય ગાંધીગિરા ગુજરાત, હું ગુર્જર ભારતવાસી ગાંધીને પગલે પગલે, ધન્ય ભૂમિ ગુજરાત વગેરે કવિતાઓમાં ગાંધીને કેન્દ્રમાં રાખીને કે ગાંધીવિચારની ઝાંખી કરાવીને કવિ ગાંધીની ભાવનાની કવિતા દ્વારા વધારે સુદ્રઢ ઢ બનાવી શક્યા છે. જ્યારે સમગ્ર સમયકાળમાં સ્વતંત્રતાનું આંદોલન ચાલુ હોય ત્યારે ગાંધીવિચારને પ્રસરાવવા માટે કવિતા જેવા માધ્યમનો કવિએ ઉપયોગ કરી કાવ્યાત્મક ક્ષણોને ગાંધીવિચાર મઢી રાખવામાં કવિ ઉમાશંકર જોષીનું વિશેષ યોગદાન રહેલું છે. યુગવાણી કવિ કરીને ગણના ઉમાશંકરના અન્ય કાવ્યોમાં પણ સોનેટ, છાંદસ રચનાઓ જાવા મળે છે.

આ યુગના જ અન્ય કવિઓની કવિતામાં પણ ગાંધીવિચારને નૂતન આવિષ્કાર મળી રહે છે. સુંદરમ્, રા.વિ.પાઠક, હસમુખ રાવલ.

'આત્માના ખંડેર'ના કુલ સત્તર સોનેટ છંદના અવનવા પ્રયોગ સાથે જીવનખોઈની વાત.

"મને મળી નિષ્ફળતા અનેક
તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં"
"મોટાઓની અલ્પતા જોઈ થાક્યો,
નાનાની મોટાઈ જોઈ જીવું છું."

સાહિત્યક્ષેત્રે ગાંધીયુગનું મહત્તવનું સ્થિત્યંતર ટૂંકીવાર્તા દ્વારા નવજાગૃતિનું રહ્યું છે. 'અનુભૂતિકણ' દ્વારા માનવમૂલ્યો, સ્વતંત્રતાની ભરતી, સત્ય-અહિંસાના આયામો, ગાંધીવિચારના સંદર્ભે ખાસ કરીને સ્વદેશીની

ભાવના, રાષ્ટ્રીય શાળાની કેળવણી, કોશ હાંકતો કોશિયો સમજી શકે તેવી સાદી, સીધી અને સરળ ભાષાશૈલીથી ઘડાયેલું છે. ગુજરાતી ટૂંકીવાર્તાનું લઠું લોકભોગ્ય અને લોકાભિમુખ વધુ બન્યું છે. આ યુગના મહત્તવના વાર્તાકાર તરીકે ધૂમકેતુ, સમગ્ર યુગમાં છવાઈ જાય છે. ઉપરાંત મેઘાણી, પન્નાલાલ પટેલ, ચુનીલાલ મડિયા, ઈશ્વર પેટલીકર, ઉમાશંકર જોશી વગેરેનું સર્જન ટૂંકીવાર્તાને સમાજાભિમુખ બનાવે છે અને લોક ઘડતર કરવાનું વિશેષ મહત્તવનું કાર્ય કરે છે.

આ યુગના પ્રખર વાર્તાકાર રામનારાયણ વિશ્વનાથ પાઠક (રા.વિ. પાઠક) કવિતા, ટૂંકીવાર્તા, નિબંધ અને વિવેચન જેવા સાહિત્યના સ્વરૂપોનું ખેડાણ કરે છે. ઉપરાંત પિંગળ, સંપાદન અને અનુવાદની પ્રવૃત્તિ દ્વારા સાહિત્યશિક્ષણનું કામ પણ થયું છે.

ચંદ્રકાન્ત શેઠ કહે છે તે મુજબ "ગૂજરાત વિદ્યાપીઠના વિદ્વાન અધ્યાપકોની હરોળમાં તેઓ કલારસિકતાએ પણ ધ્યાન ખેંચનારા જણાય. ગાંધીજીની જીવનભાવનાનું એક પ્રસન્નકર રૂપ રામનારાયણની શિક્ષણ તથા સાહિત્યની સંનિષ્ઠાભરી સેવામાં મોરેલું જોઈ શકાય."

સાહિત્ય શિક્ષણની નાડ પારખીને લખનારા સર્જકોમાં સાહિત્ય દ્વારા શિક્ષણની જુદી ભાત ઉપસાવનાર સર્જક તરીકે તેનું વિશેષ યોગદાન નોંધી શકાય.

૧૯૨૦માં ગાંધીજીએ અસહકારની ચળવળ માટે ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. રસીકલાલ પરીખ સાથે રા.વિ. પાઠક જોડાયા. વકીલાતનો વ્યવસાય છોડી, કેળવણી અને સ્વતંત્રતાની લડતમાં જંપલાવ્યું. વિદ્યાપીઠની લાઈબ્રેરી અને 'પુરાતત્ત્વ' જેવા સામયિક તથા 'સાબરમતી', 'યુગધર્મ', સામયિક માટે લખવાનું બન્યું. તેમણે પોતે 'પ્રસ્થાન' માસિક ચલાવ્યું અને એ નિમિત્તે સાહિત્યના લગભગ તમામ સ્વરૂપોમાં લખતા થયા. વિદ્યાપીઠમાં રહ્યા ત્યાં સુધી અને પછી પણ ગાંધીવિચારને પૂરેપૂરો પોતાનામાં જીવંત રાખીને તેની વ્યાપક અસર તેમના સર્જનમાં દેખાય છે.

ટૂંકીવાર્તામાં તેમણે 'દ્વિરેફની વાતો-૧', 'દ્વિરેફની વાતો-૨' અને 'દ્વિરેફની વાતો-૩' એમ ત્રણ ભાગમાં અનુક્રમે ૧૩+૨૦+૧૭ મળીને ચાલીસેક જેટલી વાર્તાઓ આપી છે. તેમનું વાર્તા લેખન ૧૯૨૨-૨૩માં શરૂ થાય છે.

'જગજીવનનું ધ્યેય' જેવી સંપૂર્ણતઃ ગાંધીવિચારને વરેલી વાર્તા ઉપરાંત સામાજિક અને દામ્પત્ય જીવનને ઉજાગર કરતી વાર્તાઓ આપે છે. 'જક્ષણી', 'મુકુન્દરાય' અને 'બુદ્ધિવિજય' જેવી વાર્તા લોકપ્રિય બને છે. જેમાં માનવભાવોનું નિરૂપણ અને દંભની પરાકાષ્ઠા અનુભવાય છે. ખેમી, કંકુ, કોદર જેવા પાત્રોનું સર્જન સમાજના દીન-હિન-પીડિત શોષિતોને વાર્તામાં સ્થાન આપી તેનો અવાજ રજૂ કરે છે. ગામડાં અને શહેર વચ્ચેનો ભેદ, તેના વિધવિધ પ્રશ્નોની છણાવટ કરે છે.

'જગજીવનનું ધ્યેય' વાર્તામાં ગાંધીજી પ્રત્યક્ષ થાય છે. વનરાવનદાસની એક વર્ષની પુત્રી સરસ્વતીનું નામ 'સસ્તી' કહી બોલાવે છે. તેમાં જ તેનો ભાવ પમાય છે. તેનું એપેન્ડિસાઈટિસનું ઓપરેશન કરાવેલું છે. તેને હવાફેર માટે ગાંધીજીના સૂચનથી જિન ગામ નજીક આવેલ બાલાસોર જગજીવન શાહને ત્યાં જવાનું કહે છે. જગજીવન ગાંધીભક્ત અને તેમાં ચૂસ્ત અનુયાયી છે. તેઓ તેમની માતા સાથે રહે છે. સરસ્વતી ત્યાં આવે છે. એ જ ગામમાં વનરાવનદાસના ગામનો મિત્ર રતિલાલ તેની પત્ની ઊજમ અને તેનો દીકરો હેમુ પણ રહે છે. રતિલાલની પત્ની ઊજમને પ્રસૂતિ માટે હોસ્પિટલ રાખે છે અને કસુવાવડ થાય છે. અહીં રતિલાલ સરસ્વતી સાથે એમના ઘરે એકાંત માણે છે. આખી વાતને

સર્જક સરસ્વતીની મનોસ્થિતિ અને ગાંધીજી સામે તેના મૂલ્યની કસોટી કરાવરાવે છે. આખો આરોપ જગજીવન પર આવે છે ત્યારે જગજીવન તો બ્રહ્મચારી જીવન ગાળે છે. ચા કે બીડી સુદ્ધાનું પણ વ્યસન નથી. પીંજવું અને કાંતવું એ તેનું કામ છે. તેમાં જગજીવન નિર્દોષ પૂરવાર થાય છે. કોલસા અને અંગારાની વાત દ્વારા માનવમનના ભાવોનું નિરૂપણ સર્જક કાબિલેદાદ કરે છે. પણ જગજીવનના સરસ્વતી પ્રત્યેના મનોવિકાર અને તેની કબૂલાત તથા સત્ય-અહિંસાની ભાવનાને વધારે સુદૃઢ બનાવે છે. બન્નેને લગ્ન કરાવી લેવાની ગાંધીજીની સલાહ અને અંતે સુખદ રીતે બન્ને રાજી પણ થાય છે. પણ સરસ્વતીનાં કોલસા અંગારાના સ્વપ્નની વાત યાદ આવતા તેની સાથે રહેવા તૈયાર થાય પણ લગ્ન કેમ કરી કરવા એવો પ્રશ્ન સતત ઝળુંબી રહે છે. આમ ગાંધીવિચારને આ એક જ વાર્તા દ્વારા સાંગોપાંગ ઝીલીને ગાંધીભાવના વધારે બળવત્તર બનાવવામાં સર્જક સફળ રહ્યા છે.

જેને આપણે કથાસાહિત્યનું લોકપ્રિય સ્વરૂપ ગણીએ છીએ. તે નવલકથા સાહિત્ય સ્વરૂપ દ્વારા પણ આ ગાંધીયુગમાં ગાંધીવિચારને વેગ મળે છે. નવલકથા સ્વરૂપની રીતે તો હજી માંડ ગણ્યા ગાંઠ્યા સર્જકો દ્વારા જુદા જુદા વિષયને કેન્દ્રમાં રાખીને સામાજિક, ઐતિહાસિક પ્રકારની નવલકથાઓ લખવાની શરૂઆત થઈ હતી. ગાંધીયુગના સમર્થ નવલકથાકારોમાં જેનું સ્થાન છે તેવામાં કનૈયાલાલ મુનશીની ઐતિહાસિક અને સામાજિક તથા પૌરાણિક કથાનકને લઈને સારી એવી ખ્યાતિ પ્રાપ્ત કૃતિઓ આપે છે. તથા આ જ યુગમાં ચુનીલાલ વર્ધમાન શાહ, મેઘાણી, દર્શક, મડિયા, પન્નાલાલ, પેટલીકર વગેરેએ અલગ-અલગ વિષયને ન્યાય આપ્યો છે. આ યુગના 'યુગમૂર્તિ વાર્તાકાર' તરીકે જાણીતા થયેલા અને ગાંધીયુગમાં ગાંધીવિચારધારાને વેગ આપનાર નવલકથાકાર તરીકે ર.વ. દેસાઈનું પ્રદાન અનેરું ગણી શકાય. તેમનો સમયગાળો ઈ.સ. ૧૯૯૨ થી ૧૯૫૪નો ગણી શકાય. તેમના પિતાશ્રી 'દેશભક્ત' નામનું સાપ્તાહિક પણ ચલાવતા તથા તેમનો નાની વયથી વાંચનનો શોખ.

ઉચ્ચશિક્ષણ મેળવી સરકારી નોકરીમાં દાખલ થયા અને તેમાં ખાસ કરીને ગામડાઓ તથા તેના અનેક પ્રકારના કામનો અનુભવ, ગ્રામજીવનના પ્રશ્નોનો નજીકથી પરિચય કેળવી 'નવગુજરાત' સામયિક માટે ઈ.સ. ૧૯૨૪-૨૫માં 'ઠેગ' નામની નવલકથા પ્રગટ થવા માંડી અને નવલકથા લેખનનો પ્રારંભ થયો.

ગાંધીજીની સ્વતંત્રતાની લડાઈમાં ર.વ. દેસાઈએ ભાગ લીધો અને સત્યાગ્રહની ભાવનાનો પુરસ્કાર પણ કર્યો. તેમની નવલકથાઓમાં પણ સ્વતંત્રતાની ભાવના પ્રગટાવવામાં સફળ રહ્યા. તેમની નવલકથામાં ગુજરાતની પ્રજાના ભાવ, શૌર્યના ભાવનાશીલ ચિત્રો આલેખ્યા છે તથા ગ્રામીણ સમુદાય અને સમકાલીન પ્રજાજીવનના પ્રશ્નોનું નિરૂપણ પણ કર્યું છે. 'જયંત' નવલકથા દ્વારા નવલકથાક્ષેત્રે પદાર્પણ કરનાર ર.વ. દેસાઈ છે. શિરીષ, કોકિલા, દિવ્યચક્ષુ, પૂર્ણિમા, ભારેલો અગ્નિ, ગ્રામલક્ષ્મી જેવી મહત્વપૂર્ણ નવલકથાઓ આપી છે.

'દિવ્યચક્ષુ'માં અસહકારની લડત પ્રસંગોની ગૂંથણી, હેલે ચડેલી યુવાનીનું ચિત્ર, યુગભક્તિનું કલાત્મક દર્શન, પાત્રોના આંતરવિકાસની ઘટના, અસ્પૃશ્યતા નિવારણની વાત, રાષ્ટ્રીય અસ્મિતાની જાગૃતિનું ચિત્ર, સત્ય, અહિંસા, બંધુત્વ, દેશપ્રેમ જેવા જીવનમૂલ્યોનો પુરસ્કાર અરૂણ અને રંજન દ્વારા તથા નવલકથાના અન્ય પાત્રો દ્વારા ગાંધીવિચારનો સ્તંભ સ્થિર રાખ્યો છે. અંધ અરૂણની દેશભક્તિ, ત્યાગવૃત્તિ, સ્નેહભાવના અને રંજનની પતિપરાયણતા દ્વારા આદર્શ દામ્પત્ય જીવનનું દર્શન સાંપડે છે.

જનાર્દન અને સુશીલાનાં પ્રેમની તથા લગ્નપૂર્વે સુશીલા માતૃત્વ ધારણ કરે છે અને તેનો ઉછેર અત્યંજવાસમાં ધના ભગત કરે છે તે દ્વારા અસ્પૃશ્યતા નિવારણની વાત કરે છે. ઉપરાંત ગૌણ પાત્રો દ્વારા મુખ્ય પાત્રોની ધારામાં જ સત્યાગ્રહ અને સ્વતંત્રતની વાત દ્વારા હૃદયપરિવર્તનની દિશામાં ગતિ કરે છે. તેમની 'ગ્રામલક્ષ્મી' નવલકથા પણ ચાર ભાગના વિશાળ ફલક પર ગ્રામોદ્ધાર અને એ દ્વારા રાષ્ટ્રોદ્ધારના ગાંધીના સ્વીકારને સાકાર કરવાનો અસરાહનીય પ્રયત્ન છે. ગામડાંઓનો આદર્શ, વિચારો દ્વારા આચરણની ભૂમિકા, ગામડાંની અસંખ્ય સમસ્યાનું નિરૂપણ, ગાંધીચીંધ્યા માર્ગો અને સામ્યવાદના પ્રશ્નોની ચર્ચા વિગતે કરે છે.એન્જીનિયર બનીને નોકરી વિના નાસીપાસ થયેલો અશ્વિન ગ્રામઉત્થાનના કામોમાં અને આદર્શ ગ્રામસેવકની ભૂમિકામાં કામ કરે છે. ગ્રામજીવનનો સાચો ધબકાર 'ગ્રામલક્ષ્મી'માં સંભળાય છે. તેના તહેવારો, રીતરિવાજ, પરંપરા-માન્યતા અને લોકોની સંકુચિત તથા ભાવનાશાળી પ્રતિભાને મૂકી આપે છે. ગાંધીવિચારને કેન્દ્રમાં રાખીને ગાંધીની ગ્રામસ્વરાજની વાત અહીં સર્જક સાર્થક કરવાની દિશામાં કામ કરે છે. આવી ઉત્તમ નવલકથા દ્વારા ભાવકો-વાચકોના માનસ ઘડતરમાં મહત્તવનો ભાગ ભજવે છે.'ભારેલો અગ્નિ' નવલકથામાં રુદ્રદત્તનું પાત્ર ગાંધીજીના નમૂના પર રચાયેલું જોવા મળે છે. આ નવલકથામાં ૧૮૫૭ના સંગ્રામની ભૂમિકા લીધેલી છે. ગૌતમ અને મંગળપાંડેની કર્તવ્યનિષ્ઠા અને રાષ્ટ્રભક્તિનું આલેખન ઉત્તમ રીતે થાય છે. સત્ય-અહિંસાની વાતને નવલકથા દ્વારા સિદ્ધ થતી બતાવવાનો પ્રયત્ન છે. રુદ્રદત્તની પુત્રી તરીકે ઉછરતી કલ્યાણી અને ગૌતમ સાથેના તેના સંબંધોની હૃદયસ્પર્શી કથાનું નિરૂપણ જોવા મળે છે.આ ઉપરાંત પણ તેમની પાસેથી અન્ય નવલકથા છાયાનટ, ઝંઝાવાત, શોભના વગેરે મળે છે. પણ ગાંધીયુગની વિચારધારાને કેન્દ્રમાં રાખીને 'દિવ્યચક્ષુ', 'ગ્રામલક્ષ્મી'ના ચાર ભાગ, 'ભારેલો અગ્નિ'માં સર્જકની ગાંધી પ્રત્યેની ભાવના અને સ્વતંત્રતાની લડાઈમાં જાગૃતિનું વિશેષ સર્જન દ્વારા કરેલું કાર્ય સાર્થક થાય છે.સમગ્રતયા ગાંધીયુગમાં આપણા સાહિત્યના મહત્તવના ત્રણ સાહિત્યસ્વરૂપોમાં કવિતા, ટૂંકીવાર્તા અને નવલકથા દ્વારા ગાંધીવિચારને સુદૃઢ કરવામાં કવિ ઉમાશંકર જોશી, રા.વિ. પાઠક અને ર.વ. દેસાઈનું ત્રણેય સ્વરૂપોમાં અનુક્રમે નોંધપાત્ર પ્રદાન ગણાવી શકાય. આ સમયગાળામાં સમગ્ર ભારત વર્ષમાં એક પ્રકારની આબોહવાની જરૂરિયાત હતી. તેને ધ્યાનમાં રાખીને તમામ ક્ષેત્રોમાં ગાંધીકેન્દ્રી ભાવનાને પ્રગટાવવામાં સિમાચિહ્ન કામ થયું છે. સાહિત્ય પણ આવા માધ્યમ તરીકે ગાંધીવિચારનો વધારે પ્રચાર-પ્રસાર કરે અને એ દ્વારા આમ સમાજ સુધી આ વિચારધારાને વધારે બળવત્તર રીતે પહોંચાડવામાં આ યુગના અન્ય સર્જકોએ પણ ઘણું કામ કર્યું છે.

સંદર્ભગ્રંથોઃ

૧. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ભાગ-૪ અને ૫- ગુજરાતી સાહિત્ય પરિષદ.

૨. આપણા રમણલાલ- સંપાદક : સુરેશ દલાલ

૩. રામનારાયણ વિ. પાઠક ગ્રંથાવલી ભાગ-૨- સંપાદકઃ હિરા પાઠક અને અન્ય.

૪. યુગદૃષ્ટા ઉમાશંકર

"A STUDY OF ROLE OF LANGUAGE IN VALUE INCULCATION IN STANDARD- 8, 9,10th CONTENT OF GUJARATI SUBJECT"

ડૉ. વૈશાલીબેન બી. પટેલ **આસિસ્ટન્ટ પ્રોફેસર** **શેઠ એમ.એન.સી. કોલેજ ઓફ એજ્યુકેશન ડભોઇ** **email-vaishali141278@gmail.com** **(M) 9428172856**	**ડૉ. ચંદ્રકાન્ત એસ. સંગાડા** **એસોસિયેટપ્રોફેસર** **શેઠ એમ.એન.સી. કોલેજ ઓફ એજ્યુકેશન ડભોઇ -** **email-cssangada@gmail.com** **(M) 9925375409**

સમાજમાં આજે મૂલ્યોના વિધ્વંસનો ઝંઝાવત પેદા થયો છે. જીવન મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે. સ્વેચ્છાચારે નીતિનો છેદ ઉડાવી મૂક્યો છે. શિક્ષણના પડકાર સમો મૂલ્ય એ સળગતો પ્રશ્ન છે. જાહેર જીવનમાં વ્યાપેલા ભ્રષ્ટાચારે સમાજના તમામ ક્ષેત્રોના માણસોને વિચારતા કરી મૂક્યા છે ત્યારે સ્વાભાવિકપણે જ ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસાને સાચવી રાખવા મૂલ્યોની સાચી સમજ વિધાર્થીઓને આપવી અનિવાર્ય બની છે. માતૃભાષાનું શિક્ષણ સાહિત્યિક કૃતિઓ દ્વારા આપવામાં આવે છે. સાહિત્ય હૃદયની ઊર્મિઓનો આવિર્ભાવ છે. સાહિત્યકાર દુનિયાની વેદના આત્મસાત કરે છે અને તેનુ ચેતનાતંત્ર ઝંકૃત થઈ ઉઠે છે. જે શિક્ષક વિદ્યાર્થી માટે સર્વસ્વ ન્યોછાવર કરી શકે છે, તે જ મૂલ્યોનું સાચા અર્થમાં પ્રતિપાદન કરી શકે છે. શિક્ષક્ની પ્રતિબદ્ધતા મૂલ્યશિક્ષણ માટેની પાયાની શરત છે. વિદ્યાર્થીના જીવનમાં મૂલ્યોના ઘડતરમાં શિક્ષક પાયાની ઇંટ બની રહે છે. માતૃભાષાના શિક્ષણમાં જીવનમૂલ્યો ભાષાના પાઠયક્રમમાં સુગ્રથિત રીતે વણાયેલાં છે. મૂલ્ય શિક્ષણમાં બીજા બે નવા મૂલ્યોનાં ઉમેરણ કરવાં જરૂરી છે : ૧. વસ્તી ઘટાડાનું મૂલ્ય ૨. પર્યાવરણ સંરક્ષણનું મૂલ્ય.

Key Words: (ચાવી રૂપી શબ્દો): મૂલ્ય, માતૃભાષા

માતૃભાષામાં મૂલ્ય શિક્ષણ: પ્રસ્તાવના

શિક્ષણ વ્યકિતના આંતરિક અને બાહ્ય સૌંદર્યનું સમાર્જન અને સંવર્ધન કરે છે. આંતરિક સૌંદર્ય માનસિક, બૌદ્ધિક અને આત્મિક છે. જીવનને સમૃદ્ધ બનાવવા માટે આંતરિક સૌંદર્ય અનિવાર્ય છે. નિર્મળ માનવસમાજ દ્વારા જ આંતરિક સૌંદર્યની ખીલવણી શક્ય છે. નિર્મળ માનસની સમજ મૂલ્યો થકી થઈ શકે. મૂલ્યની મૂડી થકી આંતરિક સૌંદર્ય પ્રગટે છે. સમાજમાં આજે મૂલ્યોના વિધ્વંસનો ઝંઝાવત પેદા થયો છે. જીવન મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે. સ્વેચ્છાચારે નીતિનો છેદ ઉડાવી મૂક્યો છે. નિષ્ઠાને વૃદ્ધ લોકોની આદત ગણવામાં આવી રહી છે. શોષણ, બિન સલામતી અને હિંસાના તત્રવોએ આતંક જમાવ્યો છે. ભારતીય સંસ્કૃતિ વેદનાથી પીડાઈ રહી છે. શિક્ષણના પડકાર સમો મૂલ્ય હ્રાસનો પ્રશ્ન અને જાહેર જીવનમાં વ્યાપેલા ભ્રષ્ટાચારે સમાજના તમામ ક્ષેત્રોના માણસોને વિચારતા કરી મૂક્યા છે ત્યારે સ્વાભાવિકપણે જ ભારતના ભવ્ય સાંસ્કૃતિ વારસાને સાચવી રાખવા મૂલ્યોની સાચી સમજ વિધાર્થીઓને આપવી અનિવાર્ય બની છે.

મૂલ્ય શિક્ષણ :

મૂલ્યનો ખ્યાલ યા સંકલ્પના વિવાદથી પર નથી. મૂલ્ય અંગે વિદ્રવાનોમાં મતમતાંતરો છે. પરંતુ મૂલ્યનો સાદો અર્થ કરીએ તો જે આદર્શ માનવીને માનવ બનાવે, આત્માને પરમાત્મારૂપ ધારણ કરાવે,

માનવને સૂચિત વર્તનમાંથી બહાર લાવી ઈશ્વવ રોચિત વર્તન કરવા પ્રેરે તે મૂલ્ય. મૂલ્યની જેમ મૂલ્ય શિક્ષણ અંગે પણ વિવાદ ચાલે છે. મૂલ્યનું શિક્ષણ આપી શકાય ખરું? તેની ચર્ચા ચાલ્યા જ કરે છે. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ (૧૯૮૬) ના મોડ્યુલ – ૧૧માં મૂલ્યશિક્ષણનો ખ્યાલ નીચે પ્રમાણે આપે છે.

" દરેક સમાજ પોતાના બાળકોને શિક્ષણ દ્વારા જ્ઞાન અને કૌશલ્યો આપવા તો ઇચ્છે જ છે, પણ સાથે સાથે તેઓને સારા નાગરિક થવામાં ઉપયોગી કેટલાક ગુણો તેમના મનમાં ઠસાવવા ઇચ્છે છે. શિક્ષણના આ પાસાંને ચારિત્ર્ય શિક્ષણ, નૈતિક શિક્ષણ કે મૂલ્ય શિક્ષણ કહેવામાં આવે છે.

બીજી એક વ્યાખ્યા આ પ્રમાણે એક વિદ્વાને આપેલી છે, " વ્યક્તિ, કુંટુંબ, સમાજ, પ્રકૃતિ, રાષ્ટ્ર તથા વિશ્વ પ્રત્યે સદ્દભાવ અને સમભાવ જાગે તેવાં કાર્યો કરવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપતું શિક્ષણ એટલે મૂલ્ય શિક્ષણ." આમ મુલ્ય શિક્ષણ એટલે અધ્યેતામાં માનવીય ગુણોની પ્રેરણા જગાવીને સુનાગરિકતા અને રચનાત્મકતાનું નિર્માણ કરનારું શિક્ષણ.

માતૃભાષામાં મૂલ્ય શિક્ષણ :

માતૃભાષાનું શિક્ષણ સાહિત્યિક કૃતિઓ દ્વારા આપવામા આવે છે. સાહિત્ય હૃદયની ઊર્મિઓનો આવિર્ભાવ છે. સાહિત્યકાર દુનિયાની વેદના આત્મસાત કરે છે અને તેનું ચેતનાતંત્ર ઝંકૃત થઈ ઊઠે છે અને સર્જાય છે સાહિત્યકૃતિ. કાંટો ભોંકીને કાંટાની તીવ્ર વેદનાનું ભાન તો દુનિયામાં થાય જ છે, પણ કાંટો ભોંક્યા સિવાય તેની વેદનાનું ભાન સાહિત્યકાર કરાવે છે.

માતૃભાષા દ્વારા મૂલ્યોનું ઘડતર (અથવા) મૂલ્યોના ઘડતરમાં માતૃભાષા કેવી રીતે મદદરૂપ થઈ શકે?

જે શિક્ષક વિદ્યાર્થી માટે સર્વસ્વ ન્યોછાવર કરી શકે છે, તે જ મૂલ્યોનું સાચા અર્થમાં પ્રતિપાદન કરી શકે છે. શિક્ષકની પ્રતિબદ્ધતા મૂલ્ય શિક્ષણ માટેની પાયાની શરત છે. વિદ્યાર્થીના જીવનમાં મૂલ્યોના ઘડતરમાં શિક્ષક પાયાની ઇંટ બની રહે છે.

માતૃભાષાના શિક્ષણમાં જીવનમૂલ્યો ભાષાના પાઠયક્રમમાં સુગ્રથિત રીતે વણાયેલાં છે. માતૃભાષાના શિક્ષકે કાવ્યમાં આવતા શબ્દોના અર્થ તારવી કવિતાનો ગદ્યાન્વય કરવાનો નથી. છંદ, અલંકાર, શબ્દાર્થ, સમાસ કે સંધિની માત્ર વ્યાકરણીય સમજૂતી આપવાની નથી, પણ કાવ્યાર્થલક્ષી યથાર્થતા વિદ્યાર્થીઓને સમજાવી તેમાં રહેલાં જીવન મૂલ્યો પોતાના જીવનમાં કેવી રીતે ઉજાગર કરવા તે સમજાવી જીવનમા આચરણમાં મૂકતા કરાવવાનું છે. વર્ગખંડમાં ભાષા શિક્ષણ દ્વારા મૂલ્યોનું સ્વરૂપ અને તેના ફલિતાર્થોનું તેમજ મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતાનું સ્પષ્ટીકરણ કરી જીવનમાં આચરણ કરાવવાનું છે. ગુજરાતી કહેવત પ્રમાણે 'કૂવામાં હોય તો હવાડામાં આવે' શિક્ષક પોતે જીવનમાં મૂલ્યોનું આચરણ કરતો હશે તો વિદ્યાર્થીઓ તે નિહાળીને જીવનમાં મૂલ્યોનું આચરણ કરશે.

ભાષા શિક્ષકે વર્ગમાં, શાળામાં કે સમાજમાં વિદ્યાર્થીઓને જીવન મૂલ્યોનું આચરણ કરતા કરવાના છે. તે માટે ભાષા શિક્ષણ દરમિયાન જીવન મૂલ્યો આચરણમાં પ્રાતિપાદિત કરી શકાય તે સમજાવવાનું છે. ભાષા શિક્ષણની પ્રવૃતિઓ જેવી કે પ્રવાસ, ભાષા પ્રયોગશાલા, સ્પર્ધાઓ, મેદાનની પ્રવૃતિઓ, પ્રાર્થના સભાની પ્રવૃતિઓ વખતે પરસ્પર અને સમાજમાં સહકાર, દયા, પ્રેમ, સંપ સંગઠન, સહનશીલતા, સત્ય, અહિંસા, પરસ્પર મદદની ભાવના અપનાવતાં શીખવવાનું છે. જીવનમાં આચરણ કરાવવાનું છે.

ધોરણ – ૮માં 'અખંડ ભારતના શિલ્પી' કૃતિમાં સરદાર પટેલની રાષ્ટ્રીય એકતાની ભાવના, રાષ્ટ્રપ્રેમ દ્વારા શિક્ષકે વિદ્યાર્થીઓમાં પોતાના કુટુંબની એકતા, ગામ કે રાષ્ટ્રની એકતા માટે આપણે શું કરવું જોઈએ તે માત્ર શીખવીને સંતોષ ન માનતા જીવનમાં આચરણમાં મૂકતા કરવા જોઇએ. બીજી એક કૃતિ ' બહેનનો પત્ર' એકમમાં પત્રના માધ્યમથી માતૃભાષાનું મહત્વ, માતૃભાષા પ્રત્યેનો પ્રેમ સમજાવ્યો છે. તે વાત વિદ્યાર્થીઓ પ્રકૃતિ ઉત્સવોનું વર્ણન અને રોજબરોજની આપણી અભિવ્યક્તિ અને પ્રત્યાયનના પાસાને માતૃભાષાનો યર્થાથ ઉપયોગ કરી માતૃભાષા પ્રત્યે ઋણ કેળવી શકે તેવી ભાવના વિકસાવવી. ધોરણ – ૯ માં 'સફળ યાત્રા' ગદ્યમાં એકનાથે ગધેડા જેવા પ્રાણીને ગંગાજળ પીવડાવીને જીવ બચાવ્યોમાં 'જીવ દયાપ્રેમ'નાં દર્શન થાય છે. તેવી જ રીતે, ગરીબો – ભિખારીઓ પ્રત્યે દયા-પ્રેમ-સહાનુભૂતિ દાખવવી જોઈએ. પતંગ પર્વ વખતે પતંગ ચગાવતાં નિર્દોષ પંખીઓ ઘાયલ ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ તથા ઘાયલ પક્ષીઓને બચાવવા પ્રયત્ન કરવા જોઈએ. જીવદયા પ્રેમી બનવું જોઈએ.

ધોરણ – ૧૦માં 'સ્ત્રી કેળવણી' ગદ્યમાં નર્મદના સ્ત્રી કેળવણી વિશેના વિચારો ઘરમાં, ગામમાં, સમાજમાં સ્વીકારી સ્ત્રી કેળવણીને વધારવા પ્રયત્નો કરવા જોઇએ તથા ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામનું ઘડતર' કૃતિમાં ડૉ.કલામની કર્તવ્યનિષ્ઠા, ધર્મભાવના, સર્વધર્મ સમભાવના કેળવી જીવનમાં આચરણ કરવું જેવી બાબતો જીવનમાં ઉતારી અમલ કરવો જોઈએ. શિક્ષક આ કાર્ય કરી શકશે તો જ સાચા અર્થમાં માતૃભાષા દ્વારા જીવન મૂલ્યોનું ઘડતર થઈ શકશે.

::ધોરણ – ૮ ::

અ. નં.	કૃતિનું નામ	મૂલ્ય (ભાવના)
૧.	વળાવી બા આવી	સામાજિક મૂલ્ય – પારિવારિક ભાવના
૨.	નવા વર્ષના સંકલ્પો	વ્યકિતગત મૂલ્ય – સ્વભાવની ખાસિયત
૩.	શરૂઆત કરીએ	સ્વચ્છતામૂલ્ય - અંદર- બહારનું સૌંદર્ય
૪.	સાકરનો શોધનારો	વ્યકિતગત મૂલ્ય – બાળઉછેરની ભાવના
૫.	અખંડ ભારતના શિલ્પી	રાષ્ટ્રપ્રેમ – એકતા – અખંડિતતાના વિચારો
૬.	સુદામાએ દીઠાં શ્રી કૃષ્ણ દેવ રે !	આધ્યાત્મિક – ધાર્મિક મૂલ્ય – મિત્રભાવ
૭.	સંસ્કારની શ્રીમંતાઇ	વ્યક્તિગત મૂલ્ય – કર્તવ્ય ભાવના
૮.	દુહા	નૈતિક મૂલ્ય, અપકાર ઉપર ઉપકાર
૯.	સાંઢ નાથ્યો	સામાજિક મૂલ્ય – સ્ત્રીસશક્તિકરણ
૧૦.	બહેનનો પત્ર	ભાષાપ્રેમ – માતૃભાષાનુ માધુર્ય
૧૧.	કમાડે ચીતર્યા મે...	સામાજિક – વ્યકિતગત મૂલ્ય – શુભ – લાભની અપેક્ષા
૧૨.	કિસ્સા – ટુચકા	સામાજિક મૂલ્ય – ટોલટેક્સ
૧૩.	ઇચ્છા કાકા	વ્યકિતગત મૂલ્ય – ઇર્ષાનું કેન્દ્ર
૧૪.	આવકારો	સામાજિક મૂલ્ય – આતિથ્ય ભાવના
૧૫.	ઘડતર	નૈતિક મૂલ્ય – વિદ્યાર્થીઓનો સર્વાગીણ વિકાસ

	વિરલ ત્યાગ	રાષ્ટ્ર પ્રેમ- દેશી રાજ્યોનું અર્પણ
	ચાલો મળવા જઈએ	સાંસ્કૃતિક ભાવના – સંસ્કારી વ્યકિત બનવું

::ધોરણ – ૯ ::

અ. નં.	કૃતિનું નામ	મૂલ્ય (ભાવના)
પદ્ય		
	સંતો ! અમો રે વહેવારિયા	રામ – નામની ભકિત, આધ્યાત્મિક મૂલ્ય
	ગોવિંદો પ્રાણ અમારો રે	આધ્યત્મિક મૂલ્ય – મીરાંનો કૃષ્ણપ્રેમ
	ઓ વ્રજનારી	આધ્યાત્મિક મૂલ્ય – વાંસળીનો કૃષ્ણપ્રેમ
	ગોવર્ધન ગિરિધારણ	આધ્યાત્મિક મૂલ્ય – કૃષ્ણનો વ્રજપ્રેમ
	હાજી કાસમ, તારી વીજળી રે...	વ્યક્તિગત મૂલ્ય – આગબોટ્ના માલિકનો ગર્વ
	સફળ યાત્રા	જીવદયા પ્રેમ – એકનાથનો પ્રસંગ
	ન હું ઝાઝું માગું	વ્યક્તિગત મૂલ્ય – કવિની ભાવના
	વિશાળ જગવિસ્તારે...	રાષ્ટ્રીય મૂલ્ય – પર્યાવરણ સંરક્ષણની ભાવના
	હજી મારા દેશે	રાષ્ટ્રપ્રેમ – જરૂરિયાત વંચિતો માટે પ્રાર્થના
	વીરની વિદાય	દેશપ્રેમ – ક્ષત્રિયાણીનું કર્તવ્ય
	યાચના	સૌંદર્યદ્રષ્ટિ – પ્રકૃતિ પ્રેમ
	અદના આદમીનું ગીત	સામાજિક મૂલ્ય – સહકાર – બંધુત્વની ભાવના
	આપણા દુઃખનું કેટલું જોર ?	સામાજિક મૂલ્ય, સાંપ્રત પરિસ્થિતિ સાથે તાદાત્મ્યતા
	ચિતારો	પ્રકૃતિ પ્રેમ – સૌંદર્યદ્રષ્ટિ
	કન્યાવિદાય	સામાજિક મૂલ્ય – કરુણ- મંગલ પ્રસંગ
ગદ્ય		
	ઇતિહાસનું એક પાનું	રાષ્ટ્રપ્રેમ – દેશ ભાવના
	કીર્તિદેવનો મુંજાલ સાથે મેળાપ	ઐતિહાસિક મૂલ્ય – ઘટના
	શોભા અને સુશિમા	સાંસ્કૃતિક મૂલ્ય – કૌટુંબિક વારસો
	ગોવિંદનું ખેતર	ગ્રામ્યજીવન – શહેરીકરણની અસર
	સ્વર્ગ અને પૃથ્વી	આધ્યાત્મિક મૂલ્ય – પૃથ્વીને સ્વર્ગ- બનાવવાની ભાવના
	શરણાઇના શૂર	સામાજિક મૂલ્ય
	રાઘવના સહકાર્યકરો	રાષ્ટ્રપ્રેમ – રાષ્ટ્રીય એકતાની ભાવના
	દ્વિદલ	પ્રકૃતિ પ્રેમ, કાદવનું કાવ્ય, પર્યાવરણની સુરક્ષા
	સપરમે દહાડે સંકલ્પ	નૈતિક મૂલ્ય
	ખતુડોશી	માતૃપ્રેમ – બિનસાંપ્રદાયિક ભાવના

 ISBN : 978-81-938282-1-2

	સ્નેહરશ્મિ ઝીણાભાઈ	રાષ્ટ્રપ્રેમ – વ્યકિતગત મૂલ્ય

::ધોરણ – ૧૦ ::

અ. નં.	કૃતિનું નામ	મૂલ્ય (ભાવના)
	ભક્તિ પદારથ	આધ્યાત્મિક મૂલ્ય –ભક્તિભાવ
	શામળના છપ્પા – ચોપાઈ	નૈતિક મૂલ્ય – સામાજિક મૂલ્ય
	ઝઘડો લોચન-મનનો	આધ્યાત્મિક મૂલ્ય – કૃષ્ણ પ્રત્યેની ભક્તિ
	મન નો ડગે	સામાજિક – આધ્યાત્મિક મૂલ્ય – દરેક પરિસ્થિતિમાં સમભાવ
	હીરાની પરીક્ષા	આધ્યાત્મિક મૂલ્ય
	અતિજ્ઞાન	વ્યક્તિગત મૂલ્ય – પારિવારિક ભાવના
	જૂનું પિયર ઘર	સામાજિક મૂલ્ય – કૌટુંબિક ભાવના
	પ્રશ્ન	પ્રકૃતિ પ્રેમ – પ્રકૃતિ તત્તવોને પ્રશ્ન
	તીર્થોત્રમ	સામાજિક મૂલ્ય – માતૃપ્રેમ
	તપાસીએ	સાંસ્કૃતિક મૂલ્ય – જીવનનાં સત્યો
	અદીઠો સંગાથ	આધ્યાત્મિક મૂલ્ય – પરમ તત્તવમાં શ્રધ્ધા
	દુહા – મુક્તક	વ્યકિતગત મૂલ્ય – વાણીવ્યવહાર – પરોપકાર
	કુંજલડી	સામાજિક મૂલ્ય – દામ્પત્યપ્રેમ
	જક્ષણી	સામાજિક મૂલ્ય – પ્રસન્ન દામ્પત્ય
	ચક્ષુ : શ્રવા	ભાવાત્મક એકતા
	છકડો	સામાજિક મૂલ્ય – પારિવારિક ભાવના
	સ્ત્રીકેળવણી	રાષ્ટ્રીય મૂલ્ય – રાષ્ટ્રમાં સ્ત્રી કેળવણીનું મૂલ્ય
	સોનાના વૃક્ષો	પ્રાકૃતિક સૌંદર્ય – પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય
	પ્રકૃતિની ભાવના સમજો	પર્યાવરણ પ્રેમ – પ્રદુષણથી બચવાની ભાવના
	એ.પી.જે. અબ્દુલ કલામનું ઘડતર	આધ્યાત્મિક મૂલ્ય – સાંસ્કૃતિક મૂલ્ય – સંસ્કાર ઘડતર
	આક્કા	સાંસ્કૃતિક મૂલ્ય – કૌટુંબિક ભાવના
	વૃક્ષ	સામાજિક મૂલ્ય – પારિવારિક ભાવના
	પૃથ્વીવલ્લભ	ઐતિહાસિક મૂલ્ય
	શૂલપાણેશ્વર	આધ્યાત્મિક મૂલ્ય – ધાર્મિક સ્થળો પ્રત્યેની ભાવના

મૂલ્ય શિક્ષણમાં બીજા બે નવા મૂલ્યોનાં ઉમેરણ કરવાં જરૂરી છે.

૧. વસ્તી ઘટાડાનું મૂલ્ય ૨. પર્યાવરણ સંરક્ષણનું મૂલ્ય

વસ્તી વિસ્ફોટે અનેક સમસ્યાઓની ભેટ ધરી છે. દરેક જગ્યાએ માનવ મહેરામણ કીડિયારાની જેમ ઊભરાય રહ્યો છે, ત્યારે અધ્યેતામાં વસ્તી ઘટાડાનું મૂલ્ય વિકસાવવા વસ્તીશિક્ષણ આપવું અનિવાર્ય બન્યું છે. આ માટે પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કૃતિઓમાં વસ્તીવિષયક એકમો શોધી તેનો ખ્યાલ અધ્યેતાને આપી શકાય.

પર્યાવરણ અને માનવ વચ્ચે અભિન્ન અને અતૂટ સંબંધ છે. પર્યાવરણ માનવનું રક્ષક, પોષક અને આશ્રયદાતા છે. પર્યાવરણમાં રહેલા વાયુ, પાણી અને ખોરાક પર માનવ નિર્ભર છે. પર્યાવરણ જ માનવનું જીવન છે. આમ હોવા છતાં જે ડાળ પર બેઠા છે તેને જ કાપવાનો પ્રયાસ માનવ દ્વારા થઈ રહ્યો છે. પર્યાવરણ દ્વારા રચાયેલો માનવ, પર્યાવરણનો સંહારક બન્યો છે, ત્યારે પર્યાવરણ શિક્ષણની આવશ્યકતા ઊભી થઈ છે. પર્યાવરણ સાથે સંકળાયેલી કૃતિઓના શિક્ષણ દ્વારા પર્યાવરણ વિગતોને સાંકળી પર્યાવરણનું શિક્ષણ આપી શકાય.

સંદભ સાહિત્યઃ

૧. ગુજરાતી વિષયપદ્ધતિ – ડૉ. ઈશ્વર વાઘેલા, અક્ષર પબ્લિકેશન , અમદાવાદ , ૨૦૦૬

૨. ગુજરાતીનું અભિનવ અધ્યાપન – શ્રી નટુભાઈ રાવલ, નીરવ પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૬

૩. ધોરણ- ૮ ગુજરાતી પાઠયપુસ્તક, ગુજરાત રાજય પાઠ્યપુસ્તક મંડળ ,અમદાવાદ, ૨૦૦૭

૪. ધોરણ- ૯ ગુજરાતી પાઠયપુસ્તક, ગુજરાત રાજય પાઠ્યપુસ્તક મંડળ , અમદાવાદ,૨૦૦૫

૫. ધોરણ- ૧૦ ગુજરાતી પાઠયપુસ્તક, ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ , અમદાવાદ,૨૦૦૬

ISBN 978-81-938282-1-2

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
'Jyotirmay' Parisar, Dr. Babasaheb Ambedkar Open University Marg,
S. G. Highway, Chharodi, Ahmedabad - 382 481.
Email : info@baou.edu.in | Web : www.baou.edu.in
Phone : (079) 29796223,24,25 (02717) 297170 | Toll Free : 1800 233 1020

BAOU
Education
for All

ISBN 978-81-938282-1-2

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
'Jyotirmay' Parisar, Dr. Babasaheb Ambedkar Open University Marg,
S. G. Highway, Chharodi, Ahmedabad - 382 481.
Email : info@baou.edu.in | Web : www.baou.edu.in
Phone : (079) 29796223,24,25 (02717) 297170 | Toll Free : 1800 233 1020